કુમાર

પૂરા પરિવારનું
સર્વલક્ષી સુરુચિપૂર્ણ
સામયિક

સંસ્થાપક : રવિશંકર રાવળ

તંત્રી
ધીરુ પરીખ

સપ્ટેમ્બર ૧૯૯૯
વર્ષ ૭૨
સળંગ અંક
૮૯૦



મર્કટ
(કાષ્ઠશિલ્પ)
શિલ્પકાર
નાગજી પટેલ



ચિત્રકાર
અનંત મહેતા >
ગજેન્દ્ર શાહ
V



અહીં ઉપર જમણી બાજુ જે ચિત્ર આપ્યું છે તેનું કોઈ શીર્ષક ચિત્રકારે આપ્યું નથી, પરન્તુ જોઈ શકાય છે કે તે ફૂટપાથિયા જોશીનું છે. પાંજરામાંથી નીકળેલો પોપટ ચાંચથી ભવિષ્યપત્રિકા ઉપાડે છે તે તરફ જોશી અને ગ્રાહકની આંખ મંડાયેલી છે. લાંબા ચહેરા, પાતળાં શરીર, મોટી આંખો બધામાં વાસ્તવથી સહેજ હટીને ચિત્રકારે ગ્રામ સમાજના વિષયને આસ્વાદ્ય રીતે રજૂ કર્યો છે.

નીચે જે ચિત્ર આપ્યું છે તેનો વિષય પણ સ્વયં સ્પષ્ટ છે. કોઈ રાવણહથ્થો વગાડનારનું ઝીણી સૂક્ષ્મ રેખાઓથી હૂબહૂ દર્શન કરાવ્યું છે. લગભગ વાસ્તવિક શૈલીએ રજૂ થયેલું આ ચિત્ર પણ લોકસમાજના જ એક પાત્રને તાકે છે.

સાદાં અને રોજબરોજનાં પાત્રોને કલાકારની આંખ કેવાં પકડી પાડે છે તે આ બન્ને ચિત્રોમાં શૈલીભેદે જોઈ શકાય છે. (પૉઝિટિવ આર્ચરના સૌજન્યથી)

કુમાર
KUMAR
Editor : DHIRU PARIKH
Phone : 2143745

પૂરા પરિવારનું સુરુચિપૂર્ણ સર્વલક્ષી સામયિક
An Encyclopedic Family Magazine of High Taste
1454, Raipur Chakla, Ahmedabad - 380 001. INDIA

અનુરોધ-પત્ર

સુજ્ઞ સ્નેહીશ્રી,

આપ ઘણા સમયથી 'કુમાર'ના ગ્રાહક રહ્યા છો. આપ એ પણ જાણો છો કે 'કુમાર'ને પંચોતેર વર્ષ પૂરાં થશે. કલાગુરુ રવિશંકર રાવળે સ્થાપેલું અને પીઢ પત્રકાર બચુભાઈ રાવતે સંવર્ધેલું 'કુમાર' માસિક, વચ્ચે ત્રણેક વર્ષના વિરામ સિવાય, એકધારું સંસ્કારપોષક અને જ્ઞાનવર્ધક વાચનસામગ્રી પીરસતું આવ્યું છે. એનું સર્વક્ષેત્રીય (ઇન્સાઇક્લોપીડિક) કાઠું ઉત્તરોત્તર ગજું કાઢતું રહ્યું છે. અમને શ્રદ્ધા છે કે એનું વાચન આપને સંતર્પક રહ્યું હશે.

આ ૭૫મા વર્ષના વિશિષ્ટ અવસરે અમે આપને આ પત્રથી અનુરોધ કરીએ છીએ કે આપ જો ગ્રાહક તરીકે બંધ હો તો આપનું લવાજમ રૂ.૧૫૦ મોકલી આપી આપનું ગ્રાહકપદ તાજું કરાવી લેશો. આપ જો ગ્રાહક તરીકે ચાલુ હો તો નવા વર્ષનું લવાજમ મોકલી આપી ગ્રાહકપદ તાજું રાખી આ સંસ્કારપત્રને પ્રોત્સાહક થશો.

પરદેશનું લવાજમ હવાઈમાર્ગે રૂ.૭૫૦ અથવા ડૉલર ૨૫ અથવા પાઉન્ડ ૧૫ રાખવામાં આવ્યું છે. લવાજમનો ડ્રાફ્ટ / ચેક 'કુમાર કાર્યાલય લિ.'ના નામનો લખવા વિનંતી છે. બહારગામની બૅન્ક પરના ચેક ઉપર રૂ.૧૫ = ૦૦ બૅન્ક - કમિશનના ઉમેરીને (રૂ.૧૫૦ + ૧૫ = ૧૬૫) લવાજમ મોકલશો. લવાજમ મની ઑર્ડરથી મોકલવું વધુ સરળ અને સસ્તું રહેશે.

આ અવસરે એક બીજી પણ ખાસ વિનતિ કે આપ એક નવા ગ્રાહક મેળવી આપી આપનો સદ્ભાવ સક્રિય રીતે પ્રકટ કરશો.

અમને શ્રદ્ધા છે કે અમારી આ અપીલનો આપના તરફથી સાનુકૂળ પ્રતિભાવ સાંપડી રહેશે.

આપના આગોતરા આભાર સાથે.

'કુમાર'નો ૭૫મા વર્ષમાં પ્રવેશ : સ્થાનસમર્પિત યોજના

આ વર્ષથી 'કુમાર' ૭૫મા વર્ષમાં પ્રવેશ્યું છે એ નિમિત્તે 'કુમાર'ગ્રાહકોને સ્થાનસમર્પિત યોજનામાં સહયોગ આપવા હાર્દિક અપીલ છે.
સ્થાનસમર્પિત આખું પાનું રૂ.૧૦૦૦/-, અડધું પાનું રૂ.૫૦૦/-
આ પાન પર જીવનપોષક અવતરણ મૂકી શકશો અથવા અમે તે આપના વતી પસંદ કરીને મૂકીશું.
આપની રકમનો ચેક અથવા ડ્રાફ્ટ 'કુમાર કાર્યાલય લિમિટેડ'ના નામે લખશો અને 'કુમાર'ના સરનામે મોકલી આપશો તેવી વિનંતી.

'કુમાર'ના લવાજમમાં વધારો

છેલ્લાં બેએક વર્ષથી મુદ્રણસામગ્રી, મુદ્રણ, ટપાલદરો આદિમાં સતત વધારો થતો રહ્યો હોવા છતાં પણ અમે 'કુમાર'નું લવાજમ યથાવત્ રાખ્યું હતું અને પૃષ્ઠસંખ્યા સતત વધારતા રહ્યા છીએ. પરન્તુ હવે ઉપરોક્ત સંજોગોમાં અમારે નાછૂટકે લવાજમમાં વધારો કરવો પડ્યો છે.

હવે જુલાઈ ૧૯૯૯થી 'કુમાર'નું વાર્ષિક લવાજમ રૂ.૧૫૦-૦૦ કર્યું છે. આથી ૧લી જુલાઈ ૧૯૯૯થી નવા દરે લવાજમ રૂપિયા ૧૫૦ (દોઢસો) ભરવાનું રહેશે. હવેથી સીધું અમને લવાજમ મોકલનાર ગ્રાહકો માટે ત્રણ વર્ષનું લવાજમ રૂપિયા ૪૦૦ તથા પાંચ વર્ષનું લવાજમ રૂપિયા ૭૦૦ રાખવામાં આવ્યું છે. **૧લી જુલાઈ પછી જેમનું લવાજમ રૂ. ૧૦૦ મળશે તેમને આઠ માસ માટે ગ્રાહક ગણવામાં આવશે.**

અમારો આ લવાજમ વધારો સહુ ગ્રાહકો નિભાવી લેશે તેવી શ્રદ્ધા છે. 'કુમાર'ની ગુણવત્તા અને સ-રસતા દૃઢાવવા અમે સંકલ્પબદ્ધ છીએ.

સ્નેહાધીન
[signature]
તંત્રી : 'કુમાર'

હીરાલાલ હરિલાલ ભગવતી (ચેરમેન)
ભાલચંદ્ર રતિલાલ શાહ
બિહારીલાલ પોપટલાલ શાહ
(ડિરેક્ટરો)

પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક

કુમાર

વર્ષ ૭૨મું | અંક ૯

સ્થાપના : ૧૯૨૪

સંસ્થાપક અને આદ્યતંત્રી
રવિશંકર મ. રાવળ

ભૂતપૂર્વ તંત્રી
બચુભાઈ રાવત

તંત્રી
ધીરુ પરીખ

ડિરેક્ટરો
હીરાલાલ હ. ભગવતી (ચેરમૅન)
બિહારીલાલ પો. શાહ
ભાલચંદ્ર ર. શાહ

સૂચના

* કુમાર દર માસની ૧૫મી તારીખે પ્રકટ થાય છે. મહિનાની આખર સુધીમાં અંક ના મળે તો પોતાના વિભાગની પોસ્ટ ઑફિસે તપાસ કર્યા પછી જ જાણ કરવી. જો અંક સિલકમાં હશે તો બીજો મોકલી અપાશે. આવી અંક ન મળ્યાની ફરિયાદ અંક પ્રકટ થયા પછી એક માસ સુધીમાં મળશે તો જ તેના પર ધ્યાન આપી શકાશે.
* અહીં પ્રકટ થતાં લખાણોમાંના અભિપ્રાયની જવાબદારી તે તે લેખકની છે.
* લેખકોએ પોતાનું લખાણ કાગળની એક બાજુએ, સ્વચ્છ અને સુવાચ્ય અક્ષરે લખી મોકલવું.
* સામાન્ય રીતે સ્વીકૃત કૃતિનો જવાબ એકાદ માસમાં અપાય છે, અન્યથા કૃતિ અસ્વીકૃત સમજવી. જવાબી ટપાલખર્ચ ન મોકલવું.
* ગ્રાહકે પોતાના સરનામામાં ગામનો પિન કોડ સ્પષ્ટ અક્ષરે અચૂક જણાવવો. અંગ્રેજી અક્ષર સાથેનો આપનો ગ્રાહક નંબર પત્રવ્યવહારમાં અવશ્ય જણાવવો.

સપ્ટેમ્બર ૧૯૯૯

સાંકળિયું

કુમાર સળંગ અંક ૮૯૦

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી પ્રકાશક : ધીરુભાઈ ઈ. પરીખ
પ્રકાશનસ્થાન : કુમાર કાર્યાલય લિમિ. ૧૪૫૪, રાયપુર ચકલા, પોલીસ ચોકીની પાછળ, બઉવાની પોળ સામે, અમદાવાદ-૩૮૦ ૦૦૧ (ફોન નં. ૨૧૪૩૭૪૫)
કમ્પ્યૂટર કમ્પોઝ : કુમાર કાર્યાલય લિમિટેડ, ૧૪૫૪, રાયપુર ચકલા, પોલીસ ચોકીની પાછળ, અમદાવાદ-૧.
મુદ્રક : દેસાઈ ઑફસેટ, ૪૬, શિવશક્તિ એસ્ટેટ, હોટેલ પ્રેસ્ટિજની પાછળ, નારોલ ચોકડી પાસે, અમદાવાદ.
વાર્ષિક લવાજમ રૂ. ૧૫૦; પરદેશમાં હવાઈમાર્ગે ડોલર ૨૫, પાઉન્ડ ૧૫ અથવા રૂ. ૭૫૦. અમને સીધું લવાજમ મોકલનાર માટે ૩ વર્ષના રૂ.૪૦૦ અને પાંચ વર્ષના રૂ.૭૦૦
આ અંકની છૂટક કિંમત રૂ. ૧૫ - ૦૦ + રવાનગી ખર્ચ રૂ. ૩ - ૦૦

વાચકો લખે છે

'કુમાર' સળંગ અંક ૮૫૬માં ગુજરાતી ભાષાની જોડણી વિશે 'સાહિત્યસંપર્ક' વિભાગમાં લઘુલેખ વાંચ્યો. તેની પ્રસ્તુતતાના સંદર્ભમાં અહીં મારા વિચાર મૂકું છું. ભાષા-લિપિ અને ભાષાનું સ્વરૂપ, સ્વયં ઘડાતું અને આકાર લેતું રહ્યું છે. એકાદ-બે વર્ષમાં (એકાદ પેઢીમાં પણ) તેને બદલી નાખવાનો યત્ન, એ દુ:સાહસ જ નહીં, દુષ્કૃત્ય બની રહે. આખીયે ગુજરાતી પ્રજા સાથેની આ અનિચ્છનીય કુચેષ્ટા છે.

અન્ય ભાષાઓ (વિદેશી અને ભારતીય પણ)ના અચોક્કસ સ્વરૂપને અને જોડણીને પણ, મક્કમ રીતે જાળવવાનો આગ્રહ રહેતો હોય, તો ગુજરાતી ભાષાને કયા વાંકે વિકૃત બનાવવાનું સૂઝે?

મહત્ત્વની વાત તો એ છે કે, ગુજરાતી ભાષા બહુધા, અનેક ભાષાઓના સ્વીકૃત અંશોથી ઘડાઈ છે. સંસ્કૃતનો વારસો તેમાં ૬૦ ટકાથીયે વધુ છે. ગુજરાતીના આજના પોતાના સ્વરૂપ માટે સ્વીકારેલા આ વારસાને છેહ દઈને, ગુજરાતી ભાષાને કઈ રીતે જીવંત રાખીશું? સંસ્કૃત સાથેનો તેનો 'લોહીનો સંબંધ' અતૂટ-અકાટ્ય છે.

ગુજરાતીને પણ વસ્તુત: 'સંસ્કૃત' રાખવી હશે, તો તેની પાસેથી સંસ્કૃતની સમૃદ્ધિ છીનવી નહીં શકાય. સંપૂર્ણત: વૈજ્ઞાનિક રીતે મળેલા પાણિનીય-પ્રદાનને આલંકારિક ભામહે, श्रद्धेय जगति, मतंहि पाणिनीयम् । (કાવ્યાલંકાર-૬-૬-૩) (પાણિનીય વ્યાકરણ વિશ્વભરમાં શ્રદ્ધેય છે.) એમ કહીને બિરદાવ્યું છે. આવી પરંપરાથી છેડો ફાડવાનું અને ગુજરાતીને તઘલખી-વૃત્તિથી વિકૃત કરવાનું સૂઝે, એ જ આશ્ચર્ય છે. - ડૉ. વાસુદેવ વિ. પાઠક (અધ્યક્ષ - ગુજરાત રાજ્ય સંસ્કૃત અધ્યાપક મંડળ)

'કુમાર'ના જુલાઈ ૧૯૯૯ અંકના પાન ૪૨૦ ઉપર 'સાહિત્યસંપર્ક' કોલમમાં ત.શિ. પિલ્લઈનું પૂરું નામ તકાઝી શિ...વિ... લખ્યું છે. તેમાં તકાઝીને બદલે તકળી જોઈએ. દક્ષિણની ભાષાઓમાં શબ્દોને રોમન લિપિમાં લખતી વખતે ગુજરાતી 'ળ' ને માટે (આપણે ગુજરાતમાં L 'એલ' લખીએ છીએ તેને બદલે) ZH ઝેડ-એચ લખાય છે. Takazhi તકળી.

- ચન્દ્રવદન પાઠક (માંગરોળ)

જાન્યુઆરી ૧૯૯૯ના અંકના ડૉ. પ્રિયબાળાબહેન શાહના લેખના અનુસંધાને જણાવવાનું કે આ પરિવારના સંસર્ગમાં આવવાનું મને સદ્ભાગ્ય પ્રાપ્ત થયું હતું.

શ્રી પ્રિયબાળાબહેને જે મુ. રણછોડ-મામાનો ઉલ્લેખ કર્યો છે તે અમદાવાદના એક દીર્ઘદૃષ્ટિવાળા યુવાન મિલ એજન્ટ હતા. તેમને ગાંધીજીના સંસર્ગમાં આવી વ્યવસાય, એશભરી જિંદગી છોડી પૂરા સત્યાગ્રહી બનવા પ્રયાસ કર્યો.

૧૯૩૨માં રાષ્ટ્રિય કૉંગ્રેસ સામે ભારત સરકારે પ્રતિબંધ મૂક્યો અને ૧૯૩૨ના દિલ્હીના કૉંગ્રેસના વરાયેલા પ્રમુખ પં. મદનમોહન માલવિયાજીની ધરપકડ થઈ ત્યારે આ યુવાન રણછોડભાઈ જે તે કાળે કૉંગ્રેસમાં ગુજરાતના પ્રતિનિધિ તરીકે ગયા હતા. તેમને તે પ્રમુખપદ સ્વીકારી દિલ્હીમાં કડક પોલીસ બંદોબસ્ત વચ્ચે અધિવેશન ભર્યું અને લાઠીમાર ધરપકડ વહોરી. તેઓ ધરાસણાના સંગ્રામમાં પણ હતા.

આ રણછોડભાઈ વિશે ૧૯૮૭માં રાષ્ટ્રિય કૉંગ્રેસે પ્રસિદ્ધ કરેલા 'પોર્ટ્રેટ્સ એન્ડ પ્રોફાઈલ્સ ઑવ્ ધ પ્રેસિડેન્ટ્સ ઑવ્ નેશનલ કૉંગ્રેસ' નામના શ્રી અમીન અહમદ ઝાહેદીએ પ્રકટ કરેલા ગ્રંથમાં ૧૯૩૨ના રાષ્ટ્રિય કૉંગ્રેસના પ્રમુખવાળા પ્રકરણમાં શ્રી રણછોડભાઈના ફોટાને બદલે લોકમાન્ય તિલકના જમાઈ કેલકરનો મરાઠી પાઘડીવાળો ફોટો, રણછોડભાઈના નામે પ્રકટ કરી નીચે નોંધ લખી છે કે શ્રી રણછોડલાલ વિશે વધુ કોઈ માહિતી પ્રાપ્ત થતી નથી.

આ નોંધ સામે ૨૫-૯-૮૭ના રોજ લેખકશ્રી જાહેદીને પ્રકાશન સંસ્થાએ, કૉંગ્રેસ પ્રમુખ સ્વ. શ્રી રાજીવ ગાંધીનું લાંબો પત્ર લખી ધ્યાન દોરેલું. પણ કોઈ સ્વીકાર પહોંચ મળી નથી, તથા તે લખાણમાં ફેરફાર કરાયો નથી!

સાચી રીતે આ શ્રી રણછોડભાઈનું વ્યક્તિગત નહિ પણ સમગ્ર ગુજરાતના ગાંધીયુગના સાચા ઇતિહાસની અવહેલના સમું છે.

આ જ 'કુમાર'ના અંકમાં આપે ડૉ. ઉપેન્દ્રભાઈ પંડ્યા અંગે નોંધ પ્રકટ કરી છે. તેમાં બહુ ન જણાવેલી એક મહત્ત્વની હકીકત રહી ગઈ છે જે ઉમેરવા માગું છું. શ્રી ઉપેન્દ્રભાઈ એક સિદ્ધહસ્ત સંક્ષેપકાર હતા. તેમને સરસ્વતીચંદ્રનું ખૂબ આધારભૂત સંક્ષિપ્તીકરણ કર્યું હોવાથી મુ. સ્વ. ઇન્દુભાઈ યાજ્ઞિકે, ગુજરાતના સાંસ્કૃતિક, શૈક્ષણિક તથા રાજકીય ઇતિહાસના આધારભૂત ગ્રંથો તરીકેની તેમની આત્મકથા ભા૧ થી ૩નું સંક્ષિપ્તીકરણ કરવાનું સ્વ. શ્રી ઉપેન્દ્ર-ભાઈને સોંપેલું. શ્રી ઉપેન્દ્રભાઈએ ખૂબ સુંદર રીતે આ કામ પૂર્ણ કર્યું હતું. તેની હસ્તપ્રત સંક્ષિપ્ત આત્મકથા રૂપે પ્રકટ કરવા મુ.ઈન્દુભાઈએ પૂર્વતૈયારી કરી હતી અને ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલયે તે પ્રસિદ્ધ કરવા સંમતિ આપેલી તે ગાળામાં મુ. ઇન્દુભાઈ અંતિમ લાંબી બીમારીમાં સપડાયા અને સ્વર્ગવાસ પામ્યા. આ ગાળામાં ખાનપુરમાં ફીરદોસ ફ્લૅટ્સ ખાતેના તેમના કાર્યાલયમાંથી આ હસ્તપ્રત ગુમ થયાની સ્વ. ધનવંત ઓઝાએ જાહેરાત કરી. આથી મે.સ્વ.ઉપેન્દ્રભાઈનો સંપર્ક સાધી આ હકીકત જણાવી. સ્વ. શ્રી ઉપેન્દ્રભાઈએ તે કાર્ય ફરી કરવા તત્પરતા બતાવી. પણ સ્વ. ધનવંત ઓઝાના સંચાલન નીચેના મહાગુજરાત સેવા ટ્રસ્ટે તે દરખાસ્ત ન સ્વીકારી અને સ્વ. શ્રી ધનવંત ઓઝાએ કરેલી સંક્ષિપ્ત કૃતિ છપાવી. - અશોક ઠાકોર (અમદાવાદ)

આવતી કાલનાં નાગરિકોનું માસિક **કુમાર** માહે સપ્ટેમ્બર * ૧૯૯૯ * સળંગ અંક ૮૯૦

કમલકેદ / જગદીશ ત્રિવેદી

(વસંતતિલકા : સૉનેટ)

આ વિશ્વના અમિત પાંખડી-પદ્મ મધ્યે
બંદી બન્યો ભ્રમર શો રસલાલચે, ત્યાં
સંધ્યા ઢળ્યે દલ બિડાય અને મૂંઝાઈ
ઝંખી રહું વિકળઆકળ મુક્તિપ્રાતઃ!

ત્યાં તો થયો મિહિર-સ્પર્શ સુષુપ્ત પદ્મે -
માંડ્યાં ધીરે ઊઘડવા દલ એક એક -
ઊડી જવા ત્યહીંથી જ્યાં ફફડાવું પાંખ
ઘેરા વિમાસણ-જલે સરી જાઉં ઊંડોઃ

આ વિશ્વપદ્મદલકેદ થકી સહેજે
ઊડી જઈશ ક્ષણમાં ક્યહીં દૂર વ્યોમે -
પામીશ ક્યાં પછી નવે રસ એકસાથે!

ના, ના; નથી જ, નથી ઊડી જવું અહીંથી -
આ વિશ્વની કમલકેદ વિશે વસીને
પીધા કરીશ રસપ્યાલી ભરી ભરીને!

માધવપ્રિયા / લાલજી કાનપરિયા

(શિખરિણી : સૉનેટ)

પછી ધીમે ધીમે નયન-પથથી ઓઝલ થયો,
હરી લૈને હૈયું રથ અક્રૂરનો ગોકુલ થકી.
ઊડેલા ધૂળાભ્રે ઘડીક ફરક્યું મોરપીંછ ને
વહી આવ્યો મીઠો રવ મુરલીનો ચિત્ત હરતો.
છતાં નિહાળે છે તૃષિત નયનો રિક્ત પથને
હજી વારે વારે સુદૂર મથુરા-મારગ ભણી.

સરી જાયે દ્યુતિ સકલ ક્ષણમાં ગોકુલ તણી
અને મધ્યાકાશે સૂરજ ઢળતો સદ્ય ક્ષણમાં!
ઝૂલે દૃષ્ટિ સામે દૂર-સુદૂર અંધાર-પડદો,
ચલે ચીલે ચીલે નજર મથુરા પુરની પ્રતિ
અને શોકાવેગે ચરણ લથડી મારગ ઢળે.
ચૂમી લે છે માટી શકર ગણી બે હોઠ તરસ્યા.

ગયો જ્યાંથી પેલો રૂમઝૂમ કરંતો રથ વહી
ખડી છે યુગોથી પથ નીરખતી માધવપ્રિયા !

મરણ / ભરત પાલ

(મુક્તક)

જિંદગીની પોળના નાકે રહે છે એક જણ,
તો ય ના મળવા જતું સામે રહીને કોઈ પણ,
એ જ સામેથી બધાંને ત્યાં જતું લેવા ખબર;
ને પછી ભેટી પડી સૌને રડાવે એ મરણ!

રેલાવી છે વાણી / વિનોદ ગાંધી

(ગાન)

નળિયે નળિયે વાદળ વરસે નેવે નેવે પાણી,
કોઈ કહે કે નભના સંતે રેલાવી છે વાણી.
ટીપેટીપું અક્ષર એનો
પરપોટો થઈ તરે,
એક જગાએ ખરે પરન્તુ
વ્યાપે સચરાચરે,

પોતે કોરો, પલળે બીજાં એની એ એંધાણી,
કોઈ કહે કે નભના સંતે રેલાવી છે વાણી.
અક્ષર જેને જેવો ઉકલે
તેને તેવો ફળે,
કોકને દરિયે રણ, કોઈને
રણમાં દરિયો મળે.

બંધનમાંથી એ જ છૂટો છે જે એનો બંધાણી,
કોઈ કહે કે નભના સંતે રેલાવી છે વાણી.

'તારું શરણ ગમે' / વિષ્ણુ પટેલ

(ગઝલ)

ભ્રમ હો ભલે, ભીનાશનું વાતાવરણ ગમે;
જો હોય ઝાંઝવું જ તું, થાવું હરણ ગમે.
ચાલ્યા વગર તો ચાલવાનું કોઈને નથી;
પણ શોધ તારી આદરે તો આ ચરણ ગમે.
નૌકા-નદી-વિહાર એ સઘળુંય સાંભરે;
સૌથી વધારે શબ્દથી પર સંસ્મરણ ગમે.
જે પીગળી શકે નહિ, હૈયું ગણાય ના;
સૌંદર્ય પીને ગાય જે એ ઉર-ઝરણ ગમે.
સંબંધનાં પતંગિયાં ઊડી ગયાં બધાં,
મારી ગઝલને આખરે તારું શરણ ગમે.

વધ્યાં / હરેશ 'તથાગત'

(ગઝલ)

મોહમાયા જ છે, નથી સગપણ,
કાચ છે કાચ, છે જ ક્યાં દર્પણ?
શોધતા - નીકળે રણે, ફૂલો,
ગોત તો નીકળે, બગીચે રણ!
કેમ જખ્મો જ વધ્યાં સિલકમાં?
ખોળ, ખોટા હિસાબનું કારણ!
કોઈ વેળા સવાલ કર નિજને,
જીવ આ એક, કેટલાં વળગણ?
વાત કે'નારે સ્વસ્થ હોવું ઘટે,
કેમ ભીંજાઈ ગઈ ફરી પાંપણ?

કમલકેદ : કેદ શબ્દ જ એવો છે કે જે તેમાંથી છૂટવાની ઝંખના અને એ માટેનાં ઝાવાં ઈંગિતે છે. અહીં આરંભે આ વિશ્વરૂપી પદ્મમાં બિડાઈ ગયેલી કાવ્યનાયકની મનોસ્થિતિ નિરૂપાઈ છે. તેમાંથી છૂટવા તે મથે તો છે, પણ કાવ્યાંતે પહોંચતાં કવિ કાવ્યનાયકના માનસપલટાને સરસ રીતે મૂકી આપે છે કે, આ વિશ્વપદ્મ એ કેદ નથી; એ તો છે રસકટોરો. સૃષ્ટિથી ભાગવાની મનોસ્થિતિમાંથી સૃષ્ટિને માણવા તરફથી મનોગતિનું કાવ્ય. **માધવપ્રિયા :** રાધાકૃષ્ણના સનાતન અને પારંપરિક પ્રણયની વાત સરળ શૈલીએ મધુરતાથી મુકાઈ છે અને અક્રૂરના રથના ગમન પછી કૃષ્ણવિરહમાં ઝૂરતી રાધાનું કરુણાર્દ્ર હૈયું અહીં પ્રકટ્યું છે. **રેલાવી છે વાણી :** વ્યોમમાંથી રેલાતી વર્ષાધારાને કવિએ સંતની વાણીની ઉત્પ્રેક્ષા દ્વારા વર્ષાની પ્રકૃતિના આનંદને પડછે સંતની વાણીનો અણસાર અનુભવાતો નિરૂપ્યો છે. **તારું શરણ ગમે :** સાથથીય અદકેરો આનંદ સાથીનાં સ્મરણોમાં છે તે ભાવ વ્યક્ત કરતી ગઝલ. **વધ્યાં :** જીવનમાં માણસને દુઃખોનો અનુભવ થાય છે. તેને કવિ પોતીકી રીતે આ ગઝલમાં મૂકતા કહે છે કે આપણે જિન્દગીના હિસાબો ખોટા માંડીએ છીએ અને તેના પરિણામરૂપ દુઃખો શેષમાં આવે છે! **મરણ :** મરણ કોને ગમે? પણ એ કોઈને છોડતું નથી. જાણે જિન્દગીની ગલીના નાકે જ રહેતા નિકટતમ મૃત્યુની વાત અહીં ચોટપૂર્વક વણાયેલી છે. - ધી.પ.

'પશુમાંથી માનવ થવું સહેલું પણ છે અને અઘરું પણ છે.'

સુધીર દેસાઈ

આપણા પૂર્વજોનાં લખાણો વાંચતાં થાય છે કે એમણે કેટલું બધું વિચાર્યું છે! કેટલા બધા વિષયો ઉપર વિચાર્યું છે! કેટલી ઉત્તમ રીતે! ટૂંકમાં, એમના એ વિચારને એમણે આપણી પાસે રજૂ કર્યો છે.

જીવન કેમ જીવવું અને માણસ કોને કહેવાય એ જાણવું હોય તો માત્ર સુભાષિતો પણ વાંચ્યા કરીએ તો પણ ઘણી બધી જાણકારી મળી રહે.

પણ માત્ર જાણકારી મેળવવાથી માણસ ન બનાય. માણસ બનવા માટે જે જાણકારી મેળવી એનો અમલ કરવો જોઈએ. આપણે જ્યાં પાછળ પડી જઈએ છીએ તે છે અમલ કરવાની વાત.

કેવી રીતે તરવું એની બધી જાણકારી મેળવી લઈએ પણ એટલાથી તરતા ન આવડે. એ જાણકારીનો ઉપયોગ વર્તનમાં ન મૂકીએ ત્યાં સુધી નિરર્થક. અને માત્ર તરતાં શીખીએ ત્યાં વાત પતી જતી નથી. કોઈ માણસ ડૂબતો હોય, આપણે જાણકારી મેળવીને તરવાનું શીખી લીધું હોય છતાં પેલા ડૂબતા માણસને ન બચાવીએ તો માણસ મટી ગયા. માત્ર પશુ બનીને રહી જઈએ.

આ વાતને સમજાવવા બે સુભાષિતો જોઈએ :

कुसुमं वर्णसंपन्नं गन्धहीनं न शोभते ।
न शोभते क्रियाहीनं मधुरं वचनं तथा ॥

સુંદર રંગવાળું ફૂલ જો સુગન્ધ વગરનું હોય તો તે શોભતું નથી અ જ રીતે મીઠા શબ્દો ક્રિયા વગરના હોય તો તે પણ શોભતા નથી.

ભૂખ્યા માણસ પાસે સરસ સરસ જ્ઞાનની વાતો કરીએ કે મીઠાં વચનો કહીએ એનો કોઈ અર્થ નથી. ભૂખ્યાને અન્ન આપવું એ સૌથી જરૂરી છે. એની પાસે મોક્ષ શું કરવાથી મળે એની વાતો માત્ર મૂર્ખ માનવી જ કરે કે પોથીપંડિત કરે.

એક બીજું સુભાષિત જોઈએ :

दानान् न दुष्करं तात, पृथिव्याम् अस्ति किंचन ।
अर्थे हि महती तृष्णा, स च दुःखेन लभ्यते ॥

(મહાભારત ૩.૨૬૦.૨૮)

વ્યાસ યુધિષ્ઠિરને કહે છે કે આ દુનિયામાં દાન જેવું અઘરું દુષ્કર કાર્ય કોઈ નથી. માણસને ધન માટે ઘણી જ ઇચ્છા હોય છે. અને ધન ખૂબ કષ્ટ ભોગવ્યા પછી પ્રાપ્ત થાય છે. ખૂબ કષ્ટ ભોગવીને મેળવેલા પૈસા બીજાને આપી શકાતા નથી. દાન માટે આત્મસંયમ અને નિર્લોભીપણાની આવશ્યકતા હોય છે.

અને આટલું દુષ્કર કાર્ય પણ કાળા માથાનો માનવી આ પૃથ્વી ઉપર કરે જ છે.

જપાનમાં બનેલી આ વાત છે.

તેત્સુ ઝેનને બૌદ્ધધર્મમાં ખૂબ રસ પડી ગયો. એણે બૌદ્ધધર્મનાં પુસ્તકો વાંચવા માંડ્યાં. એને વિચાર આવ્યો કે આ પુસ્તકોનું જપાનની ભાષામાં ભાષાંતર થાય તો જ સામાન્ય માનવી સુધી બુદ્ધની વાત પહોંચી શકે. તેત્સુ ઝેનને બુદ્ધની કરુણા ઘણી સ્પર્શી ગઈ.

પણ આ બધાં બૌદ્ધધર્મનાં શાસ્ત્રોનો અનુવાદ કરવામાં અને એને પ્રસિદ્ધ કરવામાં ઘણો ખર્ચ થાય. એને માટે પૈસા ભેગા કરવા જોઈએ. સમય ઘણો લાગે એને માટેના પૈસા ભેગા કરવામાં. પણ આ એક ખૂબ મહત્ત્વનું કામ છે. અને તેત્સુએ જીવનનો મહત્ત્વનો નિર્ણય લઈ લીધો. ગમે તેટલા વર્ષો લાગે પણ બૌદ્ધધર્મનાં ધર્મશાસ્ત્રોના અનુવાદ માટે પૈસા ભેગા કરવા જ છે.

તેત્સુએ પૈસા ભેગા કરવા માંડ્યા. વર્ષો વીતવા માંડ્યાં. દસ વર્ષ સુધી સતત મહેનત કરીને એણે પૈસા ભેગા કર્યા. હવે એ ભાષાંતરનું કામ શરૂ કરી શકે તેમ હતું. ત્યાં જ દેશમાં ભયાનક પૂર આવ્યું. યોગી નામની નદીએ ભયાનક નુકસાન કરી નાખ્યું. આખાયે પ્રદેશમાં લોકો બેહાલ થઈ ગયાં.

તેત્સુએ બૌદ્ધધર્મનાં ધર્મશાસ્ત્રોના અનુવાદ માટે દસ વર્ષ સુધી સતત પ્રયાસ કરીને ભેગા કરેલા તમામ પૈસા યોગી નદીના પૂરને કારણે થયેલ નુકસાનમાંથી લોકોને ઉગારવા માટે આપી દીધા.

પણ આ તો તેત્સુ. જીવનનું કામ જે લીધું છે તે તો પૂરું કરવાનું જ છે. એણે અનુવાદ માટે ફરી પૈસા ભેગા કરવા માંડ્યા. આ વખતે દસ વર્ષ કરતાં વધુ સમય લાગ્યો. પણ એ અનુવાદ માટે પૈસા ફરી ભેગા કરી શક્યો એનો એને માટે મોટો આનંદ હતો. એ હજી ભાષાંતરનું કામ શરૂ કરે તે પહેલાં જ આખાયે દેશમાં પ્લેગ ફેલાઈ ગયો. માણસો ટપોટપ મરતાં હતાં.

માણસો પ્લેગથી મરતા હોય ત્યારે જોયા કરીએ તે કેમ ચાલે? માણસોને બચાવવા પ્રયત્ન કરવો જ જોઈએ.


અને તેત્સુએ બૌદ્ધધર્મનાં ધર્મશાસ્ત્રોનો અનુવાદ કરવા માટે દસ વર્ષથી પણ વધારે સમય સુધી સતત મહેનત કરીને બીજી વાર ભેગા કરેલા પૈસા પ્લેગમાંથી માણસોને બચાવવા માટે આપી દીધા.

તેત્સુએ એનું લક્ષ્ય સિદ્ધ કર્યું ન હતું. એ ત્રીજી વાર પૈસા ભેગા કરવા મંડી પડ્યો. આ વખતે પણ એને દસ વર્ષથી વધારે સમય લાગ્યો. પણ એણે પૈસા ભેગા કર્યા જ.

બૌદ્ધધર્મનાં ધર્મશાસ્ત્રોનો જપાનની ભાષામાં અનુવાદ થયો અને લોકો સુધી પહોંચ્યો. લોકો પ્રેમથી આ પ્રકાશનને 'ત્રીજું સંસ્કરણ' - 'ત્રીજી આવૃત્તિ' - કહે છે. પહેલી બે આવૃત્તિઓ એ વર્તનની આવૃત્તિઓ!

જેને માટે આખીયે માનવજાત ગર્વ લઈ શકે એવા માનવીય ગુણોનું આ એક અદ્‌ભુત ઉદાહરણ.

પશુમાંથી માનવી થવું સહેલું પણ છે અને અઘરું પણ છે. □



ભારતીય મલ્લવિદ્યાને ચાર ચાંદ લગાડનાર, કુશ્તીબાજોની દુનિયાનું એક વિરલ વ્યક્તિત્વ, દ્રોણાચાર્ય એવોર્ડ વિજેતા, પદ્મશ્રી, કુસ્તીના 'ભીષ્મ પિતામહ'

ગુરુ હનુમાન

અશોક દવે 'મલાલ'

ગુરુ હનુમાનને મળવું કોઈ વડલાની છાયા નીચે વિશ્રામ કરવા જવું છે. એ મહાપુરુષ છે, પણ દંભી નથી. એ ગુરુ છે, પણ ઘમંડી નથી. તે માત્ર ગુરુ હનુમાન નથી, સ્વયં એક કારખાનું છે, જ્યાંથી નીકળે છે દેશના ખ્યાતનામ પહેલવાનો. ભારતીય મલ્લવિદ્યાને ચાર ચાંદ લગાડનાર ગુરુ હનુમાનનો અખાડો દિલ્હીના સબ્જીમંડી વિસ્તારમાં આવ્યો છે.

ગુરુ હનુમાનનો જન્મ ૧૫ માર્ચ ૧૯૦૧ના રોજ ચિડાવા જિલ્લાના ઝંઝુનૂ (રાજસ્થાન)માં થયો હતો. એમનું બાળપણનું નામ વિજયપાલ. માતા રાજવન્તી અને પિતાનું નામ લાલારામ. દોઢ વર્ષની વયે જ માબાપનો સ્વર્ગવાસ. અનાથ વિજયપાલને ચિડાવાના પન્નાલાલ કૌશિકે ઉછેર્યો. પન્નાલાલે વિજયપાલને દિલ્હી પ્રાથમિક સ્કૂલમાં ઈ.સ. ૧૯૦૯માં દાખલ કર્યો. દુર્બળ એવા વિજયપાલ મંડેલિયા રોડના કિનારે બગીચામાં જઈને બેસતા. ત્યાંના અખાડામાં પહેલવાન રિસાલસિંહે વિજયપાલ (ગુરુને)ને કુસ્તી શીખવી. વિજયપાલ એ પછી પ્રેમનગરની પ્રાથમિક શાળામાં ચાર ધોરણ સુધી જ ભણ્યા.


ઈ.સ. ૧૯૨૬થી એમણે પહેલવાની શીખવાની શરૂ કરી. એક સવારે ગુરુ હનુમાન ફરવા નીકળેલા. એક ઘોડાગાડીવાળો એક સ્રીની છેડતી કરતો હતો. ગુરુ હનુમાને એ સ્રીને બચાવી. પ્રસિદ્ધ ઉદ્યોગપતિ જુગલકિશોર બિરલાએ આ દશ્ય જોયું. ત્યારથી બિરલાએ 'બિરલા વ્યાયામશાળા, દિલ્હી' ગુરુને સોંપી દીધી.

બિરલા ઉદ્યોગગ્રૂપે એમની પ્રતિભા ઓળખી. જૂની દિલ્હીમાં ઘંટાઘરની પાસે અખાડો બનાવી દીધો.

ક્રાંતિકારી ચંદ્રશેખર આઝાદ ઈ.સ. ૧૯૨૯માં ગુરુ હનુમાનના અખાડામાં અંગ્રેજોથી બચવા છ મહિના સુધી સંતાવા આવ્યા હતા. આઝાદે અને ગુરુએ ત્યાં એક કૂવો ખોદેલો જે આજ પણ મોજૂદ છે. પોલીસને શક જતા આઝાદ ત્યાંથી નાસી છૂટ્યા.

← અશોકકુમાર જુમેન્દ્રસિંહ ↓ (એશિયન ચેમ્પિઅન)





ઈ.સ. ૧૯૪૦માં ગુરુ હનુમાને અખાડાને ગુરુકુળ બનાવ્યું. 'બિરલા વ્યાયામશાળા' માટે દર વર્ષે જુગલકિશોર બિરલા ૧લાખ રૂપિયા ખર્ચે છે. બિરલા પહેલા દર વર્ષે ૮૦,૦૦૦ રૂપિયા આપતા. અખાડાનું ઉદ્‌ઘાટન ગુરુ ચિરંજીએ કર્યું. ગુરુ ચિરંજીના શિષ્ય રિસાલસિંહ અને રિસાલસિંહના શિષ્ય એટલે ગુરુ હનુમાન. વ્યાયામ-શાળાના પ્રિન્સિપાલ છે લક્ષ્મીચંદ બિરલા અને મેનેજર મુરલીધર દાલમિયા. રામધન અને રાજ-પાલ પ્રશિક્ષકો બન્યા.

ચંદ્રશેખર આઝાદ



આવા અદ્વિતીય ગુરુની દિનચર્યા વિશે થોડું જાણીએ. ગુરુ દરરોજ વહેલા પાંચ વાગે ઊઠે, સ્વયં કસરત કરે પછી પહેલવાનોને અભ્યાસ કરાવે. સવારે ૭.૩૦ સુધી આ ચાલે. પછી દેશસેવા, જાહેર સેવા કરે.





← કરતાલસિંગ ↑ભારત કેસરી શ્રી સત્યપાલ

સતત રસ્સાખેંચ, પેરેલલ બાર, ફૂટબોલ, દંડ-બેઠકો વગેરે ચાલે છે. અહીં ૫૦૦ બાળકોને મફત કુશ્તીની તાલીમ અપાય છે.

ગુરુએ કોઈ ઔપચારિક તાલીમ લીધી નથી. આધુનિક કોચિંગ કે કોઈ આંતરરાષ્ટ્રિય અનુભવ નથી. આધુનિક ઢબે મેટ (કુસ્તી માટે રબરના ગાદલા) પર કુસ્તી લડ્યા નથી. તેમની ઢબ ભારતીય છે. છતાં પહેલવાનો ચંદ્રકો જીતે છે, કારણ પહેલવાનોની નિષ્ઠા છે.

ભારતમાં કુસ્તી રમવા માટે ફક્ત ૧૧ મેટ્સ છે. લડવા માટેની ચટાઈઓ (મેટ્સ) જર્મનીમાં હજારો છે. ગુરુના અખાડામાં મૉડર્ન મેટ છે. છતાં પણ કાદવવાળા ખાડામાં જ મોટા ભાગે કુસ્તીદંગલ યોજાય છે.

'गुरु गुर बताते, चैले गजब ढाते'

ગુરુ-કરતા ચેલા સવાયા એ ઉક્તિ પ્રમાણે આ અખાડાની દેન છે : (૧) સતપાલ |ભારતકેસરી ૧૯૭૪,૭૫,૭૬; રૂસ્તમે હિંદ (૭૪), રૂસ્તમે ભારત, ભારતકેસરી (૭૫), 'મહાન ભારતકેસરી' ૧૯૭૬|, (૨) પ્રેમનાથ (પદ્મશ્રી), (૩) સતપાલસિંહ, (૪) અશોકકુમાર, (૫) કરતારસિંહ (પંજાબ-કેસરી ૭૬), (૬) રાજેન્દ્રકુમાર, (૭) સુદેશકુમાર (૧૯૬૮માં મેક્સિકો ઑલિમ્પિકમાં છઠ્ઠા સ્થાને, ૧૯૭૨ મ્યૂનિચ ઑલિમ્પિકમાં ચોથા સ્થાને), (૮) સજ્જનસિંહ (ઑલિમ્પિઅન), (૯). ઓમી (ઓમપ્રકાશ), (૧૦) વેદકુમાર, (૧૧) જગદીશ, (૧૨) મહેન્દ્રસિંહ, (૧૩) સંપતસિંહ, (૧૪) રાજસિંહ (ઑલિમ્પિઅન), (૧૫) સૂરજભાન (ઑલિ.), (૧૬) બ્રહ્મપ્રકાશ (ઑલિમ્પિઅન), (૧૭) જીતસિંહ (ઑલિ., ટોકિયો), (૧૮) મુખત્યાર સિંહ, (૧૯) સુચ્ચાસિંહ, (૨૦) રતન રામ સ્વરૂપ, (૨૧) રૂપચંદ, (૨૨) ચૌધરી ચરનસિંહ, (૨૩) નંદલાલ, (૨૪) પરમા, (૨૫), રતના પહેલવાન, (૨૬) છોટા ભીમ, (૨૭) રાજેન્દ્રસિંહ, (૨૮) પ્રદીપ, (૨૯) જગવ્રજેશ, (૩૦) રંધાવા, (૩૧) છિલ્લર, (૩૨) કૃષ્ણકુમાર, (૩૩) જયપ્રકાશ વગેરે શિષ્યોએ ગુરુને જગપ્રસિદ્ધિ અપાવી છે. ૧૦ પદકોમાંથી ૯ પદકો રાષ્ટ્રિય ચૅમ્પિઅનશિપમાં કુસ્તીમાં ગુરુના શિષ્યોએ જીત્યાં છે.

ઇંદિરા ગાંધીએ અખાડાને ઘણી મદદ કરેલી. પણ એ સિવાય બીજા કોઈ વડાપ્રધાને તેની બહુ દરકાર કરી નથી. કહેવાય છે કે પદાધિકારીઓ ખેલાડીઓની પસંદગી લાગવગ,

સાંજે ૩ થી ૮ વાગ્યા સુધી ફરી તાલીમ શરૂ. રાત્રે ૯ વાગે સૂઈ જતા. ગુરુજી શુદ્ધ શાકાહારી હતા. ભોજનમાં ૪૦-૫૦ રોટલીઓ, ૫-૬ લીટર દૂધ, ફળો વગેરે લેતા. ગુરુજી અપરિણિત હતા. ધુમ્રપાનના એ વિરોધી. અભિમાનરહિત ગુરુજી કડક શિસ્તના આગ્રહી. ગુરુજી અતિથિ- પ્રિય હતા.

ગુરુના શિષ્યોએ આંતરરાષ્ટ્રિય કુસ્તી સ્પર્ધાઓમાં એશિયન રમતોમાં, એશિયન ચૅમ્પિઅનશિપ, કૉમનવેલ્થ રમતોમાં સુવર્ણચંદ્રકો, મિનિ અને જૂનિઅર આંતરરાષ્ટ્રિય કુસ્તી પ્રતિયોગિતાઓમાં અગણિત સુવર્ણચંદ્રકો જીત્યા છે. એમના અખાડામાં ત્રણ પદ્મશ્રી, દસ અર્જુન પુરસ્કાર-વિજેતા પહેલવાનો છે.

અખાડો શાકાહારી છે. કોઈ માટે ભેદભાવ નથી. સર્વધર્મ-જાતિના પહેલવાન એકસમાન છે. સિનેમા-ટી.વી.ના વિરોધી છે. અહીં ધૂમ્રપાન અને માંસાહાર પર પ્રતિબંધ છે. અખાડામાં

સગાવાદ અને રાજકીય રાગદ્વેષનીતિના આધારે કરે છે.



ગુરુજીનો આખો કમરો સંગ્રહાલય છે. ચારેબાજુ ભેટસોગાદો, દીવાલો પર તસ્વીરો, પદકો, પ્રશસ્તિપત્રો જ જોવા મળે છે.

ગુરુજી રેસલિંગ ફેડરેશન ઑવ્ ઇન્ડિયાના પેટ્રન હતા.

ગુરુજીને મળેલા માન-સન્માન-ખિતાબોની આ છે યાદી :

(૧)'રાષ્ટ્ર ગુરુ' (હોમ મિનિસ્ટર, ૧૯૬૦), (૨) 'રાજસ્થાનશ્રી' (રાજસ્થાન સરકાર, ૧૯૮૨), (૩) પદ્મશ્રી (૧૯૮૩), (૪) ભીષ્મ પિતામહ (બિહાર મુખ્યમંત્રી, ૧૯૮૯), (૫) દ્રોણાચાર્ય એવૉર્ડ (પ્રેસિડેન્ટ ઑવ્ ઇન્ડિયા, ૧૯૮૯), (૬) કુસ્તીદેવતા એવૉર્ડ (અમેરિકા), (૭) ડિપ્લોમા ઑવ્ દ ઓનર (પેરિસ, ૧૯૯૦, પ્રથમ ભારતીય) (૮) લૉર્ડ ઑવ્ બુદ્ધ એવૉર્ડ (ટોકિયો, ૧૯૮૧), (૯) માસ્ટર ડિગ્રી બ્લેક બેલ્ટ, (જપાન, ૧૯૯૧), (૧૦) અમર શહીદ ઉધમસિંહ એવૉર્ડ, (ઇંગ્લંડ, ૧૯૯૧), (૧૧) મહારાજા છત્રપતિ શાહુ પુરસ્કાર (૧૯૯૧)



↑ વડાપ્રધાન શ્રી મોરારજી દેસાઈ સાથે ગુરુ હનુમાન

← બિરલા મિલ વ્યાયામ શાળામાં ગુરુ હનુમાન

કુસ્તી સાથે જેમનાં લગ્ન* થયાં છે એવા આજીવન અપરિણીત ગુરુ હનુમાનનું તા. ૨૪-૫-૯૯ના રોજ ૯૯ વર્ષની ઉંમરે સડક દુર્ઘટનામાં દિલ્હી નજીક રિઠાનીમાં અવસાન થયું. લોકો સાવ ખખડી જાય છે એ ઉંમરે અખાડાની માટી ખૂંદતા ગુરુ હનુમાન કુસ્તીબાજોની દુનિયાનું એક વિરલ વ્યક્તિત્વ હતા.

'અભી તો મૈં જવાન હૂં....'

ગુરુજીનો પહેલવાનો માટે સંદેશ છે :

'કસાલા !'(ખૂબ મહેનત કરો)

*ગુરુ હનુમાનનાં લગ્ન ૭ ઑગસ્ટ, '૯૬ના રોજ પોશિકા ગોલ્ડસ્મિથ સાથે (પેરિસ) દિલ્હીમાં થયાં હતાં, લગ્ન ૯૫ની વયે!

અનુસંધાન] **સંમુખ સાગરમઠ** [પૃ.૫૩૫થી

ઓરડામાં ખાવા-પીવા માટેની વ્યવસ્થા ખરી, પણ અણધાર્યું, અનપેક્ષિત એવું દૃશ્ય જોયું કે હું બહુ જ સંકોચ પામી ગઈ. રેસ્તુરાંની શોધ એ સાંજે પડતી મૂકી.

બૅન્ક સુધી ગઈ, તો એ બંધ હતી. મૂળ સ્થાનને રૂંધીને નવા બનાવેલા ચીની માહોલને જોવાની તક મળી. કેટલાંક ઊંચાં મકાન થયેલાં હતાં. એમાં ઑફિસો ને વિદેશી કંપનીઓનાં થાણાં હશે. રસ્તે એક ક્લબ પણ આવી. બહાર ચોગાનમાં ઘણાં ટેબલ-ખુરશીઓ મૂકેલાં હતાં. યુવાન સ્ત્રીઓ અને પુરુષોથી એ ભરેલાં હતાં. બધાં ચાનું પાણી કે બિયર પી રહ્યાં હતાં. સાથે સિગારેટ પીવાનું પણ ચાલુ. કેટલાંક પત્તાં રમતાં હતાં, મિત્રો સાથે વાતો કરતાં હતાં. ચીની પ્રજાવાળું ચીની દૃશ્ય હતું, પણ પાછળ વાગતું સંગીત પૉપ્યુલર પશ્ચિમી હતું.

હોટેલ પર પાછી પહોંચી ત્યારે ખૂબ થાકી ગયેલી. તાવ આવવામાં હતો. હોટેલમાંના કૉફી-હાઉસમાં બેસી થોડું ખાઈ લીધું. હોટેલના બધા રૂમોમાં ટેલિવિઝન હતાં. એના પર 'સ્ટાર ટી.વી.' અને 'સી.એન.એન.' આવતાં હતાં, એ જોઈ બહુ જ નવાઈ લાગી. છેક તિબેટમાં પણ? આધુનિક જગતના ભરડાથી સુદૂરનો, એકલવાયો આ પ્રદેશ પણ બાકાત નથી, એમ ને? ☐

અનુસંધાન] **કહાની કાશ્મીરની** [પૃ.૫૪૮થી

કારગિલ પ્રદેશનો ઉપયોગ કર્યો, કારણ કે કાશ્મીરની અલગતાવાદી ચળવળને દાબવામાં ભારત સફળ રહ્યું. છતાં અણુધડાકાઓએ આમાં ચીનગારી ફૂંકવાનું કામ કર્યું. આઈ.એસ.આઈ. દ્વારા ગેરીલા ઘુસણખોરો આ પ્રદેશમાં પ્રવેશ્યા. એમ માનવામાં આવે છે કે આ બધાને પાકિસ્તાનના સૈન્યનો સંપૂર્ણ ટેકો છે. છેવટે ભારતે તેઓને આ પ્રદેશમાંથી હાંકી કાઢ્યા. જૂન ૧૯૯૯માં સક્રિય લશ્કરી કામગીરી શરૂ કરી અને જુલાઈના અંત સુધીમાં કારગિલ પ્રદેશમાંથી ઘુસણખોરોનો સફાયો થઈ ગયો છે. છતાં પાકિસ્તાનના વિદેશમંત્રી તો કહે છે કે 'જો કાશ્મીરનો પ્રશ્ન ન ઉકેલાય તો ઘણા કારગિલ થશે.' આ કથન જ બતાવે છે કે પાકિસ્તાનને છેક ૧૯૪૭થી કાશ્મીર પ્રાપ્ત કરવામાં જ રસ છે.

આ માટે બંને દેશ વચ્ચે સતત તણાવ છે. પાકિસ્તાન 'પ્રૉક્સિવૉર' દ્વારા વિશ્વલોકમત કેળવવા પ્રયત્નશીલ રહે છે. ભારત અને પાકિસ્તાન વચ્ચે જે તંગદિલી છે તે બંને દેશને માટે અત્યંત ખર્ચાળ બની રહી છે. એ રીતે બંને દેશના અર્થતંત્ર ઉપર ભારે બોજ પડી રહ્યો છે. પણ એનો અંત શું? આ કલ્પના કરી શકાય, ભાવિમાં જોઈ શકાય તેવો પ્રશ્ન નથી. માત્ર રાજકીય ડહાપણ અને દૂરંદેશીભરી શાન્તિમાર્ગની નીતિ દ્વારા જ તેનો ઉકેલ શોધવો રહ્યો. કોણ કરશે? ☐

હું અને વરસાદ

પ્રફુલ્લ રાવલ

વનમાં પ્રવેશેલો હું આ વયે પણ મારું અસ્તિત્વ ભૂલીને પ્રકૃતિ સાથે એકાકાર થઈ જાઉં છું, વરસતા વરસાદમાં પલળતી વેળાએ. પહેલા વરસાદમાં પલળવું ગમે છે. ત્યારે ઘડીભર કશું જ યાદ નથી રહેતું. માત્ર ભીનાસનું સામ્રાજ્ય વ્યાપી વળે છે. કેવળ જળની તાદાત્મ્યતા. નથી યાદ આવતું ઘર કે નથી યાદ આવતું દુઃખ. સમસ્યાઓ ગાયબ થઈ જાય છે. માંદા પડાશે એવી ભીતિ પણ સ્પર્શતી નથી. રસ્તે ચાલતા ચાલતા પલળું છું. આ મારો વરસાદ સાથેનો નેહનાતો છે. વરસાદમાં પલળતો હોઉં ત્યારે ક્યારેક બાળપણ યાદ આવે છે, પણ તે ય ખાસ્સો પલળી જાઉં પછી. ત્યાર બાદ વરસાદ સાથે જોડાયેલી કેટલીક દુઃખદ સ્મૃતિ મને ઘેરી વળે છે. અત્યારે તો ફ્લેટમાં રહું છું એટલે ક્યાંય ચૂવા થવાનો પ્રશ્ન રહેતો નથી પણ મારું શૈશવ તો નળિયાંવાળા ઘરમાં પસાર થયું છે. વરસાદ આવે તે પહેલાં છાપરું તો સંચી લેતા, પણ છાપરું જીર્ણ થઈ ગયું હતું અને નિર્ધનતા એ છાપરાનું રૂપ બદલી શકે તેમ નહોતી. એટલે વરસાદ પડે અને ઘરમાં ચૂવા ચાલુ થઈ જાય. સડેલી વંજી અને તૂટેલાં નળિયાંમાંથી પાણી સીધું ઘરમાં પ્રવેશતું. ચોમાસુ બેસતું અને બા મનોમન પ્રાર્થના કરતી રહેતી કે રાતે વરસાદ ન પડે તો સારું. સૂવાની સમસ્યા તો ન રહે! તો ય ક્યારેક પ્રાર્થના પહોંચતી નહીં અને અમારે જાગતાં રહેવું પડતું. ક્યારેક તો હું ખૂણામાં બેઠો બેઠો સૂઈ જતો. બા-બાપા જાગતાં રહેતાં. વરસાદ બંધ પડે ત્યારે બા પોતાં કરીને ચોખ્ખું કરવા મથતી. છતાંય નળિયાંમાં રહી ગયેલું પાણી ધીમે ધીમે ટપકતું રહેતું!

ઘરની એક બાજુના ભાગમાં નાની મેડી હતી. એના પર પતરાં હતાં. પતરાં સાવ સડી ગયેલાં. વરસાદ આવતો અને પડું પડું થતી મેડી બાની ચિંતામાં ઉમેરો કરતી. છતાંય બે દાયકા લગી એ મેડી ન પડી અને વરસાદ આવતો રહ્યો. છાપરું અને મેડી સમી કરાવવાનું આયોજન વિચારતા વિચારતા પિતા આ જગત છોડીને ચાલ્યા ગયા. પિતાના નિધન પછીના ચોમાસામાં રાતે વરસાદ આવતો ત્યારે બા એકલી જાગતી રહેતી. શું થતું હશે બાને ત્યારે!?

બાળપણમાં એક સાંજે વાતાવરણ વરસાદની એંધાણી આપતું હતું. વાદળ ઘેરાયાં હતાં. બાફ હતો. વરસાદ હમણાં જ તૂટી પડશે એવું વાતાવરણ હતું. હું મહોલ્લામાંથી રમતો રમતો પાણી પીવા ઘરે આવ્યો અને બાને પૂછ્યું : 'બા, વરસાદ આવશે?' બાના ચહેરા સામે જોયું તો ચિંતા છવાયેલી હતી. તોય બોલી : 'હા, આવશે. પણ ન આવે તો સારું. આ સાલ તો છાપરું સંચાવ્યું પણ નથી. અને મેડી તો પડું પડું થઈ રહી છે.' હું પાણી પીને વળી મહોલ્લામાં આવ્યો. સહુ બાળકો બોલતાં હતાં. 'આવ રે વરસાદ, ઘેબરિયો પરસાદ' મેં ટોળામાં જઈને જોરથી બૂમ પાડી - 'નહીં આવે.' સહુ બોલ્યા : 'આવશે.' હું બોલતો રહ્યો, 'નહીં આવે' અને સહુ બોલતા રહ્યા, 'આવશે.' એમાં સખી પણ સામેલ હતી. મેં એના ગાલ પર જોરથી લાફો માર્યો અને કહ્યું : 'વરસાદમાં મારું ઘર પડી જશે તો...' સખી ગાલ પર હાથ ફેરવતી ફેરવતી બોલી : '...તો તું મારા ઘરે આવી જજે.' હું રડું રડું થતો દોડતો મારા ઘરે પહોંચી ગયો. ત્યાં વરસાદ શરૂ થયો. વાદળોના ગડગડાટ અને વીજળીના કડાકા. આખી રાત વરસાદ વરસતો રહ્યો. સખી એની બારીમાંથી બૂમ પાડતી રહી. બોલાવતી રહી. પણ હું ન ગયો. ન જઈ શક્યો. 'એમ કોઈના ઘરે થોડું જવાય' બા કહેતી. મને સખી 'કોઈ' હોવાની વાત રુચતી નહોતી. વરસતા વરસાદમાં અમે આખી રાત જાગતાં રહ્યાં. ત્યારથી હું વરસાદને મારો શત્રુ માનતો થઈ ગયો.

પછી અર્થનું જગત પહોળું થયું. ઘર ન પડ્યું. પણ ઊંચું થયું. ક્યારેક ચૂવો થતો. છતાં ય સૂવાની તકલીફ નહોતી. સાથે બાપા ય નહોતા. હા, ક્યારેક રાતે વરસાદ પડતો તો પતરાં પર પડતાં વરસાદનાં ટીપાં આનંદની અનુભૂતિ કરાવતાં.

આજે વરસાદ પડે છે અને જૂનું ઘર યાદ આવે છે. ચૂવાની યાદ આવે છે. પડું પડું થતી મેડી યાદ આવે છે. એ મહોલ્લો યાદ આવે છે અને યાદ આવે છે સખી. ક્યારેક મુશળધાર વરસાદમાં સામેની બારીમાંથી એની બૂમનો આભાસ થાય છે. પણ કાળની ગતિમાં બધું જ ગૂમ થતું ગયું છે.

વરસાદનાં અસંખ્ય રૂપો જોયાં છે. ઝરમર ઝરમર વરસાદમાં મહાનગરના માર્ગ પર સજોડે ચાલ્યાં છીએ. મુશળધાર વરસાદમાં દોડ્યાં છીએ. વરસતા વરસાદમાં હલદીઘાટીમાંથી રાતે પસાર થતી વેળાએ ભયજનક રોમાંચ અનુભવ્યો છે. પૂર જોયું છે. વરસાદથી થતી હોનારત જોઈ છે. પાણીમાં તણાતાં-તરતાં ઝૂંપડાં જોયાં છે. વરસાદનું ગાંડપણ જોયું છે. વરસાદમાં લહેરથી પલળતાં પક્ષીઓ જોયાં છે. વૃક્ષને પલળતું જોયું છે અને સખીની સ્મૃતિ મનને પલાળી દે છે.

અત્યારે તો હું વરસાદનો આશિક છું. હું અને વરસાદ શત્રુ મટીને ભેરુ બની ગયા છીએ. કશીય અપેક્ષા વગર પૃથ્વીને ભીની કરી નાખતા વરસાદ જેવી વૃત્તિ કેળવવી છે. પણ હું રજસમાંથી મુક્ત થઈ શકતો જ નથી. સત્ત્વને સ્પર્શવા મથું છું અને રજસનું આક્રમણ થાય છે. ઘણી વાર થાય છે કે હું વરસાદ બની જાઉં... પણ તો ક્યાં વરસું? □

એક દુઃખદ ઘટના



મૂળશંકર પ્રા. ભટ્ટ

જયંત દોશી શહેરી વિસ્તારથી બને તેટલો દૂર રહેતો. શહેરના અન્ય વિસ્તારો તેને મન સ્વાર્થી, અતિ સુધરેલા અને ઢોંગી લાગતા. તેનું ઘર પુરાણું અને ગમગીન લાગતું. ઘરની બારીમાંથી બંધ પડેલી ફેક્ટરીની ચિમની અને જેને કિનારે શહેર વસ્યું હતું તે અલ્પસલિલા નદી નજરે પડતી. ઘરની એકેય દીવાલ પર છબી ટાંગવામાં આવી નહોતી. મકાનનું તમામ ફર્નિચર તેણે જાતે વસાવ્યું હતું - લોખંડનો કાળા રંગનો પલંગ, પાણી ભરવાનું મોટું ટબ, નેતરની ચાર ખુરશી, કપડાં રાખવાની આલમારી તથા બે ખાનાવાળું એક ચોરસ ટેબલ. એક ખૂણામાં લાકડાની અભરાઈ બનાવી તે પર પુસ્તકો રાખ્યાં હતાં. પુસ્તકો કદ પ્રમાણે એક ઉપર એક ગોઠવ્યાં હતાં. નીચેની અભરાઈ પર મુનશીનાં બધાં પુસ્તકોનો સેટ હતો. ઉપલા ખાનામાં જાડું પૂઠું ચઢાવેલ ગીતાનું પુસ્તક દેખાતું હતું. પથારી પર સફેદ ચાદર હતી, પગ પાસે લાલ-કાળા રંગનો કામળો પડ્યો હતો. પાણીના ટબ પાસે, ઊંચે દીવાલમાં, એક નાનો અરીસો લગાડ્યો હતો. બાજુની ત્રિકોણ અભરાઈ પર સુશોભન ખાતર માત્ર એક ફૂલદાની ગોઠવી હતી. ટેબલ પર હંમેશ માટે લખવાનો અસબાબ પડ્યો રહેતો. ટેબલના એક ખાનામાં કાલિદાસના 'અભિજ્ઞાન શાકુન્તલ'ના અનુવાદની હસ્તપ્રત પડી હતી. ભજવવા માટેની સૂચનાઓ તેમાં લાલ શાહીથી લખી હતી. પિત્તળની ક્લિપમાં થોડા કોરા કાગળની થોકડી ભરાવી હતી. ટેબલનું ખાનું ખૂલે તો તેમાંથી છોલેલી નવી પેન્સિલની, ગુંદરની અને અગાઉ મૂકેલા પણ પાછળથી ભુલાઈ ગયેલા અતિ પાકેલા સફરજનની વાસ આવતી.

આંતરિક કે બાહ્ય કોઈ પ્રકારની ગેરવ્યવસ્થા માટે દોશીને નફરત હતી. જૂના જમાનાના એકાદ ડૉક્ટરે તેને જડ પ્રકૃતિનો જાહેર કર્યો હોત. આવરદાનાં બધાં વર્ષો ચહેરા પર ચિતરાવ્યાં હતાં. મોટા અને લંબગોળ મસ્તક પર સૂકા અને કાળા વાળ ફેલાયા હતા. કડક લાગતા હોઠ પર ભૂખરી મૂછો પૂરેપૂરી છવાઈ નહોતી. ગાલનાં હાડકાં રુક્ષ સ્વભાવનો પરિચય કરાવતાં હતાં. તેમ છતાં આંખોમાં રુક્ષતા દેખાતી નહોતી. પીળચટી ભમરવાળી આંખો નજર માંડતી ત્યારે સમાજનાં સૌ પાસેથી સમતોલ વૃત્તિની અપેક્ષા રાખતી. આંખો જોતાં મોટે ભાગે હતાશ, સદાજાગરૂક વ્યક્તિની છાપ ઊભી થતી. જાણે તે દેહની બહાર નીકળીને જીવતો હતો! પોતાનાં કર્મોને સંદિગ્ધ દૃષ્ટિથી નિહાળતો. તેને આત્મકથનાત્મક એક વિચિત્ર ટેવ હતી. મનમાં ને મનમાં પોતાના વિષે એક નાનું વાક્ય બનાવતો. વાક્યનો કર્તા ત્રીજા પુરુષમાં રહેતો અને વિધાન હંમેશાં ભૂતકાળમાં રહેતું.

ભિખારીઓને તે કદી કશું આપતો નહિ. હાથમાં લાકડી પકડી દૃઢતાપૂર્વક ચાલતો. એક બેન્કના ખજાનચી તરીકે વર્ષોથી જયંત કામગીરી બજાવતો. દરરોજ સવારે સિટી બસમાં ઘેરથી બેન્કમાં આવતો. બપોરની રિસેસમાં બાજુની હોટેલમાં ચા-નાસ્તો કરતો. ચાર વાગે તે છૂટી જતો. સાંજે એક ડાઈનિંગ હૉલમાં વાળુ કરી લેતો. શહેરના શોખીન યુવાનોથી આ ડાઈનિંગ હૉલ અબોટ રહ્યો હતો. પછીનો સમય તે કાં તો સંગીત સાંભળવામાં અથવા પરા-વિસ્તારમાં ફરવામાં ગાળતો. શાસ્ત્રીય સંગીત માટેનો તેનો શોખ ક્યારેક શહેરમાં યોજાતા સંગીત-જલસામાં હાજર રહેવા તેને પ્રેરતો. આ હતો તેના જીવનનો સિલસિલો.

નહોતો તેને કોઈ સોબતી કે નહોતો કોઈ મિત્ર. મંદિરે દર્શન માટે તે ન જતો. કોઈ ખાસ ધર્મ પ્રત્યે તેને રુચિ ન હતી. કોઈ સાથે વ્યવહાર રાખ્યા વિના આધ્યાત્મિક જીવન જીવી લેતો. બેસતા વર્ષે સગાંઓને મળતો. કોઈ દેવલોક પામે તો અંતિમ સંસ્કાર માટે સ્મશાને જતો. આ બે કર્તવ્ય ગૌરવ ખાતર બજાવતો. આટલું પતે પછી અન્ય કોઈ નાગરિક પ્રણાલિકાનું પાલન ન કરતો. ક્યારેક વિચાર ઝબકી જતો કે બેન્કમાં લૂંટ ચલાવે તો! પણ આવું ક્યારેય બન્યું નહિ. જીવન સરળતાથી પસાર થતું રહ્યું - કોઈ પ્રકારના અજંપા વિના.

એક સાંજે એક સંગીત-કાર્યક્રમમાં બે સ્ત્રીઓના સાંનિધ્યમાં તેને બેઠક મળી. શ્રોતાઓની સંખ્યા ઘણી ઓછી હતી. આથી કાર્યક્રમ નિષ્ફળ જશે એવી અણગમતી આગાહી કરવામાં આવી રહી હતી. બાજુમાં બેઠેલી મહિલાએ ઉજ્જડ મંડપમાં એક-બે વખત નજર ફેરવીને કહ્યું :

'શ્રોતાઓની હાજરી પાંખી હોય એ કેવું ખોટું કહેવાય! બેઠકો ખાલી પડી હોય તો ગાયકોને કાર્યક્રમ રજૂ કરવામાં શી હોંશ રહે?'

આ કથન દ્વારા તે સ્ત્રી પોતાને વાતચીત કરવા નિમંત્રે છે એવું જયંતને લાગ્યું. સ્ત્રી ચાલાક લાગી. વાતચીત કરતાં કરતાં જયંતે તે સ્ત્રીને સ્મૃતિમાં બરોબર સંગ્રહી લેવા કોશિશ કરી. બાજુમાં બેઠેલી બીજી યુવતી આ સ્ત્રીની પુત્રી થાય એમ જ્યારે જયંતે જાણ્યું ત્યારે અનુમાન કર્યું કે મહિલાની ઉંમર પોતાથી એકબે વર્ષ નાની હશે. સ્ત્રીનો નમણો ચહેરો સમજદારી વ્યક્ત કરતો હતો. અંડાકાર ચહેરા પર દૃઢતા અંકિત થઈ હતી. આંખો કાળી અને નજર સ્થિર હતી. શરૂઆતમાં આંખોમાંથી

દંભ ટપકતો લાગ્યો, પણ પછીથી ચંચળતાને લીધે નેત્રો ચારુ લાગવા માંડ્યાં. પ્રતીતિ થઈ કે સ્ત્રીની પ્રકૃતિ અતિ શિથિલ હોવી જોઈએ. આંખો પ્રભાવશાળી લાગી. અર્ધમિલિત નયનો દૂરદર્શિતાનાં દ્યોતક લાગ્યાં. વક્ષસ્થળને પ્રસ્ફુટ કરતો પાલવ નિમંત્રણના સૂરને સ્પષ્ટ કરતો જણાયો.

થોડાં અઠવાડિયાં પછી એક અન્ય સંગીત-સંમેલનમાં જયંત તેની સાથે ભટકાયો. પુત્રી પરિચય વિકસાવવા આતુર ન લાગી. જયંતે તક ઝડપી લીધી. વાતચીત દરમિયાન સ્ત્રીએ એક-બે વખત પતિનો અછડતો ઉલ્લેખ કર્યો પણ ઉલ્લેખમાં કશી ચેતવણી ન સંભળાઈ. નામ હતું સુલભા રોય. પતિના પરદાદા છેક બંગાળથી આવ્યા હતા. પતિ એક વ્યાપારી જહાજનો કપ્તાન હતો. જહાજ ભારતના કિનારા પર ઘૂમતું. એક સંતાન હતું - પુત્રી.

ત્રીજી વખત સુલભાનો આકસ્મિક ભેટો થતાં જયંતે મુલાકાત ગોઠવવાની હિંમત બતાવી. સુલભા આવી. ભવિષ્યમાં થનાર અનેક મુલાકાતો માંહેની આ પ્રથમ હતી. તેઓ હંમેશાં સાંજે મળતાં અને એકાંત વિસ્તારમાં ઘૂમતા. જયંતને અપ્રામાણિક રહેણીકરણી પ્રત્યે ચીડ હતી. તેથી હવે પછીનું મિલન સુલભાને ઘેર ગોઠવવા જયંતે સૂચન કર્યું. સુલભાના કપ્તાન-પતિના મનમાં હતું કે પુત્રી માટે જયંત આંટાફેરા કરે છે. એટલે તેણે મુલાકાતને ઉત્તેજન આપ્યું. આનંદ-પ્રમોદના ઉપસ્કર તરીકે પત્નીને તો તેણે ખૂબ જ મક્કમતાથી રૂખસદ આપી દીધી હતી. પત્ની તરફ કોઈ ખેંચાશે એવી શંકા પણ તેને નહોતી.

પતિ લગભગ બહાર રહેતો. પુત્રી સંગીતના વર્ગમાં જતી. તેથી આવો સહવાસ માણવાની ભરપૂર તક જયંતને સાંપડતી. આ પહેલાં જયંત કે સુલભાએ આ પ્રકારનું સાહસ કર્યું નહોતું. મુલાકાત દ્વારા કશી અસંગતિ ઉદ્‌ભવી રહી છે એવું એકેયને ન લાગતું. ધીમે ધીમે જયંત પોતાના વિચારોમાં સુલભાને વણતો ગયો. સુલભાને પુસ્તકો આપતો. તેની પાસે જાતજાતની વાતો કરતો. બંનેનો સમય આમ બુદ્ધિવિષયક સંવાદમાં પસાર થવા લાગ્યો. સુલભા બધું રસપૂર્વક સાંભળતી.

ક્યારેક જયંતે રજૂ કરેલાં મંતવ્યો સામે પોતાના જીવનની કેટલીક સત્ય ઘટના સુલભા વર્ણવતી. લગભગ માતૃવત્ કાળજીથી ખુલ્લું મન રાખવા તે જયંતને આગ્રહ કરતી. થોડો સમય જયંતે મજૂરપ્રવૃત્તિમાં ભાગ લીધો હતો, શ્રમજીવીઓની બેઠકોમાં તે હાજરી આપતો, એકાંત માળિયા પર આછા ઉજાસમાં ગંભીર કામદારો વચ્ચે બેઠેલો પોતે અદ્વિતીય પ્રતિભા ધરાવતો - વગેરે વાતો જયંત કહી સંભળાવતો. પાછળથી મજૂરમંડળના ત્રણ વિભાગ પડ્યા. દરેક માટે નવો નેતા પેદા થયો અને સૌ અલગ બેઠકો યોજવા લાગ્યા. એથી જયંતે હાજર રહેવાનું બંધ કર્યું. તે કહેતો કે શ્રમિકોની ચર્ચા અતિ ડરામણી રહેતી. મજૂરોને પગાર વિષે ખૂબ જ જિજ્ઞાસા રહેતી. જયંતને મજૂરો વાસ્તવદ્રષ્ટા લાગતા.

આ બધું જયંત શા માટે લખી લેતો નથી એવો સવાલ સુલભા કરતી. જયંત કડવાશપૂર્વક સામેથી કહેતો, 'કોને ખાતર લખવું? સાઠ સેકંડ માટે પણ જે સ્થિરતાથી વિચારી નથી શકતા એવા, વાણીનો વેપલો કરનારાઓને ખાતર? જે મંદબુદ્ધિ મધ્યમવર્ગે પોતાનો વ્યવહાર પોલીસને સોંપ્યો છે અને લલિતકળા વ્યાપારીઓને હવાલે કરી છે તેઓને ખાતર?'

શહેર-વિસ્તારથી દૂર આવેલા સુલભાના નિવાસસ્થાને જયંત ઘણી વખત જતો. તેઓએ અનેક સાંજ એકાંતમાં ગાળી હતી. જેમ જેમ વિચારોમાં ઐક્ય સધાતું ગયું તેમ તેમ નિજી બાબતો વિષે તેઓ વાતો કરવા લાગ્યાં. સુલભાનું સાહચર્ય જયંત માટે કોઈ વિદેશીને વતનની હૂંફ આપે તેવું હતું. ઘણી વખત અંધારું થયા પછી પણ તેઓ બેસી રહેતાં. સુલભા લાઈટ ન પેટાવતી. સહેતુક રહેલો અંધકારભર્યો રૂમ, નર્યું એકાંત અને કાનમાં ગૂંજતું સંગીત તેઓને એક બનાવતાં રહ્યાં. જયંતને આ સંગતિ પસંદ હતી. વર્તનની ઉગ્ર ધાર ધીરે ધીરે ઘસાતી આવી. માનસિક જીવન લાગણીપ્રધાન બનતું ચાલ્યું. ક્યારેક તો પોતાનો અવાજ સાંભળી જયંત નવાઈ પામતો. લાગ્યું કે પોતે સુલભાની દૃષ્ટિમાં દિવ્ય વ્યક્તિત્વ ધારણ કરવાની હદ સુધી જઈ પહોંચ્યો છે. સુલભાની આગ્રહી પ્રકૃતિને જયંતે અપનાવી લીધી. પછી માણસની નિરુપાય એકલતા વિષે તે વિચારતો ત્યારે પોતાનો હોય તેવો પરલક્ષી સ્વર તેને સંભળાવા લાગ્યો. પરિણામ એ આવ્યું કે એક રાત્રે સુલભા અસામાન્યપણે ઉત્તેજિત બની, અને આવેશપૂર્વક જયંતનો હાથ પકડી પોતાને ગાલે લગાવી દીધો.

જયંતને બહુ આશ્ચર્ય થયું. પોતાના વર્તનનું સુલભા આવું અર્થઘટન કરી રહી હતી તે જાણી જયંતનો ભ્રમ ભાંગી ગયો. એક અઠવાડિયા સુધી જયંત સુલભાને ન મળ્યો. પછી પોતાને મળી જવા સુલભાને એક ચિઠ્ઠી લખી. આખરી નીવડનાર આ મુલાકાત દોષ-સ્વીકારથી વણસે નહિ તેથી બાગ સમીપની એક નાની હોટેલમાં તેઓ મળ્યાં. વાતાવરણમાં પાનખરની ઠંડી પ્રસરી હતી. તો પણ બંને લગભગ ત્રણ કલાક બાગમાં ફરતાં રહ્યાં. સાહચર્યનો અંત લાવવાનું બંનેએ નક્કી કર્યું. જયંત કહેતો કે કોઈ પણ બંધન અંતે સંતાપનું બંધન બને છે. બાગમાંથી બહાર આવી બસસ્ટોપ તરફ બંને મૂગાંમૂગાં ચાલ્યાં. બસસ્ટોપે પહોંચ્યાં પછી સુલભા એટલી ઉગ્રપણે ધ્રૂજવા લાગી કે જયંતને થયું કે તે હમણાં તે બેહોશ બની જશે. જયંત ત્યાંથી ત્વરાપૂર્વક વિદાય થયો.

થોડા દિવસ પછી જયંતને એક પારસલ મળ્યું. સુલભાને વાંચવા આપેલાં પુસ્તકો તેમાં હતાં.

ચાર વર્ષનો ગાળો પસાર થઈ ગયો.

જયંત દોશીનું જીવન પૂર્વવત્ સરળ થઈ ચૂક્યું. હજુ પણ

તેનો રૂમ તેના મન જેવો જ સુવ્યવસ્થિત હતો. શાસ્ત્રીય સંગીતની થોડી વધુ ઑડિયો કસેટ સ્ટેન્ડ પર દેખાતી હતી. અભરાઈ પર નવલકથાનાં નવાં વસાવેલાં બે પુસ્તકો પડ્યાં હતાં. ટેબલ પર પડી રહેતી કાગળની થોકડી પર તે હવે જવલ્લે જ લખતો. સુલભા સાથે થયેલી છેલ્લી મુલાકાત પછી તેણે લખેલું એક વાક્ય આવું હતું : 'પુરુષ-પુરુષ વચ્ચે સંવનન અશક્ય છે કારણ કે ત્યાં જાતીય સમાગમ હોતો નથી. પુરુષ અને સ્ત્રી વચ્ચે મૈત્રી સંભવિત નથી કેમ કે ત્યારે જાતીય સમાગમ થવો જરૂરી છે.' સુલભા કદાચ ભટકાઈ પડે એ બીકે સંગીત-સમારંભોમાં જવુ તેણે બંધ કર્યું. પિતા અવસાન પામ્યા. બેન્કનો ભાગીદાર નિવૃત્ત થયો. હજુ પણ પ્રતિદિન બસમાં બેસી તે શહેરમાં જતો. ભોજનાલયમાં વાળુ પતાવી વર્તમાનપત્ર વાંચી ઘર તરફ જવા નીકળતો.

એક સાંજે પરોઠા-સબ્જીનો કોળિયો મોંમાં મૂકવા જતો હતો ત્યાં તેનો હાથ એકાએક અટકી ગયો. સામે ખુલ્લા રાખેલા છાપાના એક ફકરા પર તેની નજર ચોંટી. કોળિયો પાછો મૂક્યો. ફકરો ધ્યાનપૂર્વક વાંચ્યો. પ્યાલામાંથી થોડું પાણી પીધું, ટેબલ પર પડેલી ડિશને દૂર ધકેલી દીધી. ફકરાવાળું પાનું બેવડું કરી તેણે ફરીફરીને ફકરો વાંચ્યો. પરોઠા-સબ્જી ઠંડાં થઈ ગયાં. બેરો આવીને પૂછી ગયો કે ડિશ તો બરોબર હતી ને! 'સ્વાદિષ્ટ છે.' જયંતે કહ્યું અને મુશ્કેલીથી બે-ચાર કોળિયા ખાઈ, બિલ ચૂકવી તે બહાર નીકળ્યો.

નવેમ્બરનો સંધ્યાકાળ હતો. જયંત ઝડપથી ચાલતો હતો. તેણે પકડેલી મજબૂત લાકડી જમીન પર બરોબર ઠપકારાતી હતી. કોટના ગજવામાંથી પેલું વર્તમાનપત્ર દેખાતું હતું. વસતિ ઓછી થઈ, એકાંત વધ્યું એટલે તેણે ચાલ ધીમી કરી. લાકડીનો ઠપકારો હળવો થયો. નિસાસા જેવો ઉચ્છ્વાસ ઠંડીમાં થીજી જવા લાગ્યો. ઘેર પહોંચતાં જ છાપું લઈ તે બેડરૂમમાં ગયો. બારી પાસે બેસી, સાંજના ધૂંધળા પ્રકાશમાં ફકરો ફરીથી વાંચ્યો. ફકરાનું લખાણ આ પ્રમાણે હતું :

'શહેરના રેલવે-સ્ટેશન પર એક મહિલાનું મૃત્યુ' એક દુઃખદ ઘટના.

આજે શહેરની મુખ્ય હૉસ્પિટલમાં પોલીસની મદદથી મેડિકલ સુપરિન્ટેન્ડેન્ટ અને પોલીસ-અધિકારીએ સુલભા રોય નામની એક મહિલાના મૃત શરીર વિષે અદાલતી તપાસ કરી હતી. મહિલાની ઉંમર ૪૩ વર્ષની લાગતી હતી. ગઈ કાલે મોડી સાંજે રેલવે સ્ટેશન પર જ પાટા ઓળંગવા જતા બાઈ અકસ્માતનો ભોગ બની હતી. પુરાવા પરથી સાબિત થાય છે કે મૃત્યુ પામેલી તે સ્ત્રી પ્લેટફૉર્મ પાસેના પાટા ઓળંગતી હતી ત્યારે ઊપડી રહેલી એક ટ્રેનના એન્જિન સાથે અથડાઈ હતી. માથા પર તથા શરીરની જમણી બાજુ થયેલી ઇજાને કારણે તે મૃત્યુ પામી હતી. એન્જિનનો ડ્રાઈવર દયાળજી કહે છે કે તે પંદર વર્ષથી રેલવેમાં નોકરી કરે છે. ગાડી ઉપાડવા માટે ગાર્ડે સિટી મારી એટલે તેણે ગાડી ચાલુ કરી પણ પ્લેટફૉર્મ પર ખૂબ જ બુમરાણ થવા લાગ્યું એટલે ગાડી તરત જ થોભાવી. ટ્રેનની ગતિ ખૂબ જ ધીમી હતી. રેલવેના ધનજી નામના પોર્ટરે જણાવ્યું કે ગાડી ઊપડી ચૂકી હતી ત્યાં એક સ્ત્રીને પાટા ઓળંગતી તેણે જોઈ. બાઈ તરફ દોડી જઈ તેને ખસી જવા બૂમ પાડવા લાગ્યો. પરંતુ બાઈ ખસે તે પહેલાં એન્જિનના બફર સાથે તે અથડાઈ અને જમીન પર ફસડાઈ પડી.

પોલીસ : તેં બાઈને પડતાં જોઈ હતી?

ધનજી : હા,જી.

રેલવે પોલીસ કાંતિલાલે સોગનપૂર્વક જુબાની આપી કે તે જ્યારે ત્યાં પહોંચ્યો ત્યારે બાઈ પ્લેટફૉર્મ પર પડી હતી. અને મૃત્યુ પામી હોય તેમ લાગતું હતું. ઍમ્બ્યુલન્સ આવે તેટલી વાર મૃત શરીરને તેણે વેઈટિંગ રૂમમાં ખસેડ્યું હતું.

રેલવે પોલીસ નં.'૫૦૭'એ આ વાતને પુષ્ટિ આપી હતી.

હૉસ્પિટલ સર્જન ડૉ. વ્યાસે કહ્યું કે મરી ગયેલ બાઈની નીચલી બે પાંસળી ભાંગી ગઈ હતી. જમણા ખભાનાં હાડકાંના ચૂરેચૂરા થઈ ગયાં હતાં. નીચે પડી તેથી માથાની જમણી બાજુએ પણ ભારે ઇજા થઈ હતી. જો કે આટલી ઇજાથી સામાન્ય રીતે માણસનું મૃત્યુ થાય નહિ. ડૉક્ટરના અભિપ્રાય મુજબ આઘાત લાગવાથી અને એકાએક હૃદય બંધ પડવાથી મૃત્યુ નીપજ્યું હતું.

રેલવે અધિકારી ફણસેએ રેલવે વતી આ અકસ્માત બદલ ઊંડું દુઃખ વ્યક્ત કર્યું. પુલ સિવાય બીજે ક્યાંયથી લોકો રેલવેના પાટા ન ઓળંગે તે માટે પૂરતી કાળજી રાખવામાં આવે છે તેમ કહ્યું. દરેક સ્ટેશને જાહેરમાં આ મતલબની સૂચના મૂકવામાં આવી છે. મૃત્યુ પામેલી સ્ત્રી ઘણી વખત રાત્રિવેળા પ્લેટફૉર્મ પાસેના પાટા ઓળંગતી. કેસની અન્ય હકીકતો જોતાં અકસ્માતમાં રેલવેનો કશો દોષ હોય એમ તેને લાગ્યું નહોતું.

મૃત્યુ પામેલ બાઈના પતિ કમાન રોયે પણ જુબાની આપી હતી. તેણે જણાવ્યું કે મૃત નારી પોતાની પત્ની હતી. અકસ્માત થયો ત્યારે તે શહેરમાં નહોતો. તેઓનું લગ્ન બાવીસ વર્ષ પહેલાં થયું હતું. આમ તો લગ્નજીવન સુખી હતું, પરંતુ છેલ્લાં બે વર્ષ દરમિયાન પત્ની અસંગત વર્તન કરતી.

પુત્રી માયા રોયે કહ્યું કે છેલ્લા થોડા સમયથી મારી માતા ખરીદી માટે રાત્રે જતી. માને સમજાવવા તેણે ઘણી કડાકૂટ કરી હતી. અકસ્માત પછી એક કલાકે તે ઘેર આવી હતી. વૈદ્યકીય પુરાવાને આધારે આ મૃત્યુ અકસ્માતને કારણે થયું છે એવો ચુકાદો આવ્યો. ડ્રાઈવર દયાળજીને નિર્દોષ જાહેર કરવામાં આવ્યો.

રેલવે સત્તાવાળાઓએ કહ્યું કે અકસ્માત કરુણ હતો. કમાન

રોય અને તેની પુત્રી સમક્ષ રેલવેએ સંવેદના પ્રદર્શિત કરી. ભવિષ્યમાં આવા અકસ્માતો ન બને તે માટે વિશેષ પગલાં ભરવાની જાહેરાત કરી. કોઈને દોષિત ઠરાવવામાં આવ્યું નથી.

વર્તમાનપત્રમાંથી જયંતે નજર ઉપર ઉઠાવી. બારીમાંથી દેખાતા સાંજના સમયના ગમગીન પ્રદેશને તે જોઈ રહ્યો. બંધ કારખાના પાસે થઈને નદી શાંતિથી વહેતી હતી. આસપાસનાં મકાનોમાં દીવા દેખાતા હતા. સુલભાના અકસ્માત મૃત્યુનું વર્ણન વાંચી જયંતનું મન ક્ષુબ્ધ થયું. અહેવાલમાં ચવાઈ ગયેલાં વાક્યો વપરાયાં હતાં, શૂન્ય સહાનુભૂતિ પ્રકટતી હતી. નિવેદકના કાળજીપૂર્વક વપરાયેલા શબ્દોને કારણે પ્રાકૃત મૃત્યુની વીગતો ઢંકાઈ જતી હતી. જયંતના પેટમાં કશીક વિચિત્ર લાગણી થવા માંડી. સુલભાની ગલતીનો જયંતને ખ્યાલ આવ્યો. પોતાનો સાથીદાર! હે પ્રભુ, કેવો અંત! સ્પષ્ટપણે કહી શકાય કે જીવન માટે સુલભા અયોગ્ય નીવડી હતી. તેની પાસે નિશ્ચયબળ નહોતું. આટલી હદે તેનું પતન થયું! સુલભા વિષે સેવેલા ખ્યાલો આટલા છેતરામણા નીકળ્યા? સુલભાનો તે રાતનો ભાવોદ્રેક તેને યાદ આવ્યો. જયંતને ખાતરી થઈ કે પોતે ગ્રહણ કરેલો માર્ગ સાચો હતો.

બહાર અંધકારનું સામ્રાજ્ય જામતું હતું. જયંતની યાદદાસ્ત ભટકવા લાગી. સુલભાના હાથનો સ્પર્શ થઈ રહ્યો છે એવી લાગણી થઈ. આ કારણે શરૂઆતમાં પેટમાં ચૂંથાવા લાગ્યું. હવે મન પર પણ અસર થઈ. જયંતે કોટ પહેર્યો અને બહાર નીકળી પડ્યો. બહાર આવતાં જ ઠંડીની અસર જણાઈ. કપડાંમાં થઈને ઠંડી લાગવા માંડી. બાગ પાસેની હોટેલે તે આવી ચઢ્યો. અંદર પેસી ચા મંગાવી.

ચા તરત જ આવી. હોટેલમાં બેઠેલા પાંચ-છ મજૂરો એ વિસ્તારના કોઈક મકાનની કિંમત નક્કી કરી રહ્યા હતા. ચા પીતા પીતા તેઓ સિગરેટના ધુમાડા કાઢતા હતા. જયંત એ સૌને નીરખી રહ્યો. પણ આંખો કશું જોતી નહોતી, કાન કશું સાંભળતા નહોતા. થોડી વારે એ સૌ ચાલતા થયા. જયંતે બીજી ચા મંગાવી. લાંબો વખત અહીં બેઠો. હોટેલમાં ખૂબ શાંતિ હતી. પસાર થતી બસના અવાજથી રસ્તા પરનું એકાંત ખંડિત થતું હતું.

સુલભા સાથે ગાળેલા સમયને વાગળતો અને સુલભાના બેવડા વ્યક્તિત્વને મનમાં ઉપસાવતો તે બેઠો હતો. એકાએક સ્મરણ થયું કે સુલભા તો મૃત્યુ પામી છે. તેની હયાતીનો લોપ થયો છે. તે હવે કેવળ સ્મૃતિ બની છે. તે અસ્વસ્થ બન્યો. આ સિવાય બીજું કોઈ પગલું તે લઈ શક્યો હોત? સુલભા સાથે છેતરપિંડીનું નાટક લાંબો સમય ન ચલાવી શકાત. સુલભાના સાથમાં ખુલ્લંખુલ્લા છવી ન શકાત. શ્રેષ્ઠ લાગ્યું તેનું તેણે આચરણ કર્યું. એમાં તેનો શો દોષ હતો? સુલભાનું અસ્તિત્વ આજ જ્યારે કાયમને માટે ખતમ થયું ત્યારે સુલભાએ એકાંત ખંડમાં રાતોની રાતો એકલતાનો અનુભવ કર્યો હશે તે યાદ આવ્યું. જયંતને યાદ કરવાવાળું રખેને કોઈ નીકળે અને પોતે મૃત્યુ બાદ તેની સ્મૃતિ ન બને ત્યાં સુધી તેણે પણ એકાકી જીવવાનું હતું.

નવ વાગ્યા. તે બહાર નીકળ્યો. રાત શીતલ અને ઉદાસ લાગતી હતી. તે બાગમાં પેઠો. અંધારામાં બિહામણાં લાગતાં વૃક્ષો પાસે થઈને આગળ વધ્યો. લાગ્યું કે સુલભા નજીક જ છે. તેનો અવાજ ક્યારેક કાને પડતો હતો. તેનો હાથ જયંતને સ્પર્શતો હતો. થોડીવાર તે સૂનમૂન ઊભો રહ્યો. શા માટે સુલભા સાથે તેણે છેડો ફાડી નાખ્યો? શા માટે તેણે સુલભાને મૃત્યુદંડની સજા કરી? સદાચારના આગ્રહી સ્વભાવના ટુકડેટુકડા થઈ જતા તેણે અનુભવ્યા.

થોડું ચાલી તે ઊભો રહ્યો. શહેર તરફ વહેતી નદી પર નજર નોંધી. રાત્રિની ઠંડીમાં શહેરના દીવા હૂંફ આપતા હતા. તેણે પાછળ જોયું. બાગનાં વૃક્ષોના પડછાયામાં કેટલીક વ્યક્તિઓ સૂતી હતી. છળપૂર્વક આચરાતો આ પ્રણય નિહાળીને જયંતમાં વિષાદ જાગ્યો. સ્વજીવનની નીતિમત્તા તેને સંતાપવા લાગી. થયું કે જીવનરૂપી ઉત્સવમાંથી તેને બહિષ્કૃત કરવામાં આવ્યો છે. એક વ્યક્તિ તેને પ્રેમ કરતી હતી. તેને આનંદ અને જીવિત આપવાનું તેણે નકાર્યું. તેને નામોશી વહોરી લેવાની અને અપમાનજનક અંત પામવાની સજા કરી.

ઝાડના ઓછાયામાં સૂતેલી વ્યક્તિઓ તેને જોઈ રહી હતી. પોતે ત્યાંથી ચાલ્યો જાય એમ ઇચ્છતી હતી. કોઈને પોતાની જરૂર નહોતી. જીવનની ઉજાણી માણતાં તેને કોઈક વારી રહ્યું હતું. ઝાંખી લાગતી નદી તરફ તેણે દૃષ્ટિ ફેરવી. નદીથી થોડે દૂર ઇયળ જેવું એક ભારખાનું અંધકારમાં શહેર તરફ જઈ રહ્યું હતું. થોડી વારે તે દેખાતું બંધ થયું. ઍંજિનની ઘરઘરાટી હજુ સંભળાતી હતી. ઘરઘરાટીમાંથી સુલભાનો નામોચ્ચાર થતો લાગતો હતો.

જે દિશામાંથી તે આવ્યો હતો તે તરફ તે જવા લાગ્યો. કાનમાં હજુ ઍંજિનનો અવાજ પડઘાયા કરતો હતો. એક વૃક્ષ નીચે તે ઊભો. ઍંજિનનો અવાજ સંભળાતો બંધ થયો. ઘેરા અંધકારમાં હવે સુલભાનું સાંનિધ્ય અનુભવી શકતો નહોતો. સુલભાનો અવાજ કાનમાં ગુંજતો નહોતો. સાંભળવાની કોશિશ કરતો થોડી ક્ષણો સુધી તે ત્યાં ઊભો રહ્યો. કશું સંભળાયું નહિ. નિશા સંપૂર્ણપણે નીરવ બની હતી. જયંતે ફરીથી કાન માંડ્યા. બધું પૂર્ણતઃ શાંત હતું. તેને થયું કે તે એકાકી બન્યો છે. (જેમ્સ જૉય્યસની 'અ પેનફુલ કેસ' વાર્તા પર આધારિત) □

ગ્રાહકોને વિનતિ : પત્રવ્યવહાર કે લવાજમ મોકલતી વખતે આપનો ગ્રાહક નંબર અને પૂરું સરનામું લખવું અગત્યનું છે. મનીઓર્ડરની સ્લિપમાં ગ્રાહકનંબર અને પૂરું સરનામું લખવાનું રહી ન જાય એની ચોકસાઈ કરવી જરૂરી છે.

સંગીતશાસ્ત્ર - ૨૯

ડૉ. હસુ યાજ્ઞિક

રાગસંગીતની પાંચ સદી

તેરમી સદીનો અંત અને ચૈદમી સદીનો આરંભ ભારતીય શાસ્ત્રીય સંગીતમાં ઘોડાપૂરનો સમયગાળો છે. આ તબક્કે જ ભારતીય શાસ્ત્રીય સંગીતમાં અનેક અભિનવ રાગ અને ગાનશૈલીનો પ્રવેશ થાય છે. અરબી અને ફારસીની ભાષા-સાહિત્યક્ષેત્રે વ્યાપક અસર આ ગાળામાં જ પ્રગાઢ બની છે તેવું જ સંગીતક્ષેત્રે પણ બન્યું છે. આ ગાળામાં હિંદુસ્તાની શાસ્ત્રીય સંગીતમાં ઝિલફ, સાજગિરિ, સરપરદા, યમન, મુઆફિક જેવા રાગો અને રૂપક, યશ્તો, સુલફાગ, ફિરદૌસ, સવારી, આડા ચૌતાલ જેવા તાલો તથા તરાના, કવ્વાલી, ગઝલ અને ખયાલ જેવી ગાનશૈલીઓ પ્રચારમાં આવ્યાં છે.

ભારતીય શાસ્ત્રીય સંગીત પરની આ અસર કંઈ પરદેશી આયાત નથી, પરંતુ અરબી અને ફારસીમાંથી પ્રેરણા પામેલું ભારતીય સ્વરૂપ છે. એનો જન્મ-ઉછેર ભારતીય પરંપરામાં જ થયો છે. આમેય તે ભારતમાં ઇરાનીઓનું આગમન તથા ભિન્નવિભિન્ન જાતિઓના સ્થાયીકરણની પ્રક્રિયાનો આરંભ તો ઇસ્વી સનના આરંભ સાથે જ, એ પહેલાં પણ થઈ ચૂક્યો હતો અને છેક આઠમી-નવમી સદી સુધી અનેક જાતિઓ અને પ્રજાતિઓ ભારતમાં આવીને સ્થિર થઈ હતી અને એ કાળથી જ આવી નવાગત જાતિઓના ભાષા-સાહિત્ય-કલા-સંસ્કૃતિના સંસ્કારો ભારતીયકરણની પ્રક્રિયાના સહાયક ઘટકો બન્યા હતા એથી તેરમી-ચૌદમી સદીમાં મુસ્લિમ સલ્તનતના પાયા સ્થિર થતા અરબી-ફારસી-તૂર્કી પ્રભાવને ગુણાત્મક વેગ મળ્યો, એટલું જ. એનાં મૂળભૂત ઘટકોનો ભારતીયકરણની પ્રક્રિયામાં વિનિયોગ તો ઘણો વહેલો, સદીઓ પહેલાં થઈ ચૂક્યો હતો. ભારતમાં અંગ્રેજ સત્તા આવી અને પછી પશ્ચિમનાં ભાષા-સાહિત્ય-જીવનરીતિ-પહેરવેશ-ખાનપાન-સભ્યતા-કલાદિની જે વ્યાપક અસર થઈ તે ભારતના સંદર્ભે નવું આયાત થયેલું વિદેશી મૂળનું સાંસ્કૃતિક ઘટક તત્ત્વ છે, કેમ કે, અંગ્રેજ સત્તા પહેલાં એનાં કોઈ જ અસર કે મૂળ ભારતમાં નથી. પરંતુ જો મધ્યપૂર્વ અને ખાસ તો ઇરાન, અરબસ્તાન, તૂર્કસ્તાન વગેરેની વાત કરીએ તો તે તે પ્રદેશની જાતિઓની જે પરંપરાઓ ભારતમાં આવી તેનો આરંભ તો મુસ્લિમ સલ્તનત ભારતમાં સ્થિર બની એ પહેલાના પાંચસો-સાતસો વર્ષ પહેલાંનાં ઇતિહાસમૂળ દર્શાવે છે. વ્યાપાર, વ્યવસાય, ખોજ, આપત્તિ, અકસ્માત, પારસ્પરિક જૂથસંઘર્ષો, ભારતના વેપારીઓના મધ્યપૂર્વ-આફ્રિકા-અન્ય દ્વીપો સાથેના સંપર્કો - આવાં આવાં અનેક કારણોથી ઇરાનીઓ, નિગ્રો, આરબ, અન્ય જાતિઓ ભારતમાં આવી હતી અને તેમની જ જીવનરીતિ, ખાનપાન, વસ્ત્રાભૂષણ, કલાદિની અસર ભારત પર પડી હતી. આમ, ઇરાની-અરબી-તૂર્કી સંપર્ક અને પારસ્પરિક અસર તેરમી સદીના અંતે વ્યાપક બની એટલું જ, એનો ભારતીય સંસ્કૃતિમાં એક ઘટક તરીકેનો સ્વીકાર તો એથી ઘણો વહેલો થયો હતો. આથી ૧૩મી સદીના અંત પછી જે અરબી-ફારસી-ઇરાની અસર આવી તે તે પ્રદેશ-જાતિ-ભાષા-કલાઓની આયાતી સ્વીકૃત અસર ન હતી, પરંતુ જેનાં આગમન આગોતરાં થયાં અને જે ભારતીયકરણની પ્રક્રિયામાંથી સદીઓ સુધી રસાતાં રહ્યાં અને અંતે સુસ્થિર બન્યાં એવાં જ ઘટકોની ભારતીયકૃત અસર છે. કોઈ સત્તાધીશ પ્રજાના પ્રભાવની આયાતી અસર કરતાં આવી સાંસ્કૃતિક પ્રક્રિયા પછીની અસર કે રૂપાન્તર તાત્ત્વિક ભિન્ન છે. આથી ભારતીય કલાઓમાં વાયવ્યના જે વાયરા આવ્યા તે એની સાંસ્કૃતિક પ્રક્રિયાનો ભાગ બનીને.

ભારતીય સંગીત પર આવી અસરોનો સીમાસ્તંભ અમીર ખુશરૂ મનાય છે. એ પોતે પણ આયાતી તૂર્ક નથી, ભારતીય તૂર્ક છે. ચંગીઝખાને હુમલો કર્યો ત્યારે અમીર સૈફુદ્દીન મહમ્મદ ભારતમાં આવ્યા અને સ્થિર થયા. આ અમીરને ત્યાં દિલ્હી પાસેના પતિયાલી ગામમાં ઈ.૧૨૫૪માં અમીર ખુશરૂનો જન્મ થયો. એમણે રાજગાયક તરીકે સાતેક રજવાડાઓમાં સેવા આપી અને પછી અલ્લાઉદ્દીન ખીલજીના દરબારી ગાયક બન્યા. આમ, જન્મે અને ઉછેરે અમીર ખુશરૂ તૂર્કી મૂળના ભારતીય જ છે અને એમણે ભારતીય પંરપરામાં જ સંગીતકલા આત્મસાત કરી છે. તૂર્કી મૂળના હોવાને કારણે અન્ય સમકાલીન ગાયકો અને શાસ્ત્રકારોને મુકાબલે એમને અરબી અને ફારસીનું વિશેષજ્ઞાન છે. આથી ભારતીય પરંપરામાં જ તૈયાર થઈને આ કલામાં જે રાગ કે તાલ મધ્યપૂર્વની અસરે આવ્યા હોય એના મૂળરૂપને જાણવાની વિશેષ અનુકૂળતા છે. આથી એમણે પોતાના ફારસીઅનુબંધને કારણે જ જે રાગો કે તાલો ભારતમાં પ્રચલિત હતા અને જેનું સ્વર કે તાલનું સગપણ ફારસી સાથે હતું એને મૂળરૂપમાં જાણી શક્યા. એ કારણે જ મૂળ ફારસી રાગોને એના મૂળભૂત બંધારણ અને રૂપરંગ સાથે ભારતીયરૂપમાં પ્રસ્તુત કરી શક્યા. ડૉ. મોહમ્મદ વાહિદ મીર્ઝા, આથી યોગ્ય જ કહે છે : 'અમીર ખુશરૂ જન્મે તૂર્કી' હોવા છતાં કર્મે હિન્દુસ્તાની હતા. તેઓ પોતે એ વાતનો સ્વીકાર કરતા કે સંગીતની બાબતમાં એમણે અરબસ્તાન, ઇજિપ્ત કે તુર્કસ્તાનમાંથી નહીં પણ હિન્દુસ્તાનમાંથી જ પ્રેરણા મેળવેલી છે. આમ, તેમનું સંગીત સંપૂર્ણ ભારતીય હતું.'

નવા નવા રાગ, તાલ, શૈલી અને વાદ્યને કારણે ચૌદમી સદીથી વળાંક આવ્યો. ધ્રુપદ-ધમારના સ્થાને ખયાલાદિ પ્રચલિત

બન્યા. ૐકાર સાથેનાં આલાપનું સ્થાન નોમ-તોમે લીધું અને લયકારી માટે તરાનાનો નવપ્રવેશ થયો. નવાં વાદ્યો અને ગતશૈલી વિકસતી ચાલી. અને આજના ઉત્તર ભારતીય શાસ્ત્રીય સંગીતનું જે રૂપ છે, જે મુખ્ય પ્રવાહો-પ્રકારો છે, રાગ-તાલ-ચીજ-ગતાદિ છે એનાં મૂળ અને અનુબંધ આ સદીના વળાંક સાથે છે.

આથી તો ૧૪મી સદીમાં શુભંકરકૃત 'સામગાન સાગર', મૈથિલીમાં જ્યોતિશ્વરકૃત 'વર્ણરત્નાકર' (ઈ.૧૩૦૨) પં. સારંગધરકૃત 'સારંગધર પદ્ધતિ' (ઈ.૧૩૬૩) અને તેના આધારરૂપ ગ્રન્થ 'રાગાર્ણવ', ઈ.૧૩૭૫ થી ૧૪૦૦ના ગાળામાં રચાયેલું લોચનકૃત 'રાગતરંગિણી' વગેરેમાં આજ સુધી પ્રચલિત છે તેવા અનેક રાગોના સંદર્ભો, માહિતી અને સવીગત ચર્ચા મળે છે. જો કે આ રાગોના આરોહ-અવરોહનાં સ્વરબંધારણો આપ્યાં છતાં એ રાગો તે કાળે પણ આજના રૂપમાં જ ગવાતા હશે કે કેમ તે પ્રશ્ન છે. એનું કારણ એ છે કે એ કાળે જેને શુદ્ધ સપ્તક કહ્યું છે તેના સ્વરનાં શ્રુતિસ્થાન આજ છે તેવાં જ હતાં કે જુદાં, એ જાણવાનું સાધન નથી. મોટા ભાગના વિદ્વાનો માને છે કે આ સમયે જે શુદ્ધ સ્વરોનું સપ્તક હતું તેમાં આધુનિક દષ્ટિએ ગ-નિ કોમળ હતા, એટલે કે તે સમયનું શુદ્ધ સપ્તક આધુનિક કાફી થાટનું હતું. બીજા શબ્દોમાં કહીએ તો આજના બિલાવલથાટમાં 'ગ' અને 'નિ'નાં જે શ્રુતિસ્થાન છે તે કરતાં નીચાં હતાં. ડૉ. મધુસૂદન ઢાંકીએ રાગ માલકૌશિકની ચર્ચા કરતાં સંભવ દર્શાવ્યો છે કે તે કાળનું શુદ્ધ સપ્તક આજના ભૈરવી પ્રમાણે હશે, એટલે કે એનો માત્ર 'ગ' નહીં 'રે' પણ નીચો એટલે કોમળ હશે. આ સંભાવનાને કવિ લોચનની 'રાગતરંગિણી'નો ટેકો છે કેમ કે લોચન ભૈરવીને શુદ્ધ ગ્રામ માને છે અને ભૈરવીના બંધારણને 'સપ્તશુદ્ધસ્વરા' દર્શાવ્યો છે. આનો અર્થ એક તો એ થાય કે તે કાળના ભૈરવીમાં 'રે' માત્ર શુદ્ધ સ્વરૂપમાં પ્રયોજાતો હશે અને બીજો એ કે આજે જે મૂળભૂત શુદ્ધ સપ્તકનો 'રે' છે તેના કરતાં તે નીચેની શ્રુતિ પર હશે, અર્થાત્ <u>રે</u> કોમળ હશે. આ રીતે તોડીને પણ 'શુદ્ધસપ્તશ્વરા' કહ્યો છે, તેથી પણ તે સમયના આધારભુત મુખ્ય સપ્તકમાં બીજા સ્વરની શ્રુતિ આજના મુકાબલે નીચેના સ્થાને હશે, એવી સંભાવનાને ટેકો મળે છે. એ જમાનામાં ભૈરવી અને તોડી આજની દૃષ્ટિએ શુદ્ધ 'રે' લઈને ગવાતા હશે, એમ માનવામાં મુશ્કેલી છે; કેમ કે બન્ને રાગના 'રે' પહેલાં શુદ્ધ લેવાતા હોય અને હવે તે કોમળ લેવાતા થયા હોય, એવું ન બને. પરંપરા કંઈ આટલો મોટો ફેરફાર તો ન જ પામે. ભૈરવીના મિશ્રરૂપમાં આજે પણ શુદ્ધ અને કોમળ બન્ને 'રે' લઈ શકાય છે અને એથી રાગનું સ્વરૂપ નીખરે છે, કુંઠિત કે ભ્રષ્ટ નથી બનતું. પરંતુ એ રીતે જો તોડીમાં શુદ્ધ 'રે'નો પ્રયોગ થાય તો? તો તો તોડી તોડી જ નથી રહેતી. અને 'ધ' તો ત્યારે ભૈરવીમાં આજને મુકાબલે શુદ્ધ રૂપમાં પ્રયોજવો જ ઉચિત માન્યો છે. લોચન સ્પષ્ટ કહે છે :

અન્યે તુ ભૈરવીરાગે ધૈવતં કોમલં વિદુ:

કેટલાક ભૈરવીમાં 'ધ'ને કોમળ પણ લે છે. આ અંગે લોચન ઉમેરે છે : નાય રાગાડનુરંજકઃ - આમ કરવું રાગની દૃષ્ટિએ રંજક નથી.

'ધ'ની શ્રુતિને તો નીચી કલ્પી ન શકાય, કેમ કે એનું કોમળરૂપ પણ લેવાય છે, એવો ઉલ્લેખ છે. જો કોમળ '<u>ધ</u>' એ કાળનો શુદ્ધ ધૈવત હોય તો એને પણ કોમળ લેતાં પંચમ જ આવશે. આથી શુદ્ધ સપ્તકમાં સંભવતઃ સા <u>રે</u> <u>ગ</u> મ પ ધ <u>નિ</u> સાં સમાવિષ્ટ સંભવી શકે.

સારંગધર ભૈરવ, પંચમ, નટ, મલ્હાર, ગૌડમાલવ અને દેશાખ એ મુખ્ય છ રાગ આપે છે અને તેમાં (૧) વંગાયલા, ગુણક્રી, મધ્યમાદિ, વસંત ધનાશ્રી (૨) લલિત, ગુર્જરી, દેશી, વરાડી, રામક્રી (૩) નટનારાયણ, ગંધાર, સાલગ, કેદાર, કર્ણાટ (૪) મેઘ, મલ્હારિકા, માલકૌશિક, પટમંજરી, આસાવરી (૫) હિંડોલ, ત્રિગુણ, ધાની, ગૌડી, કોલાહલ અને (૬) ભુપાલી, હરિવાલા, કામોદી, ધોરાની અને બિલાવલી જેવા વર્ગીકૃત રાગ આપે છે. લોચનના 'રાગતરંગિણી'માં પણ (૧) ભૈરવી (૨) તોડી (૩) ગૌરી (૪) કર્ણાટી (૫) કેદાર (૬) યમન (૭) સારંગ (૮) મેઘ (૯) ધનાશ્રી (૧૦) પૂર્વી (૧૧) મુખારી અને (૧૨) દીપક એવા જનકમેલ અને તેના ૭૫ જન્યરાગો વર્ગીકૃત કરીને આપ્યા છે. પંદરમી સદીમાં વિજયનગરના રાજદરબારી પંડિત કલ્લિનાથ સંસ્કૃત ભાષામાં સારંગદેવના 'સંગીતરત્નાકર' પર ટીકા આપે છે.

આ સદીમાં જ જૌનપુરના બાદશાહ સુલતાનહુસૈન શર્કી (ઈ.૧૪૫૮-૧૪૯૯) દ્વારા ખયાલ ગાયકી આવિષ્કૃત થઈ અને જૌનપુરી, સિંધભૈરવી, રસિલી તોડી, શ્યામ રાગના ૧૨ પ્રકારો, સિંધૂરા જેવા નવા રાગો પ્રચારમાં આવ્યા.

એ પછી ભક્તિ આંદોલન (ઈ.૧૪૮૫-૧૫૩૩)ની રાગસંગીત પર વ્યાપક અસર પડી. બંગાળના ચૈતન્ય મહાપ્રભુ દ્વારા સંગીત સંકીર્તન ભક્તિ-આરાધનાનું મુખ્ય માધ્યમ બન્યું. સંભવ છે કે અનેક દેશીઢાળો અને પ્રાદેશિક ધૂનોને ભારતીય સ્તરનો પ્રચાર-પ્રસાર આ ગાળામાં મળ્યો હોય અને અકબરના શાસનનો ઈ.૧૫૫૬-૧૬૦૫નો સોળ-સત્તરમી સદીનો ગાળો સંગીતના પ્રચાર-પ્રભાવ માટે વિશેષ ફળપ્રદ બન્યો. અકબરના દરબારમાં તાનસેન, બૈજૂ, રામદાસ અને તાનરંગખાં જેવા ૩૬ જેટલા ઉત્તમ ગાયકો હતા. આ ગાળાના ઉત્તમ વિદ્યાગુરુ અને કલાકારપંડિત સ્વામી હરિદાસ (જન્મ ઈ.૧૫૯૯) મનાયછે. આ સમયે રાજા માનસિંહ તોમર દ્વારા ગ્વાલિયર ઘરાનાની સ્થાપના થઈ, અને ધ્રુપદ ગાયકીમાં નવા પ્રાણનો સંચાર થયો. આ પછી કબીર (ઈ.૧૪૦૦-૧૫૧૯), સૂરદાસ (૧૪૮૪-૧૫૬૪), તુલસીદાસ (૧૪૯૮-૧૬૨૪) અને મીરાંબાઈ (૧૫૦૪-૧૫૭૪) સંગીત અને ધર્મ દ્વારા એકરૂપ બન્યાં.

સત્તરમી સદી અને ૧૮મી સદીમાં આ પરંપરા વિશેષ પુષ્ટ

(અનુસંધાન પૃ.૫૨૬)

બિનફિલ્મી હિંદી 'ગીત'ના ભૂલાયેલા 'બ્રહ્મા'

કમલ દાસગુપ્તા

ઉર્વીશ કોઠારી

વર્તમાન મનોરંજન ઉદ્યોગમાં ટોચનાં ગાયકોની વાત થાય ત્યારે લતા-આશા-ઉદીત નારાયણ-કુમાર શાનુ જેવાં નામોની સાથોસાથ દલેર મહેંદી, રેમો ફર્નાન્ડિસ, આલીશા ચિનોય જેવાં નામો લેવાં પણ ફરજિયાત છે. ફક્ત બિનફિલ્મી ગીતો ગાઈને લોકપ્રિયતા તથા પ્રસિદ્ધિમાં ફિલ્મી ગાયકોની બરાબરી કરવા જેટલી સફળતા ફિલ્મકેન્દ્રી વ્યવસાયમાં સહેજે આશ્ચર્યજનક ગણાય. તાજજુબીને કોરાણે મૂકીને આ હકીકતનો ખુલાસો મેળવવો હોય તો ચવાઈ ગયેલી કહેવત વધુ એક વખત ટાંકવી પડે : હિસ્ટ્રી રિપીટ્સ ઇટ્સેલ્ફ!

'આલમઆરા' (૧૯૩૧)થી બોલતી ફિલ્મો-ફિલ્મી ગીતોનો યુગ શરૂ થયા પછી દોઢેક દાયકામાં ફિલ્મસંગીતનું મેદાન પાર્શ્વગાયકોએ સર કરી લીધું. શાસ્ત્રીય સંગીતથી પરહેજ પાળનારા સામાન્ય સંગીતપ્રેમીઓ માટે ફિલ્મી ગીતો લોકપ્રિય સંગીતનો પર્યાય બની રહ્યાં હતાં. પરિવર્તનના આ સમયગાળા દરમિયાન બિનફિલ્મી 'હિંદી ગીત'ના સર્જન દ્વારા કમલ દાસગુપ્તાએ મહત્ત્વનો ચીલો પાડ્યો. કમલબાબુના સંગીતમાં જગમોહન અને જ્યૂથિકા રોયે ગાયેલાં બિનફિલ્મી ગીતોનું મહત્ત્વ લતા મંગેશકરના ફિલ્મી પ્રદાન કરતાં બિલકુલ ઊતરતું ગણી ન શકાય.

કમલ દાસગુપ્તાની સૂરસફર શરૂ થઈ તે અરસામાં કવિવર રવીન્દ્રનાથ ટાગોરનો પ્રભાવ પથરાયેલો હતો. ગુરુદેવની રચેલી અને સ્વરબદ્ધ કરેલી બંગાળી રચનાઓ લોકપ્રિય હતી, પરંતુ તેમની પહોંચ 'ક્લાસ' પૂરતી સીમિત હતી. ગઝલ, કવ્વાલી, દાદરા, ઠુમરી, નાત, હોરી, કજરી જેવા પ્રકારો હેઠળ બીજી અનેક બિનફિલ્મી રેકૉર્ડ બજારમાં આવતી. તેમાંની ઘણી રેકૉર્ડ લોકપ્રિય થતી, છતાં બિનફિલ્મી સંગીત તરીકે તેમનું સ્થાન હંમેશા બીજા નંબરનું મનાતું હતું. બિનફિલ્મી ગીતોના વિખ્યાત ગાયક જગમોહને આત્મકથામાં નોંધ્યું છે કે એક તરફ ગઝલ, દાદરા, કવ્વાલી જેવી શૈલીઓ અને બીજી તરફ બંગાળી શૈલી - આ બન્નેના મિશ્રણમાંથી 'હિંદી ગીત' અસ્તિત્વમાં આવ્યું.

કાવ્યશાસ્ત્રમાં 'ગીત'નો પ્રકાર જાણીતો હતો, પરંતુ સંગીતમાં (ધૂનની રીતે) ગીતની અલગ ઓળખ ન હતી. 'ગીત'ને સંગીતના નવા પ્રકાર તરીકે સ્થાપિત કરવા માટે કમલબાબુએ પંડિત મધુર, પંડિત અંજુમ જેવા ગીતકારો પાસે કેટલાંક ગીતો લખાવ્યાં. તેમાંથી બે ગીતોને સ્વરબદ્ધ કરીને જગમોહનના અવાજમાં રેકૉર્ડ કરવામાં આવ્યાં અને રેકૉર્ડ પર સિક્કો વાગ્યો : 'હિંદી ગીત.' લગભગ ૧૯૩૬ની આસપાસ શરૂ થયેલી હિંદી ગીતની પરંપરા વીસેક વર્ષ સુધી જોરમાં રહી. ફિલ્મી દુનિયાથી દૂર રહેલા જગમોહન અને જ્યૂથિકા રોય જેવાં ગાયકો કમલબાબુનાં સંગીતબદ્ધ કરેલાં ગીત ગાઈને સંગીતની દુનિયામાં ઉચ્ચતમ શિખર પર સ્થાન પામ્યાં. હેમંતકુમાર અને તલત મહેમુદ જેવા ફિલ્મી ગાયકોએ કમલદાના આ 'વંશ'ને ઉજાળ્યો અને આગળ વધાર્યો. બિનફિલ્મી ગીતોના જન્મદાતા કમલબાબુનાં ફિલ્મી ગીતો પણ અત્યંત લોકપ્રિય બન્યાં હતાં. કાનન દેવીએ ગાયેલાં 'એ ચાંદ છૂપ ના જાના', 'તૂફાન મેલ', 'દૂર દેશ કા રહનેવાલા', 'પ્રભુજી તુમ રાખો લાજ હમારી' અને જગમોહનનું 'ઓ બરસા કે પહેલે બાદલ' જેવાં અનેક ઉદાહરણો યાદ કરાવી શકાય. 'મુરલિયા દે દો રાધા પ્યારી', 'પ્રીતિ પ્રીતિ સબ લોક કહત હૈ', 'મૈં પ્રેમ કી નૈયા ચલી હું અકેલી', 'જગકો હમ ગાનોં સે બહલાયેંગે' જેવાં જ્યૂથિકા રોયનાં ઘણાં ગીતોમાં કમલબાબુએ સંગીત ઉપરાંત કંઠ પણ આપ્યો હતો.

આર.સી. બોરાલ, પંકજ મલિક જેવા મહાન સંગીતકારોની હરોળમાં મૂકી શકાય તેવું પ્રદાન હોવા છતાં કમલ દાસગુપ્તા એટલી હદે વિસરાઈ ગયા કે તેમની એક તસવીર સુધ્ધાં જોવા મળતી નથી - તેમના વિશેની માહિતી તો દૂરની વાત છે! કમલબાબુની શિષ્યા હોવાનું ગૌરવપૂર્વક જણાવતાં જ્યૂથિકા રોયે આ લખનાર સાથેની એક મુલાકાતમાં પોતાના ગુરુ વિશેની અનેક સ્મૃતિઓ, કદાચ પહેલી જ વાર, તાજી કરી હતી. તેના આધારે આલેખાયેલું કમલ દાસગુપ્તાનું આ છે જીવનગીત.

હેપિ મૂડ

ઓપનિંગ મ્યૂઝિક : 'કહ્લુ'ના લાડકા નામે જાણીતા કમલબાબુનો ઉછેર સંગીતમય વાતાવરણમાં થયો હતો. તેમના મોટા ભાઈ બિમલ દાસગુપ્તા જાદુગર હોવાની સાથોસાથ એચ.એમ.વી.માં ટ્રેઈનર પણ હતા. પિતાજી નાની વયે ગુજરી ગયા હોવાથી ભાઈઓ કમલ, સુબલ તથા બહેન સુધીરાને બિમલદાએ ઉછેર્યાં અને સંગીતની તાલીમ આપી.

મુખડું : અડધી બાંયનું શર્ટ, બંગાળી ધોતી, ચપ્પલ અને મૂછોવાળો ચહેરો - આ કમલબાબુનું બાહ્ય સ્વરૂપ હતું. સંગીતમાં તેમના અસલી સ્વરૂપ અને ઊંચાઈનો અંદાજ એ હકીકત પરથી આવી શકશે કે ધૂન બનાવતી વખતે કમલદા પેટી કે પિયાનોને બદલે પેન લઈને બેસતા હતા! મનમાં સૂર ગોઠવાતા જાય તેમ નોટેશનરૂપે તે નોટબુકમાં ઊતરતા જાય. સૂર સાથે કમલબાબુની એવી એકરૂપતા હતી કે નોટેશન મનમાં જ ગુંજતાં હોય - કોઈ વાદ્યની જરૂર જ ન પડે.

ઈન્ટરલ્યુડ : રેકૉર્ડિંગ વખતે કમલબાબુ પોતે હાર્મોનિયમ વગાડતા હતા. તેમના કાબેલ સાથીદારોનાં નામ ચાર દાયકા પછી પણ જ્યૂથિકા રોયને યાદ છે : પરિતોષ સેન (વાયોલિન), રાજેન સરકાર (ક્લેરિયોનેટ), શૈલેન રાય (સિતાર), રાજા (ફ્લુટ), ટોપાદા (મંજીરાં), પરેશ ભટ્ટાચાર્ય, હનીફ, સુબલ દાસગુપ્તા (તબલાં).

અંતરો : રેકૉર્ડિંગ પહેલાં કમલદા ગાયકને ગીતની ધૂન ગાઈ

બતાવતા હતા. જ્યૂથિકા રોય જેવાને તો હિંદી શબ્દોના અર્થ પણ સમજાવતા હતા. 'સારી ધૂન બનાવવા માટે શું કરવું જોઈએ?' એવા જ્યૂથિકા રોયના શિષ્યભાવે પુછાયેલા પ્રશ્નના જવાબમાં કમલબાબુએ કહ્યું હતું, 'પહેલાં ગીત વાંચીને તેનો ભાવ સમજવો જોઈએ. ગીત કયા તાલમાં બેસશે એ 'સ્કેનિંગ' બહુ મહત્ત્વનું છે. ગીતનું મુખડું રસપ્રદ બનવું જોઈએ અને અંતરાની છેલ્લી કડી પરથી મુખડા પર સરસ રીતે આવવું જોઈએ.'

શીખવવામાં તત્પર રહેતા કમલબાબુ શિષ્યોનાં વખાણ કરવામાં કરકસરથી કામ લેતા હતા. 'કાઝી નઝરૂલ ઈસ્લામ સારું ગીત સાંભળીને મુક્ત કંઠે દાદ આપે, જ્યારે કમલબાબુ બહુ સારું ગીત હોય ત્યારે માંડ મોં મલકાવે. મારાં મોટા ભાગનાં ગીતોમાં કમલબાબુનું સંગીત છે, પણ તેમાંથી એકેય ગીત માટે એમણે ખૂલીને પ્રશંસા કરી નથી.' આવું કહેતાં ભજનસંગીતનાં સામ્રાજ્ઞી જ્યૂથિકા રોયની વાતમાં રંજ નહિ, પણ ભારોભાર ગૌરવ ઝળકે છે. 'મારા કાચા અવાજને કમલબાબુએ કેળવીને રેકોર્ડિંગને લાયક બનાવ્યો.' એવો સ્વીકાર કરતાં જ્યૂથિકા રોયના ચહેરા પરનો અહોભાવ છૂપો રહેતો નથી. કમલબાબુના બીજા પ્રતાપી શિષ્ય જગમોહન 'સૂરસાગર' લખે છે, 'કમલદાનું મારા પર એટલું બધું ઋણ છે કે આ જન્મમાં તો શું, જન્મજન્માંતર સુધી વાળી શકાય તેમ નથી... રેકર્ડની દુનિયામાં હું કશી જ વિસાતમાં નથી. જે કંઈ છે એ સઘળું એ વિરાટ માનવીનું દાનમાત્ર છે.' આ ઉદ્‌ગારોમાંથી લાગણીના ઉભરાનું ડિસ્કાઉન્ટ કાપી નાખ્યા પછી પણ ઘણો આદર બાકી રહે છે.

સૅડ મૂડ

ઓપનિંગ મ્યૂઝિક : શર્ટના ખિસ્સામાં સોપારી કે ઈલાયચી ભરેલી ડબ્બી રાખતા કમલદા ચેન સ્મોકર હતા. તેમને પિત્તાશયની પથરીની પણ બીમારી હતી. આ પથરીનું દર્દ ઊપડે ત્યારે અસહ્ય વેદનાથી કમલબાબુ જમીન પર આડા પડી જતા હતા.

મુખડું : ફિલ્મોમાં ગયા પછી તેમની જાત પ્રત્યેની બેકાળજી વધી ગઈ. ડૉક્ટરે તેમને પિત્તાશયની પથરીનું ઑપરેશન કરાવવાની સલાહ આપી, પરંતુ કમલબાબુનાં માતાજીએ ઑપરેશનનો વિરોધ કર્યો. તેમાંથી મૉર્ફિનનાં દર્દશામક ઇન્જેક્શનનો સિલસિલો શરૂ થયો. વખત જતાં કમલબાબુના જીવનમાં મૉર્ફિને દવાને બદલે દારૂનું સ્થાન લઈ લીધું અને ઊંચા, કદાવર કમલબાબુને ટટાર ઊભા રહેવામાં તકલીફ પડવા લાગી.

ઈન્ટરલૂડ : એક મિત્રની પ્રાઈવેટ બેન્કમાં કમલબાબુએ પોતાના ઘણા રૂપિયા મૂક્યા હતા. જગમોહન જેવા શિષ્ય ઉપરાંત પોતાના સાજીંદાઓ પાસે પણ કમલબાબુએ બેન્કમાં રૂપિયા મૂકાવતા હતા. છેવટે ન થવાનું થયું. બેન્કનું ઉઠમણું થતાં કમલબાબુને ભારે આર્થિક ફટકો વાગ્યો.

અંતરો : મોટા ભાઈ બિમલ દાસગુપ્તાના અવસાન પછી તેમના કુટુંબ અને વૃદ્ધ માતાની સારસંભાળ રાખવાની જવાબદારી કમલબાબુ પર આવી. કલકત્તામાં સરક્યુલર રોડ પરનું વિશાળ મકાન છોડીને હલીસા બાગના ઘરે રહેવા આવી ગયા પછી કમલબાબુએ સામાજિક જવાબદારીઓના સૂર છટકી ન જાય તેની ચીવટ રાખી હતી. પરંતુ પિત્તાશયની પથરીના પાપે લાગેલી મૉર્ફિનની લત એમને પાયમાલી ભણી દોરી ગઈ. વિધવા ભાભીના પરિવાર અને માતાની સેવા કરવા માટે કુંવારા રહેલા કમલબાબુએ કોઈ મુસ્લિમ મિત્રના રવાડે ચડીને ઈસ્લામ અપનાવી લીધો. 'કમલ ઈસ્લામ'ના નામથી એક મુસ્લિમ સ્ત્રી સાથે શાદી કરીને તે ઢાકા જતા રહ્યા. ત્યાં એક પુત્રી અને બે પુત્રો દ્વારા કમલબાબુનો વંશ આગળ વધ્યો, પરંતુ ઢાકા ગયા પછી થોડા સમયમાં દાંપત્યજીવનમાં વિખવાદ થતાં કમલબાબુની હાલત દયનીય બની ગઈ. એક જમાનામાં ફાઈનલ રિહર્સલમાં મોડા પડેલા એચ.એમ.વી.ના અફસરને 'હવે રેકોર્ડ બને ત્યારે ગીત સાંભળી લેજો' એવું સંભળાવી દેનાર કમલબાબુનો કડપ ભૂતકાળ બની ગયો.

રાષ્ટ્રિય આદત (અને સંભવતઃ ધર્મપરિવર્તન)ને કારણે આટલા મહાન સંગીતકારને એચ.એમ.વી. જેવી કંપની ઉપરાંત બંગાળની પ્રજાએ પણ ભુલાવી દીધા. બધા મોરચે ઘેરાઈ ગયેલા કમલબાબુ પર ટી.બી.નો હુમલો આખરી સાબિત થયો. ત્રીસેક વર્ષ પહેલાં બિનફિલ્મી હિંદી ગીતના આદ્યપુરુષ સાવ ગુમનામ અવસ્થામાં દુનિયા છોડી ગયા ત્યારે તુફાન મેલની ગતિએ ચાલતી દુનિયાએ આ દુઃખદ ઘટનાની નોંધ લેવા જેટલી કૃતજ્ઞતા પણ દાખવી ન હતી. □

અનુસંધાન| સંગીતશાસ્ત્ર |પૃ.પ૨૪થી

બની. જહાંગીરના રાજદરબારમાં વિલાસખાં, છત્તરખાં, ખુર્રમદાદ, મકખૂ, પરવેઝદાદ અને હમજાન જેવા સંગીતકારો થયા. જહાંગીરના સમયે પં.દામોદરે 'સંગીતદર્પણ' (ઈ.૧૬૨૫)ની રચના કરી. અહીં કૂટતાન બનાવવાના ક્રમ તથા ખંડમેરુ તાનની સમજ આપવામાં આવી. 'સંગીતરત્નાકર'માંથી ૨૦ રાગ આપવા ઉપરાંત અનેક રાગરાગિણીનાં પરિચય-વિવરણ આપ્યાં. શાહજહાંના (ઈ.૧૬૨૮-૧૬૫૮) જમાનામાં દિરંગખાં અને લાલખાં જેવા પ્રખ્યાત ગાયકો થયા. શાહજહાંના દરબારમાં રામદાસ મહાપટ્ટર અને જગન્નાથ જેવા હિંદુ ગાયકો પણ હતા. એ પછી ઔરંગઝેબના દરબારમાં સંગીતને પ્રોત્સાહન ન મળ્યું. સત્તરના અંત અને અઢારમી સદીના આરંભે પં.ભાવભટ્ટે 'અનૂપવિલાસ', 'અનૂપાંકુશ' અને 'અનુપ સંગીતરત્નાકર' નામે ત્રણ ગ્રન્થો આપ્યા. મુહમ્મદશાહ રંગીલે (ઈ.૧૭૨૯-૧૭૪૦)ના દરબારમાં સદારંગ અને અદારંગ જેવા ઉત્તમ વાગ્ગેયકાર અને ખયાલ- ગાયક થયા. એમની મધુર રચનાઓની પરંપરા આજ સુધી જળવાઈ છે.

આમ, તેરમી સદીના અંતથી ભારતીય શાસ્ત્રીય સંગીતમાં વળાંક આવ્યો અને તેની પાંચસાત સદીની યાત્રાના વિકાસનો પરિપાક તે આધુનિક ભારતીય શાસ્ત્રીય સંગીત છે. (ક્રમશઃ)

કમ્પ્યૂટર વાઇરસ (વિષાણુ)

— પ્રહ્લાદ છ. પટેલ —

વાઇરસ સૂક્ષ્માતિસૂક્ષ્મ ઝેરી જીવ છે. સામાન્યતઃ તે બીજા સજીવના કોષમાં રહેતો હોય છે. વાઇરસ ગમે તેટલો સૂક્ષ્મ હોય તે છતાં તે રોગોનું મુખ્ય કારણ છે. કેટલાક વાઇરસથી માણસને ફ્લુ, ઓરી, શરદી જેવા રોગ થાય છે. વાઇરસ પ્રાણીઓ અને છડવાઓને પણ અસર કરે છે. કેટલીક વખત બૅક્ટેરિયા ઉપર પણ હુમલો કરે છે. વાઇરસ સજીવના કોષમાં રહીને ભારે જફા પહોંચાડે છે. કદાચ હુમલાની તક નહીં મળતાં, વાઇરસ કોષમાં નુકસાન કર્યા સિવાય પડી રહેતો હશે.

વાઈરસ એકદમ આદિમ ગણાય છે. તેથી જ તો વિજ્ઞાનીઓ તેને સજીવ અને નિર્જીવ માને છે. વાઇરસ નિર્જીવ એટલા માટે ગણી શકાય કે તે પ્રજનનની ક્ષમતા ધરાવતો નથી. પણ સજીના કોષમાં પડે પડે તે સક્રિય રહેતો હોય છે.

કમ્પ્યૂટર વાઇરસને સજીવ વાઇરસ સાથે કશી જ લેવાદેવા નથી પણ બંનેની ભૂમિકા લગભગ સમાન છે. કમ્પ્યૂટર વાઇરસ એ એક પ્રકારનો સૉફ્ટવેર છે, એટલે કે એકલદોકલ અથવા શ્રેણીબદ્ધ સૂચનાઓનો સમૂહ છે. કમ્પ્યૂટર તો ચિઠ્ઠીનું ચાકર છે. તેની અંદરની સંરચનાને આધારે તેને આપેલી સૂચના પ્રમાણે તે કાર્ય કરે છે. જેવી સૂચના (સૉફ્ટવેર) તેવું કમ્પ્યૂટરનું કાર્ય.

કમ્પ્યૂટરમાં તે વાઇરસ ક્યાંથી અને કેવી રીતે આવે છે તે નક્કી કરવું ઘણું અઘરું કામ છે, કારણ કે વાઇરસના સંકેતમાં એવી કોઈ ચોક્કસ કડી હોતી નથી કે જેને આધારે તેના મૂળ સુધી પગેરું લઈ જઈ શકાય.

બિનતારી પ્રણાલી, સ્થાનિક નેટવર્ક અને તાજેતરમાં તો ઈન્મેઈલ, ઈન્ટરનેટ દ્વારા વાઇરસ ફેલાવવામાં આવે છે. બુલેટિન બોર્ડ સિસ્ટમ (BBS)માંથી ફાઈલને અનુભારિત કરવામાં આવે, મોડેમ મારફતે એક ફાઈલને બીજી ફાઈલ ઉપર લઈ જવામાં આવે ત્યારે અને કમ્પ્યૂટર નેટવર્ક મારફતે વાઇરસ પ્રસરે છે. યજમાન કમ્પ્યૂટર સાર્થના ઘડિયાળનું અનુશ્રવણ (monitoring) કરે તેવા વાઇરસનો કાર્યક્રમ તૈયાર કરવામાં આવે છે. અને તે નિર્ધારિત તારીખે જ ત્રાટકે છે. જેમ કે માઈકલેન્જેલોના જન્મ દિવસ એટલે કે માર્ચ ૬, ૧૯૯૨ના રોજ અમલમાં આવ્યો હતો.

૧૯૮૪માં જ્યારે કમ્પ્યૂટર વાઇરસની શક્યતાનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો ત્યારે તે બાબતને કોઈએ ગંભીરતાથી લીધી ન હતી. ૧૯૮૬માં યુ.એસ.ના કમ્પ્યૂટરોમાં વાઇરસ ફરી વળ્યો ત્યારે બધાને ભાન થયું. આ વાઇરસને બ્રેઈન (brain) વાઇરસ પણ કહી શકાય, કારણ કે આવું સૉફ્ટવેર મગજની પેદાશ હોય છે. વાઇરસના સમાચારોથી સમાચાર-માધ્યમોમાં સનસનાટી મચી ગઈ પણ તે કોઈ પ્રકારનું અતિક્રમણ નથી. કમ્પ્યૂટર વાઇરસના ખ્યાલથી, જો કે લોકોમાં ભારે કુતૂહલ પેદા થયું છે, પણ ઘણા ઓછાને એવી દ્વિધા પ્રવર્તે છે કે આવો વાઇરસ આકસ્મિક રીતે કે પછી ઇરાદાપૂર્વક પ્રસારવામાં આવે છે?

આજે ઘણા વ્યવસાયોમાં વાઇરસથી કમ્પ્યૂટર ભ્રષ્ટ થયો છે. શરૂઆત (૧૯૮૬/૮૭)ના વાઇરસ દ્વારા મૂર્ખતાભર્યા સંદેશા આવતા હતા પણ વર્તમાન વાઇરસ તો ભલભલા પ્રોગ્રામનો નાશ કરે છે, માહિતીનો નાશ કરે છે, અથવા તો માહિતીને ભ્રષ્ટ કરે છે. જેમ જેમ વાઇરસ (ચેપ) વધુ ને વધુ પ્રસરે છે તેમ તેમ માહિતીને વધુ ને વધુ નુકસાન થતું જાય છે.

કમ્પ્યૂટર વાઇરસ નીચેનાં લક્ષણો ધરાવે છે :

(૧) પુનરાવૃત્તિ (replication) : ફ્લૉપી, કમ્પ્યૂટર-તંત્ર અને નેટવર્ક મારફતે પ્રસરીને વાઇરસ પોતે જ પોતાની નકલ કરે છે. (૨) વાઇરસનો અમલ થાય ત્યારે જે કમ્પ્યૂટરમાં કંઈ પણ નવાજૂની થાય છે. અમલ અને પરિણામ અપ્રત્યક્ષ રીતે થાય છે, જેથી ઉપભોક્તાને ખ્યાલ જ નથી આવતો કે વાઇરસનો અમલ થઈ ચૂક્યો છે. કમ્પ્યૂટરનું કામકાજ શરૂ કરતાં કારક-તંત્ર આપોઆપ ચાલુ થાય છે અને તેના દ્વારા વાઇરસ ચઢી વાગે છે. કમ્પ્યૂટર સાથે સંકળાયેલા પ્રોગ્રામમાં વાઇરસ થોડોક પણ અતિ નાનો ફેરફાર કરી નાખે છે. (૩) આડ અસર ણ વાઇરસ સ્વતઃ રીતે પુનઃપ્રયોગ કરી શકાય તેવા સંકેત ધરાવતો નથી. તે તેની સાથે નીતભાર (payload) પણ ધરાવે છે. આ બધી પરિસ્થિતિ યુદ્ધ-અગ્ર (warhead) લઈ જતા પ્રક્ષેપાસ્ત્ર (મિસાઈલ) જેવી હોય છે. જાતે જ પુનરાવૃત્તિ કરતો સંકેત પ્રક્ષેપાસ્ત્ર અને આડ આસર યુદ્ધ-અગ્ર ગણી શકાય. (૪) છદ્મવેશ : આડ અસર દ્વારા તેની હાજરીનો ખ્યાલ ન આવે ત્યાં સુધી વાઇરસ કેટલી હદે પુનરાવૃત્ત થઈ શકે છે તેના ઉપર તેની સક્ષમતા રહેલી છે.

કમ્પ્યૂટર વાઇરસ એ કોઈ જાદુ નથી. PC (personal computer) ના સંદર્ભમાં વાઇરસ સમજી શકાય છે. વાઇરસના સંકેતનો અમલ થતાં PC ચેપગ્રસ્ત બને છે. PCને બંધ કરી દેતાં તેની સંચય-વ્યવસ્થા (memory)માંથી વાઇરસ દૂર થાય છે. કેટલાક વાઈરસથી ચેપગ્રસ્ત બનેલાં માધ્યમોમાં પાવર બંધ કર્યા પછી પણ ચાલુ રહે છે. જેમ કે, ફ્લૉપીમાંથી આવતા 'ઇટાલિયન' વાઇરસ વડે PC ચેપગ્રસ્ત બને તો, પાવર બંધ કરતાં PCની સંચયવ્યવસ્થામાંથી વાઇરસ અદૃશ્ય થાય છે. પણ હાર્ડડિસ્કમાં તો ચાલુ રહે છે. જ્યારે પાવર ચાલુ કરવામાં આવે છે ત્યારે હાર્ડડિસ્કમાંથી તે ફૂટી નીકળે છે અને ફરીથી અસરકારક બને છે.

ભિન્નભિન્ન પ્રકારના વાઇરસ અસ્તિત્વ ધરાવે છે. (૧) બૂટ-વાઇરસ : આ વાઇરસ ફ્લૉપી ડિસ્ક અથવા હાર્ડડિસ્કના

બૂટરેકોર્ડને અસર કરે છે. ફ્લૉપીડિસ્કનો પ્રથમ વિભાગ બૂટ-રેકોર્ડ ધરાવે છે, જેમાં તમામ પ્રકારની માહિતી હોય છે. 'ડિસ્ક ક્લિર', 'માઇક્લેન્જલો' આ પ્રકારના વાઈરસ છે. (૨) પ્રોગ્રામ વાઇરસ : અમલ કરી શકાય તેવી ફાઈલને ચેપી અસર કરે છે. આ વાઈરસ સંચય-વ્યવસ્થા (મેમરી)માં સક્રિય બને છે. ડિસ્ક ઉપરથી ફાઈલને અસર કરે છે. 'સનડે', 'કાસ્કેડ' આ પ્રકારના વાઇરસ છે. (૩) બહુવિભક્ત વાઇરસ : આ વાઇરસ બૂટ અને પ્રોગ્રામ વાઇરસનું સંકટ ફળરૂપ છે. તે સૌપ્રથમ પ્રોગ્રામ ફાઈલને અસર કરે છે. 'ઇન્વેડર', 'ફિલપ', 'ટેકિવલા' આ પ્રકારના વાઇરસ છે. (૪) ચોરીચૂપકી (stealth) વાઇરસ : આ વાઇરસમાં એવી તરકીબ અજમાવવામાં આવે છે કે જેથી પરખ-પ્રક્રિયા સુધી પહોંચી શકાય નહીં. જે વિભાગમાં આ વાઇરસ પડ્યાં હોય તેનાથી જુદા જ વિભાગનું વાચન કરી બતાવે છે. જેમ કે 'વ્હેલ' વાઇરસ અસરગ્રસ્ત ફાઈલમાં ૯૨૧૬ બાઈટ્સ ઉમેરે છે. પછી નિર્દેશિકામાં દર્શાવેલા કદમાંથી એટલી જ સંખ્યા (૯૨૧૬) બાદ કરે છે. 'ફ્રોડો', 'જોષી', 'વ્હેલ' આ પ્રકારના વાઇરસ છે. (૫) બહુરૂપી વાઇરસ : અહીં કૂટ સંકેતને વિવિધ રીતે રજૂ કરવામાં આવે છે. આ વાઇરસ જાણવો અતિ મુશ્કેલ છે. 'ઇવિલ', 'પ્રાઉડ', 'વાઇરસ-૧૦૧' આ પ્રકારના વાઇરસ છે. (૬) સ્થૂળ વાઇરસ : અધિકૃત લેખ દસ્તાવેજને તે અસર કરે છે. આ વાઇરસ લેખને ચોંટી પડે છે. આ લેખને બીજા કમ્પ્યૂટર ઉપર લઈ જતાં ચેપ પ્રસરે છે. 'ન્યૂક્લિઅર', 'વર્ડ-ક-સેપ્ટ' આવા વાઇરસ છે.

દિનપ્રતિદિન નવા નવા ઘણા બધા વાઇરસ અસ્તિત્વમાં આવતા જાય છે. આજે ૧૮,૦૦૦થી વધુ વાઈરસ પ્રવર્તે છે, અને દર વર્ષે નવા ૪૦૦ થી ૫૦૦ વાઈરસ ઉમેરાતા જાય છે. કમ્પ્યૂટરના ધોરી માર્ગ ઉપર પ્રવર્તતા આ વાઇરસ પ્રતિવિશાણુ કાર્યક્રમો સરળતાથી ઉપમાર્ગે ધકેલી મૂકે છે અને તેમનો હેતુ પાર પાડે છે.

બ્રેઈન વાઇરસ એ જ રીતે અપવાદરૂપ છે. કારણ કે તે નામ, સરનામું અને ટેલિફોન નંબર ધરાવે છે. પાકિસ્તાનના બે દુકાનદારઓએ બ્રેઈન વાઇરસ લખેલો. આજે વાઇરસના કેટલાક શક્તિશાળી શોધકોને ઓળખી પાડવામાં આવ્યા છે. માનસિક રોગોના ચિકિત્સકની દૃષ્ટિએ આવા વાઇરસ-લેખકોનો અભ્યાસ કરવો અનિવાર્ય છે.

સમાજમાં માદક પદાર્થોની હેરાફેરી કરનારા માણસો લોકોને તેમનો નિયત જથ્થો નિયમિત રીતે પૂરો પાડે છે. આવા કેફી દ્રવ્યોનું સેવન કરનારને ભાતભાતના અનુભવ કરાવે છે. તે રીતે હેકર્સ (hakers) કમ્પ્યૂટરમાં વાઇરસ ફેલાવીને તમાશો જોવા માટેનું વિચિત્ર માનસ ધરાવતા હોય છે. તે કમ્પ્યૂટરને એકલું પડવા દેવા માગતા નથી. બંધાણીને માદક દ્રવ્ય મળતાં જે જાતની નિરાંત અનુભવે છે તે રીતે વાઇરસનો પ્રોગ્રામ તૈયાર કરીને હેકર્સ મોજ માણતા હોય છે. કેફી પદાર્થોના બંધાણીઓ અને કમ્પ્યૂટર-હેકર્સ લગભગ એકસરખી માનસિક પરિસ્થિતિ ધરાવતા હોય છે. કેટલાક બંધાણીઓ સંયમ અને જવાબદારીપૂર્વક વર્તતા હોય છે તો બીજા કેટલાક તો સાન-ભાન ભૂલીને નફ્ફટ બની જાય છે. તે જ રીતે હેકર્સમાં કેટલાક એવા હોય છે જે બિલકુલ બિનજવાબદારીપૂર્વક વર્તે છે. આવા લોકો તે શું કરતા હોય છે તે પોતે જ જાણતા નથી હોતા. આવા લોકોને તો ઈસુ માફ કરે છે.

કેટલાક હેકર્સ પોતાનો ધ્યેય સિદ્ધ કરવા માટે બીજાનું શોષણ કરતા હોય છે, અને કેટલાકને ખેદાનમેદાન કરી નાખે છે. કેટલાક લોકો વાઇરસનો સૉફ્ટવેર ગમ્મત ખાતર તો કેટલાક પૈસા ખંખેરવા માટે તૈયાર કરતા હોય છે. માનસિક રીતે દુઃખી, જીવનથી કંટાળેલા અને કૌટુંબિક કલેશનો ભોગ બનેલા લોકો વાઇરસ ફેલાવવાની દુષ્પ્રવૃત્તિ કરે છે.

આતંકવાદી જૂથો પણ વાઇરસ-સૉફ્ટવેર તૈયાર કરવા પ્રેરાય છે. તેઓ માને છે કે પરંપરાગત વિસ્ફોટક પદાર્થોનો ઉપયોગ કરવા કરતાં કમ્પ્યૂટર-વાઇરસ પદ્ધતિ વધારે અનુકૂળ છે. અને તેમાં કમ્પ્યૂટર-તંત્રને તોડી પાડવાનો હેતુ હોય છે. જે રાષ્ટ્રો ખરેખર કમ્પ્યૂટરયુગમાં જીવી રહ્યાં છે તેમને આવો વાઈરસ લકવાગ્રસ્ત બનાવી દે છે.

પેલેસ્ટાઈન લિબર્ટેશન ઓર્ગેનિઝેશન (PLO) પરત્વે સહાનુભૂતિ ધરાવતા કેટલાકે 'જેરૂએસ્લામ' વાઇરસ તૈયાર કર્યો હતો. જો કે અમુક લોકો આ ઘટનાને વિવાદાસ્પદ ગણે છે.

છેલ્લે છેલ્લે 'પ્રીટી' નામના વાઇરસનો ખતરો ઊભો થયો છે જે સમગ્ર માહિતી (ડેટા)ની ઉઠાંતરી કરે છે અને ફ્લૉપી કે ડિસ્ક ઉપરથી બધી માહિતી ગાયબ કરી દે છે.

વાઇરસનો પ્રતિકાર કરવા માટે રસ્તા શોધવા જોઈએ. તે માટે વાઇરસનું સંસૂચન (પરખ), વાઈરસનો વિસ્તાર રોકવા માટેની પ્રવૃત્તિ અને પૂર્વસ્થિતિ પ્રાપ્ત કરવી જરૂરી છે અને તે એન્ટિવાઇરસ (પ્રતિવિષાણુ) દ્વારા થઈ શકે છે. એન્ટિવાઇરસ એ પણ સૉફ્ટવેર જ છે જે વાઇરસના સૉફ્ટવેરને રોકવા માટે યુદ્ધના ધોરણે કાર્યવાહી કરવાનાં સૂચનો કરે છે. માહિતીને સક્ષમપણે પાછી મેળવી લેવા પ્રયત્ન કરવામાં આવે છે. તે સાથે તમામ સૉફ્ટવેર, માસ્ટરડિસ્ક અને કારક-તંત્રને સલામત જગાએ સંચિત અને રક્ષિત કરવાં જોઈએ. આથી અસરગ્રસ્ત નિષ્પાદ્ય (executables) જલદીથી પુનઃ પ્રાપ્ત થાય છે. તમામ ફાઈલોની ફ્લૉપીડિસ્ક ઉપર નકલ કરી લેવી જોઈએ. ડિસ્ક લખાણ રક્ષિત રાખવું જોઈએ. જે તે સંગઠન કે કચેરીની સમગ્ર સલામતીના ભાગરૂપે આકસ્મિકતાની યોજના તૈયાર રાખવી જોઈએ.

રાષ્ટ્રની સુરક્ષા માટે લશ્કર જેમ સરહદો ઉપર ચાંપતી નજર રાખે છે તેમ કોઈ પણ કમ્પ્યૂટર કે સંગઠનમાં વાઇરસને

(અનુસંધાન પૃ.૫૩૦)

ગ્રંથનામી ગણેશ

સુરેન્દ્રનાથ નિફાડકર

વૈદિક (હિન્દુ), જૈન અને બૌદ્ધ ધર્મમાં શ્રી ગણેશનું અનન્ય-સાધારણ મહત્ત્વ છે. આ ત્રણે ધર્મમાં કોઈ પણ શુભ કાર્ય શરૂ કરતાં પહેલાં ગણેશપૂજન કરવાની પ્રાચીન પરંપરા છે.

ગણેશ એ આર્ય અને અનાર્ય સંસ્કૃતિનું અદ્‌ભુત મિશ્રણ છે. વૈદિક સંસ્કૃતિમાં બ્રહ્મણસ્પતિ (બૃહસ્પતિ) બુદ્ધિના અધિષ્ઠાતા ગણાય છે તો અનાર્યોની સંસ્કૃતિમાં તે વિનાયક નામના ગણ વિઘ્નકર્તા તરીકે પૂજાતા. આગળ જતાં પણ કુબેરક્ષવણની દેહાકૃતિ જેવો એક દેવ નિર્માણ થયો જે ગણેશ અથવા ગણપતિ તરીકે ખ્યાત થયો. આર્યોએ ગણેશમાં પોતાના દેવ બ્રહ્મણસ્પતિને વિલીન કરી ગણપતિને બુદ્ધિના અધિષ્ઠાતા બનાવ્યા તો અનાર્યોએ તેમાં પોતાના વિનાયકને ભેળવી દઈ ગણપતિને વિઘ્નકર્તા નહીં પણ વિઘ્નહર્તા દેવ બનાવ્યા. ત્યારથી આ દેવે હિન્દુ ધર્મમાં મોખરાનું સ્થાન પ્રાપ્ત કર્યું.

હિન્દુ ધર્મના પ્રખ્યાત પુરાણગ્રંથોમાં ગણપતિના અનેક ઉલ્લેખ છે તેમાં 'ગણેશપુરાણ' નામનું એક સ્વતંત્ર પુરાણ પણ છે. એ સિવાય સમસ્ત દેશના કેટલાયે ગણેશભક્તોએ ગણેશનો મહિમા વર્ણવતા અનેક ગ્રંથો લખ્યા. તેમાંનો એક પ્રાચીન ગ્રંથ છે, 'મહાગુપ્તસાર.' કવિ રુદ્રયામલે રચેલા આ ગ્રંથની વિશેષતા એ છે કે તેમાં શિવજીએ દેવી પાર્વતીને તેમના પ્રિય પુત્ર ગણેશનાં પૂરાં એક સંહસ્ર નામોની યાદી બતાવી છે અને એ બધાં જ નામ 'ગ'થી શરૂ થાય છે. તેમાં ૪૬ નામ તો એવાં છે કે તેની શરૂઆત 'ગ્રંથ' શબ્દથી જ થાય છે! એ ૪૬ નામોના મૂળ શ્લોક :

ग्रंथज्ञो ग्रंथकृद ग्रंथग्रंथिभिद ग्रंथविघ्नहा ।
ग्रंथादिग्रंथसंचारो ग्रंथश्रवणलोलुपः ॥८६॥
ग्रंथाधीन क्रियायोगो ग्रंथाप्रियो ग्रंथार्थतत्त्ववित ।
ग्रंथसंशयसंछेदी ग्रंथवक्ता ग्रहागणीः ॥८७॥
ग्रंथगीतगुणो ग्रंथगीतो ग्रंथादिपूजितः ।
ग्रंथारंगोस्तुतो ग्रंथग्राही ग्रंथार्थपारद्दक ॥८८॥
ग्रंथदव ग्रंथविज्ञानो ग्रंथसंदर्भशोधकः ।
ग्रंथकृत्यूजितो ग्रंथकरो ग्रंथपरायणः ॥८९॥
ग्रंथपारायणपरो ग्रंथसंदेहभञ्श्रकः ।
ग्रंथकृदवरदाता च ग्रंथकृदवंदितः सदा ॥
ग्रंथश्रमज्ञो ग्रंथांगो ग्रंथभ्रमनिवारकः ॥१०४॥
ग्रंथप्रवण सर्वांगो ग्रंथप्रणय तत्परः ।
गति गतिगुणो गतिकीर्तिर्गीत विशारद ॥७०२॥
इति श्री सद्यामहे महागुप्तसारे शिवपार्वती संवादे
गकारादि गणपति सहस्रनाम स्तोत्रस्य ग्रंथाशः

'ગ્રંથ'થી શરૂ થતાં ઉપરનાં નામોનો વિગતે અર્થ :

(૧) **ગ્રંથજ્ઞ** : પુરાણકાળની એક કથા મુજબ મહાભારત જેવા વિરાટ ગ્રંથની રચના કરનાર વેદવ્યાસે ગ્રંથના લહિયા તરીકેનું અતિ અઘરું કામ ગણેશજીને સોંપ્યું. ગણેશે એ વિરાટ કાર્ય સ્વીકારતાં પહેલાં કહ્યું, 'મુનિશ્રી, હું લહિયો બનીશ. પણ મારી એક શરત છે. તમે મને જ્યારે શ્લોક કહેશો ત્યારે તમારે ક્યાંયે અટકવાનું નથી. અવિરત કહેતા જ જવાનું રહેશે.'

વ્યાસમુનિએ કહ્યું, 'માન્ય છે. પણ મારી એક શરત સાંભળી લો. હું જે શ્લોક બોલું તેનો પૂર્ણ અર્થ સમજ્યા વગર તમારે તે લખવાનો નથી.'

મહાભારતની રચનાં સમયે વેદવ્યાસે કેટલાક કૂટ શ્લોકોની રચના કરી. ગણેશજી એ શ્લોકોનો અર્થ સમજવા જેટલો સમય લેતા તે દરમિયાન વેદવ્યાસ અન્ય શ્લોકોની રચના કરતા. તેનો અર્થ સમજવા ગણેશજી જેટલો સમય લેતા એટલા સમય દરમિયાન વેદવ્યાસ બીજા શ્લોકોની રચના કરી લેતા. આમ, ગણેશજીની અવિરત સહાયથી મહાભારત જેવો વિરાટ ગ્રંથ રચાયો.

(૨) **ગ્રંથકૃદ** : સ્વયં ગણેશજીએ કોઈ ગ્રંથની રચના કરી હોવાનું દેખાતું નથી. તેમ છતાં વિદ્યાવ્યાસંગી, ગ્રંથપ્રેમી ગણેશજીએ કોઈ રચના કરી હશે જ.

(૩) **ગ્રંથગ્રંથિભિદ્** : ગ્રંથોની ગ્રંથી એટલે અઘરો ભાગ સહેલો કરનાર.

(૪) **ગ્રંથવિઘ્નહા** : ગ્રંથ રચના દરમિયાન આવતાં વિઘ્નો દૂર કરનાર.

(૫) **ગ્રંથાદિ** : બધા જ ગ્રંથોના મૂળ સ્વરૂપે વિરાજમાન.

(૬) **ગ્રંથસંચાર** : ગ્રંથોમાં જેમનો સંચાર છે એવા.

(૭) **ગ્રંથશ્રવણલોલુપ** : ગ્રંથ એટલે વિદ્યાનો સંચય. ગણેશજી ગ્રંથોનું શ્રવણ કરવાં ઉત્સુક હોય જ.

(૮) **ગ્રંથરધીન ક્રિયાયોગો** : ગ્રંથ રચનાની બધી જ ક્રિયાઓ જેમના હસ્તક છે એવા.

(૯) **ગ્રંથપ્રિય** : ગ્રંથરચનાથી આનંદિત થનાર.

(૧૦) **ગ્રંથાર્થતત્ત્વવિત** : સંધિવિગ્રહ કરાય તો તે ગ્રંથર્થ અર્થસ્ય તત્ત્વસ્ય અને વિજ્ઞાતા એવો થાય છે. તેનો અર્થ ગ્રંથમાં રહેલ અર્થ અને તત્ત્વ જાણનાર.

(૧૧) **ગ્રંથસંશયસંછેદી** : ગ્રંથમાં જ્યાં જ્યાં શંકા છે, સંશય છે, તેનું સ્પષ્ટિકરણ કરનાર.

(૧૨) **ગ્રંથવક્તા** : ગ્રંથનો ઉદ્દેશ અને અર્થ સમજી લઈ તેના પર ભાષ્ય કરનારા.

(૧૩) **ગ્રંથગીતગુણા** : ગ્રંથોમાં જેમના ગુણ ગાયા છે એવા.

(૧૪) **ગ્રંથગીત** : ગ્રંથોમાં જેમના અંગેનાં કાવ્યો છે, જેમની સ્તુતિ છે એવા.

(૧૫) **ગ્રંથારંભસ્તુત** : ગ્રંથ રચનાની શરૂઆતે રચનાનું કાર્ય વિઘ્નરહિત કરી ગ્રંથ વિદ્વત્તાપૂર્ણ થાય તે માટે સહાય કરનાર.

(૧૬) **ગ્રંથગ્રાહી** : ગ્રંથ સારો હોય, વિદ્વત્તાપૂર્ણ હોય, સમાજને માર્ગદર્શન આપનારો હોય તો તેના વખાણ કરનારા.

(૧૭) ગ્રંથપારદક : ગ્રંથમાં ઊંડા ઊતરી તેનો અર્થ જાણનારા.

(૧૮) ગ્રંથદક : ગ્રંથ તરફ ઉત્સુકતાથી જોનારા.

(૧૯) ગ્રંથવિજ્ઞાન : ગ્રંથનું પરિપૂર્ણ જ્ઞાન ધરાવનારા.

(૨૦) ગ્રંથસંદર્ભશોધક : ગ્રંથમાં સમાજના ઉત્થાન માટે, સંરક્ષણ માટે શું લખ્યું છે તેની શોધ કરનારા.

(૨૧) ગ્રંથકૃત્પૂજિત : ગ્રંથરચના કરનાર દ્વારા પૂજિત એવા.

(૨૨) ગ્રંથકર : સ્વયં ગ્રંથની રચના કરનારા.

(૨૩) ગ્રંથપરાયણ : ગ્રંથ સંદર્ભે સતત પરાયણ એવા.

(૨૪) ગ્રંથપારાયણપર : કેટલાક ગ્રંથો એવા હોય છે કે તે પુનઃ પુનઃ વાંચ્યા બાદ તેનું પૂર્ણ આકલન થાય છે. તત્ત્વજ્ઞાન, વ્યાકરણ, વિજ્ઞાન, ગણિત જેવા ગ્રંથોનો આમાં સમાવેશ થાય છે. આવા ગ્રંથોનું વારંવાર પારાયણ કરનારા.

(૨૫) ગ્રંથકૃદવરદાતા : ગ્રંથલેખકોને વરદાન આપનારા.

(૨૬) ગ્રંથકૃત્વંદિત : ગ્રંથલેખકો દ્વારા વંદિત એવા.

(૨૭) ગ્રંથાનુરક્ત : ગ્રંથોપર અનુરક્ત થનારા, ગ્રંથોને ચાહનારા.

(૨૮) ગ્રંથજ્ઞ : ગ્રંથોનું જ્ઞાન ધરાવનારા.

(૨૯) ગ્રંથાનુગ્રહદાયક : ગ્રંથો પર કૃપા કરનારા.

(૩૦)ગ્રંથાન્તરાત્મા : ગ્રંથના અંતરાત્મા. (જે ગ્રંથ સુંદર ન હોય, માર્ગદર્શક ન હોય એવાં ગ્રંથોમાં ગણેશજીનો આત્મા વસતો નથી. તે ક્ષણભંગુર હોવાથી નષ્ટ થાય છે.)

(૩૧) ગ્રંથાર્થપંડિત : ગ્રંથ રચનામાં, ગ્રંથનો અર્થ કરવામાં, ગ્રંથનું નિરૂપમ કરવામાં પંડિત.

(૩૨) ગ્રંથસૌહૃદ : સુહૃદ એટલે વિશાળ મન ધરાવનાર મિત્ર. ગ્રંથો સાથે જેની મિત્રતા છે એવા.

(૩૩) ગ્રંથપારંગમ : પારંગમ એટલે પાર કરી જવું. ગ્રંથોની સંપૂર્ણ રચનાં અને તેના મતિતાર્થ જાણી લઈ ગ્રંથરૂપી નદી ઓળંગી જનારા.

(૩૪) ગ્રંથગુણવિદ્ : ગ્રંથોના ગુણવિશેષ જાણનારા.

(૩૫) ગ્રંથવિગ્રહ : ગ્રંથોનું પરમતત્ત્વ ઊંડાણથી જાણનારા.

(૩૬) ગ્રંથસેતુ : ગ્રંથોના અર્થ જાણવામાં ઉત્સુકો માટે સેતુ રૂપે બનનારા.

(૩૭) ગ્રંથહેતુ : ગ્રંથના મૂળ હેતુ રૂપે વિરાજમાન એવા.

(૩૮) ગ્રંથકેતુ : કેતુ એટલે ધ્વજ. ગ્રંથરૂપે જ્ઞાન (ધ્વજ) લઈ અજ્ઞાન સામે લડનારા.

(૩૯) ગ્રંથકાર : સ્વયં લેખક એવા.

(૪૦) ગ્રંથકારમાન્ય : લેખકોને પૂજ્ય એવા.

(૪૧) ગ્રંથપ્રસારક : ગ્રંથલેખકોને ગ્રંથ લખી ઇતિશ્રી ન માનવાની સૂચના આપી તેમના ગ્રંથનો પ્રસાર કરનારા.

(૪૨) ગ્રંથશ્રમજ્ઞ : ઉત્તમ ગ્રંથો લખતાં થતાં શ્રમોને જાણનારા.

(૪૩) ગ્રંથાંગ : ગ્રંથના અંગરૂપે એવા.

(૪૪) ગ્રંથભ્રમનિવારક : ગ્રંથનું નિર્માણ થતાં ભ્રમ દૂર કરનારા.

(૪૫) ગ્રંથપ્રવણસર્વાંગ : જેમના રોમરોમમાં ગ્રંથ અંગેનું પાંડિત્ય છે એવા.

(૪૬) ગ્રંથપ્રવણતત્પર : ઉત્તમ સમાજોપયોગી ગ્રંથો પ્રત્યે પ્રેમ ધરાવનારા.

કેવાં સુંદર નામ છે ગ્રંથપ્રેમી ગણેશનાં! શાળામાં દાખલ થતાં પહેલાં બાળકનો હાથ પકડી સ્લેટ પર 'શ્રી ગણેશાય નમઃ' લખાવવાની આપણી પ્રાચીન પરંપરા છે. આજના અંગ્રેજી માધ્યમના જમાનામાં પણ આ પ્રથા ખંડિત થઈ નથી. આ દેશનું તે સદ્ભાગ્ય! □

અનુસંધાન] કમ્પ્યૂટર વાઈરસ [પૃ.૫૨૮થી

પ્રવેશતો અટકાવવા માટે પૂરતો બંદોબસ્ત કરવો પડે છે. તબીબી ક્ષેત્રે દર્દીની શસ્ત્રક્રિયા પહેલાં જે રીતે સાધન-સામગ્રીને જંતુરહિત બનાવવામાં આવે છે તે રીતે ઘૂસતા વાઈરસને દૂરથી અટકાવવો જોઈએ. તે માટે પ્રયોજવામાં આવતા સૉફ્ટવેરો અદ્યતન કરી લેવો, નવી કારકપ્રણાલીની સ્થાપના કરવી અને ડિસ્કને બદલી નાખવી જોઈએ. કમ્પ્યૂટરમાં અંતર્નિહીત યાતાયાત વધારે તેમ વાઈરસને ઘૂસ મારવાના સંજોગો વધુ. કંપનીઓ સૉફ્ટવેર તૈયાર કરે ત્યારે તે વાઈરસથી મુક્ત રહે તે માટે યોગ્ય પ્રતિકારક પગલાં લેવા જોઈએ. આ સાથે ઉપભોક્તાને વાઈરસ પરત્વે જાગ્રત કરવો જોઈએ.

કમ્પ્યૂટર-આરોગ્યના નિયમોનું પાલન વાઈરસના હુમલાને રોકવા માટેનું અકસીર કદમ છે. કમ્પ્યૂટર જો કમ્પ્યૂટર-નેટવર્ક સાથે સંકળાયેલું ન હોય અને ઉપભોક્તા એકમાત્ર હોય તો વાઈરસ લાગવાની નહિવત તકો રહે છે. બુલેટિન-બોર્ડ, અતિક્રમણ કરનાર અને મિત્રના મિત્ર પાસેથી ઊછીના લીધેલા પ્રોગ્રામનો કદાપિ ઉપયોગ કરવો નહીં. ભાગીદારીના કમ્પ્યૂટર સૉફ્ટવેરને લગતા માલનો કદાપિ ઉપયોગ કરવો નહીં. વિશ્વસનીય ઉત્પાદકોના તૈયાર કરેલા પ્રોગ્રામનો ઉપયોગ કરવો જોઈએ.

અલગ કરેલા એટલે કે નેટવર્ક સાથે ન જોડાયેલા કમ્પ્યૂટરને dirty PC કહે છે. આવા કમ્પ્યૂટરનો ઉપયોગ કરવો. અનધિકૃત સૉફ્ટવેરની ચકાસણી DPC ઉપર કરવી અને ત્યાર બાદ બીજું કોઈ કામ DPC ઉપર કરવું નહીં. જે ડિસ્કને DPC ઉપર ચઢાવેલી હોય તેને બીજા અન્ય કમ્પ્યૂટર ઉપર લઈ જવી નહીં. એન્ટિવાઈરસ સૉફ્ટવેર વડે કમ્પ્યૂટરની તાત્કાલિક તપાસ કરી લેવી જોઈએ. કાર્યપદ્ધતિના માર્ગમાં રાખેલા નડતરમાં જેવા વાઈરસ દાખલ થાય અને આડઅસર દેખાય કે તરત જ તેની પરખ થાય તેવી વિશ્વસનીય સંસૂચક-પ્રણાલીનો ઉપયોગ કરવો જોઈએ. વાઈરસની સાચી પરખ તો એન્ટિવાઈરસ સૉફ્ટવેર પૅકેજ વડે જ થઈ શકે છે.

આટલી બધી તકેદારીઓ રાખવા છતાં કમ્પ્યૂટરો કેટલાં સલામત રહેશે અને માણસ તેના ઉપર કેટલો મદાર રાખી શકશે તે તો ભવિષ્ય જ કહેશે. □

અમેરિકામાં ભારતીયો : આત્મઓળખની ખોજમાં - ૧૩(૨)

પ્રા. પ્રવીણ ન. શેઠ

વડીલો-કલાઈડસ્કોપની પેટર્ન • શું માબાપે અમેરિકાવાસી થવા જેવું ખરું ?

એક વૃદ્ધ મહિલા સાન્તા ક્લેરાના ઇન્ડિયન કમ્યૂનિટી કલ્ચર સેન્ટરમાં નિયમિત જાય. એની સાથે બીજાં એક નિવૃત્ત ખ્રિસ્તી ભારતીય મહિલા મર્સીબહેન બસમાં સાથે થઈ જતાં, તેથી બંને વચ્ચે વાતચીત કરવાની ઓળખાણ થઈ. મર્સીબહેન તેમને પૂછે છે : 'તમે તો સેન્ટરમાં રોજ નિયમિત આવો છો. અને અમે ત્યાંથી જઈએ, તે પછી પણ ત્યાં બેસતા હો, તેવું લાગે છે.' પેલી મહિલા કહે : 'શું કરું બહેન? અહીં (ભારતથી) આવી તો છું, પણ ઘરમાં મારો દીકરો અને વહુ કોઈ મારી સાથે બરાબર વર્તાવ કરતા નથી. વહુ તો વાત પણ કરતી નથી.' મર્સીબહેન પૂછે : 'તો તમે સેન્ટરમાં શું કરો છો?' 'બસ, તમારી જેમ એના કાર્યક્રમોમાં હાજર રહું. વળી, આ ઉંમરે અંગ્રેજી શીખવાનો કોર્સ ત્યાં લઉં. હવે કમ્પ્યૂટર શીખું છું.' તેમને આ ઉંમરે કમ્પ્યૂટરનો કોઈ ઉપયોગ નહોતો, પણ તે બહાને તેઓ કમ્યૂનિટી સેન્ટરમાં બેસતાં. બપોરે ચાર વાગ્યે સેન્ટર બંધ થાય, ત્યારે જ બસમાં ઘેર પાછાં આવતાં. ઘરમાં પરાયાપણા અને પંડના પુત્રના અણવર્તાવથી જેટલો સમય મોકળાશ અનુભવાય એટલું સારું. કમ્યૂનિટી સેન્ટર તેમને માટે માનસિક રાહતકેન્દ્ર છે!

બીજા એક વૃદ્ધ ભારતીય ભાઈ અહીં આવતાં પહેલાં ભારતમાં પોતાની બચત, શેર, ફ્લેટ વગેરે બધી સંપત્તિ ભેગી કરી તેને ડોલરમાં અહીં ટ્રાન્સફર કરાવીને પોતાના પુત્રને તે આપી દીધા. પણ હવે દીકરા-વહુ તેમની સાથે સરખો વર્તાવ કરતાં નથી. પોતાની પાસે કશું રાખ્યું નહિ, અને 'હવે ખાલી થઈ ગયાં, હવે ભારત પાછાં કેવી રીતે ફરાય? પાછા ફરવાના પ્રવાસનાં નાણાં પણ નથી', એમ એ ભાઈ વસવસો કરે છે. અમેરિકામાં વહુને પ્રસૂતિ આવે તે સમયે વહુને સારું સારું ખવડાવવા અને પછી થોડો સમય નાના બાળકને સાચવવા મમ્મી કે સાસુને (ને ઘણી વાર સાથે પિતા કે સસરાને) બોલાવવાની લગભગ પ્રણાલી થઈ પડી છે. ખરે સમયે વહુને રાહત રહે, ઘરમાં બધી સગવડ સચવાય અને બેબીસીટરનો ખર્ચ બચે. બા-બાપુજીને અમેરિકામાં થોડું જોવા-ફરવાનું મળે.

એક બીજા કિસ્સામાં દીકરાવહુએ પ્રસૂતિને નિમિત્તે પોતાનાં માબાપને અમેરિકા બોલાવ્યાં. માબાપ એવું કંઈક સમજેલાં કે દીકરોવહુએ તેઓને હંમેશને માટે અમેરિકા બોલાવી લીધાં છે. પણ થોડા સમય પછી દીકરોવહુ એક રજાને દિવસે માબાપને ઉમળકો બતાવીને વિરાટ ડિપાર્ટમેન્ટલ સ્ટોર્સ જોવા લઈ ગયાં. પછી ત્યાં જ રાહ જોતાં મૂકીને સ્ટોરની ગિરદીમાં ક્યાંય ગરકી ગયાં, તે ગયાં! ડોસા-ડોસીના ખિસ્સામાં ન મળે ઘરનું સરનામું, ન ટેલિફોન નંબર, ન ડૉલર. વળી, તેઓ સાવ અભણ. અમેરિકાની કઠોર ભૌતિકવાદી સંસ્કૃતિનો રંગ યુવાન દીકરા-વહુને આંજી ગયો હતો, કે તેનો કાળો ડાઘ લાગી ગયો હતો? તે પ્રશ્ન કરતાં વધારે હૃદયદ્રાવક તો આવા કિસ્સાઓ છે.

પણ સમગ્ર ચિત્ર એટલું કરુણ નથી. સીનિઅર સિટીઝન અહીં આવીને પૂરા વિશ્વાસથી અહીંની સિસ્ટમમાં અનુકૂલન સાધી શક્યાં હોય કે પોતાનાં સંતાનો સાથે રહેવા સાથે પોતાની સ્વાયત્ત ભૂમિકા આકારી શક્યાં હોય, તેવાં દૃષ્ટાંતો પણ છે. ઘણા વડીલોનું એમનાં સંતાનો બરાબર ધ્યાન આપે છે, તેમની મહત્ત્વની જરૂરિયાતોને તરત પૂરી કરે છે અને તેમનું સ્વાભાવિક હોય તે રીતે માન સાચવે છે. બીજા કેટલાક તો પોતાનું તો બધું ફોડી લે છે, પણ અહીં આવીને, સિસ્ટમને બરાબર સમજી લઈને, તેનો લાભ પોતાના બીજા સમવયસ્ક જૈફ આગંતુકોને કેવી રીતે મળે તે માટે પણ કર્મશીલ રહે છે.

નવનીતભાઈ પટેલ મોટી વયે પોતાના પુત્ર રોહિતને ત્યાં આવ્યા. અંગ્રેજી જાણે નહિ. પણ તેઓ સિલીકોન વેલિની આલામેડન લાઈબ્રેરીમાં ગયા. ત્યાંથી માહિતી મેળવી. ત્યાં મોટી વયનાં લોકો માટે અંગ્રેજી શીખવાના કલાસ ચાલતા હતા તેમાં જોડાયા. હવે તેઓ વ્યવહારમાં જરૂરી હોય એટલી અંગ્રેજી ભાષા પર કાબૂ મેળવી લીધો છે. લાઈબ્રેરીમાં અંગ્રેજી છાપાં વાંચે છે. જાતે બસ લઈને ફરવા નીકળી પડે. નોંધપાત્ર બિના તો એ છે કે નવનીતભાઈએ તદ્દન સામાન્ય શાળા-શિક્ષણ લીધું હતું. આજે તેઓ અહીં લગભગ સ્વતંત્ર રીતે પોતાનું રોજિંદું જીવન ટૂંકા સમયમાં ગોઠવી શક્યા છે. પુત્ર-પુત્રવધૂઓને પોતાના બોજથી મુક્ત રાખ્યાં છે. બીજા પ્રભાકરભાઈ સેન હોઝે લાઈબ્રેરીની મોબાઈલ સેવાનો પૂરો ઉપયોગ કરે છે. તેવું જ ગાંધીનગરથી આવેલા અનિલભાઈ બુચનું છે. બંને આ લાઈબ્રેરીમાં નવાં અંગ્રેજી તેમજ ગુજરાતી પુસ્તકો વસાવાય તેનાં સૂચનો પણ આ લાઈબ્રેરીમાં કરતા રહે છે.

પ્રવીણ પટેલ એમનાં પત્ની સાથે મોટી વયે અમદાવાદથી અહીં રહેવા આવ્યા ત્યારે ત્યાં નેચર ક્યોર થેરપિની પ્રૅક્ટિસ કરતા હતા. અહીં આવીને પોતાના પુત્ર સાથે બધે મોટરમાં ફર્યા. પણ આથી કાંઈ ફ્રીમોન્ટની ભૂગોળ, રસ્તા, સ્થળોએ એકલા જાતે ફરી શકવાનો ખ્યાલ નહિ આવ્યો. એટલે પછી, જાતે જ સિટી બસમાં ફરવાનું શરૂ કર્યું. એમ સાચા બસ નંબર કે સ્ટૅન્ડ પસંદ કરવામાં ભૂલ થતી, તો થોડાં ચક્કર

પણ ખાવાં પડતાં. પણ પછી શહેરના બધા માર્ગોનો ખ્યાલ આવી ગયો. સીનિઅર સિટીઝન્સના કેલિફોર્નીઆ રાજ્યના અને દેશના (ફેડરલ) કાયદાઓ પ્રમાણે શું હકો છે, તેમને કેવી વૈદકીય, નાણાંકીય અને બીજી સુવિધાઓ મળે છે, તેનો અભ્યાસ કર્યો. આજે તેઓ અહીં નવા આવેલા ભારતીય ગ્રીન કાર્ડધારકો અને બીજાઓને સીનિઅર સિટીઝન્સ માટે મેડિકલ આઇડેન્ટિટી કાર્ડ, રાહત દરે બસ-રેલવેની ટિકિટો, જનરલ એસિસ્ટન્સ અને એસ.એસ.આઈ. વગેરે કેવી રીતે મેળવવા. તેનું માર્ગદર્શન આપે છે. શરીરના દુખાવાના દર્દીઓને (જેમાં ભારતીયેતર લોકો પણ છે) ટ્રીટમેન્ટ આપે છે. ૭૦મે વર્ષે રાત્ર જૉબ કરે છે. તેમને પૈસાની જરૂર છે એટલા માટે નહિ, પણ પોતે વ્યસ્ત રહે (એમના શબ્દોમાં ઑક્યુપાઈડ રહે) તે માટે! બીજા જૈફોને પણ આવી રીતે ક્યાં આવક મેળવી આપતું કામ મળી શકે, તેની માહિતી આપે છે. પોતાની આવકમાંથી ૧૦ થી ૧૫ ટકા કોઈ સારા કામ માટે ફાળવે છે.

તેઓ અમદાવાદમાં કુદરતી ઉપચાર કેન્દ્ર ચલાવતા હતા. નેચરોપથીમાં દઢ આસ્થા ધરાવીને હેલ્થફૂડ સ્ટોર્સમાંથી ઘઉં, બીજા અનાજના આટા, ઑર્ગેનિક ખેતીનાં શાક વગેરે ઘેર જાતે બનાવીને ખાય છે. તેમના મોટા ભાગના દર્દીઓ બિનભારતીયો છે. અમેરિકન જૈફોની ટ્રીટમેન્ટ કરતાં પ્રવીણભાઈએ ઘણા પાસે માંસાહાર છોડાવ્યો છે. વળી, હાડકાના સાંધાના દુખાવા અને વૃદ્ધાવસ્થાના રોગોની ટ્રીટમેન્ટ આપતી વખતે શરીરની તકલીફ દૂર કરવા માટે આવી તકલીફો પાછળ એક કારણ તરીકે માંસાહારને ગણાવીને, તેમણે ઘણાં અમેરિકનો પાસે માંસાહાર છોડાવ્યો છે.

હરિકૃષ્ણ મજમુદાર અને એમનાં પત્ની પાલો આલ્ટો જેવા પૉશ વિસ્તારમાં એમનાં પુત્રી-જમાઈના ઘરની નજીક રહે છે. ખાવાપીવા, બહાર જવા માટે તદ્દન સ્વતંત્ર રીતે આત્મનિર્ભર છે. જૈફોને એમના કાનૂની કે સોશ્યલ સિક્યોરિટી ને બીજા હકો બાબત માર્ગદર્શન આપે છે. એમનાં પુત્રી માત્રાબહેન જૈફો વગેરે માટે ઇન્ડિયન કમ્યૂનિટી કલ્ચરલ સેન્ટરના અગ્રણી કાર્યવાહક છે, ત્યાં પણ સક્રિય છે. અને સિલીકોન વેલિમાં બીજા જૈફ કર્મશીલો સાથે મળીને જૈફો માટે વધુ સુવિધા રાજ્ય પાસેથી મળે તે માટે આગળ પડતું કામ કરે છે. એમની પ્રવૃત્તિઓની 'ઇન્ડિયા વેસ્ટ' જેવું ભારતીય સમાચારપત્ર પણ નોંધ લે છે. તેઓ પોતને ભારતના અને અહીંના ભારતીયોને સ્પર્શતા મુદ્દાઓ પર આવાં સમાચારપત્રોમાં ચર્ચાપત્ર લખતા રહે છે.

ગુજરાત હાઈ કોર્ટના નિવૃત્ત જજ સુરેશભાઈ શાહ અહીં આવ્યા. સાન્તા ક્લેરાના ઇન્ડિયન કમ્યૂનિટી કલ્ચરલ સેન્ટરમાં તરત સક્રિય બન્યા. જાતે બસ રૂટોનો કેવી રીતે ઉપયોગ કરવો, સીનિઅર સિટીઝન્સને મળતી સહાય, આઈ.ડી. મેળવવો આ બધું તેમના જેવા કાયદા-બંધારણીય નિષ્ણાતને અહીંના કાયદાને સમજીને સમજવું ને મેળવવું, એ મુશ્કેલ નહોતું,



અમેરિકામાં સાન્તા ક્લેરામાં ઇન્ડો-અમેરિકન કલ્ચરલ સર્વિસ સેન્ટરમાં 'ક્રિએટિવ રાઈટિંગ' પરની દર અઠવાડિયે યોજાતી બેઠકમાં પોતાનું લખાણ વાંચી રહેલાં એક નિવૃત્ત મહિલા

એટલું જ નહિ, પણ અહીં બીજા સમવયસ્કોને આવા કાયદાનો ખ્યાલ આપીને, તેવી સુવિધાઓ પ્રાપ્ત કરવામાં પણ તેઓ સહાયરૂપ થાય છે. આ સેન્ટરની કાર્યવાહક સમિતિના તેઓ સભ્ય છે તથા સિલીકોન વેલિના હાઇટેક કૉર્પોરેશનના સલાહકાર તરીકે પણ સેવા આપે છે. તેમનાં પત્ની હંસાબહેન સાથે તેઓ ભારતીયો માટેના કાર્યક્રમોમાં ભાગ લે છે. ત્રણેય પુત્રો અને એક પુત્રી બધાં સંતાનો અમેરિકામાં છે. બધાંને ત્યાં સમયાન્તરે રહે છે. જેમને ત્યાં પ્રસંગ હોય ત્યારે ખાસ તેમને ત્યાં રહેવાનું ગોઠવે છે. બધાં સંતાનો અને પુત્રવધૂઓ બંનેનું માન સાચવે છે, તે જોઈ શકાય તેમ છે.

પટેલો, પંજાબીઓ અને કેટલાક દક્ષિણ ભારતીય વર્તુળોમાં તો વડીલોનું માન ખૂબ સચવાય છે. એક સત્ય ઘટના જોઈએ. એક પટેલ કુટુંબના વડીલ માંદા પડતા તેમને એક હૉસ્પિટલમાં રાખવામાં આવ્યા. તેમના હૉસ્પિટલ-પ્રવેશથી માંડીને તેઓને ત્યાં સારવાર માટે રહેવું પડ્યું ત્યારે સગાંસંબંધીઓનું ટોળું નિયમિત તેમને મળવા આવતું. કેટલાંકે પોતપોતાનાં નોકરી-ધંધામાં રજા લેવા વગેરે બાબત એડજસ્ટ કરી લીધું. વડીલને હૉસ્પિટલમાં ખાવા-પીવાની રજા મળી, એટલે ડૉક્ટરે નિયત કરી આપેલ ખાવાની વાનગીઓ અને ચા-જ્યૂસ લઈને સગાં હાજર રહેતાં એટલું જ નહિ, પણ 'કાકા, આટલું તો ખાવું જ જોઈએ, તો જ શક્તિ આવે ને!' એમ આગ્રહ પણ કરતા.

એમની સાથે જ એક જૈફ અમેરિકન પણ બીમારીની સારવાર એ જ રૂમમાં લેતા હતા. એકલા ને કોઈ મુલાકાતી વિનાના દિવસો કાઢતા. નર્સ સરસ સારવાર કરે, પણ આત્મીયતાથી તેમને મળવા આવે, તેમની તબિયતની પૃચ્છા કરે તેવું કોઈ આવે નહિ - એમણે પેલા પટેલ દર્દીના સગાંને કહ્યું તેમ તેમનો પુત્ર અને વહુ પણ નહિ! બધાં 'બિઝી'! હા, ફૂલનો ગુચ્છો મોકલીને કે ફોન દ્વારા 'ડેડ, કેમ છો?' પૂછતાં. પછી તો, પટેલ વડીલને માટે આવતાં ખાખરા, રાબ, મસાલાની

ચા એ બધાંમાંથી પેલા ગુજરાતી મુલાકાતીઓ આ ગોરા દર્દી રૂમસાથીને આપતા. વૃદ્ધો વિશેની ભારતીય પ્રણાલી આંશિક રીતે પણ અમેરિકામાં જોવા મળે છે તેથી અમેરિકન દર્દીને લાગ્યું કે આવી પણ કુટુંબકેન્દ્રી સંસ્કૃતિ હોઈ શકે છે. આ લેખકને પણ અમેરિકામાં ૧૯૯૮માં આંતરડાની સર્જરી પછી ૧૩ દિવસ પર્યન્ત એક ખાનગી હૉસ્પિટલમાં સારવાર લેવાનું થયું ત્યારે એક એક દિવસ માટે એક એવા બે ગોરા દર્દીઓ એમના રૂમમાં હતા ત્યારે મારી પાસે કોઈ ને કોઈ એકથી વધુ સંબંધી હોય. હૉસ્પિટલમાં રાત્રે એક વ્યક્તિને રહેવા માટે પરવાનગી મેળવતાં મુશ્કેલી પડી નહિ. જ્યારે ગોરા દર્દીઓ કરાંજતા પાસે સૂઈ રહેતા. બીજો દર્દી બીજે દિવસે ઘેર જવાનો હતો ત્યારે તેનાં પત્ની તેમને લેવા આવ્યાં હતાં. અમે પેસિફિક મહાસાગરમાં આવેલા હવાઈ મહાસાગરના ક્વાય ટાપુના એક વાઈમીઆ કેન્યોન પોઈન્ટ જોવા ગયાં. ત્યાં પોતપોતાની કારમાં યા તો ટૂરિસ્ટ કોચોમાં ઘણા વૃદ્ધ પ્રવાસીઓ આવ્યા હતા. તેમને રાજ્ય તરફથી વૃદ્ધોને મળતી રાહત પ્રવાસ સેવાનો લાભ મળે છે, તેથી તેઓ સમૂહમાં પૅકેજ ટૂરમાં બધાં પ્રવાસધામોમાં જોવા મળે છે. હું અને મારાં પત્ની અમારાં પુત્ર, પુત્રવધૂ અને નાના પૌત્ર સાથે એક સ્થાન પર થોડો સમય બેઠાં હતાં. તે દરમિયાન કોડીબંધ પસાર થયેલ ગોરા, જપાનીઝ અને ચીના વૃદ્ધોમાં ઘણાં પતિપત્ની સાથે હતાં. કુલ ત્રણ કુટુંબોમાં યુવાનો પોતાનાં માબાપને લઈને આવ્યાં હતાં. તેમાં અમારી સહિત બે ભારતીય કુટુંબો હતાં. માત્ર એક ગોરું કુટુંબ હતું. એક ગોરી યુવતી તેનાં વૃદ્ધ માબાપ સાથે લાવી હતી.

મૂળ ભાવનગરના અને ભૂતપૂર્વ ન્યાયાધીશ સ્વ. બાલાશંકર ત્રિવેદી સ્ટેન્ફર્ડ યુનિવર્સિટી પાસે પાલો આલ્ટોમાં એમના પત્ની શાંતિલાબહેન સાથે રહેતા હતા. એમણે ભારતમાં આઝાદીના આંદોલનમાં સાથે ભાગ પણ લીધો હતો. અમેરિકામાં આવ્યાં પછી શરૂઆતમાં તેઓ પોતાની એ જ શહેરમાં રહેતી પુત્રી મીરાં સાથે રહેતાં હતાં. તેમની બીજી પુત્રી ટેક્સાસમાં રહેતી હતી. પણ આ દંપતી વૃદ્ધ વયે પણ પાલો આલ્ટોના વૃદ્ધાશ્રમમાં રહેવા ગયું. મૂળ ભાવનગરના અને ૧૦ વર્ષ અમેરિકામાં પત્રકાર તરીકે રહેનાર બટુક વોરાએ ૧૯૮૯-૯૦માં એમના એક રૂમના નિવાસમાં મળ્યા. બટુકભાઈએ તેમને પૂછેલા પ્રશ્નના ઉત્તરમાં જે કહ્યું, તે તેમણે 'ઇન્ડિયા અબ્રોડ' (ન્યૂ યૉર્ક)માં નોંધ્યું હતું. બાલાશંકરભાઈએ કહ્યું : 'અમે પુત્રીઓને ત્યાં ખૂબ રહ્યાં અને સુખસાહ્યબીમાં લેશમાત્ર ઊણપ ન હતી. પણ અમેરિકામાં રહીએ છીએ. વધુ ડહાપણ અહીં આ ઉંમરે વૃદ્ધાશ્રમમાં જુદાં રહેવામાં છે.' તેમણે સૂચક રીતે ઉમેર્યું : 'હું તો માનું છું કે ભારતથી જે જે વૃદ્ધ માબાપ પુત્રો-પુત્રીઓને ત્યાં રહેવા આવે છે તેઓ સાચા અર્થમાં પુત્રોની સાથે સ્વતંત્ર રીતે રહી શકતાં નથી. તેમણે અમારી જેમ અમેરિકન પદ્ધતિ જ અપનાવવી જોઈએ.'

પ્રવીણભાઈ પટેલને સામાજિક કાર્યકર હોવાને નાતે ઘણા કિસ્સાઓ નજીકથી જોવા મળ્યા છે. એક બાપના અહીં બે પુત્રો અને એક પુત્રી રહે છે. દરેકે એમને પોતાને ત્યાં બરાબર ચાર માસ રહે તેવું નક્કી કર્યું છે. એક સંતાનને ત્યાં રહેતાં બાપને ચાર માસ પૂરા થવા આવ્યા હોય તેના એકાદ અઠવાડિયા પહેલાં જ યુવાન પુત્ર-પુત્રવધૂ એમના બાળકને, પોતાના બાપ સાંભળે તે રીતે કહેવા માંડે : 'હવે તો પપ્પાજી નાનાકાકાને ત્યાં રહેવા જવાના છે!' આવી વ્યવસ્થા ઓછેવત્તે અંશે ઘણા કિસ્સાઓમાં જોવા મળે છે - જો કે આવી ભદ્દી રીતે નહિ. પ્રવીણભાઈ કહે છે : પત્ની કમાય છે, તેથી ફાંકો આવી જાય છે. કેટલીક વાર પત્ની પતિ કરતાં વધુ કમાતી હોય છે. ભારત કરતાં અહીં વ્યવસાયના પગાર-આવકનું ધોરણ જુદું હોય છે, તેથી અમુક લાઈનના એન્જિનીઅર કરતાં તેની પત્ની પૅરા-મેડિકલ લાઈનની ગ્રેડ્યુએટ હોય ત્યારે આવું વિશેષ બને છે. ઊર્મિલાબહેન નામના બહેનને એમના છોકરા-વહુ સાથે નથી ફાવતું. તેમને મહિને છસો ડૉલર મળે છે. તેમાંથી ૨૨૫ ઘરભાડું સરકારી લો-ઇન્કમગ્રૂપ હાઉસિંગમાં રહીને ચૂકવવાનું પસંદ કરે છે.

બીજી બાજુ એવાં સંતાનો પણ છે, જેઓ પોતાનાં માબાપ પોતાને ત્યાં વધુ રહે તે માટે સાચી ભાવના રાખે છે. પોતાના ભાઈને ત્યાં તેઓ વધુ સમય રહે, તો એક પ્રકારનો મીઠો કજિયો કરતાં હોય છે, તો પહેલો ભાઈ મમ્મી-પપ્પા પોતાને ત્યાં હજુ થોડું વધારે રહે, તેવું ઇચ્છતો હોય છે. બંનેની પત્નીઓ પણ આવું ઇચ્છતી હોય છે અને સાસુ-સસરાની કાળજી રાખતી હોય છે અને તેમનો આદર કરે છે. માબાપને એમની થોડીઘણી આવક ડૉલરમાં થાય તેમાંથી કે સારી એવી બચત રકમમાંથી એક ડૉલર પણ ખર્ચવા દેતાં નથી. પણ પુત્રો કે પુત્રવધૂઓ મમ્મી-પપ્પાને જોઈતી ચિજો તેમને સ્ટોરમૉલમાં લઈ જઈને એમની પસંદગી પૂછીને અપાવે છે.


પહેલાં માબાપ ભારતમાં રહેતાં હતાં. અમુક સીઝનમાં મમ્મીની તબિયત સારી રહેતી નહોતી. તો બંને પુત્રો અને પુત્રવધૂઓ અમેરિકાથી સાહજિક રીતે ફોન કરીને અમેરિકા આવી જવા કહેતાં. ને મમ્મી ઘણી વાર એમ કરતી પણ ખરી. એક પુત્રે તો કહ્યું હતું કે, 'મમ્મી, તને મહિનોએક સમય પણ મન થાય તો અહીં આવી જજે.' આ માબાપને પોતાનાં પૌત્ર-પૌત્રીને રમાડવાં, કેળવવાં ખૂબ ગમે. અને બાળકોને પણ પોતાના દાદા-દાદીની એવી જ માયા. પૌત્ર-પૌત્રીઓ ગ્રાન્ડમાગ્રાન્ડપા પાસે હોંશથી વાર્તા સાંભળે. પુત્ર-પૌત્રીનું ગુજરાતી પણ, એમની સાથે સતત વાતચીત થાય અને વાર્તા કહેવાય, તેથી ઘણું સરસ થયું છે. પૌત્રી ચારેક

(અનુસંધાન પૃ.૫૬૩)

અનપેક્ષિત લ્હાસા

સંમુખ સાગરમઠ-૫

પ્રીતિ સેનગુપ્તા



તિબેટના જે હિસ્સામાં પ્રવાસ થવાનો હતો એનો ચોખ્ખો સરસ નકશો મારી પાસે હતો. તરત એ ખોલીને હું જોવા મંડી ગઈ હતી. ગૉન્ગાર નામની જગ્યાની નજીકમાં વિમાનમથક હતું. એની ઊંચાઈ ૩,૫૪૦ મીટર હતી. દુનિયાનું ઊંચામાં ઊંચું હવાઈમથક એ નથી - પણ બોલિવિયાના લા પાઝ શહેરની બહાર આવેલું મથક છે. છતાં, તિબેટનો હવાઈઅડ્ડો બહુ પાછળ તો નહોતો જ.

જો કે તિબેટના એ પ્રવાસમાં સૌથી નીચું સ્થાન એ મથક હતું - સિવાય કે છેલ્લો દિવસ જ્યારે પહાડો ઊતરી અમે સરહદ વળોટી ગયાં. મથકની બહાર અમે નીકળ્યાં કે એનાથી ઊંચે જતાં ગયાં. આ જ છે તિબેટની અસાધારણ વિશેષતા, જ્યાં સાડા ત્રણ હજાર મિટરની ઊંચાઈ ઓછી ગણાય છે. તિબેટનો લગભગ સમગ્ર પ્રદેશ આનાથી ઊંચો છે. જાણે અધ્ધરપધ્ધર ના હોય! આકાશની ઘણી પાસે હોવાની અનુભૂતિ મને થયા કરી.

આડે પટે જતા તિબેટના મહામાર્ગ પર અમારી બસ જવા માંડેલી. સાથે મહાનદ યાર્લુન્ગ ત્સાન્ગપો હતી. થોડાં ઘર ને ખેતર પસાર થયા પછી મોટું લાગે એવું એક ગામ આવેલું. ઘરોની દીવાલો સાવ અડીઅડીને હતી. ખૂબ જ સ્વચ્છ અને વ્યવસ્થિત. વળી, ફૂલનાં કુંડાંનો પાર નહોતો. પછી મેં જોયેલું કે જે ટૂંકો ગ્રીષ્મકાળ એમને મળતો હતો તેને તિબેટીઓ સહેજે વેડફતા નહોતા. એ અનામી ગામમાં પહેલી વાર ફૂલોની શોભા માટેના એમના શોખનો ખ્યાલ મળેલ.


ક્ષણોમાં એ ગામ પસાર થઈ ગયું, ને તરત પછી કાંઈ જ નહીં. ફક્ત ધૂળ ને ઢેફાં. ખુલ્લો ખુલ્લો ખાલી ખાલી પરિસર. જરા આગળ જતાં બ્રહ્મપુત્રનો રુવાબ તો જોવા જેવો બનતો હતો. પહોળા પટમાં નીલ-રૂપેરી જળ હતાં, અને કિનારે લીલોતરી ઊગવા પામી હતી. રસ્તો ત્યાંથી ફંટાતો હતો. નદીને વળોટીને બીજી દિશામાં અમારે જવાનું હતું. એ પહેલાં એવું અસાધારણ કશુંક જોયું કે જલદીથી બસ ઊભી રખાવી.

પટની પેલી તરફ સીધી, ઊંચી, ઊભી, કાળા ગંજાવર પાષાણની ભેખડ હતી, પાણીને અડોઅડ. એના પર કરુણામય બુદ્ધનું અત્યંત મોટું ચિત્ર કરેલું હતું. રસ્તાની કોરે નાની દેરીઓ બનાવવાની પ્રથા ઘણા ધર્મપંથોમાં જોવા મળે છે, અને આ પાષાણ-ચિત્ર પણ પ્રજાની ધર્મભાવના જ દર્શાવતું હતું. પણ એ કર્યું કોણે? ને કઈ રીતે? એ લપસણી મહાશિલા પર ચડ્યા હશે કે ઉપરથી લટક્યા હશે? પણ કઈ રીતે? ને પછી આટલું મોટુંમસ વ્યક્તિચિત્ર ચીતર્યું, તે કઈ રીતે?

સાવ આભાં બની અમે એ જોયું, એના ફોટા લીધા, અજાણ્યા ચિત્રકારોને નવાજ્યા, અને તાજ્જુબીમાં માથું હલાવતાં અમે પાછાં બસમાં ચડ્યાં.

રસ્તો જ્યાં ફંટાતો હતો ત્યાં બે પુલ હતા. એક નાનકડો હતો, ચાલીને જનારાં માટે. બીજો વાહનો માટે હતો. વાહનો ક્યાં બહુ હતાં જ, અને એ સમયે રાહદારી પણ કોઈ દેખાતાં ન હતાં. પુલ ૩,૬૦૦ મીટરની ઊંચાઈ પર હતો - એટલું નોંધ્યા વગર મારાથી રહેવાયું નહીં!

હવે રસ્તાની સાથે નાના ઝરણા જેવી કિય ચુ-એટલેકે લ્હાસા નદી આવતી હતી. મેં નકશામાં એને શોધી, તો એ હતી સારી એવી લાંબી. દૂરના કોઈ પહાડમાંથી નીકળી કેટલીયે ખીણોમાં થતી થતી એ યાર્લુન્ગ ત્સાન્ગપોમાં સમર્પિત થઈ જતી હતી. એનો સાથ અમને હજી પાંસઠ કિ.મી. સુધી મળવાનો હતો. ત્રણ-ચાર માળનાં સાવ સાધારણ, બેરંગાં-ગંદાં મકાનો



બ્લેક પૉપ્લર



તિબેટનાં ઊંચાં મેદાનોમાં થઈને વહેતી બ્રહ્મપુત્ર નદીનો સ્તબ્ધ પરિસર



તિબેટમાંની બ્રહ્મપુત્ર નદીને કિનારે ખૂબ ઊંચી શિલા પર કરાયેલાં બુદ્ધ, તારા, બ્રહ્મા વગેરેનાં સુંદર ચિત્ર

આવવા માંડ્યાં, એટલે સમજાઈ ગયું કે શહેર નજીક હતું. ધૂળિયો, ભૂખરો કુદરતી પરિસર સાદો હતો, પણ સરસ હતો. શહેર આવતાં જ બધું અનાકર્ષક બની ગયું હતું. બધું દેખાવે ચીની પણ બની ગયેલું હતું. વસ્તી ને વાહનો સાવ ઓછાં હતાં, તે જ એક ફેર.

બહુ સૈકાઓ પહેલાં મધ્ય-તિબેટના 'ઉ' નામના પરગણામાં એક તળાવને કિનારે 'રાસા' કહેવાતું એક ગામ વસ્યું હતું. સાતમી સદીમાં રાજા સૉન્ગ્ત્સેન ગામ્પોએ એને પાટનગર ગણ્યું અને સુકાતા જતા તળાવને ભરી દઈને એ જગ્યાએ જોખાન્ગ બૌદ્ધ મંદિર બંધાવ્યું. રાજાએ ગામનું નામ 'લ્હાસા' કર્યું. એનો અર્થ થાય છે 'દેવોની ભૂમિ', કારણ કે જાણે ધર્મની અતિ-દઢતાને લીધે દેવોનાં ઉચ્ચ આસન ધરતી પર ના આવ્યાં હોય.

રાજાની નેપાલી રાણીને તિબેટનો પ્રદેશ રાક્ષસીના શરીર જેવો જણાતો હતો. બૌદ્ધ સંસ્કૃતિને વિકસાવવા માટે એ દાનવી દેહને પાશમાં લેવો જ પડે, એમ રાણી ભ્રિકુતિનું માનવું હતું. આથી રાજાએ તેર બૌદ્ધ મંદિર દેહનાં મુખ્ય અવયવોની જગ્યાએ બાંધવાનો હુકમ કર્યો. લ્હાસા એ દાનવીના છાતીના ભાગ પર વસ્યું, અને જોખાન્ગ મંદિર ત્યાં બંધાયું જ્યાં રાણીના ખ્યાલ પ્રમાણે એનું હૃદય હતું.

પછીની સદીઓમાં તિબેટી રાજયકર્તાઓમાં અંદરોઅંદર અને મોન્ગોલ સૈન્યો સાથે ઘણાં યુદ્ધો થયાં અને અંધાધૂંધી ફેલાયેલી રહી. પણ એ દરમિયાન લ્હાસા ધાર્મિક કેન્દ્ર તરીકે ફૂલતુંફાલતું ગયું. મોટા મોટા બૌદ્ધવિહાર સ્થાપાય, જેની અંદર, ૧૯૫૦ના અરસામાં કુલ વીસેક હજાર લામાઓ રહેતા હતા. અભ્યાસ કરતા હતા, ઉપદેશ આપતા હતા. વિદ્યાર્થી ભિખ્ખુઓની સંખ્યા પણ હજારોમાં હતી તે સમયે. આ પછીનાં થોડાં જ વર્ષોમાં ચીની રાજયસત્તાએ અસંખ્ય બૌદ્ધ ચિહ્નો અને પ્રાચીન વસ્તુઓનો નાશ કર્યો, ને કેટલાયે ઐતિહાસિક વિભાગો જમીનદોસ્ત કર્યા.

એક જમાનામાં લ્હાસા દુનિયાનું અઘરામાં અઘરું ગંતવ્યસ્થાન હતું. ૧૮મી અને ૧૯મી સદીઓમાં એ નિષિદ્ધ નગર ગણાતું. એકલદોકલ સાહસી પશ્ચિમી પ્રવાસી ઘણા જોખમે ને કષ્ટે ત્યાં જઈ ચડતા, ને ધીરે ધીરે પછી એમણે કરેલાં વર્ણન અને નીરિક્ષણ બહારના જગત સુધી પહોંચતાં. આજે પણ લ્હાસા પર અચરજ અને રહસ્યનું આવરણ તો રહેલું જ છે, પણ ક્યાં છે પેલું ધર્મસમૃદ્ધ, મુક્તસહજ, હરિતક્ષેત્રમંડિત લ્હાસા?

શહેરની પાસે પહોંચતાં અમે જોયું કે ચારે બાજુ બધે પોપ્લરનાં ખૂબ વૃક્ષ હતાં. માઈલોનાં સૂકા, વનસ્પતિવિહીન વિસ્તાર પછી ઊંચા, પાતળાં, હરિયાળાં આ વૃક્ષો નવાઈ પમાડતાં હતાં. નજીકમાંથી કિય ચુ વહે છે, એનો આ ઉપકાર હશે. અચાનક પરિસર સ્વાભાવિક લીલો લાગતો હતો. એ પછી ચોતરફ ઊંચા, સૂકા, ખાખી પર્વતોની મંડલા હતી. ૩,૬૬૦ મીટર ઊંચે વસેલું એક વિશિષ્ટ શહેર હતું, એ નક્કી.

એના પશ્ચિમ તરફના છેડા પર અમારી હોટેલ હતી. સરસ હતી, ને સુવિધાપ્રદ હતી. અમેરિકી કે પશ્ચિમી કંપનીએ બાંધેલી, "" બહુ વર્ષો તિબેટમાં એ લોકો ટકી ના શક્યા. હોટેલની વ્યવસ્થા પરદેશમાંની ચીની કંપનીએ લઈ લીધેલી. સામાન મૂકી ટેવ પ્રમાણે હું બહાર નીકળી પડી. પૈસા છૂટા કરવા બેન્ક શોધવી હતી, અને ભૂખ લાગેલી એટલે રેસ્તુરાં પણ શોધવાની હતી.

બાજુમાંથી જ શહેરનો મુખ્ય રસ્તો જતો હતો. મિનિ બસોની થોડી અવરજવર હતી - સ્થાનિક લોકો માટે. બાકી ખાસ કાંઈ નહીં. રેસ્તુરાં તો લાઈનસર હતી. બે-ત્રણમાં ડોકિયાં કર્યાં, પણ લગભગ ગભરાઈને તરત હું બહાર નીકળી ગઈ. ખ્યાલ આવી ગયો કે આહારગૃહના ઓઠા નીચે એમાંની ઘણી ખરેખર તો વેશ્યાગૃહ તરીકે વપરાતી હતી. મુખ્ય બારણામાંથી જેવાં અંદર જાઓ કે આગલા નાના હોલમાં મૂકેલા સોફા પર ચાર, પાંચ, છ છોકરીઓ બેઠી હોય. અંદરના

(અનુસંધાન પૃ.૫૧૭)

પ્રખર તત્ત્વજ્ઞાનીનો માનવીય અભિગમ

ધનુભાઈ મહેતા

પ્લેટોએ વર્ણવેલાં પ્રખર તત્ત્વજ્ઞાનીનાં બધાં જ લક્ષણો આપણા બીજા માજી રાષ્ટ્રપ્રમુખ સ્વ. સર્વપલ્લી રાધાકૃષ્ણનમાં હતાં. બધા જ પ્રકારના લોકો સાથેનો તેમનો અભિગમ કેવો માનવીય હતો તેના કેટલાક પ્રસંગો માજી ચીફ જસ્ટિસ સ્વ. એમ.સી. ચાગલાએ તેમની આત્મકથા 'Roses in December'માં આલેખ્યાં છે. તેઓ ઈંગ્લંડમાં હાઈકમિશનરના હોદ્દા પર લંડનમાં હતા ત્યારનો તેમના જીવનનો એક અવિસ્મરણીય પ્રસંગે તે સ્વ. રાધાક્રિશ્નની લંડનની મુલાકાત.

બ્રિટિશ રાષ્ટ્રકુળ (commonwealth)ના સભ્ય એવા એક ગણતંત્ર દેશના વડા લંડનની મુલાકાતે આવતા હોય તેવો આ પ્રથમ જ અવસર હતો. આ એક અનોખો અને અજોડ પ્રસંગ હતો. રાધાકૃષ્ણન્ કોઈ પરદેશી રાષ્ટ્રના પ્રમુખ ન હતા. એટલે ઈંગ્લંડની મહારાણીની એવી ખાસ ઈચ્છા હતી કે આ મુલાકાત સમયે પરદેશી રાષ્ટ્રના વડાની મુલાકાત વખતે પાળવામાં આવતા શિષ્ટાચાર-રીતરિવાજને નેવે મૂકી દેવાં અને બ્રિટિશ રાષ્ટ્રકુળના વડા એવા મહારાણીની મુલાકાતે આવતા આપણા દેશના રાષ્ટ્રપ્રમુખના પ્રસંગને એક પારિવારિક અને આંતરિક ઘટના ગણવી. સ્વ. ચાગલા નોંધે છે કે આ માટે અમારે વિશિષ્ટ આયોજન કરવું પડ્યું અને તેની ઝીણામાં ઝીણી વિગતમાં મહારાણીએ જાતે અંગત રસ લીધો, કારણ કે ઑસ્ટ્રેલિયા, કેનેડા, પાકિસ્તાન કે શ્રીલંકા જેવા અન્ય બ્રિટિશ રાષ્ટ્રકુળના જ કોઈ દેશના વડાની ભાવિ મુલાકાતના પ્રસંગે આવું આયોજન પ્રણાલિકા બની રહે. ઈંગ્લંડના રાજવી કોઈ પણ અન્ય દેશના વડાનું સ્વાગત 'વિક્ટોરિયા સ્ટેશને' કરે તેવી પ્રણાલિકા હતી. પણ એ તો વિમાની સફર ન હતી એ દિવસોની વાત, કારણ કે ત્યારે તો રેલ વાટે જ લંડન પહોંચાતું. પણ રાષ્ટ્રપ્રમુખ રાધાકૃષ્ણન્ તો વિમાન વાટે આવી રહ્યા હતા અને રૂઢિચુસ્ત દેશના મહારાણી પ્રણાલિકાભંગ કરીને તેમનું સ્વાગત કરવા લંડનના વિમાની મથકે જઈ શકે નહિ. એટલે એવી ગોઠવણ કરવામાં આવી કે પ્રમુખ 'હીથ્રો' (Heathrow) હવાઈમથકે ઉતરાણ કરે અને રાજકુંવરી તથા સ્વ. ચાગલા રેલવાટે ત્યાં જઈને પ્રમુખનું સ્વાગત કરી રેલમાર્ગે જ પાછા તેમને 'વિક્ટોરિયા સ્ટેશને' લાવે કે જ્યાં મહારાણી અને રાજકુંવર ફિલિપ તેમનું ઔપચારિક સ્વાગત કરે. આ આયોજન પ્રમાણે 'વિક્ટોરિયા સ્ટેશને' જ રાણીએ રાધાકૃષ્ણનને સત્કાર્યા. સ્ટેશનના પ્લૅટફૉર્મ પર રાજ્યના ઉચ્ચ અધિકારીઓ પૂરા ઠાઠમાઠથી ભપકાબંધ રાણીની પાછળ હારબંધ ઊભા હતા. રાજાશાહી પોશાકમાં રાજકુંવર ફિલિપ રાણીની બાજુમાં ઊભા હતા. પ્લેટફૉર્મની જમણી પાંખે ૨૦૦ જેટલા ભારતીયોનું જૂથ પ્રમુખના આગમનની પ્રતીક્ષા કરતું ઊભું હતું. રેલગાડીના ડબ્બામાંથી હેઠા ઊતરીને પ્રમુખે રાણી તથા રાજકુંવર સાથે હસ્તધૂનન કર્યું. પછી રાણીએ પ્રમુખનો ઉચ્ચકક્ષાના અમલદારો અને અધિકારીઓ સાથેનો પરિચયવિધિ કરાવ્યો. પછીનો વિધિ એવો હતો કે રાણી અને પ્રમુખ સ્ટેશનના દરવાજા સુધી ચાલીને જાય, તેમની પાછળ રાજકુંવર અને હાઈકમિશનર ચાલે અને પછી સ્ટેશનના પ્લેટફૉર્મમાંથી બહાર નીકળી કાફલો 'બકિંગહામ પૅલેસ' તરફ મોટરમાં હંકારી જાય.

રાણી હજી તો દરવાજા તરફ વળવાને ડગલું ભરવા જતાં હતાં ત્યાં જ બધા સ્તબ્ધ થઈ જાય તેવી ઘટના ઘટી. રાણીને ઓચિંતા જ અધવચ્ચેથી છોડીને રાધાકૃષ્ણન્ તો સડસડાટ ભારતીય જૂથ ઊભું હતું તેની પાસે પહોંચી ગયા અને સસ્મિત 'નમસ્તે' કરી દેશબાંધવોનું અભિવાદન કર્યું. બધાં જ દ્વિધામાં પડીને ઘડીભર તો કિંકર્તવ્યમૂઢ બની ગયા. પ્રમુખ તો પૂરી સ્વસ્થતાથી વળી પાછા રાણી સાથે જોડાઈને દરવાજા તરફ ચાલ્યા. ઘડીભર બધા તેમના આ વર્તનથી કેવા બેબાકળા બની ગયા હતા તેનો તો તેમને અણસારમાત્ર પણ ન હતો. પછીથી કેટલાક અંગ્રેજો કે જેઓ ત્યાં હાજર હતા તેમણે સ્વ. ચાગલા પાસે નિખાલસભાવે કબૂલ કર્યું હતું કે અલબત્ત પ્રમુખે શિષ્ટાચારને બાજુએ મૂકીને અને રાણીને માઠું લાગશે તેની પરવા કર્યા સિવાય દેશવાસીઓનું સરળતા અને સહજતાથી અભિવાદન કરીને જે માનવીય અભિગમ દર્શાવ્યો હતો તેનાથી ત્યાં હાજર એવા બધા જ ભારે પ્રભાવિત થયા હતા.

આવો જ એક બીજો પ્રસંગ. રાણીએ ઉદ્‌ઘાટનવિધિ કર્યો હતો એવા એક પ્રદર્શનના સમારંભમાંથી રાધાકૃષ્ણન્ સ્વ. ચાગલા સાથે તેમના ઉતારે પાછા ફરી રહ્યા હતા. ઓચિંતાના જ તેમણે સ્વ. ચાગલાને કહ્યું કે તેઓ તેમના પ્રકાશક 'ઍલન

(અનુસંધાન પૃ. ૫૪૦)



સર્વપલ્લી રાધાકૃષ્ણન્



એમ.સી. ચાગલા

જ્યોતિર્ધર કનૈયાલાલ મુનશી (૨૫)

— જયન્તીલાલ મહેતા



ઈ.સ. ૧૯૫૦-૧૯૬૦ના એ ફળદાયી દાયકા દરમિયાન જ મુનશીની સર્જકતા તેમને પ્રિય એવા નવલકથા-ક્ષેત્રે પણ સક્રિય જ રહેલી. ઈ.સ. ૧૯૫૬માં તેમણે 'ભગ્નપાદુકા' નવલકથા પ્રસિદ્ધ કરી. તો ૧૯૫૭માં 'તપસ્વિની' ભાગ-૧-૨ અને ૧૯૫૮માં ભાગ-૩ પ્રસિદ્ધ કર્યો.

મુનશીના દિલમાં ગુજરાતની મહત્તાનો મહિમા જેમ સદાસર્વદા વસતો હતો તેમ જ એ મહત્તાનો મહાદીપ કેમ અને ક્યારે હોલવાયો તેની ગમગીની પણ તેમના હૈયાને સદા કોરી ખાતી હતી. 'ભગ્નપાદુકા' એ ગુજરાતની અસ્મિતાની મશાલના મરણગાનની દુઃખદાયક હૃદયવિદારક કથા છે. ઈ.સ. ૧૨૦૦માં ગુજરાતના પ્રતાપી રાજવંશ સોલંકીકુળના અંતિમ રાજા કર્ણદેવ (કરણ ઘેલો)ની પડતી અને ગુજરાતની વિષમ અવદશાની આ ટ્રેજડિ જો નાટ્યરૂપે રચાઈ હોત તો કોઈ સબળ ગ્રીક ટ્રેજડિ સમકક્ષ બની જાત. ફરી એકવાર ભગવાન સોમનાથની મૂર્તિ ભાંગવા દિલ્હીના સુલતાન અલાઉદ્દીન ખીલજીના સાગરીતોને માધવ પ્રભાસપાટણ લઈ જાય છે. ત્યારે પણ 'જય સોમનાથ'ના ભીમદેવકાળના ગંગ સર્વજ્ઞની પેઠે જ મુસ્લીમ આતતાયીઓથી ભગવાનના લિંગને બચાવવા એક સાચકલા બ્રાહ્મણ બાડા મહારાજ જ જવાંમર્દી દેખાડે છે. હિંદુઓ કુસંપથી કાયર બની સર્વાંગે સડી ગયા છે, એટલે ધર્મઝનૂની નિર્દય મુસ્લીમો જ જીતે છે અને ગરવી ગુજરાત મુસ્લિમ આતતાયીઓની એડી હેઠળ કચડાય છે, લૂંટાય છે, બળાત્કારો સહે છે, ધર્મવિચ્છેદના પારાવાર દુઃખદર્દો સદીઓ સુધી વેઠે છે. પદભ્રષ્ટ રાજા કરણ ઘેલો રાનરાન પાનપાન થઈ રખડે છે. તેની ભ્રષ્ટ રાણી કમલાદેવી સુલતાનના ઝનાનખાનાની બાંદી થઈ બગડે છે. બાડા મહારાજ અને તેમના થોડાક રડ્યાખડ્યા દેશપ્રેમીઓ ખૂણેખાંચરે મુસ્લિમ અત્યાચારો સામે ઝઝૂમે છે. આ અત્યાચારો સામે માથું ઉઠાવી લડવાવાળા આખરે મહારાષ્ટ્રમાં પેદા થાય છે ત્યારે જ ગુજરાત ઇસ્લામની ચુંગાલમાંથી છૂટવાના પ્રાણશ્વાસ ભરી શકે છે. આયુષ્યના સિત્તેરમે વર્ષે પણ મુનશીના હૈયાનું શલ્ય હજુ મટ્યું ન હતું તેનું આક્રંદ એટલે 'ભગ્નપાદુકા' નામની કરુણાંતિકા.

તો જેમાં મુનશી, લીલાવતી તથા તત્કાલીન અન્ય ભારતીયો છદ્મવેશે, જુદાં નામ-ઠામ ધારી, થોડાંક જીવનપ્રસંગો બાદ કરી, થોડાક કલ્પીને ઉમેરી એક દીર્ઘ નવલકથાનું મહાનાટક ભજવે છે તેનું નામ છે 'તપસ્વિની'. પ્રસ્તાવનામાં મુનશી નોંધે છે : "...ગુજરાતી જીવનના ઈ.સ.૧૯૨૦ થી ૧૯૩૭ સુધીના સામાજિક તેમજ રાજકીય પ્રવાહોને પ્રતિબિંબિત કરતી મારી નવલકથા 'તપસ્વિની'..."માં પાત્રો ડઝનબંધ છે. ઘટનાઓ ઘટ્યા જ કરે છે, ઊથલપાથલો મચ્યાં જ કરે છે, વહેણો બદલ્યાં કરે છે, પ્રવાહમાં ઘુમ્મરીઓ ઘુમાયા કરે છે, પણ આખરે તો વાર્તાપ્રવાહની ગંગા હિમાલયના ગિરિમાળાઓ, ઊંડી કંદરાઓ, ગાઢી વનરાજિઓમાંથી ઊછળતી, કૂદતી, વહેતી, વહાલ કરતી જઈ સાગરને જ મળે છે તેવો સૂક્ષ્મ વર્તાદોર સબળ વાર્તાકાર મુનશી બરોબર લગામની જેમ પકડી રાખે છે.

૧૦૫ પ્રકરણો અને ૬૭૬ પૃષ્ઠોમાં વિસ્તરેલી આ નવલના નાયક-નાયિકા કોણ? યુવાન કવિજીવ લેખક બેરિસ્ટર ઉદય સોલંકી અને તેની પરકીયા પ્રેમિકા સાહિત્યસંગિની શીલા દલાલ? કે વિશુદ્ધ બ્રાહ્મણશ્રેષ્ઠ ગણપતિશંકર શાસ્ત્રીનો અતિ મહત્ત્વાકાંક્ષી પાટલીબદલુ રવિ ત્રિપાઠી અને તેની આરાધ્ય દેવી જેવી પ્રેયસી ઉદય સોલંકીની બહેન રાજઘરાણાની યુવતી રાજબા? આ પ્રશ્નનો ઉત્તર મુનશી આખર સુધી અધ્યાહાર રાખી તે વાચક પર છોડે છે. અને તેમાં જ વાર્તાકલાની રસપ્રદતા છે.

કાઠિયાવાડના પ્રેમકોટ નામના દેશીરાજ્યના ક્ષત્રિય ભાયાત ઉદય સોલંકીમાં એ રજવાડાઓની ગંદી રાજખટપટ અને ક્રૂર કાવાદાવની આછી છાંટ પણ નથી. છતાં લોહીના સંબંધે તેને એમાં અનિચ્છાએ અવારનવાર સંડોવાવું પડે છે. પરંતુ તેને બદલે મુંબઈ હાઈકોર્ટમાં તેના ધંધાગુરુ બેરિસ્ટર રાધારમણ દલાલ જન્મે બ્રાહ્મણ હોવા છતાં લુચ્ચા, લફંગા પણ મહાવિચક્ષણ અતિ સફળ ધારાશાસ્ત્રી છે. તેમનાથી ઉંમરમાં નાની તેમની યુવાન પત્ની શીલા પણ તેના આ વ્યભિચારી, હરામી પતિના કારસ્તાનોથી વાજ આવી જઈ, સંસ્કારી, સજ્જન ઉદય સોલંકીના પ્રેમમાં પડે છે. છતાં તેમાં પવિત્રતા સાચવી કઠિન બ્રહ્મચર્યવ્રત પાળી પોતાના વ્યક્તિત્વની મહત્તા સ્થાપે છે. અને ઉદય તેને મનોમન પૂજતો રહી પોતાની લોકપ્રિય નવલકથા 'તપસ્વિની'ની નાયિકા રૂપે કલ્પી પ્લેટોનિક લવ કર્યા કરે છે. સંગ અને સહગમનના અભાવે અતૃપ્તિની અધૂરાઈથી આતંકિત ઉદય-શીલા વરસો સુધી વ્યથાનાં વીતકો સહ્યાં કરે છે અને આમ જોતાં બંને આકરાં તપ આચરે છે. આખરે લંપટ, બદમાશ રાધારમણ પોતાના પાપે પેરેલીસીસમાં પટકાઈ મરે છે. ત્યાર પછી જ ઉદય-શીલા કાયદેસર પરણી એકબીજાંના પૂરક બને છે - મુનશીના આદર્શ દંપતિ વસિષ્ઠ-અરુંધતીની જેમ.

જ્યારે ગણપતિ શાસ્ત્રીનો પૌત્ર રવિ મહાન લોકનેતા બની પ્રભાવશાળી સાર્વભૌમ બનવા કિશોરકાળથી વાર્તાના છેલ્લા પ્રકરણ સુધી કેવા ઉધામા આચરે છે અને આખરે પવિત્ર, તપસ્વી પ્રેમિકા રાજબાના પ્રભાવે કરી વિશુદ્ધ બની રાજબાનું સાન્નિધ્ય પામે છે તેની કથા કરતા કરતા ૧૯૨૦ થી ૧૯૩૭ સુધીના ગુજરાતના અને ભારતના રાજકારણના અટપટા ઇતિહાસની ભાતીગળ કથા મુનશી કહેતા રહે છે. આ રસિક કથામાં ખલનાયક તરીકે ભારતના કમ્યૂનિસ્ટોનો દેશદ્રોહ અને નીચતાનો પર્દાફાશ મુનશીની કલમે અત્યંત અધિકૃત રૂપે અને માહિતીપ્રચુરતાથી ચિતરાતો રહે છે. રવિ મહત્ત્વાકાંક્ષાના પ્રથમ પગલા રૂપે કમ્યૂનિસ્ટ બને છે અને તેમના ભયંકર ભ્રષ્ટાચારની બોલતી તસ્વીર જેવી એક પાખંડી વ્યભિચારિણી બંગાળણ મોનાના કામચલાઉ પતિ તરીકેનો પાઠ ભજવતા ભજવતા રવિ પણ કમ્યૂનિસ્ટોની ગંદી ચાલોનું પ્યાદું બની જાય છે અને પાંચમા કતારિયા તરીકે કોન્ગ્રેસમાં ઘૂસી કબજો લેવા નિષ્ફળ પ્રયાસ કરે છે. ૧૯૩૦ની દાંડીકૂચવાળી સત્યાગ્રહની લડતને નેતાઓની ધરપકડ પછી અહિંસાના રાજમાર્ગેથી આડી ફંટાવી હિંસાના કુમાર્ગે લઈ જવા જાતજાતનાં જુઠાણાં ચલાવે છે. અને પિતૃભૂમિ રશિયાની લોહિયાળ ક્રાન્તિથી જ સ્વરાજ્ય મળશે તેવા પાઠ ભણાવી કેટલાય નવજુવાનોને ભરમાવે-ભડકાવે છે. કેટલાક ભોળા, સાદા ગાંધીવાદીઓને પણ મીઠી વાતોથી ભોળવી રવાડે ચડાવે છે. આમ, રવિના પાત્ર દ્વારા ભારતીય કમ્યૂનિસ્ટોના કાળાં કરતૂતોની નાપાક કારવાઈને ઉઘાડી પાડવાનું કામ મુનશી આજીવન કરતા જ રહ્યા.

'તપસ્વિની'નો બીજો નાયક રવિ ત્રિપાઠી ખૂબ ખૂબ સહન કર્યા પછી અનેક પાપો આચર્યા પછી આખરે કમ્યૂનિસ્ટોની નાગચૂડમાંથી છૂટે છે ત્યારે જ તેને તપસ્વિની રાજબાનો સાચો પ્રેમ સાંપડે છે. અને ભગવાન વેદવ્યાસનો વારંવાર સદેહે સાક્ષાત્કાર કરતી યોગિની રાજબા તેને પોતાનો બનાવી પોતાનો જીવનોદ્ધાર કરે છે ત્યાં 'તપસ્વિની' નવલકથા સમાપ્ત થાય છે. તે અગાઉ આજનો વાચક આજથી સાઠ-સિત્તેર વરસો અગાઉ અંગ્રેજોની ખુશામદ કરી રાતામાતા થતા વ્યાપારીઓ અને વકીલો તથા સમાજના થઈ બેઠેલા અન્ય અગ્રણીઓની પાખંડલીલાઓના પરદા પણ મુનશી ખોલતા રહે છે. કેટલાંક પવિત્ર, સાચકલાં પાત્રો દ્વારા ભારતીય સંસ્કૃતિની સનાતનતા અને સત્યપ્રિયતાને લેખિની દ્વારા ઉજાગર કરતા રહે છે. કારણ મુનશી ભારતીય સંસ્કૃતિની શ્રેષ્ઠતા સાબિત કરવા અને તેનો પ્રચાર અને પ્રસાર કરવાના ભગીરથ કાર્યને પોતાનું જીવનધ્યેય માની આજીવન લડતા રહ્યા હતા.

આ દાયકા દરમિયાન ભારતીય વિદ્યાભવનની પ્રવૃત્તિઓ કૂદકે ને ભૂસકે વિસ્તરતી-વિકસતી રાખી. ૧૯૫૧માં ભવનની સાહિત્યિક પ્રવૃત્તિના પાયા નંખાઈ ગયા, જ્યારે ભવનની



શ્યામાપ્રસાદ મુખરજી



હરીન્દ્ર દવે

બુક યુનિવર્સિટીની ૧૯૫૧માં સ્થાપના થઈ અને સંસ્કૃત વિશ્વ પરિષદ સ્થપાઈ. ૧૯૫૨માં ભવનનું મુખપત્ર અંગ્રેજીમાં 'ભવન્સ જર્નલ' શરૂ થયું, અને તેમાં મુનશી સતત લખતા રહ્યા. મુખ્યત્વે તો 'કુલપતિના પત્રો' દ્વારા તે સમસ્ત વિદ્યાકુળને દોરવણી આપતા રહ્યા. સનાતન ધર્મની પરિપાટી સાચવવા ભવનના વિશાળ અંધેરી સંકુલમાં ભગવાન ચંદ્રશેખરના મંદિરનું ખાતમુહૂર્ત મુંબઈના તત્કાલીન રાજ્યપાલ અને મુનશીના મિત્ર ડૉ. હરેકૃષ્ણ મહેતાબના વરદ હસ્તે કરાવ્યું. સાથોસાથ દેવપૂજા ઉપરાંત હિંદુ મંદિરો એટલે સંગીત, ચિત્ર, નૃત્ય, તથા અન્ય લલિતકળાઓનાં ઉદ્‌ગમસ્થાનો હતાં તે પ્રણાલિકા મુજબ અંધેરીમાં ભારતીય નર્તન વિદ્યાપીઠ સ્થાપી. ૧૯૫૭માં કાનપુરમાં ભવનનું કેન્દ્ર સ્થાપ્યું અને મુંબઈમાં ચોપાટી ઉપર એમ.સી. આર્ટ્સ કોલેજ સ્થાપી. જવાહરલાલ નેહરુએ દિલ્હી કેન્દ્રનું ઉદ્‌ઘાટન કર્યું. અને ભવનની સાહિત્યિક પ્રવૃત્તિઓ પરવશ ન રહે તે માટે મુંબઈની એસોસિએટેડ પ્રેસ નામની કંપની ખરીદી લીધી.

૧૯૫૮માં મદ્રાસમાં ભવનના કેન્દ્રની સ્થાપના કરી અને તરત જ કલકત્તામાં પણ કેન્દ્ર સ્થાપ્યું. કલકત્તા કેન્દ્રની સ્થાપનામાં મુનશીના મિત્ર ડૉ. શ્યામાપ્રસાદ મુખરજીએ સર આશુતોષ મુખરજી રોડ પર આવેલું બાપદાદાનું વિશાળ ભવન કેન્દ્રને વાપરવા આપ્યું. પછી તો ભવનનાં કેન્દ્રો, કોલેજો, અન્ય વિદ્યાકીય અને સંસ્કાર સંસ્થાઓ આજ સુધી સ્થપાતાં જ રહ્યાં છે. તેના પાયામાં મુનશીએ રચી આપેલ ભવનનું દૃષ્ટિસંપન્ન અને કાર્યક્ષમ તંત્ર છે.

મુનશીનું 'ગુજરાત' માસિક બંધ થયા પછી તેમને હંમેશા પોતાના મુખપત્રની ખોટ સાલતી રહેલી. 'સાહિત્ય સંસદ'ને સમેટી લીધા પછી મુનશી 'ગુજરાતી સાહિત્ય પરિષદ'ના આધારસ્તંભ બન્યા. પરંતુ પરિષદને કોઈ મુખપત્ર ન હતું. એટલે ૧૯૫૯માં ભવનના આશ્રયે મુનશીએ 'સમર્પણ'ની સ્થાપના કરી. પોતે જીવ્યા ત્યાં સુધી તેના પ્રાણ બની રહ્યા. મુનશીની ગેરહયાતી પછી લીલાવતી મુનશીએ પણ 'સમર્પણ'ને જીવતુંજાગતું રાખ્યું. પછી લીલાવતી મુનશીએ પોતાના માનસપુત્ર


સરદાર વલ્લભભાઈ પટેલ


રાજાજી


હરેકૃષ્ણ મહેતાબ



ભાઈકાકા

સમા કવિ અને ભારતીય સંસ્કૃતિના ચાહક હરીન્દ્ર દવેને 'સમર્પણ'ના સંપાદક બનાવ્યા. શ્રી હરીન્દ્રભાઈ જ્યારથી 'જન્મભૂમિ' જૂથમાં જોડાયા ત્યારથી ગુજરાતી સાહિત્યના એક સરસ નવલિકાકાર ઘનશ્યામ દેસાઈ 'સમર્પણ'ના સંપાદક બન્યા છે. અને તેના સહ-સંપાદક છે દીપક દોશી. આમ, 'સમર્પણ' માત્ર પત્રકારોના હાથમાં ન રહેતા સાહિત્યકાર-પત્રકારોના હાથમાં રહેવાથી તેનું સાહિત્યિક ધોરણ ઉત્તમ રીતે જળવાયું છે.

આ 'સમર્પણ'માં લગભગ પ્રત્યેક અંકમાં મુનશીના કુલપતિ તરીકેના તેમના નવયુવાન મિત્રો - ભવનના વિદ્યાર્થીગણ - ને સંબોધી લખાયેલા પત્રો હું ખૂબ ચાવથી વાંચતો. એટલે ૧૯૮૭માં મુનશી જન્મશતાબ્દી પ્રસંગે આ 'કુલપતિના પત્રો' નામે કુલ ચૂંટેલા ૧૬૦ પત્રોનો ૭૨૦ પૃષ્ઠોનો દળદાર ગ્રંથ ગુર્જર પ્રકાશને પ્રકટ કર્યો ત્યારે થયું કે મુનશીની વિચારધારાઓ અને કાર્યશીલતાનો એક સશક્ત દસ્તાવેજ ગુજરાતને સાંપડ્યો છે. આમ તો ૧૯૫૨માં મુનશી ઉત્તરપ્રદેશના રાજ્યપાલ નિમાઈ મુંબઈથી દૂર વસતા થયા ત્યારથી ભવનના અંગ્રેજી સામયિક 'ભવન્સ જર્નલ'માં આ પત્રોની હારમાળા છપાવા માંડેલી. પરંતુ તે પત્રોનો મુનશી જેવા જ સ-રસ, સ-ચોટ ગદ્યમાં અનુવાદો ૧૯૬૨થી 'સમર્પણ'માં પ્રસિદ્ધ થવા માંડ્યા તે જ આ પુસ્તકમાં સમાવાયા છે. તેમાંથી એકપણ પત્ર છોડી દેતાં વસમું લાગે તેવું છે.

આપણે તો અહીં મુનશીના જીવનકવનનાં થોડાંક અણસ્પર્શ્યાં પાસાંને ઉજાગર કરતી થોડીક કંડિકાઓ જ વાંચીએ :

માર્ચ ૧, ૧૯૬૨ના પત્રમાંથી : '...૧૯૦૪ થી ૧૯૨૬ સુધી ગુ.સા. પરિષદનું કોઈ આયોજિત અસ્તિત્વ ન હતું... પરિષદને આયોજિત રૂપ આપવાનો અસફળ પ્રયત્ન કરનારા કેટલાક મોવડીઓએ ૧૯૨૪માં 'સાહિત્યસંસદ'ને પરિષદની નવયોજનામાં રસ લેવા વિનંતી કરી. એક બંધારણ ઘડાયું. અને ભારે પ્રતિકારના વાતાવરણ વચ્ચે પણ એ સ્વીકારાયું. એ પછી તો પરિષદના પ્રવાહ સાથે હું એકરૂપ બની ગયો. મેં અને મારા મિત્રોએ ૧૯૨૬ થી ૧૯૫૭ સુધી અખૂટ ઉત્સાહથી પરિષદની સેવા કરી... ત્રણવાર પરિષદના પ્રમુખસ્થાને ચૂંટાયો. અને ઘણાં બધાં વર્ષો સુધી તેના ઉપપ્રમુખ તરીકે કામ કર્યું... જે યુગમાં મોટા ભાગની સંસ્થાઓ ગાંધીવાદના પ્રવાહમાં તણાઈ રહી હતી ત્યારે પરિષદ રાજકીય વળગણોથી દૂર રહી હતી.... ઊગતી પેઢીના કેટલાયે લેખકો અમારી રંગદર્શી પરંપરાથી મુક્ત બની ગાંધીવાદના પ્રભાવ હેઠળ આવ્યા... ૧૯૫૭ સુધી પરિષદ ભારતીય વિદ્યાભવનના સહકારમાં કાર્ય કરતી રહી... પરિષદની સેવા કરી રહેલી અમારી પેઢી અને હવે આગળ આવી રહેલી ગુજરાતી સાહિત્યકારોની નવી પેઢી વચ્ચે અંતર પડવા લાગ્યું... મારે મન મુંબઈ શહેર એ ગુજરાતની દુનિયાને નિહાળવાની બારી સમાન હતું. પરંતુ ગુજરાતની નવી પેઢીને લાગ્યું કે એ ગુજરાતના વિકાસ પરના ભારણ સમાન છે... આખરે ૧૯૫૫માં પરિષદનું સુવર્ણજયંતી અધિવેશન મળ્યું ત્યારે આવું એક જૂથ આગળ આવ્યું. આ અધિવેશનના પ્રમુખસ્થાને હું હતો. ગુજરાતની અસ્મિતાની પ્રવર્તમાન ભાવનાનું પ્રતિનિધિત્વ ધરાવતા લાયક યુવાનોએ પરિષદનો વહીવટ સંભાળી લીધો... અત્યારની પરિષદ અને તેના સંચાલકો ગુજરાતની અસ્મિતાના પ્રવર્તમાન તબક્કાના સાચા અને સહૃદય પ્રતિનિધિઓ છે. આમાંના કેટલાયે ઉત્સાહપૂર્વક પરિષદની પ્રવૃત્તિઓને વર્યા છે. તેના મુખપત્ર **'પરબે'** ટૂંક સમયમાં જ સાહિત્યિક વિચાર અને વિવેચનાને વાહન તરીકે અને ભાષા માટેની ઉચ્ચ અભિવ્યંજક શક્તિએ પહોંચવા માટેના માધ્યમ તરીકે સારી એવી સફળતા પ્રાપ્ત કરી છે...' મુનશી વાતવાતમાં પોતે સમકાલીન સાહિત્યરચનાઓના કેવા સજાગ ચાહક હતા તે સમજાવતા રહ્યા અને પછી ઉમાશંકરને ઉદ્દેશીને ઉમેર્યું : 'અમે તો હવે વૃદ્ધ થયા. તમારી જેવા તરવરિયા જુવાનો આવે અને પરિષદમાં નવો પ્રાણ પૂરે તેની રાહ જ જોતો હતો... આજથી પરિષદ તમારી... મારે લાયક કંઈ કામકાજ હોય તો મને સોંપશો તો જરૂર કરીશ.'

૧૯૬૩માં એક સાંજે ભવનના વિશાળ અંધેરી સંકુલમાં

મુનશીએ પરિષદના સેંકડો ડેલિગેટોને ચા-પાણી માટે નિમંત્રેલા. ચાર-પાંચ-છની ટોળીઓમાં સાહિત્યકારો નાનકડાં ટેબલો આસપાસ ગોઠવાયેલી ખુરશીઓમાં ચા-નાસ્તાની મોજ માણી રહ્યા હતા. ત્યારે ૭૬ વર્ષના મુનશી જુવાનને શરમાવે તેવી સ્વસ્થતા અને તાજગીથી પ્રત્યેક ટેબલે જઈ વૃદ્ધ-પ્રૌઢ-યુવાન લેખકોનું અભિવાદન કરતા ફરતા હતા. અમારા ટેબલ પર હું, ચંદ્રકાન્ત બક્ષી, કાન્તિભાઈ પૂજારા વગેરે બેઠા હતા. મુનશી સાથે સાથે ફરતા હરીન્દ્ર દવે અમારા ટેબલ પર મુનશીને લઈ આવ્યા ને ઓળખાણ આપતાં કહ્યું : 'આ ચંદ્રકાન્ત બક્ષી. સરસ વાર્તાઓ...' મુનશીએ વચ્ચેથી ટહુકો કર્યો : 'હું તેમને 'કુમાર' દ્વારા ઓળખું છું. નવી વાર્તાકલા માણું છું...' અને બક્ષીબાબુ તથા અમે તો તાજ્જુબ થઈ ગયા. અરે, આ માણસને 'બુઢ્ઢા' કેમ કહેવાય?!

અને મુનશી જીવ્યા ત્યાં સુધી વૃદ્ધ થયા જ નહિ. તેમની લેખિની પણ સુરતુવરશાખા જેવી આખર સુધી લીલીછમ રહી હતી. તેમનું દેહાવસાન થયું ૮મી ફેબ્રુઆરી ૧૯૭૧ના દિને. તે પહેલા ત્રણ જ મહિના અગાઉ તેમણે કુલપતિ તરીકે લખેલ તા.૧૧ ઑક્ટોબર ૧૯૭૦ના પત્રનું શીર્ષક છે : 'કાલી અને દુર્ગા'. તેમાં હિંદુધર્મથી વિમુખ થઈ ગયેલ તેની ગતિવિધિઓમાં દોષદર્શન કરવામાં જ રચ્યાપચ્યા રહેતા પોતાના એક મિત્રને કાલીપૂજા અને દુર્ગાપૂજાનું સાચું માહાત્મ્ય સમજાવતાં પોતે રાજ્યપાલપદે હતા ત્યારના અનુભવો વર્ણવે છે. અને બંકિમ બાબુએ દુર્ગામાતાનું દર્શન ભારતમાતા રૂપે કેવું અદ્ભુત કરાવ્યું હતું તેનો હવાલો આપતાં લખે છે : 'દુર્ગાપૂજા રાષ્ટ્રિય મહોત્સવ છે. શક્તિપૂજા, માતૃમહિમા અને રાષ્ટ્રભક્તિથી ભરેલા આ નવરાત્રિના તહેવારથી ચાલો આપણે સૌ પવિત્ર, શક્તિસંપન્ન, સમૃદ્ધ થઈએ...'

ઈ.સ. ૧૯૫૦માં મુનશીના મોટાભાઈ જેવા સરદાર પટેલના દેહવિલય પછી કોન્ગ્રેસ માત્ર નેહરુ કોન્ગ્રેસ બનવા માંડી હતી. એટલે ૧૯૫૨ની ચૂંટણીમાં મુનશી ઊભા ન રહ્યા. ૧૯૫૨ થી ૧૯૫૭ દરમિયાન ઉત્તરપ્રદેશના રાજ્યપાલ તરીકે તે જોતા અનુભવતા રહ્યા કે જવાહરલાલ ધીરે ધીરે પણ પોતાના સ્વભાવને અનુરૂપ એવા વી.કે.મેનન તથા ટી.ટી. કૃષ્ણમાચારી જે વ્યક્તિઓથી વીંટળાએલા રહેતા. દેશ આખાનું રાજકારણ તથા અર્થકારણ સ્ટાલીનવાદી અને માઓવાદી સરમુખત્યારીના રસ્તે ચાલી જવા માંડ્યું હતું. સમસ્ત પ્રજાનું સંપૂર્ણ જીવન નિયંત્રણો અને સરકારીકરણની નાગચૂડમાં આવતું જતું હતું, અને મુનશી-રાજાજી વગેરે જેવા સાચા ગાંધીવાદીઓની અવગણના ઉપરાંત ઠેકડી ઉડાડવામાં આવતી હતી. એટલે નિરૂપાયે રાજાજીએ આ લાઈસન્સ રાજયમાંથી દેશને ઉગારી લેવા 'સ્વતંત્ર પાર્ટી'ની ૧૯૫૯માં સ્થાપના કરી અને પોતાના સહધર્મી મિત્ર મુનશીને ઉપપ્રમુખ બનાવ્યા. મુનશી ગામેગામ ફર્યા અને ૧૯૬૨ની ચૂંટણીમાં ગુજરાત તથા ઓરિસ્સામાં સ્વતંત્ર પાર્ટી કોન્ગ્રેસનો વિકલ્પ બની શકે તેટલી ઊભરી. ગુજરાતમાં મહાન સ્થપતિ ભાઈકાકા તથા ઓરિસ્સામાં મહાન રાજનીતિજ્ઞ ડૉ. હરેકૃષ્ણ મહેતાબના સાથ-સહકાર આમાં ઉપયોગી નીવડ્યાં. પરંતુ રેડિયો, પ્રેસ વગેરે લોકસંચારનાં માધ્યમો પર નેહરુવાદીઓની સજ્જડ પકડ હતી. દેશની ગરીબ, અભણ પ્રજાને તેઓ ભોળવવામાં કામિયાબ રહ્યા એટલે નેહરુવાદ ફૂલ્યોફાલ્યો અને પછી તેની સરમુખત્યાર દીકરીએ એ વાદ આગળ ચલાવ્યો. દેશને દેવાળિયો બનાવી દીધો તે મુનશી જેવા શાણા દેશપ્રેમીઓને જોવાનું દુર્ભાગ્ય માથે પડ્યું. એટલે મુનશીએ તો રાજકારણમાંથી સંપૂર્ણ સન્યાસ જ લઈ લીધો અને પોતાના પ્રાણપ્રિય જીવનક્ષેત્રો કેળવણી, ભારતીય સંસ્કૃતિ, અને સાહિત્યસર્જનમાં જ રચ્યાપચ્યા રહ્યા. (ક્રમશઃ)

અનુ.] **પ્રખર તત્ત્વજ્ઞાનીનો માનવીય અભિગમ** [પૃ.૫૩૬થી

એન્ડ અન્વિન' (Allen & Unwin) ને મળવા તેમની કચેરી જવા માગતા હતા અને મોટર તે કચેરી જ્યાં હોય ત્યાં લેવડાવે. ચાગલા આ પ્રમાણેની અણધારી મુલાકાત માટે જવા તૈયાર ન હતા અને તેમણે આનાકાની કરતાં જણાવ્યું કે અગાઉથી નિશ્ચિત કરેલ સમયપત્રકમાં આવી કોઈ મુલાકાતનું પૂર્વાયોજન સામેલ ન હતું. અને તેમ છતાં પ્રમુખ આવી મુલાકાત માટે ઈંતેજાર હોય તો તે માટેની આગોતરી વ્યવસ્થા કરી પ્રકાશકને તેની જાણ કરી તેઓ મુલાકાતની વ્યવસ્થા કરી શકે. પણ પ્રમુખ આ મુલાકાત માટે મક્કમ અને આગ્રહી હતા એટલે આદેશાત્મક ભાવે કહ્યું કે ડ્રાઈવરને એલન એન્ડ અન્વિનકચેરીએ ગાડી હંકારવા સૂચના આપો. હું તેમને અંગત રીતે પિછાણું છું અને મારે તેમને મળવું જ છે. અને આમ આખોયે રસાલો નિયતક્રમ અને માર્ગનો ચીલો ચાતરીને 'એલન ઍન્ડ અન્વિના'ની કચેરી તરફ ફંટાયો. કચેરી પહેલા મજલે હતી. પ્રમુખ દાદર ચઢીને ત્યાં ગયા અને એલનની કોટડીનું બારણું ખટખટાવીને ઊભા. એલન બહાર આવ્યા અને બારણે ભારતના રાષ્ટ્રપ્રમુખને ઊભેલા જોઈ ઘડીભર તો તમ્મર જ ખાઈ ગયા. પણ તરત જ સ્વસ્થ થઈ ગયા અને કહ્યું કે આપે અગાઉથી જાણ કરી હોત તો આપના સ્વાગતની પૂર્વતૈયારી કરી રાખત. પણ રાધાકૃષ્ણને જવાબ આપ્યો કે એવી કશી જરૂર નથી અને આપ તે માટે નિશ્ચિત રહો. હું તો મારાં પુસ્તકોની ખપત કેવી ચાલી રહી છે તે જાણવા જ માત્ર આવ્યો છું.

ભારતના રાષ્ટ્રપ્રમુખ રાધાકૃષ્ણન્ પોતાના આટલા ઊંચા હોદ્દા પરત્વે કેટલા નિર્મમ હતા, કેટલા સરળ, નિખાલસ અને માનવીય અભિગમસંપન્ન હતા તેનું આ પ્રસંગો આપણને દર્શન કરાવે છે. વળી, પોતાના પક્ષે ઔપચારિકતાનો અભાવ પોતાના ગૌરવને લેશમાત્ર પણ ઝાંખો પાડશે તેવો કોઈ ભાવ પણ તેમના મનમાં ન હતો. આવો હતો માનવીય અભિગમ એક પ્રખર ચિંતક અને તત્ત્વજ્ઞાનીનો. ◻

પસ્તીનાં પાનાં

— ડૉ. પ્ર. ચુ. વૈદ્ય —

લશ્કરમાં વિજ્ઞાન

તા.૧૮-૨-૭૮. હમણાં હું સંરક્ષણ-વિજ્ઞાનના વિજ્ઞાનીઓની ભરતી અને બઢતીના કામમાં રોકાયો છું. આધુનિક સૈન્યને વિજ્ઞાનની કેટલી બધી જરૂર પડે છે! અને વિજ્ઞાન એટલે પરમાણું વિજ્ઞાન કે એવું મસમોટું વિજ્ઞાન જ નહિ, પણ ગણિત, સ્ટેટિસ્ટિક્સ, ફિઝિક્સ, કેમિસ્ટ્રી, ફિઝિયોલૉજી, સાઇકોલૉજી, એન્જિનીઅરિંગ, ઇલેક્ટ્રોનિક્સ આ બધા વિષયોની પાયાની જરૂરત લશ્કરને પડે છે. ઉપર લખેલા વિષયોમાંથી કોઈ એક જ વિષયની જરૂર પડે તેવું નથી. દરેક પ્રશ્ન માટે બે-ત્રણ વિષયોની જરૂર પડે છે.

આજ બે અઠવાડિયાંથી આ કામ કરું છું. અને મારી સાથે એક (I.A.S.) અધિકારી છે અને એક વિજ્ઞાની પણ છે. એટલે મારી ટેવ મુજબ રુટિન કામને રસદાયક બનાવવા વચ્ચે જાતજાતની ચર્ચા ઊભી કરતો જાઉં. તે ચર્ચામાં એક એવા પ્રશ્નની ચર્ચા થઈ જેના ઉકેલ માટે ઘણા વિષયોની જરૂર પડે. આ પ્રશ્ન જાણવા જેવો છે.

લડાઈમાં antipersonal mines (વ્યક્તિવિરુદ્ધની સુરંગ) વપરાય છે. મેદાનમાં એવી સુરંગ મૂકેલી હોય કે તેના ઉપર પગ પડે એટલે સુરંગ ફાટે. સૈનિક મરી ન જાય પણ પગે ફ્રૅક્ચર થાય. સૈનિક મરી જાય તો એક જ ઓછો થાય પણ ઘાયલ થાય તો તો તે ઘાયલ સૈનિક અને બીજા બે તેને ઊઠાવી જવાવાળા એમ દુશ્મનના ત્રણ માણસો લડાઈમાંથી નીકળી જાય એટલે આ વ્યક્તિવિરોધી સુરંગ ફૂટે ત્યારે માત્ર એટલો જ ધડાકો ઊભો થાય કે પગનું હાડકું જ ભાંગે!

આવી સુરંગ સામે રક્ષણ આપે તેવા બૂટ આપણે બનાવીએ છીએ. આવા બૂટ બનાવવા તે તો એક મોટી સમસ્યા છે જ. પણ મારા જેવા વિજ્ઞાનીઓને રસ પડે તેવી સમસ્યા તો પછી ઊભી થાય. આવા બૂટ બનાવ્યા પછી તેને ચકાસવા કેવી રીતે? કોઈ સૈનિકને બૂટ પહેરાવીને સુરંગ પર ચલાવાય તો નહિ, કારણ કે બૂટ બરાબર ન હોય તો તેની નાહકની ટાંગ તૂટે! માનવીના બે પગે ધડાકાની અસર નીચે કેવાં બળો ઊભાં થાય છે, તેના નળા, ગોઠણ અને સાથળનાં હાડકાં કેટલો ધક્કો સહન કરી શકશે આ નક્કી કરવામાં એનેટૉમી, ફિઝિયોલૉજી, ફિઝિક્સ (લચકતા)ની જરૂર પડે. અને તે નક્કી કર્યા પછી મિકેનિકલ એન્જિનીઅરની જરૂર પડે; કારણ કે તેણે માનવીની ટાંગ જેવા અને જેટલા ગુણધર્મો ધરાવે તેવી યાંત્રિક વ્યવસ્થા ઊભી કરવી જોઈએ જેને બૂટ પહેરાવી ચકાસણી કરી શકાય.

૬ માસની મહેનત પછી અને દિલ્હીની આઈ.આઈ.ટી.ના એન્જિનીઅરિંગ વિભાગની મદદ લઈ, સ્પ્રિંગ અને પટ્ટીના લોખંડના બે પગ ધરાવતી એક વ્યવસ્થા વિકસાવી જેની મદદથી બૂટની ચકાસણી થઈ શકે.

કૉલેજ-યુનિવર્સિટીની પ્રયોગશાળામાં જે પ્રયોગો આપણે કરીએ છીએ તેવા પાઠ્યપુસ્તકમાં વર્ણવેલા પ્રયોગો કરતાં કેટલા જુદા આ વિજ્ઞાનના પ્રયોગો છે? અભ્યાસક્રમ પ્રમાણે કરેલા પ્રયોગોનો હેતુ, ખરી રીતે તો પ્રયોગાત્મક દૃષ્ટિબિન્દુ કેળવવાનો જ હોય છે જેથી વ્યવહારમાં જે કાંઈ પ્રશ્નો આવે તે ઉકેલવામાં પ્રયોગાત્મક શક્તિ વાપરી શકાય!

રાજકારણ અને ચીંચીં-ચેંચેં

તા.૨૩-૪-૭૮. ૩૪, શારદાનગરમાં વસંત અને ગ્રીષ્મનાં એંધાણાં સ્પષ્ટ દેખાય છે. મારાં પત્નીના શબ્દોમાં, 'વાંદરાઓ અને પડોશના છોકરાઓ માટે' વાવેલી જામફળીઓને નવાં પાન આવી ગયાં છે. કરેણ અને એક જોડા ઉપર ફૂલોનાં ઝૂમખાં પવનમાં ઝૂલે છે. એકલદોકલ કોયલના ટહુકા સંભળાય છે પણ મુખ્યત્વે તો ચકલીઓનાં ઝુંડના ચીંચીંકાર જ સાંભળવા મળે છે.

એક જમાનો હતો, જ્યારે આ દિવસોમાં સવારે કોકિલના પ્રાતઃગાનથી નીંદર ઊડતી હતી. પણ વખત જતાં વસ્તીવધારાની ચકલીઓમાં ખૂબ અસર જણાઈ અને પેલી પરભૃત કોયલોમાં તેની અસર નહિવત્ છે એટલે હવે સવારે ઊઠીએ છીએ ત્યારે આજુબાજુ ઊંચે સુધી વિકસેલાં અમારાં આસોપાલવનાં વૃક્ષો ઉપર હજારો ચકલીઓના ચીંચીંકારમાં પેલી એકલદોકલ કોયલનો પંચમ સૂર તો ક્યાંય દબાઈ જાય છે.

અહીં, દિલ્હીમાં શાહજહાં રોડ પર તો કોયલને હજુ સુધી સાંભળી જ નથી. હા, મારો ૫૦ વર્ષની ઉંમરનો પ્રાઇવેટ સેક્રેટરી છે તેની અટક કોકિલ છે તે કોકિલનો અવાજ રોજ સાંભળવા મળે છે. (બીજી વાત, આ 'કોકિલ' મૂળ ગુજરાતી છે!) હા, તો દિલ્હીમાં ફક્ત ચકલીઓ જ ચીંચીં કરતી સંભળાય છે અને આવડા મોટા દેશના પાટનગરમાં ચીંચીં જ સંભળાયને! છેલ્લા કેટલાક સમયથી દિલ્હીના રાજકારણમાં ચીંચીં અને ચેંચેં જ સાંભળવા મળે છે. ક્યાંય કોયલના મીઠા સૂર સાંભળવા મળતા નથી. તેની અસર નીચે ગુજરાતમાં પણ ચીંચીં, ચેંચેં વધી ગયાં છે છતાં એટલું સદ્ભાગ્ય છે કે ગુજરાતમાં હજી મીઠા સૂર પણ સાંભળવા મળે છે. ચીંચીંકાર વચ્ચે એકલ-દોકલ કોયલના ટહુકા પણ હજુ સંભળાય છે.

સંવાદી સૂરનો નિરંતર અભાવ અને અત્ર, તત્ર, સર્વત્ર ચીંચીંકારનું જ વાતાવરણ - આવી પરિસ્થિતિનો આદર્શ(?) નમૂનો અત્યારે દિલ્હી યુનિવર્સિટીમાં જોવા મળે છે. ઉત્તર ભારતની અન્ય યુનિવર્સિટીની જેમ દિલ્હી યુનીવર્સિટીમાં

પણ વિદ્યાર્થીમંડળો (મજૂરમંડળોની જેમ) જુદા જુદા રાજકીય પક્ષો સાથે વિધિસર સંકળાયેલાં છે. બીજી બાજુ અહીંની (ઉત્તર ભારતની) યુનિવર્સિટીમાં દરેક કુલપતિને એક રાજકીય પિતા-નેતા (Political God-Father) હોય છે. અથવા તો એમ કહો કે જેને આવા રાજકીય નેતાનું પીઠબળ ન હોય તે કદી વાઈસચેન્સેલર થઈ શકતો નથી. રાજકીય પીઠબળ વગરની વ્યક્તિ હજુ ગુજરાતમાં વાઇસ ચેન્સેલર થઈ શકે તેવો સંભવ છે, કારણ કે ગુજરાતમાં ચીંચીંકાર વચ્ચે એકાદ સંવાદી સૂર હજુ સંભળાય છે. અહીં દિલ્હીમાં તો નર્યો ચીંચીં અને ચેંચેંકાર જ છે.

હા, તો દિલ્હી યુનિવર્સિટીના હાલના વાઈસ ચેન્સેલર ઈંદિરા કૉન્ગ્રેસના ટેકેદાર છે. વચ્ચે વિદ્યાર્થીઓએ આ વાઈસ ચેન્સેલરને રસ્તા વચ્ચે ઢસડ્યા હતા તે વાત મેં આગળ પત્રમાં લખી હતી. હવે આ ઢસડનાર વિદ્યાર્થીઓ જનસંઘી યૂનિયનના સભ્યો છે. વાઈસ ચેન્સેલરે તપાસ કરી આ જનસંઘી યૂનિયનના પ્રમુખ અને મંત્રીને યુનિવર્સિટીમાંથી રસ્ટિકેટ કર્યા છે. પણ કેન્દ્રમાં જનતા પાર્ટીની સરકાર છે અને જનતા સરકારમાં જનસંઘ તો ભાગીદાર છે. એટલે ચીંચીં શરૂ થઈ ગયું છે. અત્યારે તો પરીક્ષાની સીઝન છે એટલે ચીંચીં બહુ તીવ્ર નથી પણ બધા જ જાણે છે કે જૂન માસમાં (પરીક્ષાઓ પતી ગયા પછી) વાઈસ ચેન્સેલરને ઢસડનાર વિદ્યાર્થીનેતાઓ યુનિવર્સિટીમાં પાછા લેવાઈ જશે અને ઢસડાનાર વાઈસ ચેન્સેલર યુનિવર્સિટીમાંથી રવાના થઈ જશે! વાઈસ ચેન્સેલર પણ આ જાણે છે. તેઓ કેમિસ્ટ્રીના પ્રોફેસર છે અને જૂન પછી ક્યાં જવું તેની તપાસમાં અત્યારથી જ લાગી ગયા છે.

આ છે અમારા દિલ્હીના રાજકારણની ચીંચીં અને ચેંચેં. યુનિવર્સિટી જેવી સ્વાયત્ત સંસ્થાઓમાં તેની આટલી અસર છે તો પછી, સરકાર અને સક્રિય રાજકારણની તો શું વાત કરવી?

અમેરિકામાં પણ કારકુનશાહી

તા.૧૦-૫-૭૮. શું અમેરિકાની યુનિવર્સિટીઓ કે શું ભારતની યુનિવર્સિટીઓ, બધે યુનિવર્સિટીનું વહીવટી તંત્ર તો સરખું. સ્મિતાની Ph.D.ની થીસિસ સ્વીકારાઈ ગઈ પછી કોન્વોકેશન-પદવીદાન સમારંભમાં ડિગ્રી લેવાનો પ્રસંગ આવ્યો ત્યારે તેને જે અનુભવ થયો તે તેના જ શબ્દોમાં લખું છું. 'ગયે બુધવારે પદવીદાન સમારંભ માટે કૅપ અને ગાઉન નોંધાવવા હું યુનિવર્સિટીમાં ગઈ. મનમાં હતું કે પાંચ-દસ મિનિટ લાગશે. ત્યાં ક્લાર્ક કહે 'ગ્રેજ્યુએટિંગ વિદ્યાર્થીઓ (ડિગ્રી લેનાર વિદ્યાર્થીઓ)ની યાદીમાં તમારું નામ નથી. મેં કહ્યું, 'કેમ, ભલા?' કહે, 'જાવ ગ્રેજ્યુએટ ઑફિસમાં તપાસ કરો.' ત્યાં તપાસ કરી તો પહેલાં કહે, 'તમને ડિગ્રી ક્યાંથી મળે? તમે કોમ્પ્રેહેન્સિવ પરીક્ષા જ પાસ નથી કરી!' આનો તો જવાબ સહેલો હતો. તમે આ કોમ્પ્રેહેન્સિવ પરીક્ષા પાસ કરો એટલે તરત જ તમારા ઉપર ડીનનો પત્ર આવે કે 'હવે તમે ઑફિશિયલી ગ્રેજ્યુએટ વિદ્યાર્થી થયાં.' તરત જ હું ઘેર ગઈ અને એ ડીનનો કાગળ લઈ ત્યાં બતાવ્યો. લોકો જરા ભોંઠાં તો પડ્યાં પણ નસીબમાં વધારે ભોંઠાં પડવાનું હશે તે મારી આખી ફાઇલ તપાસવા બેઠાં અને મને કહે, 'યુનિવર્સિટીના મોલેક્યુલર બાયોલૉજી વિભાગ'માં તમે પ્રવેશ લીધો છે તેવો કોઈ રેકોર્ડ અમારી પાસે નથી. આમાં અમારી કાંઈક ભૂલ થઈ છે એ વાત તો સાચી પણ તમારી ફાઈલમાં તો બધી નોંધ હોવી જોઈએ. એટલે તમારે એડમિશન ફોર્મ ભરી યુનિવર્સિટીમાં પ્રવેશ માટે અરજી કરવી પડશે.' નવે નાકે દિવાળીની જેમ એડમિશન માટેની અરજી ભરી વિભાગના વડા, પ્રવેશ સમિતિના સભ્યો, મારા સંશોધન માર્ગદર્શક વગેરેની સહીઓ લીધી. રજિસ્ટ્રારની સહી લીધી. બધાંને વાત કરી તો ખડખડાટ હસ્યાં. ચારપાંચ કલાકનું પાણી કરી છેવટે એડમિશન લીધું અને ૧૩મી મે એ પદવીદાન સમારંભમાં પગલાં ભરીશું.'

NSS - સમાજોપયોગી પ્રવૃત્તિ

તા.૩૧-૧૨-૭૮. બે દિવસ ઉપર હું નિધરાડ ગામે ગયો હતો. ગામની વસ્તી ત્રણ હજાર જેટલી, મુખ્યત્વે પટેલ, ઠાકોર અને હરિજન. અમદાવાદની લૉ સોસાયટીની ચાર કોલેજોના ૧૦૦ વિદ્યાર્થીઓ અને ૨૦ વિદ્યાર્થિનીઓ આ ગામમાં ૯ દિવસ રહ્યાં. પહેલે દિવસે ગામમાં ગયાં અને પૂછ્યું કે મુખીનું ઘર કયું? તો જવાબ મળ્યો કે 'આ પાણીની નીક છે ને તે નીકે હેંડ્યા જાઓ જ્યાંથી નીક શરૂ થાય તે મુખીનું ઘર!' છેલ્લે દિવસે હું ત્યાં ગયો ત્યારે બધી જ ગંદા પાણીની નીક સૂકાઈ ગઈ હતી. રસ્તાના ઉકરડા ઉલેચાઈ ગયા હતા. રસ્તા લેવલ થઈ ગયા હતા. ગુજરાતમાં NSS-રાષ્ટ્રિય સેવા યોજના નીચે ખાસ કાર્યક્રમ હોય છે. શોષ-ખાડા (saptic tanksનું ગ્રામીણ સ્વરૂપ), નિર્ધૂમ ચૂલા અને શોષ-જાજરૂ.

ગામમાં ઘેર ઘેર નહાવાની ચોકડી અને શોષ-ખાડા થયા એટલે નવી નીકો તરત તો શરૂ નહિ થાય. નિર્ધૂમ ચૂલાના કાર્યક્રમને કારણે વિદ્યાર્થીઓ ગ્રામ કુટુમ્બમાં ઠેઠ રસોડા સુધી પહોંચે છે તેનો બેવડો ફાયદો થાય છે. છેલ્લે દિવસે આખા ગામનાં ત્રણે હજાર સ્ત્રી-પુરુષો-બાળકોએ સાથે મળીને ગામ શણગાર્યું અને ઉત્સવ મનાવ્યો. પાટીદારવાસનો દરવાજો નાઈલોન, શિફોનની ફોલવાળી સાડીઓથી શણગારેલો હોય તો હરિજનવાસનો દરવાજો 'દયારામ'ની છીદરીથી શણગાર્યો હોય! વિદ્યાર્થીઓ અને ગામ લોકો ભજન અને ધૂન બોલતા આખા ગામમાં ફરે અને છેવટે ગામ તરફથી વિદ્યાર્થીઓને દૂધપાક-પૂરીનું જમણ મળે અને પછી બધાં વિખરાય! કેવી સમાજોપયોગી પ્રવૃત્તિ! (ક્રમશઃ)

આવો, શીખીએ અંગ્રેજી (૨૫)

ધનુભાઈ મહેતા

ગૌણ ઉપવાક્યના પ્રકાર - Kinds of Sub-ordinate Clauses

સંકુલ કે મિશ્ર વાક્યમાં એક મુખ્ય ઉપવાક્ય અને બાકીનાં ગૌણ ઉપવાક્ય કે ઉપવાક્યો હોય એ શીખ્યા. નામ ઉપવાક્ય, વિશેષણ ઉપવાક્ય અને ક્રિયાવિશેષણ ઉપવાક્ય એમ ગૌણ ઉપવાક્યના ત્રણ પ્રકારો છે, એ મુદ્દા સાથે આપણે ગયા પાઠનું સમાપન કર્યું હતું. તો હવે ગૌણ વાક્યના ઉપરોક્ત ત્રણે પ્રકારો વિષે અનુક્રમે વિગતવાર શીખીએ.

(૧) નામ-ઉપવાક્ય - The Noun Clause

' વિશેષણ અને ક્રિયાવિશેષણ ઉપવાક્ય કરતાં નામઉપવાક્ય સમજવું જરાક અટપટું છે કારણ કે 'નામ' વિશેનો ખ્યાલ વિદ્યાર્થીના મનમાં ઘણો જ અસ્પષ્ટ હોય છે. અને 'નામ' એટલે માત્ર વ્યક્તિનું નામ. જેમ કે, 'આભા', 'અનંગ', 'છાયા', 'સૌરભ' એવી આછીપાતળી અને અધકચરી સમજ હોય છે. અલબત્ત, આ લેખમાળામાં નામ અને તેના પ્રકાર વિશે આપણે વિગતે સમજ્યા છીએ. તો નામ-ઉપવાક્ય સમજવું સરળ થાય તે માટે તે પાઠનું પુનરાવર્તન કરી જશો. તેમ છતાં 'નામ' પરત્વેનો જે કાંઈ ખ્યાલ તમારી સમજમાં છે તેનો જ પ્રારંભમાં આધાર લઈને નામઉપવાક્ય શીખીશું. ઉદાહરણ રૂપ થોડાંક સરળ વાક્યો લઈ તર્કબદ્ધ પગલે શીખીશું તો નામ ઉપવાક્ય ઝટ ગળે ઊતરી જશે.

Sita wants Rama as her husband.

આ વાક્યમાં 'Sita' સંજ્ઞાવાચક નામ છે અને તે કર્તા-સ્થાને છે. 'wants' મુખ્ય ક્રિયાપદ છે અને સંજ્ઞાવાચક નામ 'Rama' કર્મપદે છે. તો આમ 'Rama' નામ-શબ્દ એટલે કે 'noun-word' થયો. હવે ઉપરના વાક્યમાં 'Rama' નામ છે તેને બદલે આ પ્રમાણે કહીએ 'Sita wants it.' તો અહીં 'નામ'ને બદલે 'સર્વનામ' વપરાયું. વળી, આ પ્રમાણે કહીએ 'Sita wants something.' તો 'it' અને 'something' એ બન્ને નામ-શબ્દ - noun words - થયા. હવે એક પગલું આગળ. મુખ્ય ક્રિયાપદના કર્મ તરીકે નામ-શબ્દને બદલે 'શબ્દસમૂહ' એટલે કે 'phrase' મૂકીએ. Sita wants Rama to be her husband. આ સાદા વાક્યમાં 'to be Rama her husband' આ શબ્દ સમૂહ 'wants' મુખ્ય ક્રિયાપદના કર્મ તરીકે નામ પદે વપરાયો તેથી તે નામ-શબ્દસમૂહ એટલે કે 'noun-phrase' કહેવાય. હવે ઉપરોક્ત સાદા વાક્યને સંકુલ એટલે કે મિશ્ર વાક્યમાં ફેરવીએ તો, 'Sita wants that she would have Rama, as her husband. તો આ વાક્યમાં 'Sita wants' એ મુખ્ય ઉપવાક્ય છે અને 'she would have Rama, as her husband' એ ગૌણ ઉપવાક્ય છે. અને તે મુખ્ય ક્રિયાપદના કર્મ તરીકે નામપદે વપરાયું છે માટે તે 'નામ-ઉપવાક્ય' બન્યું. આમ, ક્રમશઃ નામ-શબ્દ, નામ-શબ્દસમૂહ અને નામ ઉપવાક્ય તર્કસંગતપણે શીખ્યા. હવે નામ-ઉપવાક્ય વિશેનો ખ્યાલ સ્પષ્ટ થયો હશે. નામ ઉપવાક્ય ક્રિયાપદના કર્તા, કર્મ, નામયોગી અવ્યયનું કર્મ, ક્રિયાપદની પુરવણી કે નામ-સર્વનામની સમાન વિભક્તિમાં એમ પાંચ પ્રકારે કામ કરે છે તે વિશે સમજીએ.

(૧) ક્રિયાપદના કર્તા રૂપે. જેમ કે,

અમોલા ઉદ્યમી છે તે હકિકત છે.

That Amola is industrious, is a fact.

સભામાં તે જે કાંઈ બોલ્યો તેણે મારી લાગણી દુભાવી.

Whatever he spoke in the meeting, hurt my feelings.

ઉપરનાં બન્ને વાક્યોને સમજીએ. પહેલા વાક્યમાં, '(it) is a fact' મુખ્ય ઉપવાક્ય છે અને તેમાંના 'is' મુખ્ય ક્રિયાપદના કર્તા તરીકે - That Amola is industrious - એ નામ-ઉપવાક્ય બને છે. આમ, 'to be' ક્રિયાપદના કોઈ પણ રૂપની આગળ આવતું ગૌણ ઉપવાક્ય નામ-ઉપવાક્ય બને. બીજા વાક્યમાં - it hurt my feeling - એ મુખ્ય ઉપવાક્ય છે અને - whatever he spoke in the meeting - એ ગૌણ નામ-ઉપવાક્ય - 'hurt' ક્રિયાસૂચક ક્રિયાપદ એટલે કે 'action verb'ના કર્તા તરીકે આવેલ છે. ક્રિયાસૂચક ક્રિયાપદ હંમેશા સકર્મક ક્રિયાપદ એટલે કે 'transitive verb - ટ્રાન્ઝિટિવ વર્બ' હોય છે.

(૨) ક્રિયાપદના કર્મ તરીકે - The object to a verb

ક્રિયાપદના કર્મ તરીકે નામ આવે છે તે પ્રમાણે ઉપવાક્ય પણ આવે છે. તેનાં ઉદાહરણરૂપ વાક્યો જોઈએ.

Ramola says that she is quite happy in her new house.

I know where I should park the car.

She did not understand what she would do then.

પહેલા વાક્યમાં 'Ramola says' એ મુખ્ય ઉપવાક્યના 'says' ક્રિયાપદના કર્મ તરીકે નામપદે - that she is quite happy in her new house' એ નામ-ઉપવાક્ય તરીકે વપરાયું છે. તે જ પ્રમાણે બીજા અને ત્રીજા વાક્યમાં અનુક્રમે 'know' અને 'did not understand' - મુખ્ય ક્રિયાપદના કર્મ તરીકે - where I should park the car', અને what she would do then' - એ બન્ને નામ-ઉપવાક્યો બને છે.

(૩) નામયોગી અવ્યયના કર્મ તરીકે - The object to a preposition.

નામયોગી અવ્યયના કર્મ તરીકે જેમ નામ-શબ્દ આવે છે તે

જ રીતે ઉપવાક્ય પણ આવે. જેમ કે,

Listen to, what your elders say.

Your success depends on, how you work.

Don't trust in, what a liar says.

ઉપરનાં ત્રણે વાક્યોમાં મુખ્ય ઉપવાક્યના નામયોગી અવ્યય, અનુક્રમે 'to', 'on' અને 'in'ના કર્મ તરીકે આવેલાં ઉપવાક્યો ગૌણ ઉપવાક્યો - what your elders say, how you work અને what a liar says - નામ-ઉપવાક્યો છે.

(૪) ક્રિયાપદની પુરવણી રૂપે - The complement to a verb. ક્રિયાપદની પુરવણી તરીકે જેમ નામ-શબ્દ આવે તે મુજબ જ ઉપવાક્ય પણ આવે. દાખલા તરીકે -

This **is** what I believe.

My belief **is** that home is **heaven**.

The saint's prayer **was that the child might survive.**

(to servive - સરવાઇવ → ઊગરી જવું)

Your trouble **will be**, that. troubles will trouble you.

ઉપરનાં ચારે વાક્યોમાં મુખ્ય ઉપવાક્યમાંના 'to be' ક્રિયાપદના વર્તમાન, ભૂત અને ભવિષ્ય કાળના અનુક્રમે આવેલા 'is', 'is', 'was' અને 'will be'ની પુરવણી તરીકે આવેલા 'what I believe', 'that home is heaven', 'that the child might survive' અને 'that troubles will trouble you' એ ચારે ગૌણ ઉપવાક્યો નામ-ઉપવાક્યો છે.

(૫) નામ કે સર્વનામના સમાનાધિકરણ રૂપે - In apposition to a noun or pronoun - ઉદાહરણનાં વાક્યો દ્વારા આ સમજીએ.

It is surprising that she tops the list of the successful candidates.

The proverb that pride goes before fall, is worth to understand.

The rumour that he has turned a bankrupt, has no ground. (a rumour - રૂમર - અફવા, a bankrupt - (અ બેન્ક્રાપ્ટ - દેવાળિયો, ground - ગ્રાઉન્ડ - પાયો)

ત્રણે વાક્યો એક પછી એક સમજીએ.

It is surprising - મુખ્ય ઉપવાક્ય

that she tops the list of the successful candidates - નામ ઉપવાક્ય,

મુખ્ય ઉપવાક્યમાંના 'સર્વનામ' 'it'ના સમાનાધિકરણ રૂપે. બીજા વાક્યમાં -

The proverb is worth to understand - મુખ્ય ઉપવાક્ય that pride goes before fall. નામ-ઉપવાક્ય, મુખ્ય ઉપવાક્ય 'proverb' નામના સમાનાધિકરણ રૂપે.

ત્રીજું વાક્ય - The rumour has no ground - મુખ્ય ઉપવાક્ય that he has turned a bankrupt - નામ-ઉપવાક્ય, મુખ્ય ઉપવાક્યમાંના નામ 'rumour'ના સમાનાધિકરણ રૂપે.

તો આ પાઠમાં સંકુલ કે મિશ્રવાક્યમાંના ગૌણ ઉપવાક્યના ત્રણ પ્રકારમાંનો એક પ્રકાર 'નામ-ઉપવાક્ય' સદૃષ્ટાંત વિગતે સમજ્યા. આ પ્રકાર મનમાં બરાબર ઠસી ગયો હશે તો હવે બાકીના બે પ્રકારો - વિશેષણ અને ક્રિયાવિશેષણ ગૌણ ઉપવાક્યો- જે હવે પછીના પાઠમાં શીખવાના છીએ તે સમજવા સરળ બનશે; કારણ કે અંગ્રેજીમાં કહેવત છે, 'well begun is half done' - જે કામનો પ્રારંભ સારો, સાચો અને પાકો તે કામ અર્ધું પાર પડ્યું જાણવું. (ક્રમશઃ)

બોધકથા

મહામંત્ર - સ્વરૂપાંતરણનો

બહાદુરભાઈ જ. વાંક

જીવનની અત્યંત વિષમ અને યાતનાભરી પરિસ્થિતિઓમાંથી કઈ રીતે મુક્ત થવું એવો પ્રશ્ન શ્રોતાઓ તરફથી પૂછવામાં આવતાં ગુરુ બજુવા બોલ્યા : 'જીવનમાં જે કાંઈ સારું-નરસું બને છે એ બધું અસ્તિત્વના મૂળમાંથી આવતું હોય છે, અને એના બહુ જ સ્વાભાવિક ક્રમમાં બનતું હોય છે, એટલે એને સ્વીકારી લેવામાં જ બહુ મોટું ડહાપણ રહેલું છે.'

એક શ્રોતાએ દલીલ કરી : 'સ્વીકારી લેવામાં ચોક્કસ ડહાપણ હશે, પણ સ્વીકારી લેવું એ સહેલી વાત તો નથી જ.'

'સહેલી વાત નથી, એ સાચું. પણ એનો સ્વીકાર કર્યે જ છૂટકો. જે તે પરિસ્થિતિને સ્વીકારી લેશો તો એ તમારા માટે પ્રસાદરૂપ બની જશે, અન્યથા પ્રહારરૂપ. હવે નિર્ણય તમારે કરવાનો છે. મારી લાચારી એટલી જ કે નિર્ણય કરવામાં તો હું તમને બધાને મદદરૂપ થઈ શકું તેમ નથી.' જરા વિસ્તારથી બજુવાએ બધાને સમજાવ્યું.

વળી શ્રોતાઓએ પૂછ્યું : 'પણ જીવનની યાતનાઓને સ્વીકારી લેવાની અમારી ક્ષમતા જ ન હોય તો અમારે શું કરવું?'

'એક વખત તમે તમારી યાતનાઓને સ્વીકારી તો જુઓ. જેવી તમે યાતનાઓને સ્વીકારી લેશો કે તરત જ એ બધી યાતનાઓ તમારી પાસેથી સ્વયં અસ્તિત્વ જ ઝૂંટવી લેશે - તમને ક્ષમતાશક્તિનું વરદાન આપીને.' ને જરા રહી બજુવાએ ઉમેર્યું : 'અસ્તિત્વ સાથેની સંવાદિતાથી બીજું કોઈ મોટું બળ નથી.'

આટલું આશ્વાસન આપવા છતાં શ્રોતાઓએ અનુરોધ કર્યો : 'આપ અમને એકાદ મંત્ર ન આપી શકો કે જેનાથી અમે અમારી યાતનાઓને નિર્મૂળ કરી શકીએ?'

ને બજુવા બોલ્યા : 'સ્વીકાર એ જ તો છે સ્વકાર - સ્વરૂપાંતરણનો મહામંત્ર.' □

કથની કાશ્મીરની



પ્રા. સુરેશ મ. શાહ

ઈ.સ. ૧૯૪૭ના ઑગસ્ટની પંદરમીએ દીર્ઘકાલીન રાજકીય પરતંત્રતા પછી સ્વાતંત્ર્યનો સૂર્ય દૃશ્યમાન થયો. સાથે જ બ્રિટિશ સામ્રાજ્યે આપેલી ગૂંચવાડાભરી રાજકીય-પ્રાદેશિક પરિસ્થિતિ પણ વારસામાં મળી. બ્રિટિશ હિન્દ ભારત અને પાકિસ્તાન નામના બે ભાગમાં વહેંચાયું અને ૫૬૫ જેટલાં દેશી (Native) રાજ્યો બ્રિટન સાથેના કરારથી મુક્ત થયાં.

સમસ્યા એ હતી કે ભાગલા પછી પણ દેશી રાજ્યોનું શું? તેઓ સ્વતંત્ર થાય કે ભારત કે પાકિસ્તાન સાથે જોડાય? હિંદને સ્વતંત્રતા આપવા બ્રિટનની સરકારે પાર્લમેન્ટમાં ૧૬મી જુલાઈ, ૧૯૪૭ના રોજ હિંદ સ્વાતંત્ર્યધારો પસાર કર્યો હતો, જે ૩૦ જૂન, ૧૯૪૭ની લૉર્ડ માઉન્ટબેટન યોજના અનુસાર હતો. આ ધારામાં જ એવી જોગવાઈ હતી કે ૧૫, ઑગસ્ટ ૧૯૪૭ પછી દેશી રાજ્યો ઉપરનું બ્રિટનનું સાર્વભૌમત્વ રદ થશે અને તે દિવસથી જ બ્રિટન અને દેશી રાજ્યો વચ્ચેના સર્વ સંધિકરારોનો અંત આવશે. તેમાં એવું પણ સૂચવ્યું હતું કે દેશી રાજ્યો ભારત કે પાકિસ્તાન ગમે તે એક સાથે જોડાઈ જાય તે સલાહભર્યું છે. જો દેશી રાજાઓ આ સલાહની અવગણના કરી પોતાનું સ્વતંત્ર રાજ્ય ટકાવી રાખવાનો નિર્ણય કરે તો તેમ અથવા તો સ્વતંત્ર સ્વાયત્ત જૂથ રચે તો તેમ કરવાને પણ સ્વતંત્ર હતા.

આ વાતાવરણમાં જૂન ૧૯૪૭માં વચગાળાની સરકારે દેશી રાજ્યોનું ખાતું કેન્દ્ર સરકારમાં શરૂ કર્યું અને તેનો હવાલો સરદાર વલ્લભભાઈ પટેલને સોંપવામાં આવ્યો અને તેઓ દ્વારા સચિવ તરીકે વી.પી. મેનનની નિમણૂક કરવામાં આવી. તેઓએ ૧૫મી ઑગસ્ટથી નવાં રાષ્ટ્રોમાં દેશી રાજ્યોને જોડાવાની નીતિ નક્કી કરી. જોડાણખત અને સ્ટૅન્ડ સ્ટિલ કરારનો મુસદ્દો પણ તૈયાર કર્યો; પરંતુ મહમદઅલી ઝીણાએ તેનો વિરોધ કર્યો અને જાહેરાત કરી કે જે રાજ્યો પાકિસ્તાનમાં આવશે તેમને સ્વતંત્રતા આપવાની હું ખાતરી આપું છું, છતાં પણ લૉર્ડ માઉન્ટબેટનના રાજવીઓની નરેન્દ્રમંડળની બેઠકમાં થયેલા સંબોધનના આધારે તેમજ સરદાર પટેલ અને વી.પી. મેનની મુત્સદ્દીભરી નીતિને કારણે દેશી રાજ્યોના વિલીનીકરણની પ્રક્રિયાનો પ્રારંભ થયો. દેશી રાજ્યો પણ પોતાની મર્યાદા સમજવા લાગ્યાં અને ભારત સરકાર પણ ઉદાર રહી. માત્ર જૂનાગઢ, હૈદરાબાદ અને કાશ્મીરનાં રાજ્યોને બાદ કરતાં દેશી રાજ્યોનું ભારત અથવા પાકિસ્તાનમાં વિલીનીકરણ થયું. દેશનું વિભાજન થતાં હિંદે જે ૩,૬૪,૭૩૭ ચોરસ માઈલનો પ્રદેશ અને ૮ કરોડ ૧૫ લાખની વસતી ગુમાવ્યાં હતાં તે દેશી રાજ્યોનું વિલીનીકરણ કરીને ૫,૦૦,૦૦૦થી વધુ ચોરસ માઈલ વિસ્તાર અને ૮ કરોડ, ૧૫ લાખની વસતી ભારતમાં ઉમેર્યાં, જેમાં જમ્મુ અને કાશ્મીરનાં વિસ્તાર અને વસતીનો સમાવેશ થયો નહિ.

જૂનાગઢ અને હૈદરાબાદનો પ્રશ્ન તો પ્રજાકીય આંદોલન અને સૈન્યની સહાયથી પાર પડ્યો પણ કાશ્મીરનો પ્રશ્ન વિશિષ્ટ મહત્ત્વ ધરાવતો હતો. કાશ્મીર ભારતની ઉત્તરે આવેલા હિમાલય પર્વતમાળાનો હિમાચ્છાદિત અને પ્રાકૃતિક સૌંદર્યથી ભરપૂર પ્રદેશ છે. ઈ.સ. ૧૫૮૭માં મુઘલ સમ્રાટ અકબરે તે જીત્યું. ઈ.સ. ૧૭૫૨માં અહમદશાહ અબ્દાલીએ જીતીને અફઘાનિસ્તાનનો ભાગ બનાવ્યું અને ઈ.સ. ૧૮૧૯માં પંજાબના મહારાજા રણજિતસિંહે જીતી લઈ શીખ સામ્રાજ્યના ગવર્નરો દ્વારા ત્યાં શાસન કર્યું. પણ પ્રથમ શીખ યુદ્ધને અંતે ઈસ્ટ ઇન્ડિયા કંપનીને શીખ મહારાજા યુદ્ધદંડ પેટે રૂપિયા એક કરોડ ના આપી શકતાં, તે પેટે જમ્મુ અને કાશ્મીર સહિત બિયાસ અને સિંધુ નદી વચ્ચેનો પ્રદેશ અંગ્રેજોને આપવા તૈયાર થયા. પણ ગવર્નર જનરલ લૉર્ડ હાર્ડિંજને તેમ કરવું પસંદ ન હતું ત્યારે કાશ્મીરમાં શીખ મહારાજાનો વારસાગત સામંત હક્ક ભોગવતા ડોગરા સરદાર ગુલાબસિંહે બધો પ્રદેશ પ્રાપ્ત કરી દંડની રકમ ભરી દીધી અને અંગ્રેજ સરકારનું સાર્વભૌમત્વ સ્વીકાર્યું. આ અંગેની સંધિ ઈ.સ. ૧૮૪૬માં અમૃતસર મુકામે થતાં જમ્મુ-કાશ્મીરમાં સ્વતંત્ર રાજ્ય સ્થપાયું.

કાશ્મીરનું આ રાજ્ય ૮૪,૪૭૧ ચોરસ માઈલ વિસ્તાર ધરાવે છે. તે સમગ્રતયા હિમાલયનો પશ્ચિમ તરફનો પર્વતીય વિસ્તાર છે. જેમાં ઉત્તરે ગિલગીટ, દક્ષિણે જમ્મુ, મધ્યમાં શ્રીનગરની ફળદ્રુપ ખીણ અને દક્ષિણ પૂર્વમાં લડાખ આવેલ છે. જ્યારે ૧૯૪૭માં સત્તાની ફેરબદલી થઈ ત્યારે મહારાજા હરિસિંહ અહીંના રાજવી હતા. જેઓ સપ્ટેમ્બર ૨૩, ૧૯૨૫ના રોજ ગાદીએ આવ્યા હતા.

આ પર્વતીય રાજ્યની પૂર્વમાં તિબેટ, વાયવ્યમાં અફઘાનિસ્તાન અને ઈશાનમાં ચીનનો સિક્યાંગ પ્રાંત આવેલા છે. રાજવી હિંદુ હોવા છતાં આ રાજ્યમાં મુસલમાનોની વસતી ૭૫ ટકા હતી અને બાકીના હિંદુ, શીખ અને બૌદ્ધ લોકો હતા. જો કે પાકિસ્તાનની રચના થતાં ત્યાંથી હિંદુઓ

જમ્મુમાં આવતાં ત્યાં હિંદુઓની બહુમતી થઈ. મુસલમાનોની વસતી વધારે હોવા છતાં વહીવટમાં અને લશ્કરમાં તેમનું પ્રમાણ નજીવું હતું, જેની સામે મુસ્લિમોને એટલો બધો અસંતોષ હતો કે છેવટે તેમના હક્કો માટે લડત આપવા ઈ.સ. ૧૯૩૨માં શેખ અબ્દુલ્લા નામના મુસ્લિમ નેતાના વડપણ હેઠળ 'ઑલ જમ્મુ એન્ડ કશ્મીર મુસ્લિમ કોન્ફરન્સ'ની સ્થાપના કરવામાં આવી, જેમના દ્વારા ૧૯૪૬માં મહારાજા સામે 'કાશ્મીર છોડો'નું આંદોલન ચલાવવામાં આવ્યું હતું. પરિણામે શેખ અબ્દુલ્લા કાશ્મીરમાં લોકપ્રિય નેતા બની ચૂક્યા હતા.

જ્યારે સ્વતંત્રતાનો નિર્ણય લેવાયો ત્યારે લૉર્ડ માઉન્ટબૅટન મહારાજા હરિસિંહને મળ્યા અને જણાવ્યું કે તેઓએ ભારત કે પાકિસ્તાનમાં જોડાઈ જવું જોઈએ; પરંતુ મહારાજાએ કોઈ નિર્ણય લીધો નહિ. ખરેખર તો તેઓ જ્યાં જોડાવાનો નિર્ણય કરે તેની વિરુદ્ધ તેમની જ ચોક્કસ પ્રદેશોની પ્રજા વિરોધ કરશે તેવો તેમને ભય હતો. પરંતુ હકીકતમાં તો તેઓ સ્વતંત્ર જમ્મુ અને કાશ્મીરના રાજ્યનું સ્વપ્ન સેવતા હતા. મહત્ત્વાકાંક્ષી પણ હતા, કારણ કે તેમનું રાજ્ય પાકિસ્તાન અને ભારતની સરહદોને સ્પર્શતું રાજ્ય હતું. છતાં તેઓએ વિચારવાની દૃષ્ટિએ વધુ સમય મેળવવા પાકિસ્તાન સાથે Stand still Agreement - જૈસે થે કરાર - ઉપર સહી કરી.

પાકિસ્તાન પોતાને મળેલી આ તક જતી કરે તેમ ન હતું તેથી પાકિસ્તાને પોતાની સાથે જોડાણ કરવા તે મહારાજા ઉપર દબાણ કરવા લાગ્યું. આ માટે અનાજ, પેટ્રોલ વગેરે ચીજવસ્તુઓનો જે પુરવઠો પાકિસ્તાનમાંથી મળતો હતો તે બંધ કરવામાં આવ્યો. જમ્મુ અને કાશ્મીરના વડાપ્રધાન મહેરચંદ મહાજને આ અંગે બ્રિટિશ સરકારને ફરિયાદ કરી પણ ફેર પડ્યો નહિ. આથી કાશ્મીરના મહારાજાએ જરૂરિયાતો માટે ભારતીય સંઘ પાસે માગણી કરી, જે પૂરી થતાં પાકિસ્તાન અકળાયું કે કાશ્મીર ભારત સાથે જોડાઈ જશે અને તેથી તેઓએ ૨૨ ઑક્ટોબર, ૧૯૪૭ના રોજ કાશ્મીરની સરહદ ઉપર તાયફાવાળાઓના નામે હુમલા શરૂ કરી આક્રમણ દ્વારા ગઢી અને દોમેલ કબજે કરી મુઝફરાબાદમાં પ્રવેશ કર્યો અને ત્યાંથી બારામુલ્લા તરફ કૂચ કરી. મહારાજાના સૈન્યના મુસલમાનો સૈન્ય છોડી હુમલાખોરો સાથે જોડાયા. છતાં બ્રિગેડિઅર રાજેન્દ્રસિંહે પોતાના સૈન્યના અને પોતાના બલિદાન દ્વારા હુમલાખોરોને રોકીને શ્રીનગર જવાના ઉરીના પુલનો નાશ કર્યો, પરંતુ હુમલાખોરોએ જાહેર કર્યું કે ૨૬મી ઑક્ટોબરની ઈદ તેઓ શ્રીનગર જીતીને ત્યાં ઊજવશે.

મહારાજા હરિસિંહે છેવટે ૨૪ ઑક્ટોબરના વિનંતીપત્ર દ્વારા ભારત સરકારની મદદ માગી. હુમલાખોરોની પ્રગતિ તથા ઇરાદાઓની જાણ પણ સુપ્રિમ કમાન્ડર ફીલ્ડમાર્શલ ઓચિનલેકે આપી તેથી લોર્ડ માઉન્ટબેટનના પ્રમુખપદે મળેલી સંરક્ષણ સમિતિએ ૨૫મી ઑક્ટોબરે વી.પી. મેનનને હવાઈમાર્ગે શ્રીનગર મોકલ્યા, જેઓએ મહારાજાને જમ્મુ ચાલ્યા જવાની સલાહ આપી અને દિલ્હી આવી અહેવાલ આપ્યો કે કાશ્મીરને બચાવવાની અતિ આવશ્યકતા છે. લૉર્ડ માઉન્ટબેટને નિર્ણય કર્યો કે જમ્મુ અને કાશ્મીર હાલમાં સ્વતંત્ર રાજ્ય છે. જો તે ભારત સાથે જોડાણ કરે તો જ તેના રક્ષણ માટે સૈન્ય મોકલી શકાય. તેમણે એ પણ કહ્યું કે હુમલાખોરોને હાંકી કાઢવામાં આવે પછી ત્યાં લોકમત લેવો જોઈએ. ત્યારબાદ મેનન અને મહેરચંદ મહાજન બંને જમ્મુ ગયા. મહારાજાએ ભારત સામેના જોડાણખત ઉપર સહી કરીને તાત્કાલિક સૈન્ય મોકલવા વિનંતીપત્ર આપ્યો.

વી.પી. મેનન દિલ્હી આવતા જ સરદાર પટેલને એરોડ્રોમ ઉપર જ મળ્યા. ત્યાંની સંરક્ષણ સમિતિની સભામાં જઈ ચર્ચા કરી જોડાણ સ્વીકારવામાં આવ્યું. શેખ અબ્દુલ્લા પણ દિલ્હીમાં હતા. તેમણે પણ મદદ માટે વિનંતી કરી અને સૈન્યને વિમાનમાર્ગે દિલ્હીથી કાશ્મીર મોકલવાનો તેમજ ત્વરિત કાર્યવાહી કરવાનો


વી.પી. મેનન


મહમદઅલી ઝીણા


સરદાર વલ્લભભાઈ પટેલ


ડોંગરા સરદાર ગુલાબસિંહ

નિર્ણય લેવામાં આવ્યો. ઝડપી કાર્યવાહી થતાં હુમલાખોરો શ્રીનગર તરફ આગળ વધતા અટક્યા. લેફ્ટનન્ટ કર્નલ રણજિતરાયે શ્રીનગર અને કાશ્મીરને બચાવ્યું. શેખ અબ્દુલ્લાએ વચગાળાની સરકારની રચના કરી. ઝીણાએ પાકિસ્તાનનું લશ્કર કાશ્મીરમાં મોકલવા હુકમ કર્યા. પણ જનરલ ગ્રેસીએ વિરોધ કરતાં તેમ થઈ શક્યું નહિ. તેથી માઉન્ટબેટન સાથે મંત્રણા કરવાનું નક્કી કર્યું. ભારતના લશ્કરે બારામુલ્લા કબજે કર્યું. ગિલગીટ ઉપર તાયફાવાળાઓએ કબજો જમાવ્યો હતો તે પ્રદેશ 'આઝાદ કાશ્મીર' નામે તેમની પાસે રહ્યો. છેવટે લૉર્ડ માઉન્ટબેટનની સલાહથી આ પ્રશ્ન નેહરુ દ્વારા યુનોમાં રજૂ કરાયો. પરિણામે કાશ્મીરની કાયમી સમસ્યા અસ્તિત્વમાં આવી, જે આજે પણ વધુ ઉગ્ર અને કડવાશભરી રહી છે.

જે રીતે ભારતીય સૈન્યે હવાઈમાર્ગે અત્યંત ત્વરિત રીતે કામગીરી બજાવી તેવી કાર્યદક્ષ અને ઝડપી કામગીરી વિશ્વના કોઈ પણ યુદ્ધમાં જોવા મળતી નથી. પંડિત નેહરુએ પણ લિયાકતઅલીને (પાકિસ્તાનના વડાપ્રધાન) પત્ર લખતા સ્પષ્ટ જણાવ્યું હતું કે હુમલાખોરો જે સાધનોથી લડે છે તે આધુનિક લશ્કરી સાધનો છે. તેઓને પુરવઠો, મોટરો, પેટ્રોલ પાકિસ્તાનમાંથી મળે છે, અને ત્યાંના લશ્કરી અધિકારીઓ તેઓને તાલીમ આપે છે. આ પત્ર લખ્યા પછી જ યુનોમાં ફરિયાદ કરવામાં આવી હતી.

કાશ્મીરનો પ્રશ્ન ઉકેલવા ભારતે અનેક પ્રયાસો કર્યા છતાં આપણે ત્યાં તંગદિલી ચાલુ રાખવામાં રસ ધરાવતી પશ્ચિમી અને અન્ય સત્તાઓને કારણે જ આ સમસ્યાનો ઉકેલ આવ્યો નથી.

યુનોની સલામતી સમિતિએ ૨૧ એપ્રિલ, ૧૯૪૮ના રોજ પંચ નિમ્યું તેના અને તા.૨૪ ફેબ્રુઆરી ૧૯૫૦ના ઠરાવનો પાકિસ્તાને અમલ કર્યો જ નથી. તેના અમલ માટેના પ્રયત્નો પણ નિષ્ફળ નીવડ્યા. અહીં સ્પષ્ટપણે પાકિસ્તાનને આક્રમણખોર જાહેર કરવામાં આવ્યું હતું. છતાં તેની પ્રવૃત્તિઓ ચાલુ જ રહી. ૧૯૫૫માં બગદાદ કરારમાં જોડાઈને યુ.એસ. અને અન્ય રાષ્ટ્રો પાસેથી પાકિસ્તાને ભરપૂર મદદ મેળવી કાશ્મીરમાં બંધારણસભાની રચના થતાં તે સભાએ પણ કાશ્મીર ભારતનો અંતર્ગત ભાગ છે તેવું જાહેર કર્યું.

પાકિસ્તાન સતત યુનોમાં વિશ્વમાં કાશ્મીર અંગે પ્રચાર કરતું જ રહ્યું. ૨ જાન્યુઆરી, ૧૯૫૭ના રોજ યુનોમાં ભારતના પ્રતિનિધિ કૃષ્ણમેનને ૭ કલાક અને ૪૮ મિનિટ ભાષણ કરી ભારતનો કેસ રજૂ કર્યો. રશિયાએ 'વિટો' વાપરતા લોકમતનો ઠરાવ ઊડી ગયો. એ રીતે આ પ્રશ્નમાં રશિયા ભારતને મદદ કરતું રહ્યું. ભારત-ચીન યુદ્ધ ૧૯૬૨માં પણ પાકિસ્તાનનું વલણ ચીન તરફી રહ્યું એટલું જ નહિ, પરંતુ મહત્ત્વનું મથક હુંજ પણ પાકિસ્તાને ચીનને સોંપી દીધું.

પાકિસ્તાન અને ભારત વચ્ચેની કાશ્મીરની યુદ્ધવિરામ રેખાને પણ આંતરરાષ્ટ્રિય સીમા રેખા તરીકે સ્વીકારવાનું નેહરુએ શુભ ભાવનાથી સ્વીકાર્યું પણ પાકિસ્તાને તો સંપૂર્ણ કાશ્મીરના વર્ચસનો જ આગ્રહ રાખતાં યુદ્ધનો જ માર્ગ અપનાવ્યો. ભારતમાં સતત જાસૂસી ષડયંત્રો, ભારત વિરુદ્ધ સતત પ્રચાર-યુદ્ધ, હજરતબાલની ચોટીનો પ્રશ્ન યુનોમાં, શેખ અબ્દુલ્લાની ધરપકડ અને છુટકારો, તેઓની ભારત- વિરોધી પ્રવૃત્તિઓ વગેરે કારણે યુદ્ધજન્ય પરિસ્થિતિ સર્જાતા પાકિસ્તાને જાન્યુઆરી ૧૯૬૫માં કચ્છના ડિંગસુરાઈ અને કંજરકોટ ઉપર આક્રમણ કર્યું. ભારતનો વિરોધ છતાં તે આક્રમણ ચાલુ રહ્યું અને એપ્રિલમાં છાડબેટ અને બિયારબેટ ઉપર હુમલા કર્યા પણ ભારતે પાકિસ્તાનને મારી હઠાવ્યું. છતાં વિશ્વમાં પાકિસ્તાનનો પ્રચાર જોરદાર હતો અને લંડનના જૂન મહિનાના રાષ્ટ્રસમૂહ સંમેલનમાં પણ કાશ્મીરનો પ્રશ્ન જ મહત્ત્વનો ગણી રજૂ કરવામાં આવ્યો. કચ્છના પ્રદેશમાં મધ્યસ્થી પંચના ચુકાદાને પણ ભારતે માન આપી કચ્છનો ૧૦ ટકા વિવાદાસ્પદ પ્રદેશ પાકિસ્તાનને સુપરત કર્યો. છતાં સંબંધો વધુ બગડ્યા અને કચ્છની સફળતાના


લૉર્ડ માઉન્ટબેટન


શેખ અબ્દુલા


જવાહરલાલ નેહરુ


લાલબહાદુર શાસ્રી

સ્વાંત્ર્યોત્તર યુદ્ધોમાં થયેલી ખુવારીના આંકડા (૧૯૪૭થી ૧૯૯૯)

ખુવારીનું સ્વરૂપ	૧૯૪૭–૪૮ કાશ્મીર પર પાકિસ્તાનનું પરોક્ષ આક્રમણ	૧૯૬૨ ચીન દ્વારા ભારત પર આક્રમણ	૧૯૬૫ પાકિસ્તાનનું ભારત પર આક્રમણ	૧૯૭૧ બાંગ્લાદેશનું યુદ્ધ	૧૯૮૯ થી આજ દિન સુધી કાશ્મીરમાં આતંકવાદ વિરોધી અભિયાન	૧૯૮૭–૮૯ શ્રીલંકામાં શાંતિદળ (IPKF)ની લશ્કરી કાર્યવાહી	૧૯૮૪ પછી આજ દિન સુધી સિયાચીન પ્રદેશમાં લશ્કરી કાર્યવાહી	મે ૧૯૯૯થી જુલાઈ ૧૯૯૯ કારગિલ ક્ષેત્ર પર પાકિસ્તાની આક્રમણ	કુલ
૧ યુદ્ધભૂમિ પર શહીદ થયેલા સૈનિકોની સંખ્યા	૧૧૦૩	૧૫૨૧	૨૯૦૨	૩૬૩૦	૮૬૭	૧૧૫૭	૬૫૦	૩૨૬	૧૨.૧૫૬ આશરે
૨. યુદ્ધમાં ઘવાયેલા સૈનિકોની સંખ્યા	૩૧૫૨	૫૪૮	૮૬૨૨	૯૮૫૬	૨૬૫૫	૨૦૬૫	૧૦.૫૦૦ આશરે	૪૭૬	૩૭.૮૭૪ આશરે
૩. ગુમ થયેલા સૈનિકોની સંખ્યા	–	૧૭૨૯	૩૬૧	૨૧૩	–	–	–	૪૮	૨.૩૫૧

નોંધ : (૧) ઉપરના કોષ્ટકમાં આપેલા આંકડાઓ લશ્કરની ખુવારીના છે. તેમાં નાગરિકોની ખુવારી દર્શાવેલ નથી.

(૨) આ આંકડાકીય કોષ્ટકમાં તા. ૯–૭–૧૯૯૯ સુધીની વિગતો છે (૧૯૪૭થી ૧૯૯૯).

(૩) આપેલ આંકડાઓમાં લશ્કરના અધિકારીઓ (officers) તથા જુનિયર કમિશન્ડ ઑફિસર્સ (JCO') અને નૉન-કમિશન્ડ ઑફિસર્સ (NCO')નો સમાવેશ કરવામાં આવ્યો છે.

(૪) કોષ્ટકમાં આપેલી વિગતો ભારતીય લશ્કરના પાયદળ (infantry), વિમાનદળ તથા નૌકાદળ આ ત્રણે પાંખની ખુવારી દર્શાવે છે.

(૫) એક બીજા અંદાજ પ્રમાણે ૧૯૪૭થી અત્યાર સુધીમાં ૧૭.૦૦૦ સૈનિકો શહીદ થયા છે; ૩૦.૦૦૦ સૈનિકો ઘવાયા છે; અને તેમાંથી ૨.૫૦૦ અપંગ બન્યા છે.

('વિશ્વવિહાર'માંથી)

અનુસંધાનમાં ઓગસ્ટ, ૫ ૧૯૬૫ના રોજ પાકિસ્તાને કાશ્મીરમાં ૫૦૦૦ ગેરિલા સૈનિકો ઘુસાડ્યા, પ્રચારયુદ્ધ જોરદાર બનાવ્યું અને તેથી ભારતના વડાપ્રધાન લાલબહાદુર શાસ્ત્રીએ કારગિલ, તિથવાલ, હાજીમીર અને બેદોર જેવી ચોકીઓ જીતી લીધી અને યુદ્ધનો પ્રારંભ થયો, જેમાં ૧લી થી ૨૩મી સપ્ટેમ્બર સુધી ચાલેલા હવાઈ, ટૅન્ક અને અન્ય યુદ્ધોમાં ભારતે લાહોરના ઇચ્છાગીલ નહેર સુધીના અનેક પ્રદેશો જીતી લીધા. જમ્મુ પ્રદેશમાં સૌથી વધુ ખુવારી થઈ. છેવટે રશિયાના વડા કોસિજીનની મધ્યસ્થીથી યુદ્ધવિરામ થયો. યુનોની અંદર પણ મહાસત્તાઓનીબેવડી ચાલ સ્પષ્ટ થઈ. સતત યુદ્ધવિરામનો ભંગ થતો રહ્યો. એ સ્પષ્ટ થયું કે પાકિસ્તાનને મૂળભૂત રીતે કાશ્મીરનો પ્રશ્ન પોતાની તરફેણમાં ઉકેલવામાં જ રસ છે અને તે માટે તે ગમે તે કરવા તૈયાર છે.

જ્યારે પાકિસ્તાનના એક ભાગ પૂર્વબંગાળમાં વિદ્રોહ અને પછી આંતરવિગ્રહ અને તેમાં ભારતનું સામેલ થવું એ છેવટે તો ૧૯૭૧-૭૨નું ભારત-પાક યુદ્ધ જ બની રહ્યું, જેમાં ૧૯૬૬ના તાશ્કંદ કરારની સતત ઉપેક્ષા કરવામાં આવી હતી. આ સમયે પણ કાશ્મીરમાં હવાઈહુમલા કરવામાં આવ્યા હતા. છતાં ભારતનો આ યુદ્ધમાં પણ વિજય થયો અને ૧૯૭૨ના જુલાઈની ૩જીએ થયેલા સિમલા કરારમાં પણ ભારતે સદ્ભાવ બતાવવા ૫૯૧૧ ચોરસ માઈલ વિસ્તાર તથા યુદ્ધકેદીઓ પરત કર્યા. આમ છતાં પાકિસ્તાને કાશ્મીર મેળવવાની પોતાની પ્રવૃત્તિઓ આતંકવાદને ઉત્તેજન, ઉગ્રવાદને સહાય અને ઘુસણખોરોના વાલી બનીને ચાલુ જ રાખી. પાકિસ્તાની જાસૂસી સંસ્થા આઈ.એસ.આઈ.એ. પણ ભાંગફોડની કામગીરીને ઉત્તેજન આપ્યું અને પ્રશ્ન સતત સળગતો રાખી આંતરરાષ્ટ્રિય રાજકારણમાં ભારતને બદનામ કરવાની દરેક તક ઝડપી લીધી. કાશ્મીર પ્રશ્ન સતત સળગતો જ રહ્યો.

કાશ્મીરના આ પ્રશ્ન અંગે પાકિસ્તાન સતત વિવિધ પ્રકારની પજવણી ચાલુ રહે તેમાં નિમિત્ત બન્યા જ કરે છે, જેનું તાજેતરનું ઉદાહરણ કારગિલ પ્રશ્ન છે. વાસ્તવમાં કારગીલ એ અપભ્રંશ શબ્દ છે. સાચું Khargil છે, જે સમય જતાં કારગિલ બન્યું. આ પહાડી ૧૪૦ કિમી લાંબી છે. અને ત્યાં ઘુસણખોરી કરવાથી શ્રીનગરથી લડાખનો માર્ગ જોખમમાં મુકાય છે. વાસ્તવમાં આ પ્રદેશ ૧૫ થી ૧૬ હજાર ફીટની ઊંચાઈએ છે અને ત્યાં ભારતનાં અનેક લશ્કરી થાણાં છે. હવાઈનિરીક્ષણો પણ સતત ચાલ્યાં કરે છે. છતાં સૌથી વધુ ઊંચાઈએ અને ૮ થી ૧૦ કિલોમીટર અંદર સુધી ઘુસણખોરોએ પોતાના અડ્ડા જમાવ્યા છે, જેમાં મુશ્કોહ, દ્રાસ, કાકસર અને બટાલિકના અડ્ડાઓ અગત્યના છે. આ પ્રદેશમાં મુસલમાનોની વસ્તી જ વધુ છે.

પાકિસ્તાને ૧૯૯૫થી વિશ્વનું ધ્યાન કાશ્મીરના પ્રશ્ને દોરવા

(અનુસંધાન પૃ.૫૧૭)


કલાવાર્તા

નાગજીભાઈ પટેલ

સદાય હસમુખા, નિખાલસ, સરળ સ્વભાવ ધરાવતા ચશ્માંધારી રાષ્ટ્રિય તેમજ



આંતરરાષ્ટ્રિય શિલ્પકલાક્ષેત્રે ખ્યાતનામ તથા ગૌરવપ્રદ પારિતોષિકો પ્રાપ્ત કરનાર, ભારત અને પરદેશમાં શિલ્પપ્રદર્શનો યોજનાર નાના કદના તથા ભવ્ય, જાહેર સ્થળો માટેનાં શિલ્પો સર્જનાર નાગજીભાઈ પટેલનો જન્મ જૂની જિથાડીમાં ૧૯૩૭માં થયો. તેમણે ૧૯૬૪માં બરોડા ફાઈન આર્ટ્સ કૉલેજમાંથી શિલ્પ વિભાગમાંથી એમ.એ. (ફાઇન આર્ટ્સ) કર્યું. ૧૯૬૨થી ૧૯૬૪ સુધી સાંસ્કૃતિક સ્કૉલરશિપ પ્રાપ્ત કરી. ૧૯૭૬થી ૧૯૭૮નાં વર્ષો દરમિયાન ન્યૂ દિલ્હીની મિનિસ્ટ્રી ઑવ્ એડ્યુકેશન અને કલ્ચર દ્વારા સાંસ્કૃતિક સ્કૉલરશિપ મેળવી. તેમણે કલા-શિબિરો તથા કલાપરિષદોમાં સક્રિય ભાગ લીધો. ૧૯૬૮થી ૧૯૯૮ સુધીમાં દેશમાં તથા પરદેશમાં તેમણે કલા-શિબિરો તેમજ કલાપરિષદોમાં હાજરી આપી. ૧૯૭૮થી ૧૯૯૩ સુધીમાં તેમણે ભારતનાં તથા વિશ્વનાં જાણીતાં પ્રદર્શનોમાં નિર્ણાયક સભ્ય તરીકે સેવાઓ આપી. વળી, પરદેશનો પ્રવાસ ખેડી દૃશ્યકલાઓ વિશે ઘણું નૂતન, સર્જનાત્મક જ્ઞાન પ્રાપ્ત કર્યું. તેમણે પૂર્વ જર્મની, પોલેન્ડ, રોમાનિયા, જપાન, કોરિયા, યુગોસ્લાવિયા, ઇરાક, નામ્બિયા, ઝિમ્બાબ્વે, બલ્ગેરિયા જેવા દેશોની મુલાકાત લીધી. તેમની કલાકૃતિઓ-શિલ્પકૃતિઓ ભારતના જાણીતા રાષ્ટ્રિય સંગ્રહાલયો, વડોદરાની




બીજ (આરસ)



તળાવ (રેતિયો પથ્થર)



ફળ (રેતિયો પથ્થર)



જોડિયાં (આરસ)




દેવી (ગુલાબી આરસ)



કૂકડો (કાષ્ઠ)



મર્કટ (રેતિયો પથ્થર)


ખુરશી (કાષ્ઠ)


જંતુ (કાષ્ઠ)


ખુરશી (કાષ્ઠ)

જ્યોતિ લિ. કંપનીમાં, વડોદરાની આઈપીસીએલ લિમિટેડમાં તથા ભારતનાં અને પરદેશનાં ખાનગી સંગ્રહાલયોમાં સચવાઈ છે. હાલમાં તેઓ આઈપી-સીએલના લલિતકલા વિભાગના સલાહકાર તથા વડોદરા નઝર ગૅલરીના સંચાલક તરીકે સેવાઓ આપી રહ્યા છે.

શિલ્પકાર નાગજીભાઈએ શિલ્પો ઉપરાંત સર્જનાત્મક ડ્રોઈંગ્સ તથા ચિત્રો પણ કર્યાં છે. તેમાં તેમની કલાત્મક, સર્જનાત્મક રૂપો, આકારો સર્જવાની રૂપલક્ષી દૃષ્ટિ તથા કૌશલ્યનાં દર્શન થાય છે. તેમણે વાસ્તવદર્શી શિલ્પકલા શરૂ કરી પ્રભાવદર્શી, પ્રતીકપ્રધાન, અભિ-વ્યક્ત્યાત્મક તથા અમૂર્ત શૈલીઓ સુધીની સર્જનયાત્રા કરી છે. તેમણે જંતુ, પ્રાણી, પક્ષી, ટોરસો, સર્પ, ફળ, વટવૃક્ષ, સરોવર, દેવીઓ, વાંદરો, કૂકડો, સસલું, ખુરશી, નન્દી તથા અમૂર્ત રૂપ જેવા વિવિધ વિષયો પર સર્જનાત્મક શિલ્પકૃતિઓ સર્જી છે. તેમાં તેમણે ગુલાબી આરસ, કાષ્ઠ, રેતિયો પથ્થર, અડદિયો પથ્થર જેવી સામગ્રીનો સર્જનમાં વિનિયોગ કર્યો છે. ૧૯૬૦થી ૧૯૯૪ સુધીનાં તેમનાં શિલ્પોના કેટલોગમાં ત્રણ વિષયો મુખ્ય છે : પ્રાણીઓ, બીજ (વિકાસ), દેવીઓ. વિવિધ પ્રકારના પથ્થરોમાં શિલ્પસર્જન કરવા પૂર્વે તેમણે ભારત સરકારની સ્કૉલરશિપ મેળવી પથ્થરની ખાણોની મુલાકાત લીધી અને વિવિધ પ્રકારના


વિકાસ (આરસ)


વિકાસ (આરસ)


ફળ (આરસ)



દેવી (આરસ)



દેવી (આરસ)

પથ્થરોનો અભ્યાસ કર્યો. તેમણે પરંપરાગત શિલ્પકારોને મળીને તેમની જોડે ચર્ચા કરી તેમની સાથે કામ પણ કર્યું. કર્ણાટકની સુપ્રસિદ્ધ બદામીની ગુફાનાં શિલ્પો સર્વપ્રથમ નિહાળી તેઓ તેનાથી પ્રભાવિત થયા અને આશ્ચર્ય થાય તેમ એ ગુફામાં જ ખાણમાંથી પથ્થર લાવી શિલ્પસર્જન કર્યું! મહાબલિપુરમના સ્થપતિ ગણપતિએ તેમને ઘણી મદદ કરી. પછી તો તેમણે ટેમ્પરિંગની ટેક્‌નિકો શીખી લીધી. સર્વપ્રથમ તેમણે એક પક્ષી અને વાનરનું શિલ્પ બનાવ્યું. રાજસ્થાનના મકરાનાની આરસની ખાણોની મુલાકાત લીધી. અહીં એક મહિનો રહી મારબલ કાર્વિંગની ટેક્‌નિકોનો અભ્યાસ કર્યો અને મારબલમાં તેમનું પ્રથમ શિલ્પ ૧૯૬૪માં 'દેવી' સર્જ્યું. તેમાં ખાસ નોંધનીય બાબત એ હતી કે તે ઊભું ફિગર હતું અને તેને એક આંખ અને પાંખો હતી અને તેની લીસી સપાટી કેટલાંક નિગૂઢ તત્ત્વો તરફ નિર્દેશ કરતી હતી. તેમાં સપાટીનો અમુક ભાગ પોલિશ રાખીને તથા અમુક ભાગ વિરોધાભાસમાં ખરબચડો રાખવાની ટેક્‌નિક તેમણે અપનાવી. વળી, લીસી સપાટી કે ખરબચડી સપાટી પર આપણને સ્પર્શ કરવાનું મન થાય તેવી સ્પર્શગમ્ય ક્વૉલિટિ તેમણે શિલ્પમાં દર્શાવી. છતાં તેમનાં શિલ્પરૂપો તો સાદાં જ રહ્યાં છે અને તેમણે વધુ ધ્યાન સ્પર્શની ઇન્દ્રિયને આપ્યું છે. વડોદરાની ફાઈન આર્ટ્સ કોલેજમાં તેમને માટી સાથે રમત કરવાનો નવો અનુભવ થયો. પ્રાણીઓનાં શિલ્પો કર્યાં. પ્રાણીઓનો અભ્યાસ ફરજિયાત વિષય હતો એટલે સામેના કમાટી બાગમાં જઈ તેમના આકારોનાં ત્વરાલેખનો, ડ્રૉઈંગ્સ કર્યાં તથા માટીમાં તેમનાં શિલ્પો કર્યાં. ઘનવાદ વિશે ખાસ જાણતા ન હોવા છતાં કેટલાંક ઘનવાદી રૂપોનું શિલ્પમાં સર્જન કર્યું. ખાસ તો તેમને રસ હતો, પ્રેમ હતો પ્રાણીના પ્રાણીપણામાં, તેમની રમતિયાળ વૃત્તિમાં અને ખરેખર બાળકની માફક જ આ રૂપો જોડે તે નિર્દોષભાવે રમ્યા. તેઓ બાળકો તથા મિત્રો પાસેથી ખાસ શીખ્યા છે. પરદેશની તેમની મુલાકાતમાં જપાનમાં કામ કરવામાં તેમને ઘણો સંતોષ મળ્યો. અહીં તેમને શિસ્ત, એકાગ્રતા, સમયબદ્ધતાનો અનુભવ થયો. પર્યાવરણને ધ્યાનમાં રાખીને તેમણે જાહેરમાં કરેલાં વૃક્ષોનાં ભવ્ય શિલ્પો અને તેમાંની પર્ણો તથા પ્રાણીઓ-પક્ષીઓની વિગતો અને તેમનાં સરળ રૂપો તથા આકર્ષક સપાટીઓ આજે પણ તે વિસ્તારમાંથી પસાર થતા કલારસિકોને ધ્યાનથી જોવા પ્રેરે છે.

અનુસંધાન] કલાવૃત્ત [પૃ. ૫૫૪થી

તેમના આ ચોથા પ્રદર્શનમાં નાના કદમાં તથા આકર્ષક ફ્રેમમાં મઢેલાં ચિત્રો તેમનો આધુનિક અને સમકાલીન ચિત્રશૈલીઓ પરત્વેનો ઝોક દર્શાવે છે તથા તેમની સર્જનાત્મક દૃષ્ટિને કારણે તેઓ નિઃશંકપણે આશાસ્પદ કલાકારો છે. ચિત્રો ચારકોલ એક્રિલિક, જળરંગો, પોસ્ટર રંગો, પેસ્ટેલ રંગોમાં તૈયાર થયાં છે.

'એક્સ્પ્રેસિવ એઈટ' તરીકે પોતાને ઓળખાવતી આ કલાકાર બહેનોએ પ્રદર્શનનાં ચિત્રોને કારગીલના શહીદોને અર્પણ કર્યાં છે. જે ચિત્રો વેચાશે તેની રકમ 'શહીદોના ફંડ'માં મોકલાશે. તેમની દેશપ્રેમની આ ભાવના પ્રશંસનીય છે.

દરેક કલાકારની નિજી શૈલી છે, પરંતુ મુખ્ય બે પ્રકારની શૈલીઓ દેખાઈ આવે છે - અમૂર્ત તથા આકૃતિપ્રધાન શૈલી.

સમમ પટેલનાં અમૂર્ત ચિત્રોમાં વળાંકો લેતી આકૃતિઓ, પોતયુક્ત સપાટીઓ ખાસ ધ્યાનપાત્ર છે. તેમાં ગતિ છે. સુંદર સંયોજના છે.

નેહા સુથાર આકૃતિપ્રધાન શૈલીમાં સ્ત્રીપાત્રોને તેમની એકલતા, કંટાળો, વેદના, શોષણ જેવા ભાવો સાથે રજૂ કરે છે. તેમાં મધ્યમવર્ગીય સ્ત્રીઓ પરત્વેની સહાનુભૂતિ પ્રકટ થઈ છે.

નિપા મોદી, અસ્તુ પટેલ અને શ્રુતિ શાહનાં ચિત્રોમાં અમૂર્ત શૈલીમાં રજૂ થયેલાં રંગરૂપો ધ્યાનપાત્ર છે.


સ્મિતા ઘોડેનાં ચિત્રોમાં આદિવાસી ચિત્રકલાનાં મોટિફોની સંરચના છે. કાજલ શાહનાં ચિત્રો ભૌમિતિક અમૂર્ત રચનાઓ છે.

આર્ચર આર્ટ ગૅલરીમાં ચિત્રપ્રદર્શન

અમદાવાદની આર્ચર આર્ટ ગૅલરીના [illegible] શ્રી [illegible] વર્ષોથી અમદાવાદના પ્રૌઢ તથા યુવા ચિત્રકારોની કૃતિઓનું પ્રદર્શન અને વેચાણ કરી કલાકારોને પ્રોત્સાહન આપી રહ્યા છે તથા ભારતીય સમકાલીન ચિત્રકલા અંગેની જાગ્રતિ શહેરના કલારસિકોમાં, કલા વિદ્યાર્થીઓમાં ફેલાવી રહ્યા છે. વળી, પ્રદર્શિત કલાકારોની કૃતિઓની સુંદર રંગીન પ્રિન્ટ્સથી શોભતું આકર્ષક કૅટલોગ પણ બહાર પાડે છે જે સાચોસાચ સંગ્રહવા લાયક છે. વળી આ પ્રદર્શન તેમની ગૅલરીમાં પ્રિવ્યૂ માટે પ્રદર્શિત થઈ ગુજરાત બહાર ચંદીગઢના 'આર્ટ ફોલિયો' કલાકેન્દ્રમાં તા.૧૯ ઓગસ્ટથી



એક ચિત્રકૃતિ (અનંત મહેતા)



શક્તિ (બંસી ખત્રી)



સૂર્ય સાથ પંખીઓ (મહેન્દ્ર કડિયા)



પુલ (હિંડોળ બ્રહ્મભટ્ટ)



પોર્ટ્રેટ (જયેશ શુક્લ)



સાથમાં (કુમાર ચૌહાણ) →



લાલ મરચાં (મહેન્દ્ર પરમાર)



એક ચિત્રકૃતિ (મિલન દેસાઈ)



જેસલમેરની શેરી (નટુ મિસ્ત્રી)



લેન્ડસ્કેપ (નટુ પરીખ)

તારીખ ૨૯મી ઓગસ્ટ સુધી યોજાયું. વિવિધ શૈલીઓનું દર્શન કરાવતા આ પ્રદર્શનનું શીર્ષક 'ધ વિગ્નેટ્સ ઑવ્ સ્ટાઈલ્સ' છે.

ભાગ લઈ રહેલા કલાકારોની સંખ્યા ૧૪ છે. તેમાં જાણીતા કલાકારો ઉપરાંત નવોદિત યુવા કલાકારોની સર્જનાત્મક કૃતિઓ છે. કલાકારોનાં નામ છે : અનંત મહેતા, બંસી ખત્રી, ગજેન્દ્ર શાહ, હિંડોળ બ્રહ્મભટ્ટ, સુરતના જગદીપ સ્માર્ત, જયેશ શુક્લ, કુમાર ચૌહાણ, મહેન્દ્ર કડિયા, મહેન્દ્ર પરમાર, મિલન દેસાઈ, નબીબક્ષ મન્સુરી, નટુ મિસ્ત્રી, નટુ પરીખ અને ફાગુન નાયક. દરેક કલાકારની ચાર કૃતિઓ પ્રદર્શિત કરવામાં આવી છે.

અનંત મહેતાનાં તૈલરંગી ચિત્રો રોજબરોજના જીવાતા જીવનનાં વાસ્તવદર્શી દશ્યો રજૂ કરે છે. ચિત્રોનાં પાત્રો કોઈ પ્રવૃત્તિમાં કે વાતચીતમાં રોકાયેલાં દર્શાવવામાં આવ્યાં છે. વિષયાનુરૂપ પ્રાણીઓ તથા પક્ષીની હાજરી સંરચનામાં નોંધપાત્ર છે.



યાદદાસ્ત (નબીબક્ષ મન્સૂરી)

મહેન્દ્ર પરમારનાં 'મરચાં'ની કલાત્મક સંયોજનાવાળાં ચાર ચિત્રોમાં સપાટ ભૂમિ પર વાંકાંચૂંકાં પથરાયેલાં અને એક વિશાળ કદને સર્જતાં લાલ તથા લીલાં



ફૂલદાની (ફાગુન નાયક)

મરચાંની કલાત્મક અને સૌંદર્યશાસ્ત્રીય ગતિ સૂચવતી ભાતો ખાસ ધ્યાન ખેંચે છે.

ગજેન્દ્ર શાહનાં ઝડપી તુલિકાઘાતોથી અને એકરંગીય યોજનાથી સર્જાયેલાં સંગીતકારો અને લોકગીતકારો લયયુક્ત રેખાઓ અને ગતિ દ્વારા જીવંત બન્યા છે. તેમના ભૂરા, લીલા, લાલ રંગોનો વિનિયોગ ધ્યાન ખેંચે છે.

બંસી ખત્રીનાં અમૂર્ત ને ફ્રેમવિનાનાં ચિત્રો ઘેરા રંગોના ટોનને કારણે તથા

બ્લો ટૉર્ચને કારણે સર્જાયેલાં ભેદી, કાળાં અમૂર્ત રૂપોને કારણે અલૌકિક નિગૂઢ અનુભૂતિ કરાવે છે. તેમાં ભારતીયતા દેખાય છે.

જયેશ શુક્લનાં બૉક્ષ ફ્રેમમાં મઢેલા નાનાં કદનાં પોર્ટ્રેટ આધુનિક માનવની દ્વિધાયુક્ત દશા સૂચવે છે. અહીં ચહેરાઓ તથા હાથ પર વૃક્ષ, નૃત્ય કરતી આકૃતિ, ઘડો, તાપવાની જગ્યા જેવાં મોટિફ્સ જોવા મળે છે.

મિલન દેસાઈ અસંપ્રજ્ઞાત મનના ભાવોને તેમનાં ચિત્રોમાં છતા કરે છે. તેમાં નાનાં ટપકાં દ્વારા પ્રતીકાત્મક રૂપ દર્શાવ્યો છે.

મહેન્દ્ર કડિયા તેમની હંમેશની રીત મુજબ તેમને પ્રિય એવાં ચક્લીઓનાં, ઝડપી બ્રશથી નિર્માયેલાં, રંગરૂપો રજૂ કરે છે.

નટુ મિસ્ત્રીનાં સશક્ત, પરિપ્રેક્ષ્ય દર્શાવતાં શેરીઓનાં જૂનાં, કલાત્મક દશ્યચિત્રો ત્યાંનું વાતાવરણ તથા વસ્તુઓનું પોત સુપેરે સર્જે છે.

નબીબક્ષ મન્સુરીનાં વિવિધ પરિપ્રેક્ષ્ય તથા વિરૂપતા દર્શાવતાં રંગરૂપો તેમના ગ્રામવતનની સ્મૃતિઓને તૈલરંગોમાં તાજી કરે છે.

નટુ પરીખનાં જળરંગી દશ્યચિત્રો સૉફ્ટ ટોનના ઉપયોગથી જીવંત બન્યાં છે.

ફાગુન નાયકનાં 'ફ્લાવર પૉટ' ચિત્રો જપાની ચિત્રો જેવાં તાજાં, સ્વાભાવિક, સુંદર રંગોને કારણે જીવંત બન્યાં છે.

કુમાર ચૌહાણનાં ચિત્રોમાં એકને બદલે અનેક દશ્યકલ્પનો છે.

આઠ મહિલા ચિત્રકારોનું પ્રદર્શન

સી.એન. ફાઈન આર્ટ્સ કૉલેજમાંથી ચિત્રકલા અને ડ્રૉઈંગમાં ડિપ્લોમા પ્રાપ્ત કરનાર અમદાવાદની આઠ મહિલા ચિત્રકારોની કૃતિઓનું પ્રદર્શન તાજેતરમાં રવિશંકર રાવળ આર્ટ ગૅલરીમાં યોજાયું. ભાગ લેનાર કલાકારો હતાં અસ્તુ પટેલ, ધ્રુતિ શાહ, નમ્રતા શાહ, કાજલ શાહ, નેહા સુથાર, સ્મિતા ઘોડે, નિપા મોદી તથા સપ્તમ પટેલ.

(અનુસંધાન પૃ.૫૫૧)


શહેરી દશ્યચિત્ર (ધ્રુતિ શાહ)


અમૂર્ત રંગરૂપોની રચના (નમ્રતા શાહ)



મનના છાપ (સપ્તમ પટેલ)


જીવ (અસ્તુ પટેલ)


એકલતા (નેહા સુથાર)


ચિંતનમાં (નીપા મોદી)


શિલાચિત્ર (સ્મિતા ઘોડે)


ભૌમિતિક રચના (કાજલ શાહ)

ઈતિહાસધારા

અશોક હર્ષ

લાહોર નજીકના નવકોટ બાગમાં એક ભગ્નાવશેષ મકબરો આવેલો છે, જેમાંની કબર પર નીચે મુજબનું લખાણ છે :

'મારી ગરીબની કબર પર ન દીવો પેટાવેલો છે, ન ફૂલ ચઢાવેલાં છે, ન પતંગિયાં ફરકે છે, ન બુલબુલનો સાદ સંભળાય છે.'

આ કબર છે મુઘલ સમ્રાટ ઔરંગઝેબની શાહજાદી ઝેબુન્નિસાની, જેણે જીવનમાં વેઠેલા દુઃખનો પ્રત્યાઘાત કવિતામાં પાડેલો છે. 'મઅફી'ના ઉપનામે એણે લખેલાં કાવ્યોનો સંગ્રહ આજે પણ ઉર્દૂમાં 'દીવાને મઅફી'ના નામે ઉપલભ્ય છે.

ઔરંગઝેબની પાંચમી બેગમ દિલરસબાનુના પેટે ઈ.૧૬૩૯માં જન્મેલી ઝેબુન્નિસાનું બાળપણ અત્યંત લાડકોડમાં વીતેલું. ઔરંગઝેબે તેના શિક્ષણ માટે નિયુક્ત કરેલ મરિયમ હાફિઝાના હાથ નીચે સારો એવો પ્રતિભાવિકાસ સાધવા તેના શિક્ષણનો ભાર ત્યારના જાણીતા વિદ્વાન સૈયદ મુલ્લા અશરફ પર નાખવામાં આવ્યો. તેના હાથ નીચે ફારસીની તાલીમ મેળવી ઝેબુન્નિસાએ કોઈને કહ્યા વિના ખાનગીમાં ફારસીમાં કાવ્યરચના શરૂ કરી દીધી, કારણ ઔરંગઝેબને શેરોશાયરી પ્રત્યે ભારે ચીડ હોઈને ગાદીએ આવતાં પહેલું જ કામ તેણે તમામ શાયરોને હાંકી કાઢવાનું કરેલું.

એક દિવસ અચાનક ઝેબુન્નિસાની કવિતા મુલ્લા અશરફને હાથ લાગી જતાં તે એ વાંચીને ખુશ થઈ ઊઠ્યો અને કાવ્યરચનામાં ઝેબુન્નિસાને માર્ગદર્શન આપવા માંડ્યો. પોતાની પુત્રીની અલૌકિક પ્રતિભાની જાણ થતાં ઔરંગઝેબે ખુશ થઈ ઊઠીને પોતાના દરબારમાંથી હાંકી કાઢેલા તમામ શાયરોને પાછા બોલાવી લીધા. આમ, તેના શાસનમાં એક સ્વતંત્ર કવિદરબાર અસ્તિત્વમાં આવ્યો. હિંદી કવિઓ મતિરામ, ચિંતામણિ વગેરે પણ આ દરબારમાં ઉપસ્થિત રહેતા. ઝેબુન્નિસા આ કવિદરબારમાં પડદા પાછળથી પોતાની કવિતા સંભળાવતી.

અપ્રતિમ બુદ્ધિપ્રતિભા સાથે અપ્રતિમ દેહસૌન્દર્ય ધરાવતી શાહજાદી ઝેબુન્નિસા આજન્મ કુંવારી રહેલી. શાહજહાંના સૌથી મોટા પુત્ર દારા શિકોહના રૂપવાન પુત્ર સુલેમાન સાથે તેના સગપણનું વિચારવામાં આવેલું, પરંતુ દારાની હત્યા કરી રાજગાદીએ આવતાં ઔરંગઝેબે સુલેમાનને કેદ કરી તેને ગ્વાલિયરના કિલ્લામાં પૂરી દીધો અને વિષપ્રયોગથી તેનો અંત આણી દીધો.

પોતાના ભાવિ પતિની આ ક્રૂર હત્યાએ ઝેબુન્નિસાને ભારે આઘાત પહોંચાડ્યો. ઔરંગઝેબ એ પછી બીમાર પડતાં લાહોર ગયો અને થોડા દિવસ બાદ તમામ બેગમોને લાહોર બોલાવી લેતાં ઝેબુન્નિસા પણ તેમની સાથે લાહોર પહોંચી. ત્યાંના શાયરોમાંના એક અને તેના જેવા જ સ્વરૂપવાન આકિલખાન સાથે તે પ્રેમમાં પડી. પરંતુ ઔરંગઝેબ દિલ્હી પાછો ફરતાં તેને પણ દિલ્હી પાછા આવવું પડ્યું. ઔરંગઝેબની પહેલી અને અવિવાહિત પુત્રી રોશનઆરા તેની મુખ્ય સલાહકાર હતી. તેના કાને ઝેબુન્નિસા અને આકિલખાનના પ્રેમની વાત આવતાં તેણે ઔરંગઝેબ પર ઝેબુન્નિસાને જલદી કોઈ સારા ઠેકાણે પરણાવી દેવા દબાણ આણ્યું. પણ ઝેબુન્નિસા આકિલખાન સિવાય અન્ય કોઈને પરણાવા તૈયાર ન થતાં ઔરંગઝેબે તાગડો રચ્યો અને તેને ઝેબુન્નિસા સાથે પરણી.જવા તાબડતોબ દિલ્હી બોલાવ્યો.

પોતાના જેવા સામાન્ય માણસ સાથે ઔરંગઝેબ સામે ચાલીને પોતાની શાહજાદી પરણાવે એ આકિલખાનના માન્યામાં ન આવતાં છૂપા વેશે દિલ્હી પહોંચ્યો. બંને પ્રેમીઓના બગીચામાં મિલન દરમિયાન ઔરંગઝેબ એ બાજુ આવતા જણાયો. ઝેબુન્નિસાએ જલદીજલદી આકિલખાનને પાણી ગરમ કરવાની દેગમાં સંતાડી દીધો અને ઔરંગઝેબે દેગની ચારે બાજુ આગ સળગાવવાનો હુકમ આપી તેનો એ દેગમાં જ અંત આણ્યો. ઝેબુન્નિસા પછી પ્રેમવિહીન દુઃખમય જીવનમાં જ મૃત્યુ પામી.

*

વડોદરાના મહારાજા ખંડેરાવ ગાયકવાડ કુસ્તીના જબરા શોખીન હતા. તેમણે છસો જેટલા પહેલવાનોને રાજ્યાશ્રય આપેલો. આ બધામાં રમજુ નામનો પંજાબી પહેલવાન સૌથી બલિષ્ઠ હતો. અજેય જ મનાતો. એક દિવસ મહારાજએ તેને બોલાવી કહ્યું, 'રમજુ, તારાથી ગભરાઈને કોઈ પણ પહેલવાન તારી સાથે દાવમાં નથી ઊતરતો, પણ એક મહિના પછી હું તારી સાથે દાવમાં ઊતરીશ.'

ખુદ મહારાજા લંગોટ લગાવી રમજુ સાથે દાવમાં ઊતરવાનું સાંભળી સૌ આશ્ચર્યચકિત બની ઊઠ્યા.

કુસ્તીનો દિવસ તો વડોદરામાં એક ઉત્સવનો દિવસ થઈ પડ્યો. અસંખ્ય પ્રેક્ષકો આ કુસ્તી જોવા ઊમટી પડ્યાં. નિશ્ચિત સમયે મહારાજા અને રમજુ અખાડામાં પ્રવેશ્યા. અને દાવ શરૂ થયા એક કલાક સુધી બંને એકબીજાના દાવ નિષ્ફળ બના- વતા રહ્યા. બીજો કલાક પણ એમ જ વીતી ગયો. છેવટે મહારાજ બોલ્યા, 'રમજુ, ત્રણ કલાકના બદલે ત્રણ દિવસે પણ આ કુસ્તીનો અંત આવે તેમ નથી. પણ તારા પરસેવાની વાસ એટલી અસહ્ય છે કે હું તારી જીત કબૂલી લઉં છું. અને તે બદલ જોઈએ તે ઇનામ માગી લે.'



રમજુ ઇનામ માટે આનાકાની કરવા લાગ્યો પણ મહારાજાએ હઠ ન છોડતાં છેવટે બોલ્યો, 'સરકાર આપને ઈનામ જ આપવું હોય તો આપનો રાજપોશાક મને ઇનામમાં આપો.'

મહારાજાએ પોતાનો રત્નજડિત રાજપોશાક રમજુને ઇનામમાં આપી દીધો, જેની એ સમયની કિંમત લગભગ સવા લાખ રૂપિયા જેટલી હતી!



અભ્યાસાર્થે વિદેશ ગમન એ ઘેલછા નહિ, બલકે સાધના કે તિતિક્ષા છે. અમેરિકામાં આવા વિદ્યાવાંછુઓનો ખર્ચ લગભગ આઠ અબજ ડોલર છે અને તેમાંનો સવિશેષ ખર્ચ ભારતીયોનો છે. અત્યારે વિધિવત્ નોંધાયેલા લગભગ તેત્રીસ હજાર ભારતીય વિદ્યાર્થીઓ અમેરિકામાં છે, પણ તેમાંના કોઈ પણની એવી ફરિયાદ નથી કે તેને તેનાં ખરચેલાં નાણાંનું વળતર ન મળતું હોય. અમેરિકાની યુનિવર્સિટીઓ અને સરકાર એમ ઇચ્છે છે કે પૈસા ખરચનારને તેમની ધારણા પ્રમાણેનાં ઉચ્ચ ધોરણ સુલભ થવાં જોઈએ એમ ડૉ. પી.જે. લાવાક્રે (Dr. P.J. Lavakre) એક્ઝિક્યુટિવ ડાઈરેકટર ઓવ્ ધ યુનાઈટેડ સ્ટેટસ એજ્યુકેશનલ ફાઉન્ડેશન ઇન ઇન્ડિયા (USEFI)નું કહેવું છે.

બ્રિટન પણ ઉચ્ચ ધોરણો પ્રસ્થાપિત કરે છે. ઉચ્ચ વિદ્યાભ્યાસ માટે ત્યાં જતાં વિદ્યાર્થીઓ પોસ્ટ ગ્રૅજ્યુએટ અભ્યાસક્રમ પસંદ કરે છે. આ અભ્યાસક્રમ માત્ર એક જ વરસના અને ઓછા ખર્ચાળ હોય છે, અને આમ તે અમેરિકામાંના અભ્યાસક્રમ કરતાં અલગ પડે છે. દિલ્હીમાં બ્રિટિશ કાઉન્સિલના કેળવણી સલાહકાર રુચિકા કાસ્ટાલેનો (Ruchika Castalleno)ના મંતવ્ય પ્રમાણે વિદ્યાપ્રાપ્તિ માટે બ્રિટન જનાર વિદ્યાર્થીઓની સંખ્યામાં છેલ્લાં ત્રણ વરસમાં ૩૦%નો વધારો થયો છે. વિદેશમાં વિદ્યાભ્યાસ કરવા ઉત્સુક વિદ્યાર્થીઓ માટે હવે તો ઑસ્ટ્રેલિયા અને કેનેડા એમ બે નવાં દિશાદ્વારો ખૂલ્યાં છે. આ બે દેશના અભ્યાસક્રમની મહોર તેમની શૈક્ષણિક કારકિર્દી પર હોય એમ ઘણાં વિદ્યાર્થીઓ ઇચ્છે છે. છેલ્લા એકાદ દસકાથી તો ઑસ્ટ્રેલિયાની સરકાર ભારતીય વિદ્યાર્થીઓની પાછળ આ ક્ષેત્રે ખાઈપીને પડી છે. દિલ્હીમાં બે વરસ પહેલાં જ 'કેનેડિયન એજ્યુકેશન સેન્ટર' (CFC)નું વિધિવત્ ઉદ્‌ઘાટન પણ થયું. તેના નિયામક રાકેશ પેટ્રી (Rakesh Patry)નો દાવો છે કે કેનેડામાં લાખ જેટલા વિદેશી વિદ્યાર્થીઓ છે અને તેમાંના ૧૬૦૦ તો ભારતીયો છે.

વિદેશ જતા ભારતીય વિદ્યાર્થીઓની સંખ્યામાં ૫૦%નો વધારો થતાં તેની સંખ્યા સાઠ હજારની થવા જાય છે અને પરિણામે આ પ્રદેશમાં ઔદ્યોગિક આવાસો ઊભાં કરવાનો ધંધો જામવા માંડ્યો છે.

વિદ્યાર્થીઓના હામી થવા પ્રત્યેના વલણમાં એક જબરજસ્ત પલટો આવ્યો છે એવો સંકેત ટેલિકૉમ જાયન્ટ AT&T દ્વારા તૈયાર કરવામાં આવેલી 'યુ.એસ.એ.માં નિવાસ' (Living in the USA) નામની ભારતીય વિદ્યાર્થીઓ માટેની એક પુસ્તિકામાં આપવામાં આવ્યો છે.

AT&Tના એક પીઢ અધિકારીએ તો એમ પણ કહ્યું કે અમારી શિષ્યવૃત્તિ મેળવનારને અમારા ટેલિફોનનું જોડાણ લેવાનું મન થશે એટલું જ નહિ, પણ તે તેના મિત્રને પણ તેમ કરવા કહેશે. બજાર સાધનસામગ્રીઓથી ઊભરાઈ રહ્યું છે અને કંપનીએ અમેરિકન ડૉલર ૫૦૦૦ જેટલી રકમ શિષ્યવૃત્તિ તરીકે ફાળવી છે. યુનાઈટેડ ઍરલાઈન્સે અત્યંત મેધાવી વિદ્યાર્થીઓને મફત વિમાની ટિકિટ આપવા માટે પણ હાથ લંબાવ્યો છે.

કોન ફેડરેશન ઓવ્ ઇન્ડિયન ઇન્ડસ્ટ્રી (CII)એ પણ ઇન્ડો-અમેરિકન ચેમ્બર ઓફ કૉમર્સ (IACC). એસોસિએશન ઓવ્ ચૅમ્બર્સ ઓવ્ કૉમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી (ASSOCHAM)ની સાથે મળીને, તેમજ તાતા (Tatas), વાટુમુલ (Watumull) અને પાઈ (Pai) જેવી માતબર વ્યાપારી પેઢીઓએ વિદેશથી અભ્યાસ કરીને વતન પરત આવેલાંઓને નોકરી આપવાની ઊલટ દર્શાવી છે. તેમ છતાં શિષ્યવૃત્તિ મેળવવા માટે ઔપચારિકતાના જટિલ વિધિમાંથી પસાર તો થવું પડે જ. કાર્યપ્રણાલીનો ચક્રવ્યૂહ, જાતજાતનાં પત્રકો ભરવાની કડાકૂટ તેમજ ધીરજની કસોટી કરે તેવો વિલંબ તેજસ્વી વિદ્યાર્થીઓના માર્ગમાં અવરોધ રૂપ બને છે. USEFIના સભ્ય વિજયરાવે તો એમ પણ કહ્યું કે આવા કોઈ ભગ્નહૃદયોની હું ભરતી કરવા માગતો નથી. એટલે તો પ્રથમથી જ હું વિદ્યાર્થીઓને તેમના માર્ગ વચ્ચે રહેલા અંતરાયોથી ચેતવું છું. વિદ્યાર્થીની પ્રથમ વિટંબણા છે GMAT કે GREમાં કેટલા ગુણ મેળવ્યા તે. બીજી વિટંબણા છે અમેરિકાની કોઈ પણ એક યુનિવર્સિટીમાં પ્રવેશ મેળવવા માટેના તમારા પ્રયત્નો અને છેલ્લે નાણાં અને 'વીઝા' મેળવવાની હાડમારી. આમાં કોઈ પણ એક તબક્કે અધવચાળે જ અટકી પડાશે એવી સમજ અને જાગરુકતા વિદ્યાર્થીમાં હોવી જોઈએ.

આવી અડચણોમાંથી માર્ગ કાઢવા જુદા જુદા દેશોએ ઊભાં કરેલાં માહિતીકેન્દ્રોનો સંપર્ક સાધવો એ જ એક ઉત્તમ માર્ગ છે. અમેરિકાનાં ચાર મહાનગરોમાં ત્યાંની સંસ્થાઓ વિશે રૂબરૂમાં, ટપાલ દ્વારા કે ટેલિફોન પર પાયાની માહિતી પૂરી પાડતાં કેન્દ્રો છે. આ કેન્દ્રો માન્ય એવા માહિતીપત્રોનું પણ વિનામૂલ્યે વિતરણ કરે છે. વિદ્યાર્થીઓ પાયાના અભિગમલક્ષી કાર્યક્રમો અને પડદા પર રજૂ કરવામાં આવતાં દશ્યમાન સલાહસૂચનો દ્વારા પણ માર્ગદર્શન મેળવી શકે છે. વાર્ષિક પાંચસો રૂપિયાના લવાજમે જે તે પુસ્તકાલયના સભ્યો માહિતીપુસ્તિકાઓ,

સમ્પર્કનાં સરનામાં

US Educational Foundation in India (USEFI)
• Fulbright House, 12 Hailey Road, New Delhi -110001. Phone (011) 3328944, Fax 3329718, Email : fulbrit@usefid.ernet.in.
• American Center, 4, New Marine Lines, Mumbai - 400020. Phone : (022) 2624603, Fax : 2663956, Email : manishar@usefib.axcess.net.in.
• American Consulate Building, Anna Salai, Chennai - 600006. Phone : (044) 8257196, Fax : 8263407, Email : usefimas@md2.vsnl.net.in.
• 38A Jawaharlal Nehru Road, Calcutta - 700071. Phone : (033) 2451636, Fax : 2451616, Email : usefical@giascl01.vsnl.net.in.

British Council
• 17 Kasturba Gandhi Marg, New Delhi - 110001. Phone : (011) 3711401, Fax : 3710717
• Mittal Towers, A Wing, Nariman Point, Mumbai - 400021. Phone : (022) 2823560, 2823530, Fax : 2852024.
• 5 Shakespeare Sarani, Calcutta - 700071. Phone : (033) 2825370, Fax : 2824804
• 737 Anna Salai, Chennai - 600002. Phone : (044) 8525432, Fax : 8523234

Australian Educational International
Australian High Commission 1/50 G, Shantipath, Chanakyapuri, New Delhi - 110021. Phone : 6888223, 6885556, Fax : 6873172, Email : aec.india@dfat.gov.au

Canadian Education Center
D1/56 Vasant Vihar, New Delhi - 110057. Phone : (011) 6146648, 6146078

ફિલ્મપટ્ટીઓ, સ્વીકૃત મૂળભૂત હકીકતો (database), સીડી-રોમ (CD-Roms) અને સૉફ્ટવેરનો પણ ઉપયોગ કરી શકે છે. આ ઉપરાંત વ્યક્તિગત માર્ગદર્શન અને માહિતીસત્રો પણ સહાયભૂત બને છે. વિદેશની યુનિવર્સિટીના અધ્યાપકો નિયમિતપણે જ્ઞાન-સંમેલનો પણ યોજે છે. કેટલીક વાર તો આવા મિલનસમારંભમાં સ્થળ પર જ પ્રવેશ આપવામાં આવે છે.

રુચિકા કહે છે કે અમે કોઈ અમુક ચોક્કસ યુનિવર્સિટીની દલાલી કરતા નથી. પ્રથમ તો અમે વિદ્યાર્થીની હાજતોનો કયાસ કાઢીએ છીએ અને પછી તેની જ્ઞાનપિપાસાને અનુરૂપ યુનિવર્સિટી સૂચવીએ છીએ. દિલ્હીમાં કાઉન્સિલ એક ફેબ્રુઆરીમાં અને બીજો નવેમ્બરમાં એમ વરસમાં બે મેળાઓનું પણ આયોજન કરે છે. લીડ્ઝ (Leeds), મિડલસેક્સ (Middlesex) અને કાર્ડિફ (Cardiff) જેવી બ્રિટિશ યુનિવર્સિટીના વિદ્યાર્થી-ચાહક પ્રતિનિધિઓ અહીં સક્રિયપણે ખડા રહે છે.

આંતરરાષ્ટ્રિય સ્તરે માન્ય એવી શૈક્ષણિક પદ્ધતિ અને પ્રોત્સાહક તકો કૅનેડા પૂરી પાડે છે. કૅનેડાની તમામ યુનિવર્સિટીઓ આર્થિક ક્ષેત્રે રાજ્યનિર્ભર હોય છે, અને ફીના દર પણ જૂજ. ભારતમાં બે વરસ પૂરાં કર્યાં બાદ હવે દક્ષિણ ભારતમાં કેન્દ્રો ઊભાં કરવાનું આયોજન ચાલે છે. તેમાં કદાચ કલકત્તાને પણ આવરી લેવામાં આવે.

પૅટ્રી (Patry)ના કહેવા પ્રમાણે પહેલા વરસે CEC દ્વારા આઠસો વિદ્યાર્થીઓ કૅનેડા ગયા અને બીજે જ વરસે આ સંખ્યા બેવડી થઈ. વિદેશમાં હાથ ભીડમાં ન રહે તે માટે વધારેમાં વધારે કમાઈ શકાય તેવા આર્થિક વિકલ્પોની વિદ્યાર્થીઓને નિશ્ચિતતા અને નિશ્ચિંતતા હોય એટલે બસ. અત્યંત હોશિયાર વિદ્યાર્થીઓને મોટા ભાગની વિદેશી યુનિવર્સિટીઓ પૂરી શિષ્યવૃત્તિ આપે છે, તેમ છતાં હરીફાઈ કપરી છે. બાંધી છાત્રવૃત્તિ અને શિક્ષણ ફીમાં બાંધછોડ પણ ઉપલબ્ધ છે. પણ સરળતમ વિકલ્પ તો હામી એટલે કે - sponsorship મેળવવાનો છે. આ વિધિમાં વાલીઓની આવક અને પાલ્યને પોષવાની ક્ષમતાની બાંહેધરી આપવી પડે છે. કેટલાક વિદ્યાર્થીઓ ખંડ સમયની કામગીરી મેળવી ફીનો ખરચ કાઢે છે. આમ, ભણવું અને કમાવું એ ત્યાંની મોટા ભાગની યુનિવર્સિટીઓને માન્ય છે; પરંતુ તે માટે યુનિવર્સિટીની અનુમતિ અનિવાર્ય છે. અમેરિકાની મોટા ભાગની યુનિવર્સિટીઓ વિદ્યાર્થીઓને તેમના અભ્યાસકાળ દરમિયાન પ્રથમ આવી મંજૂરી આપતી નથી. આમાં પણ કામ કરવાના કલાકોની મર્યાદા છે. તેમ છતાં કલાકના પંદર ડોલર કમાનાર ખંડ સમય માટે કામ કરીને બે છેડા મેળવી શકતો નથી.

સ્ટેટ બૅન્ક ઑવ્ ઇન્ડિયા, કૅનરા બૅન્ક, આંધ્ર બૅન્ક અને બૅન્ક ઑવ્ બરોડા આવા અભ્યાસવાંછુ વિદ્યાર્થીઓને રૂ. દસ લાખ સુધીની લોન ઓછા વ્યાજ દરે ધીરે છે.

- ધનુભાઈ મહેતા (આધારસામગ્રી : 'ધ વીક')

લઘુકથા

ગજબ

એસ.એસ. રખિયાણિયા

શહેરમાં આવ્યો એવો સીધો એ લાડકચંદ શેઠની દુકાને ગયો. વસ્તુ ખરીદતાં ખરીદતાં એણે ગામમાં કાલે બનેલી દુ:ખદ ઘટનાની વાત કરી.

'શેઠ, કાલે તો ગજબ થઈ ગયો.'

'પણ શેનો ગજબ થઈ ગયો? કંઈ બોલે તો...!'

'શેઠ, અમારા ગામનો કાનો મરી ગયો, બઉ ભલો માણહ... બાપડો... હજુ કાલ તો...!'

'કયો કાનો 'લ્યા?'

'કાના સોમા.'

''લ્યા, કાનિયો મરી ગ્યો એમાં તું આટલો... હશે કાંક, જા હવે.'

એના ગયા પછી શેઠે ચોપડો ઉઘાડી કાના સોમાનું ખાતું જોયું અને બોલ્યા :

'ભારે ગજબ થઈ ગયો.' □

સાહિત્યસંપર્ક

નીરદ ચૌધરીની વિદાય

પોતાના તોફાની અને અત્યંત વિવાદાસ્પદ વિચારોને સગર્વ અભિવ્યક્ત



કરનાર, આખાબોલા, જિદ્દી, પરંપરાભંજક, ઇતિહાસકાર, વિદ્વાન, 'The Autobiography of an Unknown Indian' અને 'Thy Hand. Great Anarch' જેવી બહુચર્ચિત આત્મકથા લખનાર, લગભગ આખી ૨૦મી સદીની સાહિ- ત્યિક, સાંસ્કૃતિક ને રાજકીય ઘટનાઓના સાક્ષી સમા નીરદ સી. ચૌધરીનું ૧ ઓગસ્ટ, ૧૯૯૯ના રોજ ઑક્સફર્ડ ખાતે તેમના નિવાસસ્થાને અવસાન થતાં અંગ્રેજી ભાષામાં લખતા એક ભારતીય સબળ સાહિત્યકાર હવે આપણી વચ્ચે રહ્યા નથી. ૨૩ નવેમ્બર, ૧૮૯૭ના રોજ ધારાશાસ્ત્રી પિતાને ત્યાં જન્મેલા નીરદ ચૌધરીનું જન્મસ્થળ પૂર્વ બંગાળમાં આવેલું કિશોરગંજ. આ કિશોરગંજ અત્યારે બાંગ્લાદેશમાં આવેલું છે. એમના છેલ્લા જન્મદિને પોતાની જન્મભૂમિનું સ્મરણ કરતાં નીરદબાબુએ કહેલું કે, 'હું કિશોરગંજ વિશે કશું જ ભૂલ્યો નથી, જ્યાં એ જ તળાવમાં હું હાથીઓ સાથે નાહ્યો છું.'

નીરદબાબુએ જન્મભૂમિ કિશોરગંજથી પહેલું પ્રયાણ કલકત્તા તરફ કર્યું તે આજીવિકાર્થે. દરમિયાન એમણે લગ્ન કર્યું. પત્નીનું નામ અમીયા. કલકત્તામાં એ સરકારી અધિકારી બન્યા. ત્યારે કલકત્તા અનેકવિધ પ્રવૃત્તિઓથી ધમધમતું હતું. કલકત્તાનું એમનું જીવન ત્યાં રૂઢિવાદી બંગાળીનું હતું. થોડોક સમય ત્યાં રહીને દિલ્હી સ્થળાંતર કર્યું. ૧૯૪૨માં એ ઑલ ઇન્ડિયા રેડિયોમાં પ્રસારણ વિભાગમાં જોડાયા. પાછળથી રાજકીય સંવાદદાતા બન્યા. પોતાની પાછળ કશું જ કાયમી સંભારણું રાખ્યા વગર મૃત્યુ પામશે એવા ભયે એમણે આત્મકથા લખવાની શરૂ કરી. ૧૯૫૧માં 'The Autobiography of an Unknown Indian' પ્રકટ થતાં તે 'unknown' ન રહેતા જાણીતા બન્યા. ખાસ કરીને અંગ્રેજરાજ પ્રત્યેની એમની પ્રીતિએ એમને વિવાદના વમળમાં નાખ્યા અને ત્યારથી એક યા બીજી રીતે પોતાના વિચારોથી વિવાદના કેન્દ્રમાં રહ્યા. યુવાનીમાં એ લશ્કરીરાજના પુરસ્કર્તા હતા. એમના નાયક હતા નેતાજી સુભાષચંદ્ર બોઝ. એમને ગાંધીપ્રેરિત અસહકારની લડત પ્રત્યે સહાનુભૂતિ નહોતી.

એમણે પોતાની આત્મકથામાં કિશોરગંજમાં વીતાવેલાં બાળપણનાં સંસ્મરણો લખ્યાં છે. સાથેસાથે અંગ્રેજરાજ પ્રત્યેનો મીઠો અનુરાગ પણ વ્યક્ત કર્યો, જેના કારણે નીરદ ચૌધરી સાહિત્યજગતમાં અને તત્કાલીન વાતાવરણમાં ખાસ્સા ખ્યાત બન્યા હતા.

૧૯૫૫માં માત્ર ફરવાના હેતુથી પહેલી વાર નીરદબાબુ યુરોપ ગયા. યુરોપનું વાતાવરણ એમને જચી ગયું. એ પાછા ભારત તો ફર્યા, પણ મનમાં યુરોપવાસી બનવાનો સંકલ્પ કરીને. અને ૧૯૭૦માં એમણે ભારત છોડ્યું. યુરોપવાસી બન્યા, તે મૃત્યુ લગી ત્યાં જ રહ્યા. ભારતીય-યુરોપીઅન બની ગયા. જો કે એ તો પોતાને 'વિશ્વનાગરિક' ગણતા હતા. અને છતાંય ઉત્તરજીવનની આત્મકથા 'Thy Hand, Great Anarch'માં લખે છે કે 'I am a Bengali, an Indian.' વળી નોંધે છે કે 'I have not had to give up anything to become cosmopolitan. My cosmopolitanism is deeply rooted in all the particular soils - material or mental - on which I have grown.' આથી જ નીરદબાબુની યાત્રા પૂર્વથી પશ્ચિમની થઈ હોવા છતાં મનથી તો એ પૂર્વમાં જ રહ્યા. વિશ્વનાગરિક બનવાની એમની ખેવના છતાં ય એમનાં મૂળિયાં તો અહીં જ રહ્યાં. એનો એમણે અસ્વીકાર પણ ન કર્યો.

ઑક્સફર્ડમાં આવેલી બોડલેયન લાઈબ્રેરીમાં હાથે લખાયેલા લગભગ ૭૧ ગ્રંથોનો અભ્યાસ કરીને એમણે મેક્સમૂલર પર ઊંડું અધ્યયન કર્યું, જેના ફળસ્વરૂપે એમની પાસેથી મેક્સમૂલરના જીવન વિષે પ્રમાણભૂત પુસ્તક ઉપલબ્ધ થયું.

આ સદીના પહેલા બે દાયકા દરમિયાન ઇન્ડો-ઍંગ્લિયન સાહિત્યની જે હવા ઊભી થઈ, તેની અસર નીરદ ચૌધરીએ ઝીલી હતી અને પાછળથી એ સાહિત્યના સર્જક તરીકે વિખ્યાત થયા. અંગ્રેજી ભાષામાં લખનાર ક્રમશઃ ઘટતા જાય છે ત્યારે ૧૯૫૮માં નીરદ ચૌધરીએ કાઢેલું તારણ આજે યાદ કરવા જેવું છે : 'My anticipation is that English in India will be written by fewer and fewer people, but very much better than before, while for the Indian people as a whole - and even for the intelligentsia - it will be a thing of the past, without any influence on their national life, culture and outlook.'

નીરદ ચૌધરી ભારત છોડીને યુરોપવાસી થયા, છતાં ય ભારતીય પ્રજા પ્રત્યે અને રાષ્ટ્ર પ્રત્યેની એમની મમતા અઢળક. જીવનની સંધ્યાએ એમણે લખેલા નિબંધોમાં ભારતની નિષ્ફળ નેતાગીરી પર આકરા પ્રહારો કર્યા છે. આ નિબંધસંગ્રહનું નામ છે 'Three Horse men of the New Apocalypse.' એમની સાહિત્યસાધનાને અનુલક્ષીને ઓક્સફર્ડ યુનિવર્સિટીએ એમને 'Doctor of Letters'ની માનદ્ પદવીથી નવાજયા હતા. આ પ્રકારનું માન મેળવનાર એ પાંચમા ભારતીય હતા. નિરાળું વ્યક્તિત્વ ધરાવતા નીરદ ચૌધરીને મન સત્યની શોધનું મોટું મહત્ત્વ હતું અને ખોટા આધાર પર ઊભેલા

સિદ્ધાંતના એ ભારે વિરોધી હતા.

અયોગ્ય રાષ્ટ્રમાં, અયોગ્ય સદીમાં જન્મેલા ગણાતા, વિવેચકો દ્વારા છેલ્લા બ્રિટિશ સામ્રાજ્યવાદી લેખાતા, નીરદના નિધન સાથે એક વિવાદાસ્પદ વ્યક્તિત્વે વિદાય લીધી. - પ્રફુલ્લ રાવલ

અવલોકન

દસ્તાવેજી નવલકથા **'લીલો દુકાળ'**

['લીલો દુકાળ' : લે. ડૉ. કેશુભાઈ દેસાઈ, પ્રકાશક : આર.આર. શેઠની કંપની, મુંબઈ-૨, અમદાવાદ-૩૮૦ ૦૦૧. પ્રથમ આવૃત્તિ-૧૯૯૯. ક્રાઉન, પૃ.૨૫૨, પાકું પૂઠું, રૂ.૧૦૦/-]

'સૂરજ બુઝવ્યાનું પાપ' અને 'ઊધઈ'થી વિશેષ ખ્યાતનામ થયેલા ડૉ. કેશુભાઈ દેસાઈ વિશિષ્ટ પ્રકારની નવલ-કથા આપે છે. 'લીલો દુકાળ'માં લેખકે નવલકથાની શક્યતાઓ જુદા પરિપ્રેક્ષ્ય પર તપાસી છે. માટે નવલ વિનાની નવલકથા 'લીલો દુકાળ'નું અંતિમ વિધાન આમ છે : 'આ તો એસ.પી. આશુતોષ યાદવની ડાયરીનાં પાનાં હતાં. તમને નથી લાગતું કે અહીંથી આગળ વધીએ તો એક નવલકથા મળે?' ખરેખર આ ડાયરીનાં પાનાં પણ નથી લાગતાં. અહીં એસ.પી. યાદવની ડાયરીનાં તારીખ વિનાનાં પાનાં કાલ્પનિક બાબત છે. એમાંથી નવલકથા આકાર લે છે. આ કાંઈ મહાદેવભાઈની કે ફ્રાંઝ કાફકાની ડાયરી જેવી આદર્શ ડાયરી નથી. અલબત્ત, આશુતોષ યાદવનો આદર્શવાદ છે; પણ એ આદર્શની આચારસંહિતાના ચૂરેચૂરા સાડત્રીસ દિવસમાં થઈ જાય છે.

આ કથા ડાયરીનાં પાનાં સાથે બીજો પુરુષ એકવચનમાં ઉદ્‌બોધન રૂપે લખાઈ છે. એમાં પ્રશ્ન થાય કે પ્રથમ પુરુષ કોણ અને બીજો પુરુષ કોણ હશે? કદાચ આશુતોષ પોતે પોતાના કાઉન્ટર પાર્ટ જેવા આંતરમન સાથે વાત કરતો હશે. આ ઑટોસજેશનની પ્રક્રિયા છે. પોતાના જ મન સાથે વાત કરતો આશુતોષ ડાયરી લખતી વખતે પોતાની જાતની પ્રામાણિકતા ભયપ્રદ સભાનતાથી રજૂ કરે છે. અહીં એસ.પી. આશુતોષનું રાજનગર ખાતે પોસ્ટિંગ થયા પછી એની જાતનું સ્થળ સાથે થતું દસ્તાવેજીકરણ છે. આવી 'લીલો દુકાળ' જેવી દસ્તાવેજી પ્રકારની નવલકથાઓ વિશે એડવિન મૂર નોંધે છે : 'Novelists prided themselves particularly on the labour they spent on documenting their subjects as if the ardours of the imagination were in comparision frivolous and easy, exacting no energy.' આ નવલમાં વિષયના કલ્પનાબળથી થયેલા આલેખનમાં જ વિશેષ દસ્તાવેજી ચિત્રણનું વાજબીપણું છે. આશુતોષની સીધેસીધી વાસ્તવકથા કદાચ મૂર્ખામીયુક્ત પણ લાગત ખરી.

ધોરી માર્ગ પર આવેલા રાજનગર પાસે ડુંગરી નામના ગંદાગોબરા ગામડાની સ્થિતિ સુધારવા આવેલા એસ.પી. આશુતોષની સવા મહિનામાં બઢતી આપીને બદલી કરી નાખવામાં આવે છે. એ ગામ જુગાર, દારૂ અને કુટણખાનાંઓથી ખદબદતું નર્કાગાર લાગે. એક માતા દીકરી પાસે ધંધો કરાવે એવી એ ગામની તાસીર. એમાં કથાનો સેતુ બે પાત્રો ગગુ અને પત્રકાર ક્ષિપ્રા ચતુર્વેદીથી બંધાય છે. આશુતોષના પોસ્ટિંગ પછીનો એક એક દિવસ કથાનો એક એક અંશ બની જાય છે.

આરંભથી ગગુ સાથેની થયેલી મુલાકાત આશુતોષના મનમાં ઋજુભાવ પેદા કરે છે. એ ઋજુભાવ બીજી વખત ગગુના ઘરનો સંપર્ક થતાં લાગણીમાં પરિણમે છે. ગગુએ મજબુરીથી આ ધંધો સ્વીકાર્યાની કથા એ ગામની અનેક સ્ત્રીઓનું પ્રતિનિધિત્વ કરે છે. આ સમસ્યા હલ કરવા એસ.પી. પ્રયત્ન કરે છે. દારૂનો ધંધો બંધ કરવા દરોડા પાડે છે. ક્ષિપ્રા જેવી મહિલા પત્રકાર એમાં સંડોવાય છે. રાજનગર-ડુંગરીની વૃત્તાંતકથા તે હાઈલાઈટ કરે છે. સાડત્રીસ દિવસ પૂરા થતા એસ.પી. આશુતોષની બઢતી સાથે બદલી થઈ જાય છે. પેલી બધી સમસ્યાઓ સદંતર હલ થઈ નહીં, બલકે યથાવત્ રહી.

આ નવલકથામાં ચિંતનવૈવિધ્ય પણ વિશેષ જોવા મળે છે. સાર્વત્રિક વિધાનો જેવાં કે : 'સમય સૌથી મોટો શિક્ષક છે.' 'સમય કોઈને સલામ નથી કરતો કે નથી એ કોઈ ચમરબંધીનીય શેક ભરતો.' આશુતોષ યાદવના મનોમંથનના સાડત્રીસ ટુકડાઓ જોડીને એક કલાકીય દસ્તાવેજી કથા એટલે 'લીલો દુકાળ'. આત્મસૂચનોના સંકેતોમાં આ કથા આલેખાઈ છે. ક્ષિપ્રાએ આ ગામની સમસ્યા રૂપ સમાચાર-કથાને 'લીલો દુકાળ' કહ્યો હતો. ગગુ અને ક્ષિપ્રા વચ્ચે નાયક આશુતોષનું માનસ હિલોળાતું, વલોવાતું હતું. ગગુ અને ક્ષિપ્રા સાથેના અંકોડા ગોઠવીને લેખકે કથા આગળ લઈ જઈને કોઈ સમીકરણિયો અંત આપ્યો નથી. લેખકે કથાને સમયમર્યાદામાં સ્થિર કરી દઈ, પીરિઓડિકલ નવલકથા બનાવીને કોઈ દસ્તાવેજી ચલચિત્રની ઝાંખી કરાવી છે. - નલિન પંડ્યા

બટુભાઈ નાટ્યસંશોધન કેન્દ્ર (બુકેટી),

રજિસ્ટર્ડ સોસાયટી અને ટ્રસ્ટ (૫/૫૭, નવનિર્માણનગર, પ્રગતિનગર, નારણ- પુરા, અમદાવાદ - ૩૮૦ ૦૧૩), દ્વારા નાટ્યપુસ્તકાલય અને મ્યૂઝીઅમનું આયોજન થઈ રહ્યું છે, જેમાં મુદ્રિત અને હસ્તલિખિત નાટકો, નાટ્ય-ગ્રંથો તેમજ રંગભૂમિના ઇતિહાસ માટે ઉપયોગી સાહિત્ય (તસ્વીરો, પોસ્ટરો, પ્રેસ કટિંગ, નાટ્ય-સામયિકો, ઑડિયો-વીડિયો સામગ્રી, ગીતોની રેકર્ડ, કલાકારોની અંગત ઉપયોગમાં આવેલી સામગ્રી, કોસ્ચ્યૂમ, સેટ ડિઝાઈન, રેખાંકનો) સંઘરવામાં તેમજ સાચવવામાં આવશે, અને નાટ્ય રસિકો/અભ્યાસુઓને ઉપલબ્ધ કરવામાં આવશે.

આપને વિનંતી છે કે આવા ગ્રંથો કે સામગ્રી આપની પાસે હોય, તો એ બુટ્રેટીને મોકલી આપો, અથવા અમને જણાવો તો અમે એને મેળવી લેવા વ્યવસ્થા કરીશું. મૂળ પ્રતો પોતાની પાસે રાખવા ઇચ્છતા નાટ્યરસિકો ફોટોસ્ટેટ (ઝેરોક્ષ) નકલો અને ધ્વનિચિત્ર સામગ્રીનું પુનર્મુદ્રણ પણ મોકલી શકે. આ સઘળી સામગ્રી કોઈ પણ થીએટર વિશે અને કોઈ પણ ભાષામાં હોઈ શકે. આવા નાટ્ય-વારસાની સંભાળ માટે નાટ્યરસિકો પાસેથી ભૌતિક અને આર્થિક સહાય પણ આવકાર્ય છે. આવકવેરા ખાતા તરફથી સંસ્થાને મળેલ ૮૦-જી પ્રમાણપત્ર હેઠળ કરરાહત પણ ઉપલબ્ધ છે.

- હસમુખ બારાડી (એક્ઝિક્યૂટિવ ટ્રસ્ટી)

મહિલા લેખકો જોગ

ગુજરાતી સાહિત્ય પરિષદને, ગુજરાતી ભાષાનાં લેખિકા સદ્. એનીબહેન સરૈયાની સ્મૃતિમાં એક પ્રકાશનશ્રેણી માટે શ્રી સી.જી. સરૈયા તરફથી એક લાખ રૂપિયાનું દાન મળેલું છે. એ પ્રકાશન-શ્રેણી માટે મહિલાસર્જકોની તેમજ મહિલાઅનુવાદકોની પ્રથમ અપ્રકાશિત રચનાની હસ્તપ્રતો નીચેનાં ધોરણે આવકાર્ય છે : (૧) રચનાનો વિષય મહિલાઓની સમસ્યાઓ સાથે સંબંધ ધરાવતો હોય. (૨) રચાનું સાહિત્યસ્વરૂપ કવિતા, નાટક, નવલિકા, નવલકથા, નિબંધ, પ્રવાસવર્ણન તથા બાળસાહિત્ય પૈકીનું હોય. (૩) પ્રથમ પસંદગી મૌલિક રચનાને આપવામાં આવશે, પરંતુ ભારતીય ભાષાઓની ઉપર ક્રમાંક : ૧ અને ૨માં દર્શાવેલાં ધોરણો અનુસારની અનૂદિત રચના પણ આવકાર્ય બનશે. (૪) મળેલી રચનાઓનું પરામર્શન કરાવ્યા બાદ જો તે યોગ્ય જણાશે તો તેનું પ્રકાશન કરવામાં આવશે. (૫) હસ્તપ્રતો નીચેના સરનામે મોકલવા વિનંતી છે : પ્રકાશન વિભાગ, ગુજરાતી સાહિત્ય પરિષદ, ગોવર્ધનભવન, આશ્રમ રોડ, અમદાવાદ - ૩૮૦ ૦૦૯

પરિષદના નવા વરાયેલા પ્રમુખ

ગુજરાતી સાહિત્ય પરિષદના નવા પ્રમુખ તરીકે સુપ્રસિદ્ધ લેખક અને વિવેચક પ્રા. ધીરુભાઈ ઠાકરની બિનહરીફ વરણી થઈ છે. ડિસેમ્બર માસમાં યોજાનારા ચાલીસમા અધિવેશનમાં વર્તમાન પ્રમુખ નિરંજન ભગત તેમને પ્રમુખપદનો વિધિસર હવાલો સોંપશે.

૧૯૯૯નો નરસિંહ મહેતા ઍવૉર્ડ રાજેન્દ્ર શાહને

વિદ્યમાન ગુજરાતી કવિને તેના સમગ્ર કવિતા-સર્જનને લક્ષમાં લઈને પ્રતિવર્ષ અપાનારો રૂપિયા એક લાખ એકાવન હજારનો ગુજરાતી કવિતાનો સૌથી મોટો 'નરસિંહ મહેતા ઍવૉર્ડ', પ્રથમ વર્ષે ૧૯૯૯નો સુપ્રસિદ્ધ કવિશ્રી રાજેન્દ્ર શાહને અપાશે અને તે રીતે મંગલ પ્રારંભ થશે. આ ઍવૉર્ડ, પરમ પૂજ્ય શ્રી મોરારી બાપુની પ્રેરણાથી, જૂનાગઢ ખાતે 'આદ્યકા રસિંહ મહેતા સાહિત્યનિધિ' નામના ટ્રસ્ટ દ્વારા અપાઈ રહ્યો છે.

આ ઍવૉર્ડના અર્પણવિધિનો કાર્યક્રમ ૨૪ ઑક્ટોબર, ૧૯૯૯, શરદપૂર્ણિમા, વાલ્મિકી જયંતીના શુભ દિવસે ગોધૂલિ સમયે નરસિંહ મહેતાની જન્મભૂમિ જૂનાગઢ મુકામે સંપન્ન થશે. ગુજરાતના સાક્ષરો - વિદ્વતજનોની ઉપસ્થિતિમાં કવિશ્રીનું સન્માન કરી, નરસિંહ મહેતાની ધાતુની પ્રતિમાના સ્મૃતિચિહ્ન તથા રૂ.૧,૫૧,૦૦૦ની રાશિ સાથે નરસિંહ મહેતા ઍવૉર્ડ એનાયત થશે.

તે જ દિવસે રાત્રિના નરસિંહ મહેતાનાં પદોનું તેમજ પુરસ્કૃત કવિનાં ગીતોનું ગાન થશે જેમાં સુગમ સંગીતના સુપ્રસિદ્ધ ગાયકો સર્વશ્રી ઉદય મજુમદાર, હરિશ્ચન્દ્ર જોશી વગેરે ભાગ લેશે.

અનુ.] અતીતમાં અવગાહન [પૃ.૫૬૧થી લંગોટભેર ઘૂમે છે. કોઈને શરીરે ઊઝરડા છે તેમાંથી લોહી ઝમે છે. કોઈને માથે મોટું ઢીમણું જામ્યું છે, તો કોઈનો ટાંટિયો તૂટ્યો છે. કોઈનાં કપડાંમાં પાણી છે. કોઈનાં કપડાંમાં કાંટા છે તો કોઈનાં કપડાંમાં લદબદ કાદવ છે. કોઈ માટીમાં ઊંધિકાંધ પડ્યા છે, ને ઊંચાનીચા થાય છે; પણ ઊભા તો થવાય ક્યાંથી? હાથપગ બાંધેલા છે. એમાં એક જણ જરા મરડાય છે. એને શું તાણ આવી? ના રે, એનું મોઢું જુઓને! તાણ બાણ તો છે નહિ. મોઢું તો 'ડામીસ'નું છે. લુચ્ચો ને પહોંચેલો લાગે છે. ચારે બાજુ જુએ છે. કોઈનું ધ્યાન નથી, એટલે એ મરડાય છે; ખૂબ મરડાય છે. હાથ તો હલવા માંડ્યા છે. ધીમે ધીમે એ હાથ લંબાવે છે ને કેડને પડખે ખેંચે છે. છેવટે ખિસ્સા સુધી પહોંચાડે છે ને ખિસ્સામાંથી કાંઈક કાઢે છે. એ હજામતનું ધારદાર પાનું છે. આમતેમ જોઈને ખચખચ કાપવા માંડે છે. એવામાં કોઈક નજીક આવે છે, એટલે છાનોમાનો ઊંધો સૂઈને ઉંકારા કરવા માંડે છે - જાણે કે બહુ દુઃખી હોય! ખરો ઢોંગી છે! પેલો આગળ ચાલ્યો જાય છે, એટલે થોડી વાર શાંત રહીને પાછો ખચખચ કાપવા મંડ્યો ને થોડી વારે ચડાપ દઈને ઊભો થઈ દોડવા લાગ્યો. એક ચોકીદાર સામો થયો, તેને એવી તો ટાંગ મારી કે ચોકીદાર ત્યાં જ લાંબો થઈ પડ્યો. પછી એણે એવી દોટ મૂકી કે સીધો વડલો સર કર્યો ને તેના ઉપરનો ધજાગરો ખેંચી લીધો; અને કોઈ આવી પહોંચે તે પહેલાં તો ઓછી હાજરી બાજુ દોડી જઈ વાવટો પોતાના બીજા ભેરૂને આપી દીધો! બીજાએ ત્રીજાને ને ત્રીજાએ ચોથાને દીધો, ને એમ સાતતાલી શરૂ થઈ. અને એ દોડમદોડીમાં હાથોહાથ વાવટો એવો તો નાઠો કે થોડી વારમાં તો ટેકરી પરથી નીચે ફરક્યો, ને જોતજોતાંમાં નદીમાંથી સામે પાર! અને આક્રમકોએ ગજવ્યો ત્યાં જય જયકાર!

એ જયકાર થતાવેંત લડનારાઓ છૂટા પડી ગયા. પછી બધા ભેગા થઈને પરસ્પર ભેટી પડ્યા. ને સામસામી શાબાશી દીધી.

અતીતમાં અવગાહન

ટેકરીયુદ્ધ

લશ્કરી વ્યૂહ અને હાથોહાથની લડાઈ



એક મોટી ટેકરી છે. એડખેપડખે નાની નાની બીજી ટેકરીઓ પથરાયેલી છે. મોટી ટેકરીની બાજુમાંથી નાની સરખી નદી વહી જાય છે. તેમાં છબછબિયાં પાણી છે. ટેકરી ઉપર નાનો સરખો વડલો છે. તેના પર ધજા ફરકે છે, અને નીચે નાનામોટા છોકરાઓનું મોટું ધાડું જામ્યું છે. માંહી કેટલાયે જવાનિયાઓ પણ છે. શિક્ષક જેવા મોટા માણસો યે છે. સાથે બ્યૂગલ છે તે કોઈ કોઈ વાર જોરથી ફૂંકાય છે. વચ્ચે વચ્ચે સિસોટીઓ વગડે છે. કેટલાક આમથી તેમ જાય છે, ને તેમથી આમ જાય છે; કોઈ ઝાડ પર ચડ્યા છે, કોઈ ટેકરીના છેડાઓ પર ફરે છે, કોઈ વળી આંખે દૂરબીન માંડી ચોમેર નજર ફેરવે છે. વડલા નીચે ભારો- એક લાકડીઓ તથા થોડાં દોરી અને દોરડાં પડ્યાં છે. બધા ચારે બાજુ હારબંધ ઊભા છે અને શિક્ષક તેમને કાંઈક સૂચનાઓ આપે છે.

એવામાં ટેકરીના એક તરફના છેડેથી એક છોકરો દોડતો આવે છે અને શિક્ષક સામે ઊભો રહી સલામ કરે છે. પછી ટટ્ટાર ઊભો રહી તેમને કાંઈક કહે છે. એ સાંભળી શિક્ષક થોડા છોકરાઓ સામે સૂચક રીતે જુએ છે. એટલે તેઓ ચારે બાજુ જઈને આઘેપાસે નજર કરે છે. તો ચારપાંચ જણને લપાતાછુપાતા આવતા જુએ છે. તેઓ જઈને શિક્ષકને આ વાત કરે છે કે લાગલા જ શિક્ષક એ બધાને આમ ગોઠવે છે, તેમ ગોઠવે છે ને એક વ્યૂહ રચે છે. એમાં સૌ પોતપોતાને સ્થાને ચૂપચાપ બેસી જાય છે. માત્ર કોઈ કોઈ ફરે છે, એવામાં એમાંનો એક જણ એકાએક બૂમ પાડે છે :

'એ..ય! ખડે રહો!' એ સાંભળી કોઈ નાસતું દેખાય છે. તરત જ પાંચેક જણ તેની પાછળ પડે છે. ત્યાં તો બીજા ત્રણચાર જણ પણ નાસતા દેખાય છે. એમાંથી બે જણ પકડાય છે. બીજા નાસી જાય છે. પકડાએલાને વડ નીચે શિક્ષક પાસે લઈ જાય છે. શિક્ષક જોડે એ ગમે તેમ બોલે છે. શિક્ષક તેમને દોરડેથી બંધાવે છે ને ઊંધા કરીને સુવાડે છે. અને પાસે બેચાર જણને એમનું ધ્યાન રાખવા ઊભા રાખે છે.

આ પછી પા-અરધો કલાક વીતી જાય છે. દરમિયાન કોઈકોઈ બગાસાં ખાય છે. એટલામાં એકાએક એક બાજુથી દસ જણ ઓચિંતો હલ્લો કરતા આવે છે. અને એ છેડે ઊભેલા પાંચ જણને પછાડે છે; ને પછી સૌની વચ્ચે દોડી આવી આમતેમ ઘૂમે છે. એથી થોડી બૂમાબૂમ મચી રહે છે. પણ આવેલા એ દસ જણમાંથી એક જણ બહુ આગળ ન જતાં ઝીણી આંખે ચારે બાજુ નજર કરે છે. ને થોડું જોયું ઝાઝું કરીને સમજે છે. પછી તે ઝડપથી સિસોટી વગાડે છે. એવા જ દસે જણ પાછા ફરે છે ને ઝટપટ ટેકરી પરથી સહુહુહુ કરતા ઊતરવા જાય છે. આ બધું થોડી ક્ષણમાં બની જાય છે. પણ ત્યાં તો સાવચેત ટેકરીવાળા એમને પકડવા ક્યારના દોડતા હોય છે, તે સાત જણને આવરે છે. માત્ર પેલો ઝીણી આંખવાળો અને બીજા પાંચ જણ પકડાય છે અને બીજા બે ભાગી છૂટે છે. પકડાએલાને ઊંધા પાડી સુવાડે છે અને તેમના હાથપગ અવળા બાંધે છે. બીજો પા કલાક વીતી જાય છે.

ત્યાં વળી પાછું કાંઈક થતું જણાય છે. એક તરફ નજર રાખનારો સિસોટી વગાડે છે. સૌ જુએ છે તો પચીસ-પચાસ જણ દોડ્યા દોડ્યા ટેકરી પર ચડે છે. તેઓ મોટા હાકોટા પાડે છે અને હાથ ઊંચો ઊછાળે છે અને વેગથી ધડબડાટ કરતા દોડે છે. વચ્ચે આવે તેને પછાડે છે કે ટેકરી પરથી નીચે ગબડાવે છે. બહુ સામો થાય એને મારે છે. સૌની નેમ વડલા ઉપર પહોંચવાની છે.

શિક્ષક મોટી ગર્જનાથી હુકમો આપે છે અને બે હાર-ત્રણ હારને આ આક્રમણ કરનાર આખલાઓની આડા મોકલે છે. બીજી હારોને વડલાની ચારે બાજુ ગોઠવે છે.

આડા ફરનારા રક્ષકો, આક્રમકોને રોધે છે ને પાડે છે. પકડાય એને પકડે છે, ન પકડાય એને ભગાડે છે, ભાગતાને ગબડાવે છે. થોડા ગબડનારા પાછા ઊભા થાય છે અને ફરી સામા થાય છે.

એટલામાં પાછો બૂમાટો થાય છે. ઓહોહો...! નદી તરફથી તો ધાડેધાડાં ઉપર ચડે છે! ઉપરવાળા મક્કમતાથી તેમની સામે થાય છે અને ચડનારાને ધક્કા મારે છે. ચડનારા સામેથી એમના ટાંટિયા ખેંચે છે. પરિણામે ઉપરવાળા ગબડે છે! તેઓ વચ્ચે આવતાં વાળાને લેતા જાય છે, એટલે તે ય ગબડે છે. તેઓ વચ્ચે આવતાં ઝાંખરાંના જાળામાં અટકે છે; કોઈ કાંટાની વાડમાં પડે છે; કોઈ થોરિયામાં અટવાય છે. માથે આવળનાં ફૂલનો અભિષેક ચડે છે!

કોઈક તો ગબડતા છેક નીચે જાય છે. તે નીચે નદીનાં પાણીમાં પડે છે. તેમાં ડબકડોયાં થાય છે. પાણીમાંયે ઊભા થઈને તે પાછા લડે છે; લડે છે ને પડે છે; ફરી પાછા ઊભા થઈને બાખડે છે.


તોફાન હવે તો બહુ વધી ગયું છે, તોયે કોઈ નમતું આપતા નથી. કોઈ થાકતા જ નથી. માર તો એમને વાગતો જ નથી. શરીર જાણે લોઢાનાં છે. માથામાં જાણે માતા છે. લડવામાં તો નર્યા ભીમસેન!

કોઈના લુગડાં ફાટ્યાં છે, કોઈ

(અનુસંધાન પૃ.૫૬૦)

રાયગઢ (દેશાટન-૮)

મુંબઈ-ગોવા રાજમાર્ગ ઉપર મુંબઈથી ૧૮૦ કિ.મી. દૂર મહાડ તાલુકામાં તેની



ઉત્તરે ૨૭ કિ.મી. દૂર એક પહાડી ગામ વસેલું છે. અહીં ત્રિભુજાકાર ક્ષેત્રમાં રાયગઢ કિલ્લો આવેલો છે. શિવાજીએ પોતાની રાજધાની રૂપે તૈયાર કરાવેલો આ કિલ્લો મજબૂત છે.

મુંબઈથી પાચાડ સુધી નિયમિત બસ-સેવા ઉપલબ્ધ છે, અને ત્યાંથી 'ચિત દરવાજા' સુધી પહોંચવા બસ અને મોટરકાર મળે છે. ત્યાંથી રાયગઢ કિલ્લા સુધી પહોંચવા પદયાત્રા કરવી પડે છે. કિલ્લાના પ્રવેશ-દ્વારથી ૧૪૦૦ પગથિયાં ચઢવાં પડે છે. કિલ્લાના મુખ્ય દ્વાર 'મહા દરવાજા'ની બન્ને બાજુ એક એક બુરજ છે. કિલ્લામાં અનેક જલાશય છે, જેમાંના 'ગંગાસાગર' તથા 'ચંદ્રકાર' જાણીતાં છે. કિલ્લાની ત્રણ બાજુ ઊંચી પર્વતમાળા છે. આમ તો આ દુર્ગ સેના માટે હતો છતાં એમાં કેટલીક ભવ્ય ઈમારતો અને એક મહેલ પણ છે. આ દુર્ગનો સૌથી ઊંચો ભાગ 'બાલે કિલા' તરીકે જાણીતો છે, જેને નગારખાના, પાલખી અને મેણા એમ ત્રણ દરવાજા છે. નગારખાનો દરવાજો વિશાલ રાજદરબારમાં ખૂલે છે. શિવાજીના મહેલ ઉપરાન્ત એમના આઠ પ્રધાનોના મંત્રીઓનાં નિવાસસ્થાનો પણ આ કિલ્લામાં છે.

આ કિલ્લાના પ્રસિદ્ધ જગદીશ્વર મંદિર-માં આગળ નંદી છે. અહીં શિવાજી મહા-રાજની સમાધિ છે તથા એમના વિશ્વાસ-પાત્ર શ્વાનની છત્રી પણ છે. આ કિલ્લામાં લગભગ ૨૦૦૦ માણસો જ્યારે રહેતા હતા ત્યારે તેમની ખરીદી માટે 'બડી બાજાર પેઠ'ની બે હારમાં આવેલી ૪૦ દુકાનો પણ હતી. જો કે આજે તો આ કિલ્લામાંની ઈમારતો માત્ર ખંડેરરૂપ બની ગઈ છે, પરન્તુ એક કાળે ઊંચા સ્થાપત્યકૌશલની એ સાક્ષી પૂરે છે.

('યોગક્ષેમ'ને આધારે)



મોંઘેરા મૂલની આ જીવતરની બાંધણી,
પાણીનાં મોલે કાં તોલી રે લોલ,
પરખંદા કો'કદિ આવશે ઈ આશમાં
રુદિયાની ગાંઠ્યું કાં ખોલી રે લોલ?


('અનાહત'માંથી) - દેવેન શાહ

એનર્સ્ટ હાંક્સલેડેનનો ભારતપ્રવાસ

જર્મનીથી અનેક વિદ્વાનો વિવિધ કાળતબક્કે દક્ષિણ ભારતના વિદ્યાપ્રવાસે આવેલા, જેમાંના એક તે એનર્સ્ટ હાંક્સલેડેન. તેને અહીંનાં સ્થાનિક લોકો આર્નોસ પાદરી કહેતા. આર્નોસ એ એનર્સ્ટનું અપભ્રષ્ટ રૂપ. એમનો જન્મ ઈ.૧૬૮૧માં ઉત્તર જર્મનીના ઓસનાબ્રુક પાસે આવેલા ઓસ્ટરકાપેલ્નમાં થયો હતો. દર્શનશાસ્ત્રનો અભ્યાસ પૂરો કર્યા પછી એમને ફાધર વિલિયમ વેબરનો ભેટો થયો. એમણે ઈ.૧૬૯૯ના ઑક્ટોબરમાં એનર્સ્ટને મિશનરી તરીકે ભારત રવાના કર્યા અને એકાદ વર્ષના કષ્ટદાયક પ્રવાસ બાદ ઈ.૧૭૦૦ના ડિસેમ્બરમાં તેમણે ભારતના કિનારે પગ મૂક્યો.

ગોવાની સેન્ટ પૉલ્સ કોલેજમાં એમણે ધર્મવિજ્ઞાનનો અભ્યાસ કર્યો અને કેરલમાં એપાઝકાડમાં થોડો વખત શિક્ષણકાર્ય કરી તેઓ વેલ્લૂર પહોંચ્યા. ત્યાં એમણે અધ્યયન-અધ્યાપન અને સંપાદન-અનુવાદના કામમાં જીવનનો મોટો ભાગ પસાર કર્યો. ઈ.૧૭૩૨માં માર્ચની ૨૦મીએ સર્પદંશથી એમનું મૃત્યુ નીપજ્યું.

બેઠી કાઠીનો આ દૂબળોપાતળો પાદરી મિતભાષી હતો. તેમની યાદદાસ્ત તીવ્ર હતી. લગભગ ૩૦૦ વર્ષ પૂર્વે તે ભારત આવેલા. ૧૮મી સદીના આરંભમાં સંસ્કૃત તેમજ મલયાલમ ભાષાના અધ્યયનક્ષેત્રમાં એમનું પ્રદાન ઉલ્લેખનીય છે. એમણે મલયાલમ-સંસ્કૃત-પોર્ટુગલ ભાષાનો શબ્દકોશ તૈયાર કર્યો હતો. આ ઉપરાંત અનેક ધાર્મિક વાર્તાઓનો મલયાલમમાં અનુવાદ કર્યો હતો અને મલયાલમમાં કવિતા પણ રચી હતી. તેમણે ત્રિચૂરથી લગભગ ૧૦ કિ.મી. દૂર વેલ્લૂરમાં પોતાનું ઘર અને તેની નજીક એક ચર્ચ પણ બનાવ્યું હતું.



આવા મિશનરી પાદરીની ૩૦૦ વર્ષ પૂર્વેની ભારતયાત્રાની સ્મૃતિમાં ઈ.સ. ૧૯૮૮ની ૧૩મી ડિસેમ્બરે વેલ્લૂરના વિદ્વાનોએ રાજ્ય સરકારના સહયોગથી એક સંગોષ્ઠિનું આયોજન કર્યું હતું. તેમાં એમના જીવનકાર્યને ઉચિત પરિપ્રેક્ષ્યમાં ચર્ચવામાં આવ્યું હતું. તેમના ઘરને તથા તેની નિકટ તેમણે બનાવેલા ચર્ચને આજે તો એક ધાર્મિક સ્મારક તરીકે સંરક્ષિત કરેલું છે; અને આ રીતે એક ભુલાઈ ગયેલી વિરલ પ્રતિભાને ઉચિત અંજલિ ધરાઈ છે. ('જર્મન સમાચાર'ને આધારે)

'આર્મ રેસલિંગ'

ભારતની ગ્રામીણ પૃષ્ઠભૂમિથી આધુનિક રમતોમાં પોતાની ઓળખ આપતી રમત 'આર્મ રેસલિંગ' (પંજાકુસ્તી) દિવસે દિવસે લોકપ્રિય બનતી જાય છે. આ પરંપરાગત રમત આપણા દેશમાં પણ ખૂબ જાણીતી બની ચૂકી છે. હાલમાં આ રમત ૮૦થી વધુ દેશો દ્વારા રમાઈ રહી છે.



પ્રાચીન સમયથી આ રમતનો ઉલ્લેખ મળે છે. શરૂશરૂમાં પંજો લડાવવાની હરીફાઈ પુરુષોના શક્તિપ્રદર્શનની લોકપ્રિય રીત માનવામાં આવતી હતી. અનેક વાર તો સ્વયંવરમાં વિજેતાનો નિર્ણય પંજાહરીફાઈના આધાર પર થતો હતો. કહેવાય છે કે, નેપોલિયન બોનાપાર્ટ આ કલામાં પારંગત હતા. આ રમત મેક્સિકોમાં વેન્ડિમાસ, ઇટલીમાં બેસીઆડી વિલાયક, ગુરૈવી એટલે અંગ્રેજીમાં 'આર્મ રેસલિંગ' કે 'આર્મ સ્પોર્ટ'ના નામે ઓળખાય છે. 'આર્મ રેસલિંગ' મૂળે એક ટેબલની આજુબાજુ ઊભા રહીને રમવાની રમત છે. એમાં રમતવીર પોતાના ડાબા હાથથી ટેબલની બન્ને બાજુના ખૂંટાઓને પકડી લે છે. તે પોતાના જમણા હાથની કોણી ટેબલ પર રાખીને હાથનો પેંતરો (ગ્રિપ) બનાવે છે. આ રમતમાં બે 'રેફરી' હોય છે, જેમાંનો મુખ્ય રેફરી સ્પર્ધાના 'ફાઉલ્સ'નું ધ્યાન રાખે છે. ટેબલ પર ચાર સ્પંજની ગાદી હોય છે, જેમાંથી બે એલબો પેડ અને બે ટચ પેડ હોય છે. ટચ પેડ પર હરીફના પંજાને અડીને હરીફ પોતાની જીત જાહેર કરે છે.

આપણા દેશમાં આ રમત ૧૯૭૭થી રમાય છે. દેશમાં દર વર્ષે જુદાં-જુદાં રાજ્યો દ્વારા રાષ્ટ્રિય આર્મ રેસલિંગ હરીફાઈ યોજાય છે. નોંધપાત્ર એ છે કે ૧૯૯૬ અટલાંટા ઑલિમ્પિક રમતોમાં આને એક જાહેર રમતના રૂપમાં શામિલ કરવામાં આવી હતી.

ઑલિમ્પિક રમતોમાં શામિલ થવા માટે એક શરત છે કે કોઈ પણ રમત ત્રણ મહાદ્વીપોમાં લોકપ્રિય હોય અને ૩૫ દેશોમાં રમાતી હોય. 'આર્મ રેસલિંગ' દુનિયાના પાંચ મહાદ્વીપોમાં અને એંશીથી વધુ દેશોમાં માન્યતા મળેલ રમત છે. સન ૨૦૦૦માં સિડનીમાં રમાનાર ઑલિમ્પિક રમતોમાં આ રમતને સર્વસંમતિથી સામેલ કરવામાં આવે, એ માટેના ભરચક પ્રયત્નો વિશ્વ આર્મ રેસલિંગ ફેડરેશન દ્વારા કરવામાં આવી રહ્યા છે.

ગુજરાતમાં પણ આ રમત ખૂબ જ લોકપ્રિય થઈ ચૂકી છે.

રાષ્ટ્રિય આર્મ રેસલિંગ હરીફાઈમાં કેરલ, મણિપુર, પંજાબ, આસામ, રાજસ્થાન અને ગુજરાતના રમતવીરોની બોલબાલા રહે છે.

\- યશવંત કડીકર

અનુસંધાન] અમેરિકામાં ભારતીયો [પૃ.૫૩૩થી

વર્ષની હતી. ત્યારે દાદા મોટા પુત્રને ત્યાં ન્યૂ યૉર્ક આવ્યા. ત્યાંથી નાના પુત્રને ત્યાં રહેવા જવાના હતા, પુત્રે કહ્યું : 'પપ્પા, સુશ્રીને પણ ત્યાં લઈ જાઓ.' દાદા(પપ્પા) કહે : 'તો, સુશ્રીની સ્કૂલ તો નહિ પડે ને?' તો સહસા પુત્ર કહે, 'તે તમારી પાસે વધારે શીખશે.' ને દાદા પૌત્રીને લઈને ગયા. બંને પુત્રોનાં કુટુંબો ભારત આવતાં જતાં રહ્યાં છે અને દાદા-દાદી અમેરિકા જતાંઆવતાં રહે છે. તેથી પણ બીજી પેઢીનાં (પૌત્ર-પૌત્રીઓ) ભારતમાં રહેલ સગાંવ્હાલાં અને ભારતની રહેણીકરણીથી પરિચિત રહે છે ને તેથી ભારત પ્રતિ સમભાવ (empathy) કેળવાયો છે. પોતાના પિતાને અમેરિકામાં સર્જરી કરાવવી પડી ને તેઓ હૉસ્પિટલવશ રહ્યા તો બંને પુત્રો અને પુત્રવધૂઓએ મનપૂર્વક અને માનપૂર્વક તેમની સેવા કરી. પોતાની જૉબલક્ષી કે એવાં વ્યવસાયી રોકાણો બાબત રજા લઈને પુત્રવધૂઓએ પણ તેમની કાળજી લીધી. સંતાનો પોતાનાં માબાપનો આદર કરે, તેથી તેમના મિત્રોના વલણ પર સારી આસર થાય. ઘણા મિત્રો આવાં માબાપને ઓળખે. એકબીજાંને ત્યાં મળે ત્યારે તેમની સાથે પણ સારી એવી વાતચીત કરે. એકબીજાંને ત્યાં 'સોશ્યલાઈઝિંગ' માટે કે બાળકોની બર્થ-ડે પાર્ટી નિમિત્તે મળે, ત્યારે બધા મિત્રોનાં વડીલો પણ સાથે આવે. આથી તો કેટલાંકનાં માબાપનો પરિચય ભારતમાં નહિ, પણ અહીં થયો છે! પુત્ર-પુત્રવધૂઓ વીકએન્ડમાં કે વેકેશન પર લાંબાં-ટૂંકાં અંતરે પિકનિક કે ટૂર પર જાય ત્યારે પોતાનાં મમ્મી-પપ્પાને પણ લઈ જતાં હોય છે. આથી, તરુણ જૈફ વચ્ચેનું લાક્ષણિક પેઢી-અંતર ખૂબ ઘટી જાય છે.

અમેરિકન સમાજની જેમ ભારતીય જૈફો માટે અહીં વૃદ્ધાશ્રમ કે ઘરડાઘર કે નર્સિંગ હોમની પદ્ધતિ હજુ સ્વીકારાઈ નથી. ૧૯૯૧માં પ્રવીણભાઈ પટેલ કેલિફોર્નિયામાં આવ્યા ત્યારે તેમણે થોડા સમય પછી આવું ઘરડાઘર ચાલુ કરવાનો વિચાર કર્યો હતો. અહીંની સરકાર તે ચલાવવા માટે સબસિડી પણ આપે છે. પણ ન્યૂ યૉર્કના ગીતામંદિરના તેમના સ્વામીજીએ તેમને આમ નહિ કરવાની સલાહ આપી. (પોતાના પુત્રો સાથે નહિ રહેનારાં) અજંપો રાખનારાં ઘરડાઘરમાં પણ એ જ પ્રશ્નો ઊભા કરશે. (ક્રમશઃ)

શું જાણે વ્યાકરણી? વસ્તુને શું જાણે વ્યાકરણી?
મુખપર્યંત ભર્યું ઘૃત તદપિ સ્વાદ ન જાણે બરણી.

— દયારામ

બાબુભાઈ જશભાઈ પટેલ જ્યારે ગુજરાત રાજ્યના મુખ્ય પ્રધાન હતા ત્યારે એક નિયમ કરેલો કે મંત્રીમંડળની બેઠકમાં કોઈએ મોડા પડવું નહિ. જે કોઈ મોડા પડે તેણે એક મિનિટનો એક રૂપિયો દંડ ભરવો. સમયપાલનના આવા આગ્રહી બાબુભાઈ જ એક વાર આવી બેઠકમાં મોડા પડ્યા - ખાસ્સા પંદરેક મિનિટ! કારણ એ હતું કે એમનું કાંડાઘડિયાળ બંધ પડી ગયું હતું! એમને એમના અંગત મદદનીશે યાદ દેવરાવ્યું એટલે એઓ ઝટપટ બેઠકના સ્થળ પર પહોંચ્યા. સમયસર આવી પહોંચેલા મંત્રીઓ બાબુભાઈની રાહ જોતા હતા. પણ બાબુભાઈએ બેઠકમાં જતાં પૂર્વે જ પ્રવેશદ્વારે પોતે જેટલી મિનિટ મોડા પડ્યા હતા તેટલા રૂપિયા દંડના ભરી દીધા અને પછી જ બેઠકમાં હાજર થયા! સ્વશિસ્તનું આવું ઉદાહરણ જ અન્યોને શિસ્તની ગાંઠે બાંધી રાખી શકે.



જપાનની સુખ્યાત જોડિયા બહેનો કીન સાન અને જીન સાન-તેમણે તેમના ૧૦૭મા જન્મદિન નિમિત્તે સાપોરો શહેરમાં વૃક્ષારોપણ કર્યું હતું. જપાની ભાષામાં કીનનો અર્થ સોનું અને જીનનો અર્થ ચાંદી થાય છે.

દરિયાઈ ઘોડો એક એવું જંતુ છે કે જેની બે આંખો એક સાથે બે જુદી જુદી દિશામાં જોઈ શકે છે.

*

ભારતની સૌપ્રથમ ક્રિકેટ ટીમ ઈ.સ. ૧૮૯૬માં ઇંગ્લંડ રમવા ગઈ હતી.

*

દુનિયામાં સૌથી પહેલી રેલવે દુર્ઘટના ઈ. ૧૮૨૮ના માર્ચની ૧૯મી તારીખે લંડનમાં થઈ હતી.

*

વિશ્વની સૌથી લાંબામાં લાંબી સુરંગ, જપાનની સિકોન રેલવેની છે. આ સુરંગની લંબાઈ લગભગ તેત્રીસ હજાર માઈલ જેટલી છે. મૉસ્કોની સુરંગ ઓગણીશ હજાર અને સાત માઈલ જેટલી લાંબી છે.

ગણિતગમ્મત

૧૨૩૪૫૬૭૯ની ખૂબીઓ - ૨

આ સંખ્યાને ૩ થી ૮૧ સુધીની, ૩ થી વિભાજ્ય પણ ૯ થી વિભાજ્ય ન હોય તેવા ગુણક સાથે ગુણતા કેવા વિશિષ્ટ ગુણાકારો આવે છે તે નીચેના ઉદાહરણોથી જોઈએ :

૧૨૩૪૫૬૭૯ x ૩ = ૦૩૭ ૦૩૭ ૦૩૭
૧૨૩૪૫૬૭૯ x ૧૫ = ૧૮૫ ૧૮૫ ૧૮૫
૧૨૩૪૫૬૭૯ x ૨૧ = ૨૫૯ ૨૫૯ ૨૫૯
૧૨૩૪૫૬૭૯ x ૩૯ = ૪૮૧ ૪૮૧ ૪૮૧
૧૨૩૪૫૬૭૯ x ૫૧ = ૬૨૯ ૬૨૯ ૬૨૯
૧૨૩૪૫૬૭૯ x ૬૦ = ૭૪૦ ૭૪૦ ૭૪૦

ઉપરાંતમાં દરેક ગુણાકારમાં, થોડા હેરફેર સાથે ઉપરના ૬ જ આંકડાઓ આવ્યા કરશે. દા.ત.

૧૨૩૪૫૬૭૯ x ૭૮ = ૯૬૨ ૯૬૨ ૯૬૨

- નૌતમભાઈ વખારિયા

*

અમેરિકાના મધ્ય ભાગમાં એક બૃહદાકાર વૃક્ષ થાય છે, જેની પહોળાઈ લગભગ ૧૦૦ ફૂટની હોય છે. ત્યાંના રહેવાસીઓ આ ઝાડને વચ્ચેથી કોતરીને રહેવાલાયક જગ્યા બનાવે છે. કેટલાક તો પ્રાણી માટે તબેલા પણ બનાવે છે!

विद्या ददाति विनयम्
विनयात् याति पात्रताम् ।
पात्रत्वाद् धनमाप्नोति
धनाद् धर्मः ततः सुखम् ॥

વિદ્યા વિનયને આપે છે, વિનયથી પાત્રતા પ્રાપ્ત થાય છે, યોગ્ય શકિતથી ધનની પ્રાપ્તિ થાય છે, ધનથી ધર્મ અને સુખની પ્રાપ્તિ થાય છે.

*

કૅનવાસના સફેદ બૂટને સ્વચ્છ કરવા માટે, સાબુના પાણીથી ધોઈ નાખો. પછી ૧/૪ ચમચી લીંબુનાં ફૂલવાળાં પાણીમાં બોળી રાખો, જેથી મેલ નીકળી જશે.

*

હરડેને ફટકડીના પાણીમાં પથ્થર પર ઘસી મલમ બનાવવો. આ મલમ ખરજવા કે દાદર પર સવારે અને રાત્રે લગાડવાથી ફાયદો થાય છે.

*

બટન દબાવ્યા છતાં ખાસી વારે લિફ્ટ આવી ત્યારે એક ભદ્ર મહિલા લિફ્ટમેન પર ગુસ્સે થયાં, 'આટલો વખત ક્યાં રખડતો હતો?'

'લિફ્ટમાં એટલી જગા જ ક્યાં છે?'



કલાકણિકા : હનવંશીય ચીનની માટીકામ-કલાના નમૂનારૂપ અશ્વનું માથું. અહીં આલેખિત અશ્વ પશ્ચિમ એશિયાની અશ્વાકૃતિને મળતો આવે છે.

કવિ, તને કેમ ગમે ?

ધરતીને પટે પગલે પગલે
મૂઠી ધાન વિના નાનાં બાળ મરે.
પ્રભુહીન આકાશેથી આગ ઝરે :
અહો રાત કરોડ કરોડ ગરીબોના પ્રાણ ધનિકોને હાથ રમે,
ત્યારે હાય રે હાય કવિ! તને પૃથ્વી ને પાણી તણાં શેણે ગીત ગમે!
લથડી લથડી ડગલાં ભરતી,
લાખો નાર ગલી-ગલીએ ફરતી,
સારી રાત ભૂખે મજૂરી કરતી,
'મારાં બાળ પરોઢીએ જાગીને માગશે ભાત' વિચારી એ દેહ દમે,
ત્યારે હાય રે હાય કવિ! તને સંધ્યા ને તારકનાં શેણે ગીત ગમે!
મન! છોડ નિહાળવા તારલિયા,
કાળા કેદખાના કેરા જો સળિયા,
એનાં ક્રંદન શું નથી સાંભળિયાં,
એની ભીતર મૌન એકાકી રિબાઈ રિબાઈ હજારોનાં પ્રાણ શમે,
ત્યારે હાય રે હાય કવિ! તુંને સાગરતીર કેરાં શેણે ગીત ગમે!
મહારોગ ને મૃત્યુના સાગરમાં,
લાખો ચીસ - નિઃસાસભર્યા જગમાં,
સિતમે સળગંત ધરાતલમાં,
રસ સુંદરતા કેરી શાયરી છે બધી જાળ સુનેરી ભૂખ્યા જનને,
ત્યારે હાય રે હાય કવિ! તુંને શબ્દોની ચાતુરી ગૂંથવી કેમ ગમે!
દિનરાત જેઓની નસેનસમાં,
પડે ઘોષ ભયંકર યંત્ર તણા,
પીએ ઝેરી દવા જે દમેદમમાં,
એને શાયર શું! કવિતા શું! ફૂલો અને તારલિયામાં એ કેમ રમે!
ત્યારે હાય રે હાય કવિ! તુંને કૃષ્ણ-કનૈયાની બંસરી કેમ ગમે!
સારા વિશ્વની જે દી ક્ષુધા શમશે,
ભૂખ્યાં બાળુડાં પેટ ભરી જમશે,
પૂરી રોટી પ્રતિજનને જડશે,
કવિ! તે દિન નીલ આકાશ તારા કેરી સુંદરતા સહુ સાર્થ બને,
તારાં કૂજન આજ જલાવી દે પ્રાણ! રે દંભ ગાવા તને કેમ ગમે!

ઝવેરચંદ મેઘાણી

(આજે આઝાદી મળ્યાંને પચાસ વર્ષે, અહોરાત ગરીબોના પ્રાણ રાજકીય ધનિકોને હાથે રમે છે, ત્યારે હે કવિ! હવે જરૂર છે એવાં ગીતો લખવાની જ્યાં રાજકીય ધનિકો ગરીબોના હાથ નીચે રમતા થાય.)
